# વરણાગીલાલ

લેખક :- જયંતીભાઈ પટેલ

## અનુક્રમ

૧. વરણાગી વનમાળી
૨. ઊંચા ઘોડાનો અસવાર
૩. વાત ફૂટી
૪. વનમાળીલાલ શેઠ પરણ્યા
૫. વનમાળીશેઠ જમણે ચઢ્યા
૬. મગન મેલા
૭. એષ્ણાની દ્વિધા
૮. તિરાડ
૯. એષ્ણા બચી ગઈ
૧૦. ખરા ફસાયા
૧૧. વનમાળીને શરણે
૧૨. વનમાળીએ રસ્તો કાઢ્યો
૧૩. મનવંત દેસાઈ
૧૪. ભાઉ દમણમાં
૧૫. આબરૂદાર
૧૬. ભાઉને ત્યાં
૧૭. મુંબઈ માથે લીધું
૧૮. મનવંત પરણ્યો
૧૯. સમાન્તર કથા
૨૦. ભાઉ અમદાવાદમાં
૨૧. મનવંત જેન્ટલમેન

# નવલકથાની કથા

આ નવલકથા સ્વરાજ્ય મળ્યું એ અરસાની છે. એ વખતની આર્થિક પરિસ્થિતિ કોઈકને અત્યારની આ મોઘવારીમાં આશ્ચર્યજનક લાગે, તો કોઈને કદાચ સ્વર્ગીય પણ જણાય. પણ એક બ્રિટિશ પાઉન્ડના ત્યારે તેર રૂપિયા અને અમેરિકી ડોલરના સાડાસાત રૂપિયા ઉપજતા હતા એ હકીકત છે. આ વાતની સ્પષ્ટતા એટલા માટે કરી છે કે નવલકથામાં આવતી પગાર અને લેણદેણની વાતનો આપને ખ્યાલ રહે.

એક તરફ રૂપિયાની રેલમછેલમાં ભાનભૂલી જુવાનીની તસવીર હતી તો બીજી તરફ પંદરથી પચીસ રૂપિયાની નોકરીમાં જીવન ગુજારો કરતાં કુટુંબો પણ હતાં. પણ બધા સુખનો રોટલો પામતા હતા. કોઈને ભૂખ્યે પેટ સૂવું પડતું ન હતું. આવા સુવર્ણકાળની આ વાત છે.

એક વાતની સ્પષ્ટતા કરી લઉં કે આ નવલકથામાં હું એ અર્થ વ્યવસ્થાની વાત નથી કરવા માગતો. મારે તો કહેવી છે એક વરણાગી વનમાળીની વાત. એક મનિયા ઓવર્સીસની વાત. એક મગન મેલાની ને મુંબઈના ગજાનન ભાઉની વાત. તો કોઈકની આબરૂની ને કોઈકની ખુમારીની વાત.

એક લઢણ મારી બધી વાર્તાઓમાં કેટલાકને જણાશે કે મારી વાર્તાનાં પાત્રો ગમે તેવા વાતાવરણમાંથી આવતાં હોય કે ચાહે એવા ખોટા ધંધામાં પડેલાં હોય પણ એમનામાં રહેલી માનવતાનાં સમય આવ્યો દર્શન કરાવી જાય છે. આમ કેમ એ પ્રશ્ન કદાચ કોઈના મનમાં જાગે એ પહેલાં એની સ્પષ્ટતા કરી લઉં કે હું એમ માનું છું કે બધાના દિલમાં કોઈક તો એવો હુંફાળો ખૂણો હોય જ છે. પણ આપણે એ બાજુ ડોકિયું કરવાનું ટાળતા હોઈએ છીએ. હું એવાં દિલોના આવા ઓઝલ રહેલા ખૂણામાં ડોકિયું કરું છું ને વાંચકોને એમાં ડોકિયું કરવા પ્રેરું છું.

આમ કરતાં ક્યારેક થોડી અતિશયોક્તિય થઈ જતી હશે, કદાચ એમાં કોઈને નવલકથાના સહિત્યિક સ્વરૂપનો અભાવ પણ વર્તાતો હશે પણ મને શ્રધ્ધા છે કે વાચકો મને એ બદલ માફ કરશે. હું ક્યારેય મારી નવલકથાને વિવેચકની નજરે જોતો નથી કારણ કે હું માત્ર લેખક જ બની રહેવા માગું છું. હું માનું છું કે સારા ગણાતા વિવેચકો બહુધા સારા લેખક હોતા નથી. ને હું લેખક મટી જવા માગતો નથી.

મારા વાંચકો એ જ મારા વિવેચકો ને પ્રસંશકો છે. એમને ગમે એવાં પાત્રો મારી કલમમાંથી પ્રગટ થયા કરે છે ત્યાં સુધી મને સંતોષ છે. હું સૌમ્ય કથાવસ્તુનું નિરૂપણ કરું છું છતાં ક્યારેક આપને અરુચિકર લાગે એવું કશું નવલકથામાં જણાય તો મને માફ કરશો. પણ વાર્તાના વેગ અને પ્રવાહને માટે એ જરૂરી હોય તો એને ટાળી શકવાને હું અસમર્થ છું એમ માની નિભાવી લેવા વિનંતિ.

આ નવલકથા ન્યૂ જર્સીથી મારા મિત્ર શ્રી રમેશ ગાનાકરે એમના સામયિક વતનમાં ઑગસ્ટ, ૨૦૦૭થી પ્ર સિધ્ધ કરવી શરૂ કરી છે. એ માટે હું તેમનો આભારી છું.

મારી અન્ય નવલકથાઓની જેમ આ નવલકથા પણ પુસ્તકરૂપે બહાર પડી રહી છે. આશા રાખું છું કે મારા સૌ વાંચકો આ કથાને પણ અન્ય નવલકથાઓની જેમ પ્રેમ પૂર્વક વધાવી લેશે.

આપને આ નવલકથા વાંચ્યા પછી એ અંગે કશું કહેવાનું હોય તો મને ઈમેલથી જણાવી શકો છો. મારું ઈમેઈલનું સરનામું છેઃ jd4books@yahoo.com. તો આપનો અભિપ્રાય જરૂર જણાવશો.

હું છું આપનો,

જયંતીભાઈ પટેલ.

# ૧. વરણાગી વનમાળી

વનમાળી એટલે અમારા ગામનું જાણે નાક. એ ઘરની બહાર પગ મૂકે ને જાણીતા કે અજાણ્યા બધાની આંખો એના તરફ મંડાયા સિવાય રહી શકે જ નહીં. અજાણ્યા તો એને જોતા જ રહી જાય. એમને થાય કે આ સિનેમાના હીરો જેવો જુવાનિયો આવા એકઢાળિયા ઝૂંપડા જેવા મકાનમાં કોને મળવા આવ્યો હશે! એના જેવા અપટુડેટ માણસને આવા ભંગાર મકાનમાં તો શું પણ આ આખા ગામમાંય કોઈની સાથે કશું કામ હોય એ વાતેય કોઈ અજાણ્યાની તો સમજમાં જ ન આવે. પણ એ વરણાગિયો વનમાળી અમારા જ ગામનું રતન હતો અને એ પડિયાણ ઘરનો જ રહેવાસી અને માલિક હતો. એમ કહેવાય કે એ એકમાત્ર એ ઘરનો જ માલિક હતો. એના માલિકીપણા નીચે બીજી કોઈ મિલકત હવે રહી ન હતી.

એનાં આ ભભકભર્યાં ને ઈસ્ત્રી ટાઈટ કપડાંથી અંજાઈ જવા જેવું રહ્યું ન હતું. કપડાંની આ બેત્રણ છેલ્લી જોડીઓ બચી હતી તે વપરાઈ જતાં નવાં કપડાં સિવડાવવા જેવીય એની ત્રેવડ હવે રહી ન હતી. એને ઓળખતા બધા જાણતા હતા કે એ સાવ ખાલી થઈ ગયો હતો.

એ જે હોય તે પણ હજુય એની વરણાગીમાં એક રતિભારનોય ફેર પડ્યો ન હતો. એનાં કપડાં જાણે કોઈ જાણીતા ધોબીની દુકાનેથી ધોવાઈને હેંગર પર લટકાવીને કોઈ ખેપિયો હમણાં જ આપી ગયો હોય અને એ પહેર્યા પછીય ક્યાંક રહી ગયેલી કરચલી પર પણ પેલા માણસે જાણે ઈસ્ત્રી ફેરવીને સંપૂર્ણ તૈયારનો શિક્કો મારી દીધો હોય એમ એમાં રતિભારેય ક્યાશ કોઈ જોઈ શકે એમ ન હતું.

એના વાળ પણ જાણે વાળંદે નહીં પણ કોઈ ચિત્રકારે કોઈ ફિલ્મી અભિનેતાનું ચિત્ર સામે રાખીને એની સ્ટાઈલમાં એકએક  કરીને ગોઠવીને કાપ્યા હોય એમ જ લાગે. રોજ સવારે એને એના વાળને સમારતાં ઓછામાં ઓછો અડધો કલાક તો થાય જ. વાળ સમારી એ દાઢી કરે. જીલેટની બ્લેડથી દાઢી કરી એ મોં ધોઈ નાખે. પછી નવેસરથી શેવિંગ ક્રીમ લગાડી પછી વીલ્કીન્સન સ્વૉર્ડ રેઝર બ્લેડથી કાળજીથી દાઢી કરે. પછી મોં ધોઈ આફ્ટર શેવ લોશન લગાડે.

પાંચેક મિનિટ પછી મોં ધોઈ નાખીને એ મોશ્ચ્યુરાઈઝ્ડ લોશનથી એના ચહેરાને સારી પેઠે માલિશ કરે. નાકની ટીશી કે કાનની બૂટી તો શું પણ કાનનો પાછળનો ભાગ, બોચી અને ગળાનેય એ કાળજીથી લોશન લગાડે. પછી આછા પાવડરથી પોતાના મોંને નિખાર આપે. પછી મિત્રોની ટીકાની પરવાહ કર્યા વગર એ આંખેમાં સ્હેજ મેંશ અને હોઠો પર આછી ગુલાબી લીપસ્ટીકેય લગાડે. પછી પરદેશી અત્તરનો સ્પ્રે લગાવે.

કપડાં પહેર્યા પછી, શૂઝ પહેરવા માટે ઊભાંઊભાં જ પકડી રાખી શકાય એવું લાંબા હાથાવાળું પગ સરકણિયું વાપરીને એ એવી અદાથી શૂઝ પહેરતો કે જો બાટા કંપનીવાળો એની આ ક્રિયા જોઈ જાય તો એને એમની પછીની ઍડ માટે મૉડેલ તરીકે સાઈન કરી લે. પછી બાટાના ચમકતા શૂઝ પર ઊભાંઊભાં જ એ ફાઈનલ ટચ રૂપી બ્રશ મારી લે.

બારણાની બહાર નીકળતાંય જો એને એના એ શૂઝ પર ડાઘો કે રજકણ જણાય તો ખિસ્સાના રૂમાલથીય એ ક્ષતિ દૂર કરતાં એ અચકાય નહીં. પોતાની વરણાગીની બરાબર ચકાસણી ને માવજત કર્યા સિવાય એ ઘરની બહાર પગ ન જ મૂકે.

આટલી બધી વરણાગી છતાં એ ગયે વરસે B.Com.માં પહેલા વર્ગમાં ગોલ્ડ મૅડલ સાથે પાસ થઈ ગયો હતો. બધાંને એ વાતનું તો આશ્ચર્ય હતું કે આવો છેલબટાઉ જુવાનિયો ભણવામાં પણ આટલો હોંશિયાર કેવી રીતે રહી શકતો હશે? આવા જુવાનિયાને તો પોતાની વરણાગીમાંથી વાંચવાનીય ફુરસદ નહીં મળતી હોય એમ બધા માનતા હતા. પણ એ જેવો વરણાગીમાં હતો એવો જ ભણવામાંય કાળજીવાળો હતો.

કૉલેજ છોડી દીધા પછી હજુય એ કૉલેજના દોસ્તોને મળવા બેત્રણ દિવસે એક વખત કૉલેજ તરફ આંટો મારતો હતો. સારી નોકરી તો આ જમાનામાં લાગવગ વગર મળે છે જ કયાં? છતાં એ નોકરી માટે દોડાદોડ કરતો હતો. સામાન્ય નોકરી કરવાની એની ઈચ્છા ન હતી પણ હવે તો એ એટલી હદે આવી ગયો હતો કે સામાન્ય કારકુનની નોકરીનેય વધાવી લેવી પડે. એને માટે લાગવગ લગાડે એવું કોઈ એના સગામાં કે ઓળખીતામાં હતું નહીં એટલે એના પ્રથમ વર્ગ અને ગોલ્ડ મૅડલ છતાં એને કયાંય નોકરી મળતી ન હતી.

એક દિવસ કૉલેજના કંપાઉન્ડમાં એની કૉલેજમાં ભણતી એષ્ણા એને મળી ગઈ. એણે એને સામેથી બોલાવ્યો અને વાતે વળગી. વનમાળી એને બહુ જાણતો ન હતો. જો કે એનું પણ એક કારણ હતું. એ આટલો વધો વરણાગિયો હતો છતાં છોકરીઓ સાથે એ બહુ ભળતો ન હતો. છોકરીઓ એની સાથે વાત કરવા તલસતી છતાં એ સાવ અલિપ્ત જ રહેતો હોય એમ વર્તતો.

એષ્ણા તો એના કરતાં એક વરસ પછળ ભણતી હતી એટલે એ એને ફકત દીઠે જ ઓળખતો હતો એમ કહી શકાય. મિત્રો સાથેની વાતમાંથી એને એટલું જાણવા મળ્યું હતું કે એષ્ણા એક મીલમાલિકની દીકરી હતી ને એક મીલમાલિકની છેલબટાઉ છોકરીમાં હોવાં જોઈએ એટલાં જ ઠસ્સો અને અભિમાન પણ તેનામાં હતાં. એ રોજ પોતાની કારમાં જાતે ડ્રાયવિંગ કરીને કૉલેજમાં આવતી હતી. એણે એની ખાસ બેનપણીઓમાંથીય કોઈને એની કારમાં લીફ્ટ આપી હોય એવો કોઈ પ્રસંગ કોઈને યાદ ન હતો.

'હજુ કૉલેજમાં આંટા મારો છો તે M. Com. કરો છો કે શું?' આંખો નચાવતાં એણે પૂછયું.

'ના, નોકરી શોધું છું પણ લાગવગ વગર નોકરી મેળવવી કેટલી અઘરી છે એની સમજણ અત્યારે તો મેળવી રહ્યો છું. દોસ્તોને મળવા કયારેક કૉલેજ તરફ આવું છું.'

'તમારા જેવા સારું ભણેલા યુવાનને નોકરી ન મળે એટલી હદે હજુ જમાનો પહોંચ્યો નથી. પણ મને લાગે છે કે તમારે વટ પડે એવી મોભાદાર નોકરી જોઈતી હશે. જો તમને લાગવગ લગાડવામાં વાંધો ન હોય તો હું તમારી નોકરી માટે ભલામણ કરી શકું તેમ છું.'

'આ જમાનામાં બૂટને પૉલિશ કરાવવાય લાગવગ લગાડવી પડતી હોય ત્યાં હું લાગવગની ઍલર્જી રાખીને કેમ જીવી શકું? અરે, જો થોડા દિવસમાં નેકરી ન મળે તો આવું વટમાં ફરવાનુંય બંધ થઈ જાય એમ છે. તમારી મહેરબાની, જો તમે મારે માટે એટલું કરો તો.'

'ચાલો, તમારું કામ તો કરવું જ પડશે. વળી તમે મને માનથી બોલાવી એટલે તો ખાસ. પણ પછી કયારેક મળો તો પાછા તમે તમે કરીને શરમાવશો નહીં.' એષ્ણાએ મજાક કરી લીધી.

'ભલે તમે કહો છો તો એમ કરીશ.' વનમાળીથી બોલાઈ ગયું.

'કયારથી?'

ને વનમાળીને પોતાની ભૂલ સમજાઈ. એણે કહ્યું: 'જયારથી તુંય મને મોટે નામે બોલાવવાનું બંધ કરીશ ત્યારથી. મને મારા બીજા દોસ્તો વનમાળીને બદલે માત્ર વિનુ કહીને બોલાવે છે એટલે તુંય મને વિનુ કહીશ તો મને વધું ગમશે.' વનમાળીએ કહ્યું. એને એમ પણ કહેવાનું મન થયું કે દોસ્તો તો એને વનમાળીને બદલે વરણાગી જ કહેતા હતા પણ પહેલો જ પરિચય હતો એટલે એ એમ કહેતાં અચકાયો.

'મનેય એવું કહેવું ગમશે. એમાં જે આત્મીયતા છે એ પેલા માનવાચક સંબોધનોમાં નથી. તું એમ કરજે, તારાં બધાં સર્ટિફિકેટની ફાઈલ લઈને કાલે ન્યૂ ઈંગ્લેન્ડ મીલની ઑફિસમાં જજે. હું ફોન કરી દઈશ. ત્યાં જઈને કિરણ મહેતાને મળજે ને મારું નામ આપજે. પાછો એમ ના કહેતો કે એષ્ણાબેને મને મોકલ્યો છે.' પાછો વનમાળી ગૂંચવાયો. આવીએ એને નોકરી માટે મોકલે છે અને કહે છે કે મને એષ્ણાએ મોકલ્યો છે એમ ન કહીશ!

'એવું ન કહું તો શું કહું?' એ ગૂંચાવાતાં બોલ્યો.

'એ જ દુઃખ છે તારું. તું તારી એટીકેટમાંથી જ ઊંચો નથી આવતો. તારે કહેવાનું કે તને એષ્ણાએ મોકલ્યો છે ને એષ્ણા તારી ફ્રેન્ડ થાય છે. જો તમે ફમે કર્યું છે તો મને એની ખબર પડી જશે.' આંખો નચાવતાં એષ્ણાએ

કહ્યું.

'ભલે, હું એમને કહીશ કે એષણાએ મને તમારી પાસે મોકલ્યો છે. તમે મને નોકરી આપો તો સારું પણ મને જો નોકરી ન આપી શકાય તેમ હોય તો તમે એની સાથે વાત કરી લેજો.'

'તે તને એમ લાગે છે કે મારે કહ્યે તને નોકરી નહીં મળે! ઓ મૂરખા, જો એ તને મારા કહ્યાથી નોકરી ના આપે તો એની નોકરીને માથે જોખમ આવી પડે. એટલે તારી નોકરી નક્કી જ છે એવા કોન્ફિડન્સથી જજે. ને તારા જેવા પર્સનાલિટીવાળા માણસને નોકરી આપવા તો એ લોકો પડાપડી કરે. તને આજ સુધી નોકરી કેમ નથી મળી એનું જ મને આશ્ચર્ય થાય છે. તું અત્યારે જેટલો વટદાર લાગે છે એટલો નોકરી માગવા જતાં નહીં લાગતો હોય. કોઈ છોકરીને જોવા લગ્નનો ઉમેદવાર આવ્યો હોય અને છોકરી ગભરાય એમ તું ગભરાતો નોકરી માગવા જતો હોઈશ.'

'જો કે હું ગભરાતો તો નથી પણ મારામાં જે અછત છે એ મારા આત્મવિશ્વાસને ઢીલો પાડી દેતી હશે.'

'શાની અછત છે તારામાં?'

'કેમ! લાગવગની સ્તો. કાલે હું પહેલી વખત લાગવગના પીઠબળ સાથે નોકરી મેળવવા માટે જઈશ. શું નામ કહ્યું તેં, કિરણ મહેતા ને? આભાર તારો એષણા. કાલે નોકરી મળી જશે પછી તને મળવા આવીશ. બોલ, ક્યાં મળવા આવું?'

'જો તું પાર્ટી આપવાનો વિચાર કરતો હોય તો લવ એન લસ્ટ કાફેમાં મળીએ.'

'જો તું પહેલા પગાર સુધી મને થોડી લોન આપવાની હોય તો. બાકી તો મારે પાર્ટી આપ્યા પછી લવ એન લસ્ટમાં ડીશો ધોવાની સજા ભોગવવી પડે એમ છે.' વનમાળીએ પેટછૂટી વાત કરી દીધી.

'એવું હોય તો કાલની પાર્ટી મારા તરફથી. પણ મળવાનું તો લવ એન લસ્ટમાં જ એ વાત નક્કી.'

'મને નોકરી મળી હોય તો પાર્ટી મારે જ આપવાની હોય પણ મારી છેલ્લી દસની નોટનેય કાલે ઘોડાગાડીનું ભાડું ચૂકવતાં પગ આવી જશે એટલે તું ઉછીના આપે તો જ આબરૂ સચવાય એવું છે.'

'જોઉં તારી આબરૂ સચવાય એવી મારી સ્થિતિ હોય તો.' કહેતાં એષણાએ પર્સ ખોલી ને તેમાંથી ગણ્યા સિવાય નોટોની જે થોકડી પહેલી હાથ લાગી એ એને આપી દીધી.

વનમાળીએ એ ગણી જોયા. બારસો રૂપિયા હતા. 'મારે આટલા બધા પૈસાની જરૂર નથી. બસોત્રણસો રૂપિયા પૂરતા છે. ખરું પૂછો તો કાલની પાર્ટી પૂરતી જ મારે જરૂર છે.' એણે કહેવા કર્યું.

'તે તારી નોકરી કાલથી શરૂ થશે તો એનો પગાર તો તને મહિના પછી મળશે. ત્યાં સુધી તારે આવા વટમાં ફરવાય પૈસા તો જોઈશે ને! આટલા તો ઓછા પડશે.'

'ના, નોકરી મળશે એટલે ચારે બાજુથી ઉધારીનાં બારણાં ઊઘડી જશે. અત્યારે તો આવવાની શક્યતા નથી એટલે મેં ક્યાંય ઉધારી કરી નથી. સંબંધ અને આબરૂ બગાડવાની વાત. મને એ પસંદ નથી. વટમાં રહેવું પણ ત્રેવડથી રહેવું એ મારો સિધ્ધાંત છે. નો ઉધારી.'

'મનેય તારી એ વાત ગમી. પણ હું જે આપું છું એને ઉધારી ન ગણતો. હું તારા પહેલા પગારની સામે જ આ પૈસા આપું છું. તારો પહેલો પગાર હાથમાં આવશે કે તરત હું પઠાણી ઉઘરાણી કરવા આવી જ પહોંચીશ.'

'જો પઠાણી ઉઘરાણી કરવાની હો તો તારો વ્યાજનો દર પણ અત્યારથી જ જણાવી દેજે એટલે એની વેતરણ કરતાં ફાવે.' વનમાળીય નોકરી મળવાની આશા ઊભી થતાં રંગમાં આવી ગયો હતો. આજે પહેલી વખત જ જેને મળતો હતો એની સાથે એ પોતાના સ્વભાવ વિરુધ્ધ છૂટથી બોલવા લાગ્યો હતો. એને માટે એષણાની વાત કરવાની ને આત્મીયતા દર્શાવવાની રીતભાત પણ કદાચ કારણભૂત હોય!

આજ સુધી વનમાળી કોઈ છોકરી સાથે આટલી છૂટથી વાત કરી શક્યો હોય એવું તેને યાદ ન હતું. એની આવી વરણાગી અને એની પર્સનાલિટી જોઈ ઘણી છોકરીઓ એની સાથે દોસ્તી કરવા આવી હતી પણ

વનમાળીના એમને પ્રત્યેના વલણમાં કોઈને એ અભિમાની લાગ્યો હતો તો કોઈને એ અતડો લાગ્યો હતો અને તે પાછી વળી ગઈ હતી.

આજે એષણાય એવા ભય સાથે જ એની સાથે વાત કરવા આવી હતી પણ વનમાળીની સરળતાભરી વાત કરવાની રીત જોઈ એ એને મદદ કરવા પ્રેરાઈ હતી ને ભવિષ્યમાં એની સાથે દોસ્તી બાંધવાનું વિચારી રહી હતી. એ એક મીલમાલિકની દીકરી હતી એટલે જે કોઈ એની સાથે દોસ્તી બાંધવા પ્રયત્ન કરતું એ પોતાની દોસ્તી પૈસા માટે જ કરે છે એવું એને લાગ્યા સિવાય રહેતું નહીં ને એ દોસ્તીમાં બ્રેક મારી દેતી.

આજે એણે સામે ચાલીને વનમાળી સામે દોસ્તીનો હાથ લંબાવ્યો હતો ને એને ખાતરી થવા લાગી હતી કે વનમાળીને એના પૈસામાં નહીં ફક્ત દોસ્તીમાં જ દિલચશ્પી છે. બીજા લાળો પાડતા ને મસ્કો મારતા બાપ કમાઈ પર તાગડધિન્ના કરતા જુવાનિયા કરતાં એ જુદો જ છે એવું એને લાગતું હતું. અને પૂરી ચકાસણી કર્યા સિવાય એ દોસ્તી કરવાનીય ક્યાં હતી?

બીજે દિવસે વનમાળી મીલની ઑફિસે પહોંચ્યો. તેનો ભભકો અને તેનું વ્યકિતત્વ જોઈને કિરણ મહેતા સમજી ગયો કે એષણાએ એને નોકરી માટે કેમ મોકલ્યો હતો. એણે વનમાળીને કોઈ હલકા પ્રકારની નોકરી આપતાં પહેલાં શેઠને વાત કરવી યોગ્ય ગણી. એ વનમાળીને બેસવાનું જણાવીને શેઠની કૅબિનમાં ગયો. એણે શેઠને વનમાળી વિશે વાત કરી. એના વ્યકિતત્ત્વ વિશે વાત કરી અને એના ક્વોલિફિકેશન વિશેય વાત કરી. શેઠ પોતે એને એક વખત મળી લે અને એને કેવી નોકરી આપવી એ નક્કી કરે તો વધુ સારું એવું સૂચન પણ કર્યું.

'તને એમ લાગતું હોય તો એને મારી પાસે મોકલ.' શેઠે કહ્યું ને ભવિષ્યમાં આવી ભલામણ ન કરવા એષણાને ટકોર કરવી પડશે એમ વિચારી રહ્યા.

'તમને શેઠ સાહેબ જાતે મળવા માગે છે. તમે સામેની કૅબિનમાં જઈ એમને મળો.' બહાર આવી તેણે વનમાળીને કહ્યું. ને વનમાળી ગભરાતો શેઠની કૅબિનમાં પેઠો.

'આવો, બેસો. તમારી ભલામણ બેને કરી છે. તમે એને ક્યાંથી જાણો છો?' એની નખથી શીખ સુધીની ટાપટીપ અને ઑફિસમાં દાખલ થવાની ને વિનયથી ઊભા રહેવાની છટાથી અંજાતાં શેઠે પૂછ્યું.

'એમ કહેવાય કે અમે એક સાથે કૉલેજમાં ભણતાં હતાં. જો કે એ મારાથી એક વરસ પાછળ ભણતી હતી એટલે મારે એની સાથે ઓળખાણ કહેવાય એવો કોઈ સંબંધ ન હતો. પણ ગઈકાલે અમારે અચાનક વાત થઈ ને એને ખબર પડી કે હું નોકરીની શોધમાં છું પણ લાગવગને અભાવે મને નોકરી મળતી નથી એટલે એણે મારે માટે ભલામણ કરવાની તૈયારી બતાવી.' એષણાને માટે શેઠની હાજરીમાં એક વચનમાં વાત કરવી એને અજુગતી લાગી છતાં એ એષણાની પેલી ચીમકી યાદ રાખી ને એને વળગી રહ્યો.

'એટલે ગઈકાલ સુધી તમારી વચ્ચે કશી વાત થયેલી નહીં?'

'ના, કાલે પહેલી જ વખત મારે એની સાથે વાત કરવાનો પ્રસંગ પડ્યો.'

'તમારી પાસે લાયકાત સારી છે, પણ તમને કામનો અનુભવ નથી. તમારું વ્યકિતત્ત્વ સારું લાગે છે એટલે તમને નોકરી આપીએ તોય બહાર ફરવાની નોકરી આપી શકાય. તમને બહાર જઈ જુદાજુદા માણસો સાથે કામ પાડવાનું ફાવશે?'

'મારી કોઈ પણ કામ કરવાની તૈયારી છે. એક વખત કામ કરીશ તો જ મને અનુભવ મળશે એ હું સમજું છું.'

'બહાર જુદાજુદા વેપારીઓ સાથે કામ કરતાં તમને અહીંના કરતાં વધારે અનુભવ મળશે. કાલથી અહીં આવી જાવ. કિરણ તમને એક અઠવાડિયામાં આપણી કામ કરવાની પધ્ધતિ સમજાવી દેશે. પછી તમને બહારનું કામ સોંપીશું. પગાર તો તમને બહુ નહીં આપી શકીએ. મહિને બસો આપીશું પણ તમે બહાર ફરીને જે કામ કરશો તેના હિસાબે તમને બોનસ આપીશું. જો સારું કામ કરશો તો તમને કદાચ પગાર કરતાંય વધારે બોનસ મળશે, અને તેય એક સામટું મળશે.'

વનમાળી તો બસોનો પગાર સાંભળીને જ આનંદમાં આવી ગયો હતો ત્યાં બોનસની વાત સાંભળીને તો એ દંગ જ થઈ ગયો. એણે કહ્યુંઃ 'હું ખંતથી કામ કરીશ અને મારી ભલામણ કરવા માટે એષ્ણાને કે મને નોકરી રાખવા બદલ આપને ક્યારેય ફરિયાદ કરવી પડે એવું નહીં થવા દઉં.'

'જુઓ તમને નોકરી મળી છે એની પાછળ એષ્ણાનો હાથ છે છતાં તમારી પાસે લાયકાત છે એ કારણ ભૂલવા જેવું નથી. એને ફરી મળો ત્યારે કહેજો કે મીલની ઑફિસમાં પેસવા માટે એની ભલામણ કામ જરૂર લાગી પણ નોકરી તો અમે તમારી લાયકાત જોઇને આપી છે. મન લગાડીને કામ કરશો તો આગળ આવવાની ઘણી તકો તમને અહીં મળી રહેશે.' શેઠે કહ્યું ને એને ફાઈલ પાછી આપી. વનમાળી સમજી ગયો કે આ તેને રજા આપવાની નિશાની હતી.

'તો હું રજા લઉં? કાલે સમયસર આવી જઈશ. બહુ બહુ આભાર, શેઠ સાહેબ.' કહેતાં બે હાથ જોડી નમસ્કાર કરી એ બહારની ઑફિસમાં આવ્યો. બહાર કિરણ ફોન પર શેઠ સાથે એને વિશે જ વાત કરી રહ્યો હોય એમ લાગતું હતું. એણે વનમાળીને હાથનો ઈશારો કરી સામેની ખુરસી પર બેસવાનો ઈશારો કર્યો.

'જુઓ, તમે ધારતા હશો એના કરતાંય સારી નોકરી શેઠ સાહેબે તમને આપી છે. તમને બહાર ફરવામાં જે ખર્ચ થાય તેની સામે તમને ઉચક ભથ્થું આપવામાં આવશે. ને વરસ આખરે તમારા કામને હિસાબે કમીશન કે બોનસ જે ગણો તે આપવામાં આવશે. કાલે સવારના દસ વાગ્યે આવી જજો એટલે હું તમને બધી સમજણ પાડી દઈશ. આ ફાઈલ મૂકતા જાવ. કાલે એમાંનાં એક બે પ્રમાણપત્રની નકલ કરીને રાખી લઈશું ને ફાઈલ તમને પાછી આપી દઈશું. હવે તમારે જવું હોય તો જાવ. બેનને કહેજો કે એમના કહ્યા પ્રમાણે કર્યું છે.' ફોન પરની વાત પતાવી કિરણે એને કહ્યું.

વનમાળી બહાર નીકળતાં બેનના જ વિચારો કરતો હતો. સાંજે લવ એન લસ્ટમાં મળીને એનો આભાર કેવી રીતે માનવો એની જ દ્વિધામાં એ હતો. એની પાસે બારસો રૂપિયા હતા. નવી નોકરીને લાયક કપડાં અને એક મહિના સુધી ખાવાપીવાના ખર્ચા ને નોકરીને કામે બહાર ગામ જવાના ભાડાના ખર્ચાય પહેલાં તો એણે પોતાના ખિસ્સામાંથી કાઢવાના હતા. ને એષ્ણાને પાર્ટી આપવામાંય પચાસ રૂપિયા જેટલા થઈ જશે એવી એની ગણતરી હતી. મોટાં લોકના મોટા ખર્ચા, તે મનમાં જ ગણગણ્યો. બાકી પચાસ રૂપિયામાં તો પોતાનું બે મહિનાનું ભોજનબિલ આવી જાય.

એણે ઘડિયાળમાં જોયું. બપોરના બે વાગ્યા હતા. હજુ તો એને દાઢી કરવાની હતી, નહાવાનું હતું, કપડાં બદલવાનાં હતાં ને તૈયાર થવાનું હતું. એષ્ણાને મળવાનું હતું એટલે એણે રોજની એની વરણાગી ઉપરાંતની ઠાઠોય કરવાની હતી ને! આજ પહેલાં એને કોઈ છોકરી સાથે હોટેલમાં જવાનો પ્રસંગ પડ્યો ન હતો. એટલે તો એ આજે ગભરાઈ રહ્યો હતો ને! એ સવારમાં નહાયો હતો ને બે વખત દાઢીય કરી હતી પણ એષ્ણાને મળવા જવા માટે તો એનો દિવસ જાણે ફરી ઊગ્યો હતો.

એ ઉતાવળે ઘેર પહોંચ્યો. ચાર વાગ્યે તો એને લવ એન લસ્ટ પર પહોંચવું પડે એમ હતું. એષ્ણા વહેલી આવી જાય અને એને પોતાની વાટ જોવી પડે એ એને યોગ્ય લાગતું ન હતું. છતાં એ ત્યાં પહોંચ્યો ત્યારે એષ્ણા આવી જ ગયેલી હતી. એના કરતાં પાર્ટીની જાણે એને વધુ ઉતાવળ હતી. બપોરે એણે કિરણને ફોન કરીને વનમાળીની નોકરીનું શું થયું એમ પૂછી લીધું હતું. કિરણે એને શેઠની પાસે મોકલી આપ્યો હતો અને શેઠે પોતે એની નિમણૂંક કરી હતી એ એને જરા વિચિત્ર લાગ્યું હતું. પણ આખરે વનમાળીને નોકરી મળી ગઈ હતી એ જ અગત્યનું હતું.

'સોરી, તારે રાહ જોવી પડી. મેં વહેલા આવવા બહુ ઉતાવળ કરી તોય મોડું થઈ ગયું.' વનમાળીએ કહ્યું.

'તારા જેવા હેન્ડસમ માણસને તૈયાર થતાં અમે છોકરીઓ જેટલી વાર થાય ને! પણ સાચું કહું, તું આવો બનીઠનીને બહાર નીકળે ત્યારે છોકરીઓ તારી પાછળ ઘેલી થતી હશે, ને તું લગ્ન કરશે તો તારી બૈરી બાપડી તું ઘેર પાછો આવું ત્યાં સુધી તારી ચિંતામાં અડધી થઈ જશે.' એષ્ણાએ મજાક કરી.

'એ તો બેય પક્ષે એવું જ ને? રૂપાળી પત્નીના ધણીનીય એવી જ દશા થાય. પણ મૂળ વાત તો તને

કહેવાની જ વિસરાઈ ગઈ. તારી લાગવગથી મને નોકરી મળી ગઈ. તારો આભાર મારે કયા શબ્દોમાં માનવો એ જ મને સમજાતું નથી.' વનમાળીએ બેલવા કર્યું.

'જો તેં ખોટું બોલવા માંડ્યું. ડૅડીએ તને શું કહ્યું હતું? મારી લાગવગ તો તને એમના સુધી પહોંચાડવા પૂરતી જ કામ લાગી. નોકરી તો એમણે તારી લાયકાત જોઈને જ આપી છે ને પગારેય તારી લાયકાત જોઈને નક્કી કર્યો છે. એમણે જ મને આ વાત કરી છે, ને મને આવું કહેવાની સૂચના પણ તને એમણે આપી છે ને?'

'એ તો મોટા માણસોની મોટી વાતો. એમણે મને નોકરી તો તારા કહ્યાથી જ આપી પણ મને એમ કહીને પોરસાવ્યો કે મારી લાયકાત જોઈને મને નોકરી આપી છે એટલે મારામાં કામ કરવાની ધગશ આવે. હું બધુંય સમજું છું. એ શેઠિયા કાંઈ અમસ્થા નહીં થઈ ગયા હોય. આટલા બધા માણસોને વશમાં રાખીને એમની પાસેથી કામ લેવું એ માટે એમને કેટલીય આવી યુક્તિયો વાપરવી પડતી હશે.'

'મારે એમને કહેવું પડશે કે એમને માટે તારો કેવો મત થયો છે.'

'જોજે એવું કરતી, નહીં તો મારી છાપ ઊભી થતાં પહેલાં જ બદલાઈ જશે. મારે હવે તારી પાસે કાંઈ પણ બોલતાં પહેલાં સાત વખત વિચાર કરવો પડશે.' ગભરાઈ જતાં વનમાળી બોલી ઊઠ્યો.

'તું તો નાની છોકરીના જેવો ગભરાય છે. જેમ આજે નોકરી લેવા ગયો ત્યારે આત્મવિશ્વાસ રાખ્યો હતો એવો વિશ્વાસ કાયમ રાખીશ તો ઝડપથી આગળ આવીશ, નહીં તો કાયમ મહેતાજી જેવો જ રહીશ.' એષ્ણાએ તેને ખિલવ્યો.

'ગભરાટ તો થાય જ ને! મેં નોકરી માટે કેટલી દોડધામ કરી છે એની તને ખબર નથી. વળી આ નોકરી તેં મને એવે અણીને સમયે અપાવી છે કે એનું મહત્ત્વ હું જીવીશ ત્યાં સુધી મારાથી ભૂલી શકાશે નહીં. હું જે રીતે ફરું છું એ મારા જીવનનો જ એક ભાગ બની રહ્યું છે. જો તેં મને આ નોકરી ન અપાવી હોત તો મારો આ ઠાઠ બંધ થઈ ગયો હોત ને મારામાંથી હું જ જાણે ચાલ્યો ગયો હોત.'

'હવે એકની એક વાત કરીને મને બોર કરવાની રહેવા દે ને પાર્ટીની વાત કર. બોલ એપેટાઈઝરમાં શું લઈશ?'

'એય તું તો એવી વાત કરે છે કે જાણે તારી પાર્ટી હોય. સાંભળ આ મારી પાર્ટી છે. આજે મારી પાસે એક મિત્રને કારણે મારે સારા પગારની નોકરી છે ને ખિસ્સામાં બારસો રૂપિયા રોકડા પડ્યા છે. બોલ તું એપેટાઈઝરમાં શું લઈશ?'

'જે તને પસંદ હોય તે. તારી પાર્ટી છે તો તું જ ઑર્ડર આપ.' એષ્ણાએ કહ્યું ને વનમાળી ગૂંચવાઈ ગયો.

'તેં તો મને મુશ્કેલીમાં મૂકી દીધો. જો મારે તને શરમ એક બાજુ મૂકીને કહી દેવું પડશે કે આવી મોંઘી હોટેલમાં જવાનો આ મારો પહેલો જ પ્રસંગ છે. અહીં જેટલાં એપેટાઈઝરનાં નામ લખેલાં છે એમાંનું એકેય મેં ક્યારેય ચાખ્યું તો શું પણ જોયું સુધ્ધાં નથી. એમ કર તારી પસંદ મુજબનો બધો ઑર્ડર મારે માટેય આપ. ફક્ત બિલ જ હું ચૂકવી એટલું ધ્યાનમાં રાખજે.'

'તું આવો અપટુડેટ માણસ થઈને આવું બોલે તો કોઈ તો તે સાચુંય ન માને પણ મને ખબર છે કે તારી વાત સાચી છે. મને તારી વાતમાં વિશ્વાસ છે. પણ તારે હવે આ બધી વાતો જાણી લેવી પડશે.'

'એ તો આજે જ મને સમજાવા માંડ્યું છે. આજથી જ હું એવી એટિકેટ અને લાઈફ સ્ટાઈલ વિશે અભ્યાસ શરૂ કરી દઈશ.'

'એય મૂરખ, આ અભ્યાસનો વિષય નથી, અનુભવનો વિષય છે. પણ મારી સાથે બેચાર ડીનર પર અને પાર્ટીમાં આવીશ એટલે તને બધી વાતો સમજાવા માંડશે. અત્યારથી ગભરાઈ જવાની જરૂર નથી.' એષ્ણાએ એને એવી રીતે કહ્યું જાણે એ એને ઊચ્ચ સોસાયટીમાં ભેળવવા માગતી હોય. ને વનમાળી વધુ ગભરાઈ ગયો.

'મારી એક વાત સાંભળ, હું એવા સ્તરનો માણસ નથી. મને ટાપટીપ ગમે છે, પણ આવી હાઈ સોસાયટીમાં ભળવા જેવી આવડત મારામાં નથી કે એવી મારી ત્રેવડેય નથી. હું બહુ નાનો માણસ છું. મને સાથે

લઈ જઈશ તો તારી ઈમ્પ્રેશન પણ નીચી ઊતરી જશે.'

'એટલે તો મેં કહ્યું કે અત્યારથી ગભરાઈ જવાની જરૂર નથી. જ્યારે તું સામે ચાલીને તૈયાર થશે ત્યારે આપણે એ વિશે વિચારીશું.' એષણાએ કહ્યું ને વનમાળી વધું ગૂંચવાતો એ સાંભળી રહ્યો.

વનમાળીને એ યાદેય રહ્યું ન હતું કે એણે તે સાંજે શું ખાધું. તેને એટલું જરૂર યાદ હતું કે એષણાની અવનવી વાતોએ એને કોઈ અજાણી દુનિયાની સફર કરાવી હતી. એ કહે કે ન કહે પણ એનેય એષણાની આ વાતો સાંભળ્યા પછી પેલી વૈભવી દુનિયાનો અનુભવ કરવાની ઈચ્છા થવા માંડી હતી.

વનમાળી આટલો વરણાગિયો દેખાતો હતો છતાં એ નખશીખ પારદર્શી અને ભોળો માણસ હતો એની પ્ર તીતિ એષણાને થઈ હતી. બે જ દિવસના એમના આ પરિચય છતાં એષણાના દિલમાં વનમાળી સ્થાન મુકરર કરી રહ્યો હોય એમ એને લાગતું હતું. વનમાળીની સાથેના પચિયની આ વાતેય માત્ર મનને મનાવવા માટે જ હતી, બાકી એષણાએ ગઈકાલે એની સાથે વાત કરવા પ્રયત્ન કર્યો તે પહેલાં કેટલાય સમયથી એના મનમાં એ ભાવના પાંગળવા માંડી હતી.

વનમાળીય એષણાની વાતો અને એના સ્વભાવથી પ્રભાવિત થઈ ગયો હતો. પણ ખરી મઝા તો ત્યારે થઈ કે પાર્ટી પૂરી થઈ ને ઘેર જવાની વેળા થઈ. એષણા કાર લઈને આવી હતી અને એણે વનમાળીને એને ઘેર મૂકી આવવાની તૈયારી બતાવી ને વનમાળી ગભરાઈ ગયો. 'એની જરૂર નથી. હું મારી રીતે ઘોડાગાડી કરીને ઘેર ચાલ્યો જઈશ.' એણે કહ્યું.

'કેમ, મારી સાથે કારમાં બેસીને ઘેર જવામાં તને વાંધો છે?'

'વાંધો તો શો હોય પણ જો તું મારું ઘર જોઈશ તો તને મારી દયા આવશે ને આખી રાત એના જ વિચારો આવ્યા કરશે. મને એકલો જ ઘેર જવા દે એ જ વધુ સારું છે.'

મૂળ તો વનમાળીના પિતા એક ખમતીધર સસરાના જમાઈ હતા. એમના સસરાને તો જે ગણો તે ત્રણ દીકરીઓ જ હતી. પણ વનમાળીના પિતા રામજી રાઘવ બહુ સ્વમાની જીવ. એમણે સસરાની મિલકતમાંથી એક પાઈ પણ લીધેલી નહીં. એમના બે સાઢુઓ આજે સસરાની મિલકતને કારણે લાખોમાં ખેલતા થઈ ગયા હતા. ને વનમાળીય રામજી રાઘવનો જ દીકરો ને એણે કદી એમની પાસે હાથ લાંબો કરેલો નહીં.

સિધપુરમાં હાટડીમાં બહુ બરકત ન લાગતાં એના પિતા અમદાવાદમાં નોકરી કરવા આવ્યા હતા ને પોતાનું સિધ્ધપુરનું મકાન એક પિતરાઈને વાપરવા આપ્યું હતું. વખત જતાં એ પિતરાઈએ પંચાયતમાં વગ લગાડીને ઘર પોતાને નામે કરી લઈને પચાવી પાડ્યું હતું. બીજી કોઈ મિલકત તો એમની પાસે હતી નહીં. વખત જતાં અમદાવાદની પાસેના ઘાટલોડીયા નામના એક નાનકડા ગામમાં એમણે આ મકાન વેચાતું લીધું હતું ને રોજ સાયકલ પર બેસી એ મીલમાં નોકરી કરવા જતા હતા.

મૂળ વાણિયા એટલે નાના અમથા પગારમાંય એ થોડી બચત કરતા રહેલા પણ એક બાજુ વનમાળી મેટ્રિકની પરીક્ષામાં પાસ થયો ને કૉલેજમાં ગયો ને એના પિતા ગુજરી ગયા ને એમની પાછળ વનમાળીનાં બા પણ ચાર મહિનામાં જ ગુજરી ગયાં. પણ વનમાળી હિંમત ન હાર્યો. તેણે બાપની જે થોડી બચત હતી એને ત્રેવડથી સાચવી, વાપરીને કૉલેજ ચાલુ રાખી. પણ ગમે તેટલી ત્રેવડ રાખે તોય હવે તો એનું તળિયું આવી ગયું હતું.

'તેં આવું કહ્યું એટલે તો મારે તારું એ ઘર ખાસ જોવું પડશે. તેં નોકરી કરવાની શરૂઆત હજુ હમણાં જ કરી છે એટલે તારું ઘર એવું વિશાળ કે સગવડભર્યું ન હોય એ સમજાય એવું છે. એમાં તારે શરમાવા જેવું નથી.' કહેતાં એષણાએ એને આગળની સીટમાં પરાણે ધકેલ્યો. પછી પરિસ્થિતિને વશ થતો વનમાળી એને રસ્તો બતાવતો ગયો ને એષણા કાર ચલાવતી ગઈ.

વનમાળીના મકાનના બારણા સામે જઈ કાર ઊભી રહી એટલે નીચે ઊતરી બાય કહેવા ઊંચો થયેલો વનમાળીનો હાથ એમ જ રહી ગયો, જ્યારે એષણા કારનું એંજિન બંધ કરી કારમાંથી ઊતરી ઘરના બારણા પાસે ઊભી રહી ગઈ.

ને વનમાળીને બારણું ખોલતાં કહેવું જ પડયુંઃ 'આવ તારે મારું ઘર જોવું જ હોય તો મારા ઘરમાં તારું

સ્વાગત છે. પછી એક મહેરબાની કરજે, મશ્કરી ન કરતી. જેવો હું છું એવું મારું ઘર નથી.'

એષણા અંદર આવીને એનું ઘર અને રાચરચીલું જોઈને એને જાણે આઘાત લગ્યો. કયાં બેસવું કે શું બેલવું એય એને ન સમજાયું. છેવટે હિંમત કરીને એણે કહેવું જ પડ્યુંઃ 'તારી વાત સાચી છે. જેવો તું છે એવું તારું ઘર નથી. હવે તારે બહાર ફરવાનું થશે એટલે બહાર કોઈના મહેમાન પણ બનવાનું થશે ને કોઈકને તારે મહેમાન બનાવવાય પડશે. તારે તારું મકાન લેતા પહેલાં મોઘા ભાડાના મકાનમાં ના જવું હોય તો હું ડૅડીને કહીને તને મીલમાં ક્વાર્ટર અપાવી દઈશ.'

'ના હવે કોઈ લાગવગ નહીં. મને મારી જાતે જ હવે રસ્તો કાઢવા દે, નહીં તો હું મારામાં રહ્યુંસહ્યું મારાપણુંય ગુમાવી દઈશ એવું મને લાગે છે. હું કોઈ સોસાયટીમાં ભાડાના મકાનની તપાસ કરીશ. હવે મારી પાસે જે નોકરી છે એને અનુરૂપ મકાન અને રહેણીકરણી હું મારી જાતે જ ગોઠવી દઈશ.'

'તારી જેવી મરજી. પણ એવાં ઊંડાં પાણીમાં ન ઊતરવું હોય તો મારી વાત પણ ખોટી નથી. વિચાર કરી જોજે.' એષણાએ કહ્યું. વનમાળીએ કશો જવાબ ન આપ્યો.

અનુક્રમ→

# ૨. ઊંચા ઘોડાનો અસવાર

તે દિવસે એષણાના આગ્રહને વશ થઈ વનમાળી એને પોતાને ઘેર લઈ આવ્યો, પણ પછી એને મનમાં ઘણો પસ્તાવો થવા લાગ્યો. એષણા પોતાની કંગાલિયત જોઈ ગઈ એટલે નહીં પણ પોતાની બહારની આ ભભકની સાથે શોભી શકે એવું એ ઘરમાં કશુંય ન હતું એ એષણા જાણી ગઈ એ એને શરમાવા જેવું લાગ્યું હતું. તે જ વખતે એણે મનમાં નક્કી કરી લીધું હતું કે પોતાના ખર્ચામાં જેટલો કાપ મૂકવો પડશે એટલો કાપ પોતે મૂકશે પણ હવે પછી આવા ખોરડામાં તો નહીં જ પડી રહે.

એણે એક તરફ પોતાનું મકાન વેચી દેવાની કારવાઈ શરૂ કરી તો બીજી તરફ સોસાયટીમાં હપ્તેથી મકાન મેળવવાની દિશામાંય તપાસ કરવા માંડી. છેવટે દૂરની એક સોસાયટીમાં એને મકાન મળ્યું. પોતાના એક ઢાળિયા મકાનની જે કિંમત ઊપજી એટલા પૈસા આગોતરા ભરીને બાકીની લોન મેળવવા એ ભાગ્યશાળી બન્યો.

મકાન દૂર હતું એટલે એને ઘોડાગાડીનું ભાડું ખર્ચવું પડવાનું હતું, પણ એનો કશો વાંધો ન હતો. હવે તો એની પાસે ધાર્યા કરતાંય વધારે પગારની નોકરી હતી ને! વળી એક માઈલ દૂરથી તો સિટી બસની સગવડ હતી. થોડો સમય વધારે જાય એટલું જ. પણ આમેય તેને ક્યાં રોજ ઑફિસે જવાનું હતું? અઠવાડિયામાં એક કે બે વખત એને ઑફિસમાં જવાનું થવાનું હતું. બાકીના દિવસે તો એ બારોબાર બસ અથવા ટ્રેનમાં જ બહાર ગામડે જવાનો હતો.

આ નવું ઘર સગવડવાળું હતું, પણ કશા રાચરચીલા વગર એ સાવ ખાલીખાલી લાગતું હતું. પણ પગારમાંથી થોડીથોડી બચત કરી એ વસાવવાની એણે ગણતરી રાખી હતી. એષણાએ એને લોન આપવાની તૈયારી બતાવી હતી પણ વનમાળીએ વિનયપૂર્વક પણ મક્કમતાથી એને એ માટે ના પાડી દીધી હતી. એષણાએ પછી એને કોઈ દબાણ કર્યું ન હતું. વનમાળી સ્વમાનપૂર્વક જીવવા માગતો હતો. એની આ ખુમારી તો એષણાને પસંદ પડી ગઈ હતી.

નોકરીના ભાગરૂપે વનમાળી ક્યાં જવાનો હતો ને ક્યારે પાછો આવવાનો હતો એનું આખું સમયપત્રક એષણાના મનની ડાયરીમાં કાયમ નોંધાયેલું રહેતું. વનમાળી અમદાવાદમાં હોય ત્યારે ભાગ્યે જ કોઈ દિવસ એવો જતો કે એષણા એને મળી ન હોય. એક દિવસે વનમાળી એને કહેઃ 'તું ભણવામાં ધ્યાન આપ. મારી પાછળ તારો સમય ના બગાડીશ. હું હવે ગોઠવાતો જાઉં છું. પરીક્ષા પતતાં સુધી કાળજી રાખ.'

'કેમ હું અહીં આવું છું એ તને ગમતું નથી કે શું? કે પછી તારી બીજી કોઈ દોસ્ત મારે લીધે તને મળવા નથી આવી શકતી? ' એષણાએ એને અકળાવ્યો.

'મારે કોઈ એવી દોસ્ત છે જ નહીં. તારા પહેલાં કોઈ દોસ્ત હતી નહીં અને તારા પછી કોઈ દોસ્ત થઈ હોય તો તારાથી અજાણ્યું ન જ હોય ને! તેં કોઈને જોઈ મારી સામે તાકતાં?'

'તને નથી દેખાતી એ જ આશ્ચર્ય છે. તારી સામે તો કેટલીય તાકી રહે છે પણ તને કોઈની સામે તાકી રહેતો મેં જોયો નથી એટલું સારું છે.'

'મને તો એવી ટેવ જ નથી. તારી સામે જોઉં છું તોય મને એવી બીક લાગતી હોય છે કે તને મારા તાકવાની ખબર પડી જશે તો તું ગુસ્સે થઈ જઈશ.' શરમાતાં વનમાળીએ કહ્યું.

'એક વાત કહું કોઈ પુરુષ પોતાની તરફ તાકી રહે તો એ દરેક સ્ત્રીને ગમતું હોય છે. પણ સાથેનો પુરુષ બીજીની સામે તાકી રહે તો ગમતું હોતું નથી એ સાચી વાત. પણ મારો તો અનુભવ છે કે તું મારી સામેય તાકી રહેતો નથી. જો તાકી રહેતો હોય તો કહે કે મેં આજે કયા કલરની બ્રા પહેરી છે?' એષણાએ પૂછ્યું ને વનમાળી

શરમાઈ ગયો.

'એવી રીતે તો કેમ જોવાય?'

'કેમ ના જોવાય? સ્ત્રી શણગાર કરે છે તે પુરુષ એની સામે તાકીને જુએ એટલા માટે તો કરે છે. ને બે મિત્રો વચ્ચે તો એવી શરમ રાખવાની જરૂર હું જોતી નથી. હવે ધારીને જોઈને મને કહે કે મેં આજે કયા રંગની બ્રા પહેરી છે?' એષણાએ પૂછ્યું ને વનમાળીની સામે ફરીને પોઝ આપીને ઊભી રહી.

'મને લાગે છે કે હવે મારે તને મળવાનું ઓછું કરી નાખવું પડશે. તારી લાગણીઓ હવે મૈત્રીથી આગળ વધતી જાય છે. તું ખોટું ન લગાડતી પણ મારે એવું કરવું જ પડશે.'

'તને મારી બીક લાગે છે કે શું? ખાતરી રાખજે કે હું તને મારા પ્રેમમાં પડવાનું નથી કહેતી કે મારી સાથે વ્યભિચાર કરવાનુંય નથી કહેતી. પણ બે મિત્રો વચ્ચે જે સામાન્ય વ્યવહાર હોવો જોઈએ એય તું કેમ સ્વીકારી શકતો નથી એનું જ મને આશ્ચર્ય થાય છે!'

વનમાળી એને સ્પષ્ટતાથી સમજાવી શકતો ન હતો પણ મનથી એને ખાતરી થતી જતી હતી કે એષણા એના તરફ ઢળતી જતી હતી. એ તો પૈસાદારની દીકરી હતી એટલે એની વાત તો ઢંકાઈ જાય પણ આમાં તો પોતાની નોકરીનો સવાલ ઊભો થઈ જાય એમ હતો. ને નોકરી મેળવવી આ જમાનામાં કેટલી અઘરી છે એનો અનુભવ તો એને થઈ જ ગયેલો હતો. અને પ્રેમ અને વ્યભિચાર વચ્ચેની ભેદરેખા એના મનમાં એણે ક્યારનીય આંકી રાખી હતી.

આમેય એને કામને કારણે બહાર જવાનું ઘણું રહેતું હતું અને જેમજેમ એ કામનો ભોમિયો થતો જતો હતો એમએમ એને કામમાં સફળતાય વધારે પ્રમાણમાં મળવા માંડી હતી અને એણે એમાં વધુ ને વધુ સમય ગળવા માંડ્યો હતો.

એષણાને પોતાના મોહમાંથી પાછી વાળવા માટે એ ઘણી વખત પોતાનો પાછા આવવાનો ખોટો સમય જણાવતો હતો અને એષણાને ફેરો પડતો હતો. વનમાળીને આ માટે એનો ઠપકો સાંભળવો પડતો હતો. એક દિવસ એણે કહ્યુંઃ 'બહારનાં કામ આપણા સમયપત્રક પ્રમાણે ઓછાં થાય છે! એમાં સામી પાર્ટીની સગવડ-અગવડનોય ખ્યાલ રાખવો પડે છે. એટલે વહેલું મોડું તો થયા જ કરવાનું.'

'તારી વાતમાં મને હવે વિશ્વાસ પડતો નથી. તું જાણી જોઈને મને ટાળવા માગતો હોય એમ લાગે છે. વાંધો નહીં તારી એવી જ ઈચ્છા હોય તો હું હવે તને મળવા નહીં આવું, બસ!' ગુસ્સે થઈ જતાં એષણાએ કહ્યું. વનમાળીને લાગ્યું કે એણે એષણાને નારાજ કરી એ બરાબર ન હતું.

'મારો એવો કોઈ આશય નથી છતાંય હું હવે તને જે વાયદો કરીશ એ વાયદે પાછા આવી જવાય એની કાળજી રાખીશ. કામ બાકી રહેશે તો હું બીજે દિવસે એ માટે ફરીથી જઈશ, હવે તો રાજી ને? ચાલ હસ તો.'

'પછી તું કહીશ હસી એટલે ફસી.' એષણાએ એના શબ્દને પકડીને પોતાના મનની વાત કરી લીધી.

'મને એવું વિચારવાનું કે કહેવાનું આવડતું નથી. તારે મારી બાબતમાં એક વાતની ખાતરી રાખવી કે હું ક્યારેય તારી સાથે અઘટિત મશ્કરી નહીં કરું. ને તારેય એવો વિચાર નહીં કરવાનો.' વધારે ગભરાતાં વનમાળી બોલ્યો.

'મને એમ બાંધી લેવાની વાત ન કરતો. મારું મન તો હમણાંનું જાતજાતનું વિચારવા માંડયું છે. મને તો બેચાર દિવસ અહીં તારી સાથે રહેવા આવવાનુંય મન થઈ જાય છે.' એષણાએ મનની વાતને શબ્દો ને મર્યાદાના આવરણમાં ઢાંકીને કહી દીધી. ને વનમાળી ગભરાઈ ગયો. એષણાની આવી વાતથી એના મનમાં સંદેહ ન રહ્યો કે એવીએ શું વિચારતી હતી. એણે સાવચેત રહેવા પ્રયત્ન કર્યો, પણ આજે એની સાવચેતી કામ આવે તેમ ન હતી. એષણા આજે આ પાર કે પેલે પાર કરી નાખવાનો નિર્ણય કરીને જ બેઠી હતી.

એ વનમાળીની પાસે આવી અને એના ગળામાં હાથ નાખી એને દબાઈને બેસી ગઈ. 'જો તારે આવું કરવું હોય તો હું મારું કામ બગાડીને આવવાનું નહીં રાખું.' વનમાળીએ તેનાથી દૂર ખસવા પ્રયત્ન કરતાં કહ્યું.

'આપણે લગભગ છ મહિનાથી મળીએ છીએ અને તું આવું કરતો નથી એટલે તો મારે કરવું પડે છે. તું તે માણસ છે કે ફાનસ! તને ક્યારે આવી માનવસહજ વાતોમાં સમજણ પડશે?'

'અત્યારે મારું બધું ધ્યાન મારી નોકરી કરવામાં અને થોડા પૈસા બચાવવામાં રોકાયેલું છે. બે વર્ષ પછી તું મને મળીશ તો કદાચ તું મને તારી અપેક્ષા મુજબનો જોઈ શકીશ.' વનમાળીએ એની વાતને મજાકમાં ખપાવવા પ્રયત્ન કર્યો. પણ આજે એષણા એની મજાકને મજાક સમજવા તૈયાર ન હતી.

'ત્યારે તો ઘણું મોડું થઈ ગયું હશે. એના કરતાં તારી નોકરીને જ ત્યાં સુધી મુલતવી રાખે તો? એ કાંઈ ઘરડી થઈ જવાની નથી.' એષણાએ પાછી અવળચંડી શબ્દરમત આદરી.

'ઘરડાં તો આપણેય ક્યાં થઈ જવાનાં હતાં? પણ વાત સરખેસરખામાં હોય તો શોભે. મને તો તારી આ ઘેલછા મારી નોકરી ખોવડાવે એવી લાગે છે. જો, મારા પર તેં આટલા ઉપકાર કર્યા છે તેમ એક વધારે ઉપકાર કર ને મારા પર દયા ખાઈનેય તું મને એકલો છોડી દે.'

'આમાં તારી નોકરીની વાત વચમાં ક્યાંથી આવી ગઈ? કે પછી તારા મનમાં કોઈ બીજી વસી ગઈ છે કે તું મને ધક્કે ચઢાવવા માગે છે? જે હોય એ મને સ્પષ્ટ કહી દે મને ખોટું નહીં લાગે.'

'જો તને એમ લાગતું હોય તો એમ માન, પણ મને એકલો છોડી દે તો તારો આભાર. મારા મનમાં તારા કરતાં વધુ સુંદર અને મોહમયી છોકરી છે.'

'હોય તો બતાવ મને. જોયા વગર હું કેમ માનું? તારી આવી વાતો સાંભળીને તો કોઈ બાપડી આશા લઈને આવી હોય તોય પાછી ભાગી જાય એવું છે. કોઈક મારા જેવી મૂરખી હોય એ જ તને આમ વળગી રહે. મેં તારી પાછળ જેટલો વખત બરબાદ કર્યો એટલો વખત ભગવાનની પૂજામાં ગાળ્યો હોત તો ભગવાનેય પ્રસન્ન થઈ ગયા હોત.' કહેતાં એણે વનમાળીને એ કાંઈ સમજે એ પહેલાં પરાણેય ગાલ પર એક ચૂંબન દઈ દીધું અને ઊભી થઈ ગઈ. આંખમાં આવતાં આંસુને રોકવા એણે લાખ પ્રયત્ન કર્યા તોય એનાથી રડી પડાયું.

એને આમ રડતી જોઈ વનમાળી છપાઈ ગયો. એણે એની નજીક જઈ એને બરડે હાથ ફેરવતાં કહ્યું: 'જો આમ રડવાનું નહીં. તને દુખી કરવાનો મારો આશય ન હતો.' ને એના પ્રતિભાવમાં હોય એમ એષણા એની સામે ફરી અને તેને વળગી પડી. હવે તેને અળગી કરવી એ એને વધુ દુખી કરવા જેવું હતું એટલે વનમાળીએ એને દૂર કરવાનો કશો પ્રયત્ન ન કર્યો.

એષણા ક્યાંય સુધી એને એમ જ વળગેલી ઊભી રહી. બેમાંથી કોઈ કાંઈ બેલતું ન હતું. આખરે મૌન પણ થાક્યું ને એષણાના રૂદની પૂર્ણાહૂતિરૂપ ડુંસકું સળવળ્યું. 'પાછું શું થયું? હું દિલગીર છું. હવે તને દુઃખ થાય એવું કશું નહીં કરું બસ?' આખરે વનમાળીને બોલવું પડ્યું.

'એવો ખરાબ છે તું. મારો તો જીવ જ નીકળી ગયો હતો.' પછી એ બે જણ વચ્ચે જે વાતો થઈ એમાં બેયની લાગણીઓ ઊભરાઈ રહી. તે દિવસે તો વાત ડહોળાઈ ગઈ હતી એટલે એષણા સ્વસ્થ થયા પછી ઘેર જવા નીકળી ગઈ. જો કે જતાં પહેલાં એણે વનમાળીનું આખા અઠવાડિયાનું સમયપત્રક પૂછી લીધું.

⬘

થોડા દિવસ પછી વનમાળીના બે દોસ્ત એને મળવા આવ્યા હતા. વનમાળીનું મકાન જોઈ એકે કહ્યું: 'તારી નોકરીને અનુરૂપ તારું મકાન પણ તેં લીધું છે ને! કોઈ કહે નહીં કે આ મકાન કોઈ એકલમુડિયાનું છે.'

'જો કે તને જે લોકો ઓળખતા હોય એમને તારી ટાપટીપ પરથી જ ખાતરી થઈ જાય કે તારું ઘર પણ આવું જ સ્વચ્છ અને સુઘડ જ હોય. ને નોકરીય પાછી વટવાળી. વનમાળી, હવે તો ઘર સાચવવાવાળી લાવી જ દે.'

'તારે તો આવી ઊંચા પગારવાળી નોકરીય છે ને આવું નવું નક્કોર મકાનેય છે. કોઈ છોકરીના બાપને આથી વધુ બીજું જોઈએય શું?' બીજા દોસ્તેય પહેલાની વાતમાં હાજિયો પુરાવ્યો.

'અમારી વાણિયાની નાતમાં એમ લગન ના ગોઠવાય. વાણિયાભાઈ ડાહીમાના દીકરા કહેવાતા હશે તે

અમથા નહીં કહેવાતા હોય! તેં ગણાવ્યું એ બધું તો આંધળાને પણ દેખાય એવું છે પણ તોય એમાં કશુંક ખૂટે છે. આ બધા ઉપરાંત ગાંઠમાં ગરથ પણ હોવું જોઈએ. નોકરી તો આજે છે ને કાલે અત્યારે ન પણ રહે પણ ગાંઠમાં ગરથ હોય તો નાનકડી હાટડી માંડીને બેસી જાય તોય એનું ઘર ચાલે, એમ એ માનતા હોય છે.'

'એમ તો અમારી પાટીદારની નાતમાંય ગામમાં ઘર અને સીમમાં ખેતર હોય એવા મૂરતિયાની પાછળ છોકરીના બાપ આંટા મારતા હોય છે, પણ તારા જેવી નોકરીવાળો મૂરતિયો મળતો હોય તો એ સીમમાં ખેતર શોધવા જવાને બદલે સીધું જ નારિયેળ પકડાવી દે. જન્માક્ષર જોવડાવવાનીય એમને જરૂર ના પડે.'

આવાં ટોળટપ્પાં ચાલતાં હતાં ને વનમાળી કપડાંને ઈસ્ત્રી કરતાં એમાં વચમાં હાજિયો પુરાવ્યા કરતો હતો. ત્યાં એક જણાએ કહ્યું: 'દોસ્ત વનમાળી અમનેય તારી સાથે ક્યાંક નોકરીમાં લેવડાવી દે ને. પગાર તારાથી અડધો હશે તોય ચાલશે.'

'પણ તમારી બેયની પાસે તો નોકરી છે.'

'અરે, એ તો કહેવાની નોકરી છે. આના કરતાં તો ગામમાં જઈ ખેતીમાં વૈતરું કરવું આગળ પડે. પણ કૉલેજમાં ચાર ચોપડી ભણીને ગામમાં જઈ વૈતરું કરીએ તો લોકો મશ્કરી કરે ને માબાપનેય શરમાવાનું થાય એટલે આ નોકરી કર્યા કરીએ છીએ.'

'પણ પગાર તો આપે છે ને?'

'આપે છે ને. પગાર પોણોસો રૂપિયા આપે છે ને બોનસમાં ગાળો. એ નોકરી નથી પણ ઉઘાડી ગુલામી છે. પણ જ્યાં સુધી બીજી નોકરીનો જોગ ન પડે ત્યાં સુધી ચલાવ્યા કરીએ છીએ.'

'મારી નોકરી બહુ સારી છે પણ મને એ કેમની મળી છે એ તો મને જ ખબર છે. આ જમાનામાં નોકરી લાયકાતથી મળતી નથી. લાગવગ એ સૌથી મોટું સર્ટિફિકેટ છે.'

'એટલે તો તને કહીએ છીએ, તું અમારે માટે લાગવગ લગાડ ને. તને આટલા ઊંચા પગારની નોકરી આપી છે તે તારુંય કશું તો ઊપજતું હશે ને ઑફિસમાં!'

'વચન તો નથી આપતો પણ વખત આવશે ત્યારે દાણો ચાંપી જોઈશ. પણ જ્યાં સુધી બીજી નોકરીની વ્યવસ્થા ન થાય ત્યાં સુધી જે છે એ નોકરીય છોડી દેશો નહીં.'

આમ વાતો ચાલતી હતી ત્યાં બહાર કાર આવ્યાનો અવાજ આવ્યો. વનમાળી ચમક્યો, પણ પેલા બેને કશી અસર ન થઈ. આવી મોઘી સોસાયટીઓમાં કારવાળો કોઈ રહેતો હોય એમાં નવાઈ જેવું એમને લાગ્યું નહીં હોય. પણ બીજી જ પળે જ્યારે એષણા બારણામાં આવીને ઊભી રહી ગઈ ત્યારે બેય જણા આશ્ચર્યથી તેને તાકી રહ્યા. એ એવી તો તૈયાર થઈને આવી હતી કે પેલા બેને તો જાણે સિનેમાના સેટ પરથી કોઈ અભિનેત્રી સીધી જ ચાલી આવી હોય એમ લાગ્યું.

એષણાય તેમને બેઠેલા જોઈ થોડી ખચકાઈ પણ એ એમના કરતાં વહેલી સ્વસ્થ થઈ. એ બેય જણા એમની જ કૉલેજમાં એનાથી એક વર્ષ આગળ વનમાળીની સાથે જ ભણેલા હતા એટલે એ જેમ વનમાળીને ઓળખતી હતી એમ એમનેય દીઠે તો ઓળખતી જ હતી.

'હું વિનુને લેવા આવી હતી. પણ અહીં તો મિત્રમંડળી જામી પડી છે ને! શાની પેરવી કરો છો બધા મળીને?' તેણે કહ્યું. જવાબ વાળતાં પેલા બેય ગૂંચવાઈ રહ્યા.

'જેમ તું મળવા આવી એમ એય મળવા આવ્યા હતા. ખાલી ગપ્પાં મારતા હતા.' એમના વતી વનમાળીએ જવાબ આપ્યો.

'હું તને મળવા આવી નથી. તને લેવા આવી છું. આજે સાંજે આપણે પીંકીની બર્થ ડે પાર્ટીમાં જવાનું છે તે અત્યારથી જ આવી ગઈ છું. પાછું તારે તો વરણાગી કરતાં બે કલાક થવાના ને!' એણે કહ્યું. પેલા બે મિત્રો આમની આવી અંગત લાગે એવી વાતો સાંભળતાં એમના સંબંધ વિશે તર્ક કરતા થઈ ગયા.

'હું આ બે કપડાંને ઈસ્ત્રી કરી લઉં પછી તૈયાર થવા માંડું. આમેય તું આવી જ ગઈ છો તો ત્યાં સુધીમાં આપણે બધાંને માટે ચા મૂકી લાવ.' વનમાળીએ કહ્યું. પેલા બે, એક મીલમાલિકની છોકરીને ચા મૂકવાનું કહેતા, વનમાળી સામે તાકી જ રહ્યા.

'જો કે મને ચા મૂકતાં આવડે છે એવું હું માનતી નથી છતાં તું કહે છે તો હું મૂકી લાવીશ, પણ કોઈએ ભૂલ કાઢવાની નહીં.' કહેતાં એ રસોડામાં પેઠી. જે સરળતાથી એણે ચા મૂકવાનું સ્વીકાર્યું અને જે સરળતાથી એ રસોડામાં ગઈ એ જોતાં બેયની વચ્ચે ખૂબ નિકટનો સંબંધ હતો એ વાતમાં પેલા બેય મિત્રોના મનમાં કશી શંકા ન રહી. એમને લાગ્યું કે એમનો મિત્ર વનમાળી વરણાગિયો મોટા ઘરનો જમાઈ થવાને પગથિયે પહોંચી ગયો છે.

'તમારી વચ્ચે આવી ફ્રેન્ડશીપ હશે એની તો અમને કલ્પનાય ન હતી.' એક દોસ્તે બહુ જ ધીમા અવાજમાં વનમાળીને કહ્યું.

'હવે તો દોસ્ત એમને કહીને અમારી નોકરીનું ઠેકાણું પાડી જ આપ.' બીજાએ કહ્યું.

'હું કહું એના કરતાં તમે જ એને કહો ને એ આવે એટલે.' વનમાળીએ એમને સીધો રસ્તો બતાવ્યો.

'એમને કહેતાં અમારી જીભ નહીં ઊપડે પણ અમારા વતી તું જ કહી દેજે ને!' બીજાએ કહ્યું. ને એની વાત હતીય સાચી. એષણાની સાથે વાત કરવા ગયેલા કેટલાય એની કરડાકીનો ભોગ બનીને પાછા આવી ગયાની વાતોની એમને જાણ હતી. એષણાએ પોતાની આસપાસ એવું અભેદ્ય કવચ ઊભું કરી દીધું હતું કે એની સાથે વાત કરવા જવાનીય કોઈ હિંમત કરતું ન હતું. થોડી વારમાં એ ચાના પ્યાલાની ટ્રે લઈને આવી ને બધાને ચા આપી પોતાનો પ્યાલો હાથમાં લઈને એમની સામે ખુરસીમાં ગોઠવાઈ. 'શી વાત ચાલતી હતી બધાને?'

'અમારી તકલીફોની જ. અમે વિનુને કહેતા હતા કે આમારી નોકરીય તમારી મીલમાં ગોઠવી આપે. પગાર જે હશે તે ચાલશે પણ આગળ વધવાની તક તો એમાં ખરી ને! હવે તમે આવ્યાં છો તો તમને કહીએ છીએ. અમારું આટલું કામ કરી આપો.'

'તમે વિનુને તમારી અરજી આપી રાખો. જ્યારે તમારે લાયક જગ્યા ખાલી પડશે ત્યારે એ તમારી અરજી એમાં મૂકશે ને મને જણાવશે એટલે હું ફોન કરી દઈશ.' એષણાએ કહ્યું ને પેલા લોકોને તો જાણે નોકરી મળી જ ગઈ હોય એવો આનંદ થઈ ગયો.

'તમારે જવાનું છે એટલે અમેય ઊઠીએ.' પેલા બેએ ઊઠવા કર્યું.

'તમે તો તમારા દોસ્તને જાણો છો ને! એને તૈયાર થતાં હજુ કલાક તો થશે જ. તમને ઉતાવળ ન હોય તો બેસો. અમે તમને ઉતારતાં જઈશું. ક્યાં જવું છે તમારે?'

'અમારે લાલ દરવાજા પાસે જવું છે પણ તમને અમારે કારણે વધારે મોડું થશે. એના કરતાં અમે ઘોડાગાડી લઈ લઈશું.'

'અમારે કશું મોડું થવાનું નથી. તમે બેસો, અમે તમને ઉતારતાં જઈશું.' એષણાએ કહ્યું ને પેલા બેયે એ સ્વીકારીય લીધું. એમને ભાડાના પૈસા બચતા હતા ને આ બે પ્રેમીઓની સાથે કારમાં બેસવાનો લ્હાવો પણ મળતો હતો.

'તું ના આવી હોત તો એ લોકો સાંજે અંધારું થયા પહેલાં ઊઠવાના ન જ હતા. ને મનેય બર્થ ડે પાર્ટીની વાત યાદ ન હતી. કદાચ હું એમની સાથે બહાર ખાવાય ઊપડી ગયો હોત.' વનમાળીએ કહ્યું.

'જો એમ થયું હોત તો મારે પીંકીનું મહેણું સાંભળવું પડ્યું હોત. એ કેટલાય દિવસથી મને કહ્યા કરતી હતી કે વનમાળીને લઈને આવજે નહીં તો પાર્ટીમાં પેસવા નહીં દઉં.'

'એને કહેવું હતું ને કે મારો અડધો સમય નોકરીમાં જાય છે ને બાકીનો સમય વરણાગીમાં જાય છે. એટલે રજાને દિવસે પાર્ટી રાખે તો જ મને અનુકૂળ આવે તેમ છે.'

'હવે તું વી.આઈ.પી. થવા માંડ્યો છું એટલે એ બધી તારી શરતો સ્વીકારશેય ખરી. પણ હવે તું તારા

વરણાગીવેડા ઓછા કર નહીં તો એ બધી તારે માટે લઢી મરશે.' હસતાં એષ્ણાએ કહ્યું.

'એ જ તો મારી પૂંજી છે. મારી પાસે તારી જેમ પૈસા, મોટર ગાડી, બંગલા ને હીરામોતી તો છે નહીં. જો હું વરણાગી ન કરું તો મારા ઓળખીતાય મને ન બોલાવે. તો પછી આવી અજાણી છોકરીઓ તો મારી સાથે વાત કરવાય તૈયાર કયાંથી થાય? એટલે તને ગમે કે ન ગમે પણ મારે મારો ઠાઠ તો જાળવી જ રાખવો પડે એમ છે.' વનમાળીએ કહ્યું ને એષ્ણા એની ટકોર સમજી ગઈ.

'મને શા માટે ન ગમે? તારો ઠાઠ મને કયાં ભારે પડે છે?' તેણે કહ્યું.

'કારણ કે મારા આવા ઠાઠને કારણે મારી ડીમાન્ડ વધતી રહે છે ને તારે મને સાથે લઈ જવો પડે છે.'

'મને એનો ક્યાં વાંધો છે? પણ તું જો યાદ રાખીને સમયસર તૈયાર થઈ રહેતો હોય તો તને લેવા આવવાનું મને વધુ ગમે. પણ તું કશું યાદ રાખે છે જ ક્યાં?'

આમ ટોળટપ્પાં ચાલતાં રહ્યાં ને વનમાળી તૈયાર થતો રહ્યો. પેલા બે દોસ્તો આ બે જણની વાતો સાંભળતા અને તેમના બે વચ્ચેના ગાઢ સંબંધની કલ્પના કર્યા કરતા હતા.

છેવટે બધાં એષ્ણાની ગાડીમાં શહેરમાં જવા નીકળ્યાં ત્યારે પેલા બે દોસ્તોને ખાતરી થઈ ગઈ હતી કે વનમાળી અને એષ્ણાનું વાજું હવે તો શરણાઈ વગડાવવા જેટલું જ છેટું હતું.

અનુક્રમ→

## ૩. વાત ફૂટી

જે વાત હજુ સુધી વનમાળી અને એષ્ણાની વચ્ચે જ હતી એ પેલા બે દોસ્તોએ જગ જાહેર કરી દીધી. એમને એમ કે પોતાના દોસ્તની આ પ્રણયગાથાની પ્રશંસા કરીએ પણ વાત ઊલટી થઈ ગઈ. વાત ફરતી ફરતી શેઠ દામોદરદાસને કાને પહોંચી. ગઈકાલ સુધી વનમાળીના કામથી જે પ્રસન્ન હતા એ શેઠની વનમાળી પર લાલ આંખ થઈ. પણ એમની વ્યાપારિક કુનેહ તેમની મદદે આવી.

તેમણે વનમાળીને દશ ટકાના પગાર વધારા સાથે સુરત જિલ્લામાં મોકલી આપ્યો. વનમાળી પહેલાં તો આ નિમણૂકથી પોરસાયો. પણ અજાણી જગ્યાએ રહેવાનું ભાડું ભરવાનું ને બહાર મોઘી હોટેલોમાં ખાવાનું અને સોસાયટીના પોતાના મકાનના હપ્તા તો ચાલુ જ હતા. એણે જે થોડી બચત કરી હતી એય એના ખિસ્સામાંથી સરકી જવા લાગી.

એણે શેઠ પાસે ધા નાખી. ઑફિસેથી જવાબ આવ્યો કે કામ બરાબર પતી જશે તો બેત્રણ મહિનામાં એને પાછો બોલાવી લેવામાં આવશે. ને વનમાળીને સંતોષ થયો. બેત્રણ મહિનાને બદલે છ મહિના થવા આવ્યા. વનમાળીની બધી બચત તણાઈ ગઈ હતી. આ બાજુ એષ્ણાય કંટાળી ગઈ હતી. દર બેત્રણ દિવસે એ કિરણને વનમાળીના પાછા આવવા અંગે પૂછ્યા કરતી હતી. કિરણને એટલી જ ખબર હતી જેટલી એને શેઠે જણાવી હતી. પણ અચાનક એક દિવસે એને સાચી વાતની ખબર પડી ગઈ.

વાત એમ બની કે એક દિવસ એષ્ણા કિરણને ફોન પર વનમાળી અંગે પૂછતી હતી ને શેઠ સાંભળી ગયા. એમણે કિરણને પૂછ્યું ને તાકીદ કરી કે વનમાળીને સુરતથી બદલીને કામચલાઉ રાજકોટ મોકલી આપે. કિરણને કાંઈ સમજણ પડી નહીં પણ એટલી વાત તો એને સમજાઈ જ ગઈ કે શેઠે વનમાળીને હેરાન કરવા માટે જ એને સુરત અને હવે રાજકોટ મોકલી આપવાની પેરવી કરી હતી.

કિરણે આ વાત એષ્ણાને કરી ને એષ્ણાએ શેઠ સાથે સીધી જ વાત કરવાનું વિચાર્યું. સાંજે જમતી વખતે એણે પિતાને આ અંગે પૂછ્યુંઃ ‘વનમાળીને છ મહિના સુરત મોકલ્યો હતો ને હવે રાજકોટ મોકલવાની વાત છે તે બરાબર છે?’

‘મને ખબર છે કે એને તારી ભલામણથી જ નોકરી આપવામાં આવી છે. એ સારું કામ કરે છે. એને દશ ટકાના પગાર વધારા સાથે સુરત મોકલ્યો હતો. હવે બીજા દશ ટકાના પગાર વધારા સાથે એને રાજકોટ મોકલવામાં આવી રહ્યો છે. બેચાર વરસ આમ જિલ્લા બદલ્યા કરશે તો એને અનુભવ પણ થશે ને પગાર પણ એનો બમણો થઈ ગયો હશે.’

‘કેટલાં કહ્યાં, બેચાર વરસ? ડૅડી તમે એને હેરાન કરવા તો આ નથી કરતા ને? એ માણસે અહીં મકાન લીધું છે એ ખાલી પડી રહ્યું છે ને એના હપ્તા ભરે છે ને ત્યાં સુરતમાં તમારા પગાર ઉપરાંત વધારાના ખર્ચીને એને રહેવું પડે છે.’

‘એણે અહીં મકાન લઈ લીધું એ એની ભૂલ છે. આપણે એને પહેલેથી જ જણાવ્યું હતું કે એની નોકરી બહાર ફરવાની હતી. જો એણે મકાન ના લીધું હોત તો એની પાસે અત્યારે સારી બચતેય હોત. આ જુવાનિયા છોકરાઓનું આ જ દુઃખ છે. હાથમાં પૈસા આવતાંની સાથે ખોટી જગ્યાએ ખર્ચી નાખે પછી ગૂંચવાઈ જાય ત્યારે બીજાને દોષ દે.’

‘એ જે હોય તે પણ એને બદલીને પાછો અમદાવાદ બોલાવી લો.’

‘જો તારા કહ્યાથી એને નોકરી આપી ત્યાં સુધી તો બરાબર પણ હવે ધંધાની વાતમાંય એની અનુકૂળતા જોયા કરવી એ બરાબર નથી. આપણા ધંધાની જરૂરિયાતનોય વિચાર કરવો જોઈએ ને! તારે એમાં માથું જ ન

મારવું જોઈએ.'

'ડૅડી તમને એને માટે અભાવો આવી ગયો હોય એમ લાગે છે.' એષણા છેવટે થાકીને બોલી પડી.

'તારે એમ માનવું હોય તો એમ માન. પણ તને એમ કયાંથી લાગ્યું એ જ મને સમજાતું નથી. એના જેવા જુવાનિયા માટે તો આ સોનેરી તક કહેવાય. આ જમાનામાં માણસ રીટાયર થાય તોય એનો પગાર બમણો થતો નથી ત્યાં આને ત્રણચાર વરસમાં પગાર બમણો કરવાની આપણે તક આપીએ છીએ એ નાનીસૂની વાત નથી. જો એણે તને ફરિયાદ કરી હોય તો એને મારી આ વાત સમજાવજે.'

'મને લાગે છે કે મારે એને સમજાવવાની જરૂર નથી. મારે તમને જ સમજાવવાની જરૂર છે. એને આ ઘરનીય જરૂર નથી કે તમારી આ નોકરીનીય જરૂર નથી. હું એની સાથે લગ્ન કરું પછી આવું ઘર અને આવી નોકરી એને ચાલેય નહીં. તમે એને પાછો નહીં બોલાવી લો તો એ નોકરીમાંથી રાજીનામું આપીને પાછો આવી જશે. તમને કડકો કે દેવાદાર જમાઈ જોઈતો હોય તો તમે એને હેરાન કરીને ખાલી કરી નખજો.'

'આ વાત હું નવી સાંભળું છું. આપણે આજ પહેલાં આ અંગે કયારેય વાત થઈ હોય એવું મને યાદ નથી.'

'તો સાંભળી લેજો કે હવે પછીય આપણે આ અંગે વાત થવાની નથી. હું એની સાથે પરણવા માગું છું. તમે હા પાડો કે ના પાડો એનાથી એમાં કશો ફેર પડવાનો નથી કે તમે એને રાજકોટ મોકલો કે નોકરીમાંથી પાણીચું પકડાવી દો એનાથીય એમાં કશો ફેર પડવાનો નથી.'

'પછી કેમ જીવશો એનો વિચાર કર્યો છે કદી. એની પાસે આ નોકરી સિવાય કશું આવકનું સાધન નથી એની તને ખબર તો છે ને!'

'નોકરીની બીક ન બતાવશો. જેમની પાસે ન્યૂ ઈંગ્લેન્ડ મીલની નોકરી ન હોય એ બધા નથી જીવતા એવું માનશો નહીં. હુંય તમારી જ દીકરી છું ને મનેય મારું સ્વમાન છે. હું જે દિવસે એની સથે લગ્ન કરીશ એ તારીખે આ મકાન છોડી એની સાથે રહેવા ચાલી જઈશ અને એય આ નોકરી છોડી દેશે.'

'પછી તમે બેય પૈસાને અભાવે દુખીદુખી થઈ જશો ને_'

'તમારા એવા જ આશીર્વાદ હોય તો એમ ભલે થાય પણ લગ્નની વાતમાં હું મકકમ છું. દરેક મુશ્કેલીનો ઉપાય હોય છે. અમે અમારી રીતે અમારી મુશ્કેલીઓમાંથી માર્ગ કાઢીશું પણ હું આ ઘરમાંથી પગ બહાર કાઢીશ પછી તમારી મદદ માગવા કયારેય આ ઘરનાં પગથિયાં નહીં ચઢું એ વાત લખી રાખજો.'

બેય બાપદીકરીની દલીલો ઘણી ચાલી. એષણાને ખાતરી થઈ ગઈ કે એના ડૅડી વનમાળીને પોતાનાથી છૂટો પાડવા માટે જ આ રમત રમ્યા હતા. એટલે એ વધારે આક્રમક અને વધારે મકકમ થઈ ગઈ હતી.

દામોદર શેઠ એની આ જીદને જુવાનીની અણસમજનો ઊભરો સમજતા હતા એટલે પોતાની વાતમાં અડગ હતા. બાકી એષણા એમની એકની એક દીકરી હતી. આ જે કાંઈ ધન, દોલત કે મિલકત હતાં એની એ એકમાત્ર વારસ હતી. જો એ ઘર છોડી જાય તો એ મિલકત ને એ ધંધાને કરવાનાય શું એ શેઠ મનમાં સમજતા હતા. પણ વનમાળી જેવા તદ્દન સામાન્ય વરણાગિયા જુવાનને પોતાનો જમાઈ બનાવવા જેટલા એ પુત્રીવત્સલ ન હતા.

એષણાનાં મા વચમાં કાંઈ બોલતાં ન હતાં. એમને આ વનમાળી વિશે કશી ખબર ન હતી. એમને પોતાની દીકરી માટે ને એની પરખ માટે માન હતું. એમને જો પૂછવામાં આવ્યું હોત તો એમણે પોતાનો મત એષણાની તરફેણમાં જ આપ્યો હોત એ નિર્વિવાદ સત્ય હતું. પણ પતિની વાતમાં કોઈ ચૉકકસ હેતુ છુપાયેલો હશે એમ માની એમને વચમાં પુરાવું યોગ્ય લાગ્યું ન હતું.

શેઠ દામોદરદાસના મનમાં શું હતું એની તો ખબર ન પડી પણ એમણે વનમાળીને પાછો બોલાવી લીધો એટલું જ નહીં પણ એનો પેલો દશ ટકાનો વધારો પણ ચાલુ જ રાખ્યો. એષણાએ વનમાળીને બધી વાત કરી હતી તોય જયારે શેઠે પોતાનો વધારો ચાલુ રાખ્યો ત્યારે વનમાળીની સાથે એષણાને પણ આશ્ચર્ય થયું. લાંબો વિચાર કરતાં એને લાગ્યું કે દામોદર શેઠ, પિતા શેઠ સામે ઝૂકી ગયા હતા ને પિતા પુત્રીની સામે ઝૂકી ગયા હતા. એષણાને

આમાં પોતાનો પહેલો વિજય જણાયો. એને લાગ્યું કે હવે પછીને કોઈ પણ દિવસે એના ડૅડી લગ્ન માટે મંજૂરી આપી દેશે.

પેલો દશ ટકાનો પગાર વધારો વનમાળીની સુરતની ખાધ પૂરવા માટે ઘણો ઉપયોગી થઈ પડશે એમ એને લાગતું હતું પણ જ્યારે એના બોનસનો હિસાબ આવ્યો ત્યારે એમાં ફક્ત નવસો રૂપિયાનો જ આંકડો જોઈ એ ઢીલો પડી ગયો. જે રીતે શેઠે અને મેનેજરે એના કામને વખાણ્યું હતું એ જોતાં વનમાળીને લાગતું હતું કે એનું બોનસ એના કુલ પગાર કરતાં વધારે હશે. એણે આ માટે કિરણને પછ્યું તો એ કહેઃ 'મને કશી ખબર નથી. બોનસનો આંકડો શેઠ સાહેબે પોતે નકકી કર્યો છે. એટલે તમે એમને જ પૂછો એ બરાબર ગણાય.'

વનમાળી મનમાં જ સમસમીને રહી ગયો. એણે શેઠને મળવાનો વિચાર કર્યો પણ એક વખત એષણાને મળીને એને બધી વાત કરીને પછી જ એમને મળવાનું એણે વિચાર્યું.

બધી વાત જાણી એષણા કહેઃ 'મને આમાં એમની દાનત સારી લાગતી નથી. મને એમ હતું કે એ મારી અડગતા સામે નમી ગયા છે, પણ હવે એવું લાગતું નથી. એમના મનમાંથી હજુ ડંખ ગયો નથી. એ તને પાછો પાડવા માગે છે અને હું તારા પ્રેમમાંથી પાછી વળી જાઉં એમ એ ઈચ્છતા હોય એમ લાગે છે. જો આપણે એક જ વર્ષ મકકમતાથી કાઢી નાખીએ તો એ ઢીલા પડી જશે. મારી પાસે એમની સામે ટકકર લેવાની તરકીબ છે, જો તને વાંધો ન હોય તો.'

'મને શો વાંધો હોવાનો?'

'મારી પાસે મારી થોડી અંગત મૂડી છે. જો તારે એનાથી કોઈ ધંધો કરવામાં નાનમ ન હોય તો એમને વિનવવા ગયા સિવાય જ એ માની જશે. એક વખત એમને ખાતરી થવી જોઈએ કે તું એમની મદદ વગર પણ નભી શકે છે. તારી પાસે બહાર ગામના સંબંધો છે ને ધંધાનો અનુભવ પણ છે. મારી પાસે મારા અંગત પચીસ હજાર રૂપિયા છે એ રૂપિયાથી તું બીજી કોઈ મીલનું કામ શરૂ કરી દે. નોકરી નહીં પણ માથાનો ધંધો કરે એટલે એમને ખાતરી થઈ જશે કે એમની નોકરી કરતાંય સારી રીતે તારું ગોઠવાઈ ગયું છે.'

વનમાળીને એક બાજુ કાંઈક કરી બતાવવાની ચાનક ચઢતી હતી તો બીજી બાજુ એષણાના પૈસા વાપરીને દામોદર શેઠની પાસે પોતાની લાયકાત સિધ્ધ કરવામાં એનું મન પાછું પડતું હતું. એણે એષણાને એક મહિનો વાટ જોવા મનાવી લીધી. પછી એ પોતાની મીલની સામે હરીફાઈ કરતી મીલોના કાપડની ગુણવત્તાની મનોમન ચકાસણી કરી રહ્યો.

છેવટે એણે એક મીલ પર પોતાની પસંદગી ઉતારી. એક વખત એને એ મીલના સેલ્સ મેનેજરે વાતવાતમાં કહ્યું હતું કે એના જેવા પર્સનાલિટીવાળા માણસે તો નોકરીને બદલે સ્વતંત્ર વ્યવસાયમાં ઝંપલાવવું જોઈએ. વનમાળી એમને મળ્યો ને એના ધાર્યા કરતાંય સારો પ્રતિભાવ એને એમના તરફથી મળ્યો. એની ડીપોઝિટ ભરી શકવાની અશકિતની સામેય એ મેનેજરે તોડ કાઢી આપ્યો. જ્યાં સુધી એની ડીપોઝીટની રકમ પૂરી ન થાય ત્યાં સુધી એના કમિશનની અર્ધી રકમ એ ખાતામાં જમા થયા કરે એવી શરતે એમણે એને માલ આપવાની તૈયારી બતાવી.

વનમાળીએ જરૂરી નોટિસ આપીને નોકરીમાંથી રાજીનામું આપી દીધું. એણે નોકરી છોડી એ જ દિવસથી પોતાના જાણીતા વિસ્તારમાં કામ કરવા માંડ્યું.

એને ધાર્યા કરતાંય એને વધુ સારું કામ મળવા લાગ્યું. બે મહિનામાં તો એણે પોતાના સ્થાનિક વિસ્તાર અને સુરત જિલ્લામાં છાપ જમાવી દીધી. દામોદર શેઠે એને હંફાવવા પોતાના સ્ટફમાંના જૂના સેલ્સમેનને ફરતા કરી દીધા પણ ગામડાંના વેપારીઓ તો જાણે મીલને બદલે વનમાળીને જ ઓળખતા હોય એમ વનમાળીના માલને જ વળગી રહ્યા. દામોદર શેઠને આ બે વિસ્તારના ધંધામાં જે ઘટાડો નોધાયો એ એમના આવડા મોટા ધંધામાં તો નહીંવત જ હતો પણ એ એમના વટનો સવાલ બની રહ્યો હતો.

છ મહિનામાં જ વનમાળી કાર લઈને ગામડાં ખૂંદવા માંડ્યો. એને અચાનક વિચાર આવ્યો કે બે હાથે આખું કમાવાને બદલે ઝાઝા હાથે થોડુંથોડું કમાવું વધુ આગળ પડે. એણે એના પેલા બે મિત્રો સંજય તથા મનહરને

બોલાવ્યા. એ લોકો હજુ પોણસોની નોકરી જ કરતા હતા. વનમાળીએ તેમને એટલો જ પગાર ને વધારામાં ટકો કમિશન આપવાનું કહી કામે લગાડી દીધા.

બેયને ટૂંકામાં સમજ પાડી દીધીઃ 'માલની ગુણવત્તા જેટલી જ સેલ્સમેનની પર્સનાલિટી અગત્યની હતી. આ ઉપરાંત તમારામાં એક પ્રકારનો આત્મવિશ્વાસ હોવો પણ જરૂરી છે અને છેવટમાં પોતાના માલમાં વિશ્વાસ. જેની પાસે પહેલી વખત જવાનું થાય એ હજાર અવળી વાતો કરશે પણ આપણે આપણી વાતને વળગી રહીને એમને નમૂના પૂરતોય થોડો માલ વેચી શકીશું તો એ ફરીથી મોટો ઑર્ડર આપવાનો જ છે.' વગેરે વગેરે...

આવી કેટલીક પાયાની સમજણ આપી એણે બેયને કામે લગાડી દીધા ને બેયને બે વિભાગ વહેંચી આપ્યા. એમની સાથેના બે મહિનાના અનુભવે એને પોતાની ગણતરી સાચી સાબિત થયેલી લાગી એટલે એણે પોતાના ઓળખીતા અને એમના ઓળખીતા એમ કરતાં બીજા પંદર જેટલા માણસોને કામે લગાડી દીધા.

થોડા વધુ મહિના વીત્યાને એની મીલે એને સામેથી એક સ્ટોરની ઑફર કરી. મીલનો એક રીટેઈલ સ્ટોર્સ જે ઘણા વખતથી હગડગ ચાલ્યા કરતો હતો એ મીલના નામ નીચે જ ચલાવવો હોય તો નજીવા ભાડાથી આપવાની એમણે તૈયારી બતાવી.

વનમાળીને તો આ વાત તરત ગળે ઊતરી ગઈ, એક દિવસ સારું ચોઘડિયું જોઈ વનમાળી શેઠ દુકાને બેસી ગયા. એણે દુકાને બેસીને પહેલો જ ફોન દામોદર શેઠના આશીર્વાદ લેવા કર્યો. શેઠને મનમાં તો એની આ પ્ર ગતિ ઘણી ખૂંચી પણ સમય વર્તી એમણે એના આ નવા સાહસને પોતાની શુભેચ્છા તો આપી જ.

'આપને ત્યાં નોકરી દરમિયાન મને ઘણું શીખવાનું મળ્યું છે. આજે હું જે કાંઈ છું એમાં આપની કેળવણીનો ફાળો ઘણો છે. કયારેક આ તરફ નીકળવાનું થાય તો મારી દુકાનને આપનાં પગલાંથી પાવન કરવાની કૃપા કરશો.' વનમાળીએ એની મીઠી વાણીથી એમને ટાઢો ડામ દીધો. શેઠ જલી ઊઠયા. જ્યારથી વનમાળી એમને ત્યાંથી છૂટો થયો ને એણે પોતાનો ધંધો શરૂ કર્યો ત્યારથી એમણે એની દરેક પ્રવૃત્તિની તપાસ રાખવા માંડી હતી.

શરૂમાં તો એમણે એની ટીકા કરતાં કહ્યુંય હતુંઃ 'એક ફેરિયો મારી મીલની બરોબરી કરવા નીકળ્યો છે. એનું છાપરુંય ના વેચાઈ જાય તો એવોયે નસીબદાર.' એની પ્રગતિમાં અંતરાય નાખવાના એમના લાખ પ્રયત્ન છતાં એ આગળ ને આગળ વધતો જ ગયો. એણે જ્યારે બે સેલ્સમેનને નોકરીમાં લીધા ત્યારે તો એ ક્રોધથી સળગી જ ઊઠ્યા હતા. પણ એણે પંદર માણસોનો કાફલો ઊભો કર્યો ત્યારે તો એમના ધંધામાંય એની અસર વર્તાવા લાગી.

એમના કોઈ ઘરાક બિલકુલ બંધ તો ન થઈ ગયા પણ એમના ઑર્ડર નાના ને નાના થતા ગયા. એમને થયું કે આવોયે જો આમ ને આમ વધતો જશે અને ઈરાદા પૂર્વક એમની મીલના કાયમી ઘરાકો જ તોડતો જશે તો મીલના સરવૈયામાંય એનું મોઢું દેખાશે.

એમણે હવે વનમાળીને તોડવાને બદલે પોતાનો માલ નાનામાં નાના ગામડા સુધી પહોંચાડવાની વ્યવસ્થા ગોઠવવા માંડી, ત્યાં એમને ખબર પડી કે એ નાનાં ક્ષેત્રો તો વનમાળી કયારનાંય સર કરીને બેસી ગયો હતો. હવે એમના જેવા હાથીએ એ નાનાં ક્ષેત્રોમાં વનમાળીના માલની સામે પોતાના માલની ગુણવત્તા પૂરવાર કરવાની નોબત આવી હતી.

અને આજે એવોયે બજાર વચ્ચે દુકાન લઈને બેસી ગયો હતો. હવે એ શેઠને આંખમાં કણાની માફક ખૂંચતો હોવા છતાં એ ફેરિયો મટીને હવે વેપારી બની ગયો હતો. એ સાંજે એષણાએ આવીને એમને સોનાનો એક સેટ બતાવ્યોઃ 'આ મને વનમાળીએ ભેટ આપ્યો.'

'તારી પાસે કયાં ભૂખ છે કે તારે આવી ભેટ લેવી પડે?'

'આ તો લેવી પડે એવી જ હતી. એણે મારી પાસે એની દુકાનનો ઘડો મુકાવ્યો એના દાપમાં મને આપ્યો એટલે લેવો જ પડે ને! એણે નોકરી છોડીને સ્વતંત્ર ધંધો શરૂ કર્યો ત્યારે એણે પહેલું બિલ પણ મારે હાથે ફડાવીને જ મૂરત કરેલું. આજે મીલની રીટેઈલ શોપ લીધી. કાલે એથીય આગળ વધશે. ઘણી વખત પોતાના વિરોધીઓ જ

પોતાના મદદગાર સાબિત થાય છે એમ એ કહેતો હતો.' એષ્ણાએ પણ બાપાને ચોપડાવી.

'ના દીઠાનું દીઠું એવો ઘાટ છે એનો. ને તુંય એની વાતો કરતાં ધરાતી નથી ને! એણે કોઈ મીલ લઈ લીધી હોય એવી તું વાત કરે છે.'

'મીલ તો ડેડી તમેય કયાં લીધી છે? આપણી મીલ તો દાદાએ શરૂ કરેલી અને તમને તૈયાર મળેલી. એણે તો આ બધું વગર પૈસે ઊભું કર્યું છે. હવે તમારે આજે એક વાત નક્કી કરવાની છે. તમારે એની સાથે મારાં લગ્નની વાત ચલાવવા જવું છે કે હું મારી બેગ પેક કરીને તમારું ઘર છોડી જાઉં?'

દામોદર શેઠ એટલા ગુસ્સે થઈ ગયા કે એમના ગળામાંથી હુંકાર જેવો અર્થહીન અવાજ માત્ર નીકળી શક્યો. એમને એષ્ણા સાથે વનમાળી અંગે આજ પહેલાં ઘણી વખત વાત થઈ ગયેલી હતી અને શેઠે એની બાબતમાં પોતાનો નકાર કાયમ દર્શાવ્યા જ કર્યો હતો. આજે એમને એની સાથે દીકરી પરણાવતાં ગર્વ ઉપજે એવી લાયકાત એણે સાબિત કરી બતાવી હતી, પણ એમનું અભિમાન વનમાળીના પુરુષાર્થની સામે ઝૂકવા તૈયાર ન હતું. 'તું હમણાં મને એકલો છોડી દે. અત્યારે હું વાત કરવાના મૂડમાં નથી.' એમણે જા બિલ્લી કૂત્તે કું માર જેવું કર્યું.

એષ્ણા પગ પછાડતી બહાર નીકળી. એણે જતાં જતાં બારણામાં ઊભાં રહી છેવટના શબ્દોમાં કહી તો દીધું જઃ 'તમે મૂડમાં આવી જાવ તો સારું પણ મારે આ સવાલનો જવાબ આજે જ જોઈએ છીએ. કાં તો તમે કાલે વનમાળી પાસે મારે માટે માગું લઈને જાવ છો કાં હું મારી બેગ લઈને બહાર નીકળી જાઉં છું.'

દીકરીનું આવું તોછડું બોલવું સાંભળી એમને એક વાર તો ગુસ્સો આવ્યો પણ બીજી જ પળે એમનું વ્યવહારુ મન સજાગ થઈ ગયું. એમને દીવો લઈને શોધવા જાય તોય આના કરતાં વધુ લાયક મૂરતિયો મળવાનો ન હતો. બીજા કેટલાય આના કરતાં વધુ માલદાર હતા પણ એ બધા તો બાપને પૈસે માલદાર ગણાતા હતા. ને મૂળ વાત તો એ હતી કે એષ્ણાને એ પસંદ હતો.

એ નમતું જોખવાનું નક્કી કર્યું. સાંજે જમવાના ટેબલ પર એમણે કહ્યુંઃ 'કાલે સારું ચોઘડિયું જોઈ આપણે બેય જઈ એષ્ણાને માટે વનમાળીનું માગું મૂકી આવીશું. વાત લગભગ નક્કી જ છે એટલે શુકનનો રૂપિયો કાલે આપતા આવીશું ને ચાંલ્લાની તારીખ નક્કી કરતાં આવીશું. અને એષ્ણાને માટે એક બંધી છે. જ્યાં સુધી અમે જઈને આ વાત પાકી કરીએ નહીં ત્યાં સુધી એણે ફોન કરીને આ વાત ફોડી દેવાની નથી. આમેય એણે મને એની દુકાને પગલાં પાડી એની દુકાન પાવન કરવા આમંત્રણ આપ્યું છે તે પહેલાં તો અમે એ કામ પતાવીશું પછી અચાનક યાદ આવશે તો એષ્ણાના વિવાહની વાત પણ પાકી કરતા આવીશું.'

'હું વાત નહીં કરું પણ તમે વાત પાકી કરી લો પછી મને એની દુકાનેથી જ ફોન કરજો.' એષ્ણાએ કહ્યું. પિતાએ એની વાત આખરે સ્વીકારી એનો આનંદ એના બોલવામાં જણાઈ આવતો હતો.

બીજે દિવસે સવારની વેળામાં શેઠ અને કનકગૌરી વનમાળીની દુકાને પહોંચ્યાં. શેઠ અને શેઠાણીને સાથે આવેલાં જોઈ વનમાળી ખુશ થઈ ગયો. એ બેયને પગે લાગ્યો ને પોતાના નવા સાહસને આશીર્વાદ આપવા એ બેય જણ આવી પહોંચ્યાં એ માટે બેયનો આભાર માની રહ્યો. કનકગૌરીએ વનમાળીને આજ પહેલાં જોયો ન હતો. શેઠ અને એષ્ણાની દલીલોમાં વચમાં વચમાં વનમાળીનું નામ આવતું હતું એટલું તેમને યાદ હતું.

આજે વનમાળીને જોઈને એ છક થઈ ગયાં. આવા રૂપાળા અને વિવેકી છોકરા માટેય શેઠને શાનો વાંધો નડતો હશે એ જ એમને ન સમજાયું. એમણે એને એના ગામ વિશે પૂછ્યુંઃ 'ભાઈ, તમારું ગામ?'

'સિધ્ધપુર. આપણી નાતનાં ત્યાં આમ તો સો ઘર પણ બધા બહાર નીકળી ગયેલા. અત્યારે તો માંડ દશ પંદર ઘર ચાલુ હશે ગામમાં આપણાં.' એણે આપણી નાત કહીને શેઠાણીના મનમાં પોતાનું સ્થાન મુકર્રર કરી લીધું.

'કોના દીકરા તમે!'

'હું રામજી રાઘવનો દીકરો. તમે જાણો છો કોઈને સિધ્ધપુરમાં?'

'તમારાં બા તો સમરથબેન ને, અમરાજીવાળાં!'

'હા, તમે એમને જાણતાં હતાં એમ ને?'

'હા મારું ખડમોસાળ સિધ્ધપુરમાં એટલે ઘણાને જાણું. ને તારાં બા ને અને હું તો સાથે બહુ રમેલાં. એમનું મોસાળ ને મારું મોસાળ વડનગરમાં સાથે સાથે. રજાઓમાં હુંય વડનગર જઉં ને સમરથેય આવે. શું કરે છે અત્યારે?'

'બેય ગુજરી ગયાં. પહેલો ફ્લ્યુ આવ્યો ત્યારે બેયને ભરખી ગયો.'

'એમને પરણાવ્યાં ત્યારે જ લોક વાતો કરતા હતા કે જુગતે જોડી મળી છે. ભગવાન ટકાવે તો સારું. બેય સાથે નીકળે તો લાગે જાણે સગાં ભાઈ બહેન. બેય સરખાં રૂપાળાં ને હસમુખાંય એવાં.'

'લ્યો, હવે તમે જૂની ઓળખાણ કાઢી રહ્યાં હો તો હું નવી ઓળખાણની વાત કરું. આપણી એષ્ણા માટે આપણે જેની વાત કરતાં હતાં એ જ આ વનમાળીલાલ શેઠ. તમે કહેતાં હો તો શકનનો રૂપિયો આપું.'

'તમે શું આપતા હતા. મારી બેનપણીનો દીકરો છે. ને મારે તો દીકરી આપીને દીકરો લેવાનો છે. હું જ શકનનો રૂપિયો આપીશ. દીકરા ભગવાનના દીવા પાસે કંકુની વાટકી હશે એ આપ જોઉં.'

વનમાળીએ એમને કંકુની વાટકી આપી એટલે એમણે વનમાળીને ચાંલ્લો કરીને એના હાથમાં શકનનો સવા રૂપિયો મૂકયો. 'પછી આગળની ચાંલ્લાની ને લગ્નની વાતો કરવા માટે કોઈ વડીલ ખરા તમારા ઘરમાં?'

'છે ને, મારા કાકા મનસુખરાય શેઠ મુંબઈમાં છે. તમે કહો ત્યારે બોલાવી લઈશ.'

'સાથે મંગળી શેઠાણીનેય બોલાવજો.'

'ઓહો, એમનેય તમે ઓળખો છો? મને શી ખબર? નહીં તો હું તમને મળવા આવ્યો જ હોત.' વનમાળીએ કહ્યું. દામોદર શેઠને બધી વાતે આનંદ થઈ ગયો. એમને થયું કે પોતાને નાણી જોએલો અને નિવડેલો એવો જમાઈ મળ્યો છે, અને એના આખા ઘરને કનક શેઠાણી ઓળખે છે. બધું સોનામાં સુગંધ ભળ્યા જેવું થઈ ગયું છે.

એમણે ઘેર ફોન જોડ્યો. એષ્ણાને કહેઃ 'જો અમે ઘેરથી તો તારો વિવાહ વનમાળી સાથે કરવા જ નીકળ્યા હતા. પણ તારી બાનાં એક બેનપણીનો છોકરો નજરમાં આવી ગયો એટલે એને સાકરનો રૂપિયો આપી દીધો છે. હવે તારો કશોય વિરોધ ચાલવાનો નથી. તનેય ગમશે, તું એની સાથે વાત તો કર.' કહીને એમણે ફોન વનમાળીને આપી દીધો. વનમાળી એમની હાજરીમાં વાત કરતાં ગૂંચવાઈ ગયો.

ને એષ્ણા છેડાઈ પડીઃ 'હેલો, કોણ છો તમે ને કયાંથી ટપકી પડ્યા?'

ને એષ્ણા વધુ છેડાઈ પડે એ પહેલાં એ બોલી ઊઠ્યો નેઃ 'હું વિનુ બોલું છું. બાએ તો અમારા આખા ઘર સાથે ઓળખાણ કાઢી છે. મારાં બા ને તારાં બા તો બેનપણી હતાં. ભગવાને આપણી લાજ રાખી. તું રડવા શું બેઠી? હવે તો હસવાનું હોય રડવાના દિવસો પૂરા થયા. તું સાંજના આ તરફ આવે છે ને! ત્યારે વધુ વાતો કરીશું.'

'તે રડે જ ને. આમણે એને ઓછી પજવી છે!'

'પજવ્યો તો બા મનેય ઘણો છે. પણ આજે આ ગાદી તકીએ બેઠો છું તે એમના જ પ્રતાપે. બાકી તો હજુ ગુમાસ્તી જ કરતો હોત. બા, સોનું તો તપાવીએ ત્યારે જ સિધ્ધ થાય. મારામાં આવડત અને હિંમત આવ્યાં હોય તો એમને કારણે જ.'

અનુક્રમ→

# ૪. વનમાળી શેઠ પરણ્યા

જોતજોતામાં વાત દામોદરદાસ શેઠના વર્તૂળમાં ફરી વળી. બધા દામોદર શેઠને ધન્યવાદ આપવા માંડ્યા. વનમાળી એષ્ણાની સાથે નાની મોટી પાર્ટીઓમાં આખા વર્તૂળમાં જતો આવતો હતો એટલે બધા વનમાળીને સારી રીતે જાણતા હતા. કેટલાકે તો એને માટે ઘણો ચાંપી જોવાનો વિચારેય કરેલો પણ એ એષ્ણા સાથે નકકી કરી બેઠેલો હતો એમ જાણી પાછા પડી ગયેલા.

એણે બજાર વચ્ચે દુકાન લીધી ત્યારે એના આમંત્રણથી કેટલાક તો એની દુકાને જઈ એને આશીર્વાદ પણ આપી આવેલા. આજે એમણે એના વિવાહની વિધિસરની જાહેરાત સાંભળી ને એને ને દામોદર શેઠને બેયને અભિનંદન આપવા માંડ્યા હતા.

કેટલાકે તો પેટછૂટી વાતેય કરી લીધી હતીઃ 'મનેય આ છોકરો નજરમાં આવી ગયેલો પણ પછી જાણ્યું કે એનું તો એષ્ણા સાથે નકકી જેવું જ હતું. પણ તમે તો કહેવા પડે, વાત બહાર પાડતાંય એક વરસ કાઢી નાખ્યું.'

'અમારે તો ઘરની વાત ઘરમાં જેવું જ હતું. શેઠાણીની ખાસ બેનપણીનો જ દીકરો હતો. એની લાયકાત પૂરવાર કરવા એને અમારો ટેકો લેવો ન હતો. એણે એની લાયકાત પૂરવાર કરી કે અમે સાકરનો રૂપિયો આપી દીધો. એણે એકલે હાથે ને વગર પૈસે આજે લાખોની આબરૂ જમાવી દીધી એટલે આજે કોઈ એમ તો ન કહે ને કે સસરાને પૈસે શેઠ બનીને બેસી ગયો છે. મારો તો પહેલેથી જ એક સિધ્ધાંત રહ્યો છે. છોકરો મિલકતવાળો કે બાપકમાઈવાળો હોય એના કરતાં ધંધાવાળો ને આપકમાઈવાળો હોય તો એ વધારે લાયક ગણાય.'

'તમે એકલા જ નહીં પણ આપણી નાતનાં અહીં જેટલાં ઘર છે એ બધાંમાં એને માટે એવી જ વાતો ચાલતી હતી. પણ તમે બધું ખાનગીમાં પતાવી રાખેલું એટલે કોઈનો ગજ વાગ્યો ન હતો.'

'બધું ભગવાને ધાર્યું હોય એમ થાય છે. અમેય એ વાત પહેલી વિચારી હતી પછી ઓળખાણ નીકળી કે એ શેઠાણીની નાનપણની બેનપણીનો દીકરો છે એટલે તો જાણે સોનામાં સુગંધ ભળી.' શેઠે બાંધ્યેભારે કહ્યું. એમના મનમાં એક વાત ઘોળાયા કરતી હતી કે પોતે આ અવસર ચૂકી ગયા હોત તો દીકરી ગુમાવી હોત ને નાતમાંય ભૂંડા દેખાયા હોત એ વધારામાં.

જ્યારે કનકગૌરી શેઠાણીનો હરખ તો માતો જ ન હતો. એમના પર નાતની જે કોઈ સ્ત્રીઓના ફોન આવતા એમને એ વનમાળીની બા અને પોતાની વચ્ચે બાળપણનાં હેતની વાતો કરતાં અને ઘણી વખત જ્યારે પેલી સ્ત્રીય જો એમને કે એમના કોઈ સંબંધીને ઓળખતી નીકળતી તો એમની વાતો કયાંય સુધી લંબાઈ રહેતી.

વનમાળીના ઘર માટે કોઈને કશું વાંકું બોલાય એમ ન હતું. એ વળણાગિયો હતો ને પૈસે ખાલી થઈ ગયો હતો એવી વાતેય કોઈક જાણતું હતું. પણ આજે તો એ બજાર વચ્ચે દુકાન ને આબરૂવાળો ધંધો લઈને બેસી ગયો હતો ને લાખ રૂપિયાની આબરૂ જમાવી દીધી હતી ને વીસ માણસોને નોકરીમાં રાખ્યા હતા.

કેટલાકને એ વાતનીય ખબર હતી કે દામોદર શેઠે જ એનો હાથ પકડીને ઊભો કરવા પ્રયત્ન કર્યો હતો પણ આ આપકમાઈની જ ધગશવાળા જુવાનિયે એમની ગુમાસ્તી છોડી દઈને વગર પૈસે પોતાની જગ્યા અમદાવાદમાં કરી લીધી હતી.

કેટલાક તો એવો વિચારેય કરતા હતા કે એની આ લાયકાત એમની નજરબહાર આજ સુધી કેમની રહી ગઈ હતી! દામોદર શેઠ કરતાં એમની નજર એના પર પહેલાં કેમ પડી ન હતી. જો કે એમને ખબર હતી જ કે એમની નજરે એ પહેલો પડ્યો હોત તોય એક વરણાગિયો જુવાનિયો ગણીને એમણે એના હીરને પારખવાનો કશો પ્રયત્ન ન જ કર્યો હોત.

એષ્ણાની બેનપણીઓને તો આ જાહેરાતમાં કશી નવાઈ લાગવાની વાત જ ન હતી. એ બધીને આની

ખબર જ હતી. એમની નાનીમોટી પાર્ટીમાં એષ્ણાને વનમાળી સાથે જ આવવાની એમણે તાકીદ કરીય હતી ને એષ્ણા એને લઈને આવીય હતી ને કેટલીક વખત તો વનમાળીને કારણે આખી પાર્ટીની રંગત જ બદલાઈ જતી એમણે જોઈ હતી.

એષ્ણા ને વનમાળીની એન્ટ્રી થતાં જ બધી બેનપણીઓ એષ્ણા ને વનમાળીની આસપાસ ફરી વળતી હતી. ને આટલો બધો વરણાગિયો હોવા છતાં વનમાળી એ બધી છોકરીઓ સાથે જે માન અને સંયમથી વર્તતો હતો એ જોઈ એ બધી એષ્ણાની આવો પતિ મળવા બદલ મનમાં અદેખાઈ પણ કરતી હતી.

⬥

વનમાળીનું આ સ્વતંત્ર ધંધો કરવાનું સાહસ એના મિત્રોને તો વરદાન જેવું ફળ્યું હતું. એમને તો પોણોસોની નોકરીમાંથી સીધા દોઢસો બસોની કમાણી થતી થઈ ગઈ હતી. અને એમના પેલા જૂના શેઠનાં ગાળો અને દાટી સાંભળવાનાં રહ્યાં ન હતાં. આમાંના કેટલાક દોસ્તો પાસે તો નોકરીય કયાં હતી! એટલે એમણે વનમાળીના વિવાહની આ વાત જાણી ત્યારે એ પોતે ઘોડે ચઢવાના હોય એટલો આનંદ એમને થઈ ગયો હતો.

કનકગૌરી શેઠાણીને મળવા એમની નાતની બેત્રણ સ્ત્રીઓ આવી હતી ત્યારે જ મુંબઈથી મંગળા શેઠાણી અને મનસુખરાય શેઠ આવી પહોંચ્યાં. પહેલાં વનમાળીને ત્યાં જવાને બદલે એ બેય સીધાં દામોદર શેઠને ત્યાં જ આવ્યાં હતાં એટલે કનકગૌરીને શેર લોહી ચઢ્યું. એમની બેનપણીઓ સાથે એમની ઓળખાણ કરાવતાં એ કહેઃ ‘આ અમારી એષ્ણાના કાકાજી મનસુખરાય શેઠ અને એનાં કાકીજી મંગળી શેઠાણી.’

‘જો હવે મંગળી બંગળી કર્યું છે તો હું વનમાળીને કહી દઈશ. એક તો છાનીમાની છોકરો લઈ ગઈ ને હજુ મંગળી કહેવાનું ભૂલતી નથી.’

‘તે છોકરો કંઈ મફતમાં નથી લઈ ગઈ. સામે છોકરી આપીને છોકરો લીધો છે. એષ્ણાને જોઈશ ત્યારે ખબર પડશે કે કોણ ફાયદામાં છે.’ બે શેઠાણીઓની આ લગ્નની મજાકમાંય ફાયદા ને નુકશાનની જ વાત આવી ગઈ ને!

મનસુખરાય આવ્યા જાણી દામોદર શેઠ પણ ઑફિસેથી ઘેર વહેલા આવી પહોંચ્યા. એ મનસુખરાયને દીઠે ઓળખતા ન હતા. એ મુંબઈમાં કાપડના જ ધંધામાં પડેલા હતા એવી એમને જાણ થઈ હતી. કનકગૌરીએ એમને બેયને ઓળખાણ કરાવી પછી શેઠને મંગળી શેઠાણીની ઓળખાણ કરાવીઃ ‘આ આપણી વેવાણ મંગળી શેઠાણી.’

‘હવે એવું ન કહેતી. એ છોકરાવાળાં છે, એમને ખોટું લાગે.’ શેઠે કહ્યું.

‘એની વાતનું કોઈ ખોટું લગાડે એવું નથી. એ પહેલેથી આવી જ તોછડી છે. એનેય અમે કંઈ કનક કહેતાં ન હતાં. અમે એને શું કહેતાં હતાં એ કહીશ એટલે એ મંગળી કહેવાનું ભૂલી જશે.’

‘જો એ વાત સંભાળી તો માનજે કે ઘરની બહાર તગેડી મૂકયા વગર નહીં રહું.’

‘તે આમેય હું તારે ત્યાં રહેવા થોડી આવી છું? અમે આજે જ અમારા વિનુને ત્યાં જવાનાં છીએ, એટલે કોઈ બીજાને બિવડાવજે.’

‘આજે તો ન જ જવા દઉં. બેત્રણ દિવસ અહીં રહો પછી વનમાળી આવીને લઈ જશે. હજુ તો એમના ઘરમાં ચાની તપેલીનુંય ઠેકાણું નહીં હોય. પછી આપણે બેય જઈને જોઈ આવીશું ને જે લાવવા જેવું હશે એ બજારમાંથી લાવીને ગોઠવીશું, પછી એમના ઘરમાં રહેવા જેવું થશે.’

‘તે તારી એષ્ણા એવડા નાનકડા ઘરમાં સમાશે ખરી!’

‘આપણે ખોળ્યું હોય તો કદાચ ન સમાય પણ આ તો એણે જાતે શોધ્યું છે એટલે સમાશે. ને વખત છે ને નહીં સમાય તો વનમાળી પહોંચતો છે એટલે મોટું મકાન લેશે. એમને આપકમાઈથી જીવવાની ઘેલછા છે તે ભલે બેચાર વરસ એમની રીતે રહેતાં. પછી તો આ બધું એમનું જ છે ને એમણે જ સંભાળવાનું છે ને!’

'એય એના બાપ ઉપર પડ્યો છે. એમણેય સાસરીની કાણી પૈયેય લીધી ન હતી. એમના સાઢુ લાખોપતિ થઈ ગયા. આજે એમની પાસે એટલો પૈસો હતો છતાં એમણે વનમાળીનો હાથ પકડવાની તૈયારી બતાવી ન હતી. એ તો સારું થયું કે એનામાં એટલું હીર હતું કે એ સામે પાણીએ તરીનેય આગળ આવી ગયો. અમેય એને મુંબઈ બોલાવી લેવા બહુ પ્રયત્નો કરેલા પણ એય એના બાપ જેવો જ ને! ન માન્યો તે ન જ માન્યો.'

'અમનેય એ જ બીક છે કે એમના મનમાં જો એવું ઊંધું ઊગી નીકળે તો અમે તો છોકરીય ખોઈશું ને છોકરોય ખોઈશું. ભગવાન એમને સાચું સમજાવે ને અમારી પાછલી જિંદગીમાં અમને સહારો આપે. હવે એમને મેંણું તો મારી શકે એવું નથી કે સસરાની મિલકત ઉપર શેઠ થઈ ગયા છે.'

'જો કે આ વખતે તો અમેય એને દબાણ મૂકીશું કે એના બાપના જેવી ભૂલ ન કરે. તમે એને દીકરી આપી એટલે એણેય દીકરો બનીને તમારી સેવા કરવી જ પડે. એમાં એના સિધ્ધાંતને વળગી રહે એ યોગ્ય નથી.'

'અમે એમને ઘર જમાઈ બનવાનું નથી કહેતાં. એમને બેને જુદાં રહેવું હોય તો ભલે જુદાં રહે પણ નજીકમાં જ ક્યાંક રહે ને અમારા ધંધામાં રસ લેવા માંડે. આપણે તો આજે છીએ ને કાલે અત્યારે ના પણ હોઈએ. બધું સંભાળવાનું તો એમણે જ છે ને!' કનક શેઠાણીએ કહ્યું ને અત્યારથી જ ચિંતામાં પડી ગયાં.

પેલી મળવા આવેલી સ્ત્રીઓય આ બે જૂની બેનપણીઓ અને આવતીકાલની વેવાણોની વાતો સાંભળી રહી. જ્યારે આજના જમાનામાં સસરાની મિલકત ઓળવી જવા જ એમની દીકરી સાથે પરણવા પડાપડી કરતા જુવાનિયાના કિસ્સા એમને રોજેરોજ સાંભળવા મળતા હતા ત્યાં આવી મિલકતને ઠોકર મારતા જમાઈની કલ્પનાય એ કરી શકતાં ન હતાં.

પછી ઊઠતાંય એક જણીને પેલી વાત યાદ આવી ગઈ ને તેનાથી પૂછ્યા સિવાય ન રહેવાયુંઃ 'તે તમે કનકગૌરીને શું કહેતાં હતાં?'

'જો બેલી છું તો વઢવાડ થઈ જશે.'

'તારે વઢવાડ કરવી હોય તો વઢવાડ કરજે પણ તેં મને તારી બેનપણીઓની સામે પહેલાં મને મંગળી કહી છે એટલે મારેય કહેવું તો પડશે જ. અમે એને બિલાડી કહેતાં હતાં. એ માંજરી હતી ને બિલાડી જેવી ચાલક અને લુચ્ચીય હતી. હવે લઢવું હોય તો આવી જા.'

'હવે તારા જેવું કોણ થાય! પણ છોકરો પરણાવવા આવીશ ત્યારે બરાબરની લઈશું.'

'તે તમારે બેયને પરણ્યા પહેલાંનાં જ આ બેનપણાં છે?'

'અમારું બેયનું પિયર એક જ ગામમાં ને પાછું એક જ ફળિયામાં. અમે બાલમંદિરથી માંડીને તે લગન થતાં સુધી સથેનાં સાથે. અરે એનાં લગન થયાં ત્યારે એ મને વળગીને એવી રડેલી. મને કહે. સાસરેય મારી સાથે ચાલ. ને આ દામોદર શેઠ આ સાંભળી ગયા. એ કહેઃ મારા એક કાકાનેય બે પત્ની હતી એટલે આવવું હોય તો મને વાંધો નથી.' મંગળા શેઠાણીએ જૂની વાતો તાજી કરી.

'પછી?'

'પછી શું! એવાયે કદીક ગામમાં આવ્યા હોય તોય હું એમને મોઢુંય ના બતાવું. ને મારાં લગન થયા કેડ્યે તો અમે મુંબઈ જતાં રહ્યાં એટલે મળવાનુંય ઓછું થઈ ગયું.'

'મને લાગે છે કે એમને એ યાદેય નહીં રહ્યું હોય કે કઈ છોકરીને એમણે એવું કહેલું. મારે એમને એ યાદ દેવડાવવું કે નહીં એનો જ હું વિચાર કરતી હતી.'

'જો તમે અત્યારે જ યાદ દેવડાવતાં હો તો અમે બે ઘડી વધારે બેસીએ.' પેલી બેનપણીઓ પણ એમની મસ્તીમાં સામેલ થઈ ગઈ.

'હું એવી મૂરખી નથી કે આવી બેશરમ વાત એમને યાદ દેવડાવું. તમે આને ઓળખતાં નથી આ તો

અમારા વેવાઈને પડતા મૂકીને મારી ઉપર બેસી જાય. મુંબઈનાં પાણી પીધાં હોય એનો આપણને તો ભાઈ હવે વિશ્વાસ ના પડે.'

'લે ચાલ, આપણે ઊપડીએ. આ બે બેનપણીઓ કદાચ લઢી પડશે તો આપણુંય નામ વચમાં આવશે.' કહેતાં પેલી બેય બેનપણીઓ બહાર નીકળી. ને બેય વેવાણો ગંભીર બનીને ચાંલ્લાની ને લગ્નની વાતોમાં પરોવાઈ.

બહાર બેઠકખંડમાં બે વેવાઈઓ પોતાના ધંધાની વાતોમાં પડી ગયા હતા. લગ્ન એમને મન કોઈ પેચીદો સવાલ ન હતો. એમને એટલી જ ખબર હતી કે બૈરાં કહે એમ કરીએ એટલે લગ્ન ઉકેલાઈ જાય. જો પેલી બે બેનપણીઓ એમને સામે આવીને બેસી ગઈ ન હોત તો એમની વાતોમાંથી કદાચ લાખોના સોદાય થઈ ગયા હોત. જો કે એમણે અમદાવાદ અને મુંબઈ વચ્ચેની કેટલીક લીંક તો અત્યાર સુધીમાં ગોઠવીય દીધી હતી.

'તો હવે આપણે કેમનું કરવું છે એ નકકી કરો.' કનકગૌરીએ અંદર આવતાં મમરો મૂકયો ને પેલા બેય ચમકયા. એમને એ ખબર ન પડી કે આ લોકોને એમની ધંધાની વાતોની કેવી રીતે ખબર પડી ગઈ.

'મુંબઈમાં આપણા ધંધાનો વિસ્તાર કરવાની વાત જ અમે કરતા હતા, પણ તમારે બૈરાંએ એમાં માથું મારવાની જરૂર નથી.' દામોદર શેઠે રૂલિંગ આપ્યું.

'ને તનેય કેટલી વાર કહ્યું છે કે અમારી ધંધાની વાતમાં તારે માથું ન મારવું.' મનસુખરાય શેઠ પણ બોલી ઊઠયા.

હવે પેલી બે બેનપણીઓ હસે નહીં તો બીજું શું કરે? બેય એટલા જોરથી હસી પડી કે ઘડીભર તો પેલા બેય છોભીલા પડી ગયા. એમને એ ન સમજાયું કે એમની વાતમાં હસવા જેવું શું હતું?

'અમે એમ કહેતા હતાં કે તમારી ધંધાની વાત બે દિવસ કોરાણે મૂકો તો આપણે એષણા ને વનમાળીનાં લગ્નની ઉજવણીનો વિચાર કરીએ.' હવે જ પેલા બેને ખ્યાલ આવ્યો કે ધંધાની વાતમાં વળગીને એ બે જણા વનમાળી ને એષણાના લગ્નની વાત સાવ ભૂલી જ ગયા હતા.

'ચાલો અમારી ધંધાની વાત પૂરી થઈ, બોલો હવે તમારો શો હુકમ છે? લગ્નની વાતમાં તો એવું છે કે એમાં તો તમે કહો એ બધું અમને મંજૂર છે. તમે શું નકકી કર્યું છે એ કહો.' દામોદર શેઠે કહ્યું.

'મુંબઈ અને અમદાવાદ વચ્ચેની લીંક ગોઠવાઈ ગઈ?' મંગળી શેઠાણીએ પણ મહાસુખ શેઠને ઉડાવ્યા.

'તમારા ખર્ચાને પહોંચી વળવા માટે જ અમે ધંધો કરીએ છીએ એટલીય તમને ખબર પડતી નથી. અમે તમને બધી વાતની છૂટ આપીએ છીએ, તમે જે નકકી કરો એ અમને મંજૂર છે, હવે તમે જ જણાવવાની મહેરબાની કરો કે આપણે વિનુનાં લગ્ન કેવી રીતે અને કેવા ભપકાથી ઉજવવાનાં છે.' મહાસુખ શેઠે કહ્યું.

'તો આપણે મહેરબાની કરીશું?' મંગળી શેઠાણીએ હસતાં કનક શેઠાણીને પૂછયું.

'જ્યારે એમણે આપણને આટલી બધી છૂટ આપી હોય ત્યારે આપણે એટલી તો મહેરબાની કરવી જ જોઈએ. એમને આપણે કહીએ કે એમણે કેટલી વ્યવસ્થા કરવાની છે ને કેટલા પૈસાની કોથળી તૈયાર રાખવાની છે. એક મીલમાલિકની છોકરી પરણતી હોય એવી વ્યવસ્થા તો આપણે કરવી જ પડશે.' કનકગૌરીએ કહ્યું.

'બધી ગોઠવણ પણ અમે કરીશું. તમે ફકત એટલું જ કહો કે આપણે બધી વિધિ કેવી રીતે કરવી છે. કેટલાં માણસોને બોલાવવાનાં છે ને કેવો ભભકો કરવાનો છે એની વ્યવસ્થા અમે કરીશું.' દામોદર શેઠ બોલ્યા.

'અમે બેયે જે વાતો નકકી કરી છે એ આ મુજબ છે. પહેલાં તો દશ દિવસ પછીના મૂરતે ચાંલ્લા-માંટલીની વિધિ રાખી લઈએ. પછી એક મહિના પછી લગ્ન. એમાં આગલા દિવસે વિધિ અને બીજે દિવસે લગ્ન રાખવાનાં છે. બહાર ગામથી આવનારા લોકોને બહુ દિવસ ધંધામાંથી નવરાશ મેળવવાનું ના ફાવે ને !'

પેલી બે શેઠાણીઓની વાતોમાં પાછી ધંધાની વાત આવી જ ગઈ. ને એમની એ વાત પેલા બે શેઠિયાનેય ગમી ગઈ, કારણ કે આખરે એ બેય હતા તો શેઠિયા જ ને! એમણે મનમાં જે વાત વિચારી રાખી હતી એનો જ

એમાં પડઘો પડતો હતો. એમણે એમની એ વાત પાયામાં ગણી ને વિધિની વાત આગળ ચલાવી.

'આપણે જે વાત નકકી કરીએ તે વનમાળી શેઠનેય અનુકૂળ હોવી જોઇએ ને! એમનેય પોતાની ગોઠવણ કરવાની હશે ને! એટલે આપણે આજે એમને સાંજે અહીં બોલાવી લઈએ.' દામોદર શેઠે કહ્યું.

'એનો વાંધો નથી. હું જે નકકી કરું એ એને મંજૂર છે. અમારે વાત થઈ ગઈ છે. એને તો કાલે જ લગ્ન પતી જતાં હોય તોય એને તો વાંધો નથી. ને વાંધો તો એષણાનેય નહીં હોય.' મહાસુખ શેઠે કહ્યું અને ચારેય જણાં હસી પડ્યાં. બધાંને ખબર જ હતી કે પેલાં બે લગ્નની જ વાટ જોતાં જ બેઠાં હતાં.

'તેમ છતાં તમે આજે એમને આ વાત કરી લો તો વધુ સારું.' દામોદર શેઠ વનમાળીને મહત્ત્વ આપવા જેટલા નરમ પડ્યા હતા. એમણે જોયું હતું કે વનમાળીએ જે કરી બતાવ્યું હતું એ એમના કરતાં એમની નાતવાળા બીજા લોકોની નજરે પહેલું ચઢી ગયું હતું. હવે પોતે એનાથી અજાણ હતા એ વાત કોઈના કે વનમાળીના ધ્યાન પર આવવા દેવા એ માગતા ન હતા. એમને જાણે પાછલી ઉંમરે ડહાપણની દાઢ ફૂટી હતી.

'કપડાં ઘરેણાંની વાતમાં તો એષણા એની જાતે જ પસંદ કરી લેશે. ચાપણી ને જમવાની વાનગીઓની બાબતમાં તથા મંડપ અને એના શણગારની બાબતમાં આજથી જ તમે તૈયારી કરવા માંડજો.' કનકગૌરીએ દામોદર શેઠને નોટિસ આપી દીધી.

'એષણા એ જેમ વર પસંદ કરી લીધો એમ જ  કપડાં ઘરેણાં પસંદ કરી લેશે એમ જ ને!' એમ કહેવાનું દામોદર શેઠને મન થયું પણ સામે મહાસુખ શેઠ બેઠા હતા એટલે એમણે એ ટકોર મનમાં જ સમાવી લીધી. એમણે કહ્યુંઃ 'એને કહેજો કે જ્યારે કપડાં લેવાં હોય ત્યારે મીલની ઑફિસેથી કિરણને સાથે લઈ જાય.'

દામોદર શેઠને હવે તો વનમાળી સામે કશો વાંધો રહ્યો ન હતો પણ પોતે ખાલી મશ્કરીમાં કાંઈ બોલે તોય એનો મન ફાવતો અર્થ કરી કોઈને મનદુઃખ થાય એવું કરતાં એ અચકાતા હતા. જ્યારથી નાતિલાઓએ એમને ફોન કરીને અભિનંદન આપવા માંડ્યાં હતાં ત્યારથી એમને વનમાળીમાં અનેક ગુણ દેખાવા માંડ્યા હતા. હવે એની વરણાગીમાંય એમને એનું વ્યકિતત્ત્વ જ દેખાતું હતું. એ કહેતાઃ 'પાંચ માણસ બેઠા હોય તો એમાં શોભી ઊઠે એવા એ છે.'

હજુ તો વનમાળી શેઠ પરણ્યાય ન હતા ત્યાં વરઘોડિયાંને જમાડવાનાં આમંત્રણો ઉપર આમંત્રણો આવવા માંડ્યાં હતાં. લાગતું હતું કે વનમાળી શેઠ વહોંચ્યેય ભાગ આવવાના ન હતા. નાતીલા, વેપારીઓ, એષણાની બેનપણીઓ ને વનમાળીના દોસ્તો. જવાબ આપતાં શેઠ અને કનકગૌરી થાકી જતાં હતાં. કેટલાકને તો કહેતાંય ખરાંઃ 'પરણનારને જ પૂછો ને. આજકાલનાં જુવાનિયાંની વાતોમાં આપણને શી ખબર પડે?'

એક દિવસ કનકગૌરી એષણાને કહેઃ 'પરણીને જઈશ ત્યારે તારા ઘરમાં બધું વસાવી રાખ્યું હશે તો કામ લાગશે. બાકી ખાલી ઘરમાં જઈશ ને તારી કોઈ બેનપણીઓ આવશે તો તારે શરમાવાનું થશે. તું કહેતી હોય તો અમે જરૂરી ફર્નિચર અને બીજી વસ્તુઓ મોકલાવી દઈએ બારોબાર.'

'બા, કશી જરૂર નથી. બધી જ વસ્તુના ઑર્ડર અપાઈ ગયા છે. ત્રણચાર દિવસમાં તો બધું ગોઠવાઈ પણ જશે. બધું બહાર તૈયાર કરીને કારીગરો ફર્નિચર ઘેર આવીને ગોઠવી જશે. હવે તો ઘરને હિસાબે બરાબર માપનું ફર્નિચર બનાવવાની ફેશન શરૂ થઈ છે. તમે કશી ફિકર કરશો નહીં.' એષણાએ કહ્યું. પણ કનકગૌરીનું મન ન માન્યું.

થોડા દિવસ પછી એ અને દામોદર શેઠ વનમાળીને મળવા ગયાં ત્યારે નાનકડા એ ઘરની સજાવટ જોઈને દંગ જ રહી ગયાં. એમણે આજ સુધી ફકત પૈસાના જોરે જ મોંઘી મોંઘી ચીજો વસાવીને બંગલાઓ ભરી દીધા હતા પણ કલાત્મક સજાવટ કોને કહેવાય એ એમને આજે જોવા મળ્યું હતું. ચીજો મોંઘી હોય કે સસ્તી હોય પણ એ યોગ્ય જગ્યાએ અને યોગ્ય પ્રમાણમાં જ હોય અને કોઈ ચૉકકસ ખ્યાલ સાથે ત્યાં ગોઠવેલી હોય તો જ એ શોભી ઊઠે છે એની તેમને આજે જ ખબર પડી.

શેઠને તો થયું કે જો આવી એમને થોડી વહેલી ખબર પડી હોત તો એમણે આ જ કારીગરોને રોકીને પોતાના ચારેય બંગલાની આવી સજાવટ કરાવી લીધી હોત.

કનકગૌરીને આ બધી સજાવટ જોયા છતાં એક વાતે સંતોષ ન થયો. એમને થયું કે ઘર એટલું બધું નાનું છે કે એમાં તો પોતાની દીકરીને ભેટમાં જે ચીજો આવશે એય સમાશે નહીં. પાંચ મહેમાનો આવશે તો બેસશે ક્યાં?

પણ સાંજે વનમાળીએ જ્યારે ખુલાસો કર્યો કે આ ઘર તો ફક્ત એક વરસ માટે જ હતું. આવતે વરસે તો આર્કીટેકટના પ્લાન મુજબનો વિશાળ બંગલો શાહીબાગમાં બની જશે અને એની સજાવટ પણ એને અનુરૂપ થઈ જશે એ જાણી શેઠને આનંદ થયો. અને જ્યારે વનમાળીએ જણાવ્યું કે આ બંગલો ત્યારબાદ એમના ધંધાના મહેમાનગૃહ તરીકે વાપરવાનો છે ત્યારે તો એ એની સૂજ પર વારી ગયા. આ નવી પેઢી જેટલું નહીં કરે એટલું ઓછું, એમણે સંતોષ વ્યક્ત કરતાં વિચાર્યું.

પછી તો લગ્નની તૈયારીઓ જોરમાં ચાલી. આ બાજુ વનમાળી શેઠના દોસ્તો તો જાણે પોતે પરણવાના હોય એટલા તાનમાં આવી ગયા હતા. બધા વનમાળીના વરણાગી જાનૈયા બનવા થનગની રહ્યા હતા. એમના શેઠ વરણાગિયા હતા તો પછી જાનૈયા શા માટે સાદા રહે! એમણેય પગની મોજડીથી માંડીને કાશ્મીરી ટોપી સુધી સંપૂર્ણ અમદાવાદી શેઠિયા તરીકે જાનમાં જવાની તૈયારીઓ કરી લીધી હતી. વનમાળીનાં દૂરનાં સગાંય વનમાળી શેઠની સાથે પોતાનાં સગપણ પાકાં કરી ગયાં હતાં ને જાનમાં આવવાની આડકતરી  તૈયારી દર્શાવી ગયાં હતાં.

વનમાળી બધું જોતો ને પોતાના નસીબને હસી રહ્યો હતો. હજુ ગઈ કાલ સુધીનો વિનુ વરણાગિયો આજે વનમાળી શેઠ બની ગયો હતો તે નસીબ નહીં તો બીજું શું? એષણાએ એક વખત એનો હાથ પકડ્યો હતો એ વાત ભલે જૂની થઈ ગઈ હતી છતાં વનમાળી હજુ એ ભૂલ્યો ન હતો, ભૂલવા મગતોય ન હતો.

એ એષણાને ઘણી વખત એ વાત યાદ દેવડાવતો હતો. એષણા એને એ વાત યાદ ન કરવા વારંવાર ટોકતી હતી. પોતે એક મિત્ર તરીકે એની નોકરી માટે ભલામણ કરી હતી એ કાંઈ બહુ મોટી વાત ન હતી. એ તો કોઈ બીજા માણસ માટેય કરી હોત. વનમાળી આગળ આવ્યો એ તો એની આવડત અને એના નસીબને કારણે જ.

⬍

ને જેની તૈયારીઓ ત્રણ મહિના ચાલ્યા કરી હતી એ લગ્નો દિવસ આવી પહોંચ્યો. એક તો દામોદર શેઠ આખા અમદાવાદમાં જાણીતા હતા અને સામે પક્ષે વનમાળી શેઠ પણ આખી નાતમાં બધાની નજરમાં વસી ગયેલો હતો અને બજારમાં એણે જે નામના થોડા જ વખતમાં મેળવી લીધી હતી એ જોતાં આ અવસર જાણે કોઈ જાહેર અવસર હોય એવી હવા ચારે તરફ ફેલાઈ ગઈ હતી.

જેમ લગ્ન પહેલાંની વિધિ દામોદર શેઠને ત્યાં હતી તેમ વનમાળી શેઠને ત્યાં પણ મંડપ, વાજાં અને મહેમાનોથી ઘર ગૂંજી રહ્યું હતું. અરે દામોદર શેઠના કેટલાય નાતીલા અને દોસ્તો તો શેઠને ત્યાંથી વિધિ ચાલતી હોય ત્યાં ઊઠવા માંડતા હતા. શેઠ એમને કશું પૂછે તે પહેલાં જ એ લોકો કહેતા હતાઃ 'હજુ તો વનમાળી શેઠને ત્યાંય વિધિમાં હાજરી આપવાની છે એટલે વહેલા નીકળવું પડે છે.'

દામોદર શેઠ બધું સમજતા હતા ને મનમાં આનંદ પામતા હતા.

વનમાળીના વરઘોડામાં તો દામોદર શેઠ જાતે જ હાજર રહ્યા હતા. વનમાળીનેય આશા ન હતી કે ઘરનો અવસર અને મહેમાનોને છોડીને શેઠ એના વરઘોડામાં મહાલવા આવી શકશે. એણે શેઠને આવતા જોયા ને સામે જઈ એમને પગે લાગ્યોઃ 'આપને ત્યાં આટલા બધા મહેમાનો હશે એટલે મને લાગતું ન હતું કે આપ આવી શકો. આપ આવ્યા એટલે જાણે વરઘોડાની શોભા જ વધી ગઈ. બા નથી આવ્યાં?'

'એ પાછલે રસ્તે સીધાં જ ઘરમાં એમની બેનપણીને મળવા પહોંચી ગયાં છે.' શેઠે કહ્યું ને વનમાળી પોતાના બે દોસ્તોને શેઠનો હવાલો સોંપીને બાને મળવા ઘરની અંદર પેઠો. અંદર કનકગૌરી અને મંગળી શેઠાણી હેતે મળીને જૂનાં બેનપણાં તાજાં કરી રહ્યાં હતાં. વનમાળી જઈ એમને પગે લાગ્યો અને વરઘોડામાં આવ્યાં એ બદલ એમનો આભાર માની રહ્યો. એક બટકબોલી સ્ત્રીએ તો કહ્યુંય ખરુંઃ 'વેવાણ વરઘોડામાં નહીં આવ્યાં હોય પણ જોવા આવ્યાં હશે કે એમની મોટા ઘરની દીકરી આ નાનકડા ઘરમાં સમાશે કે નહીં!'

ને એ બોલનારીને ઓળખી કાઢતાં કનક શેઠાણીએ કહ્યુંઃ 'તારે બધું અજાણ્યું હશે પણ મારે તો મારી

બેનપણીનું ઘર છે ને આજે વરસથી જોઈ મૂકેલું છે. ને મારી દીકરીનેય વરસથી બતાવી મૂકેલું છે. પછી એમાં ના સમાવાનો સવાલ જ નથી ઊઠતો.' ને બધાં હસી પડ્યાં. ભેગાં થયેલાં લગભગ બધાંને ખબર હતી કે આ સંબંધ વરસ પહેલાંનો નકકી થયેલો હતો. હા, એની જાહેરાત જ હજુ બે મહિના પહેલાં થઈ હતી એટલું જ.

વનમાળીનો વરઘોડો નીકળ્યો ત્યારે જેણે વનમાળીને જોયો એ બધા મોઢામાં આંગળાં નાખી ગયા. આડે દા'ડેય એ ઘરની બહાર નીકળે તો નજર લાગી જાય એવો શોભતો હોય એવો વરણાગી વનમાળી આજે જ્યારે પરણવા નીકળ્યો હોય ત્યારે એની વરણાગીમાં કશું કહેવાનું હોય ખરું! એક તો બધી વાતે રૂપાળો અને પાછી પીઠી ચઢી હોય. એક પરિચિત સ્ત્રીએ તો કહ્યુંય ખરુંઃ 'એષણાએ રૂપ જોયું હશે, દામોદર શેઠે એનું ખમીર પારખ્યું હશે ને શેઠાણીને તો પોતાની બેનપણીનો દીકરો એટલે દીકરા જેવો જ લાગ્યો હશે. બધાંની મુરાદ સામટી પૂરી થઈ, બેન.'

વનમાળીના વરઘોડામાં જેટલા એના પક્ષના માણસો હતા એના કરતાંય દામોદર શેઠના મેળાપીઓ વધારે હતા. શેઠ મનોમન પોરસાતા હતા કે વનમાળીએ થોડા જ વખતમાં આટલું નામ કાઢ્યું છે તે આગળ જતાં એ શું નહીં કરે! પોતે ઊંઘતા રહ્યા ને પોતાની દીકરીએ ઉકરડેથી રતન શોધી કાઢ્યું કે જેને લોકો પોતાની પરખ ગણીને બિરદાવી રહ્યા છે. એષણા જો છેલ્લે પાટલે જઈને ના બેઠી હોત તો પોતે હજુય વનમાળીની કિંમત ન જ સમજ્યા હોત.

લગ્નની ઉજવણીમાં તો કશું કહેવાપણું હોય જ ક્યાંથી? કાર્યક્ષમ વહીવટદારો અને ઉઘાડી નાણાંકોથળી. આખું અમદાવાદ જાણે હિલ્લોળે ચઢ્યું હતું. શેઠે મીલના કામદારોને તો આગલે દિવસે જમાડી દીધા હતા પણ લગ્નને દિવસેય એમાંના અડધાને તો પાછાં નોતરાં હતાં જ. શેઠે બધાને બેસવા ઊઠવાથી માંડીને આગતા સ્વાગતાની એવી વ્યવસ્થા ગોઠવી હતી કે જે લોકો આવ્યા હતા એમનેય લાગ્યા વગર ન રહ્યું કે એક મીલમાલિકની દીકરીને લાયક લગ્નની ઉજવણીમાં હાજર રહેવાનો એમને મોકો મળ્યો હતો.

મંડપની શોભા એવી કરી હતી કે આવનાર જાણે કોઈ અજાણી ધરતી પર આવી ગયા હોય એમ એની રોનક આંખોમાં ભરી લેવા મંડપની અંદર ઘૂમ્યા જ કરતા હતા. લાઈટો, રંગોળી, રંગીન ફુવારા, જાજમો, ગદલાં ને તકીઆ. બધું જ જાણે નવું નકકોર, ખાસ આ અવસર માટે જ બનાવરાવ્યું હોય એવું તાજું.

શેઠે બધાને ટેબલ ખુરશી પર જમણ આપ્યું અને કેટલીય વાનગી પિરસાવી હતી કે જેમાંની કેટલીકનાં તો લોકોને નામેય ખબર ન હતાં. જમ્યા પહેલાં ને પછી ચા, કૉફી, સોડા, લેમન ને આઈસ્ક્રીમની તો જાણે પરબો જ ખોલી હતી.

કનક શેઠાણીનો મંગળી શેઠાણીને ફટાણે ચડાવવાનો કાર્યક્રમ અધ્ધર જ રહી ગયો હતો. શેઠે ઓલ ઈંડિયા રેડિયો પરનાં ગાનારાંને લગ્ન વખતે લગ્નગીતો ગાવા માટે ખાસ બોલાવ્યાં હતાં.

એષણાની બધી બેનપણીઓય વનમાળીની સખીઓ હોય એવી લાગતી હતી. એમાંની કોઈ વનમાળીથી અજાણી ન હતી. એમની મોટાભાગની તો વનમાળીને પોતાની પાર્ટીમાં બોલાવી ચૂકી હતી. અરે કેટલીકે તો ખાસ વનમાળીને બોલાવવા માટે જ ક્યાં પાર્ટી ગોઠવી ન હતી? એમને માટે તો આ અવસર બેવડી ખુશીનો હતો. એ તો વનમાળીની ચારે બાજુ મંડળાયેલી જ રહેતી હતી.

ને એમ વનમાળી શેઠ રંગેચંગે પરણી ગયા. ને બે દિવસ પછી એમનો ધંધો સંભાળીને બેસીય ગયા. પણ પેલાં વરઘોડિયાંને જમાડવાની યાદી એમના હાથ કરતાંય લાંબી હતી અને કેટલાક રહી ગયેલા એ યાદીને વધારે લાંબી કરવા માટે ફોન પર ફોન કરી રહ્યા હતા. હવે વનમાળી વિચારતો હતોઃ એના કરતાં તો અઠવાડિયું દુકાન બંધ કરીને પોતે હનીમૂન પર ક્યાંક દૂર ચાલ્યાં ગયાં હોત તો કશું ખોટું ન હતું. પણ પાછા આવ્યા પછીય પેલી યાદીના તો જવાબ આપવાના જ હતા ને!

અનુક્રમ→

# ૫. વનમાળી શેઠ જમણે ચઢ્યા

વનમાળીએ પોતાનાં પક્ષનાં સગાંને તથા દોસ્તોને તો સમજાવી દીધાં હતાં કે એમને ત્યાં પોતે અનુકૂળતાએ સામે ચાલીને જમવા આવવાનું કહેવડાવશે, પણ પહેલાં સામેવાળાંનું પતી જાય એટલે ધંધામાં પોતે થોડું ધ્યાન આપે પછી એ થોડી નવરાશ મેળવી શકશે. પણ એષણાની બેનપણીઓ અને એના તરફનાં સગાંને એમ સમજાવી શકાય એમ ન હતાં. એમને તો બે દિવસ આઘાપાછા કરીનેય તારીખ આપવી જ પડતી હતી.

એષણાની બેનપણીઓ તો વળી પોતાને અનુકૂળ તારીખ અને સમયનો જ આગ્રહ રાખતી હતી. તો કેટલીક તો આગાઉથી હોટેલમાં બૂકિંગ કરાવવા માટે કાગારોળ મચાવી રહી હતી. છેવટે વનમાળીએ થાકીને એ બધું નક્કી કરવાનો હવાલો એષણાને જ સોંપી દીધો. એ એને જેમ ફાવે એમ તારીખો આપે એટલે વનમાળીએ ફક્ત એની એ તારીખો સચવાય એટલું જ જોવાનું હતું.

એણે દુકાનમાં પોતાના બે દોસ્તોને ગુમાસ્તા તરીકે રાખી લીધા હતા, એટલે એની ગેરહાજરીમાં પણ દુકાન રાબેતા મુજબ ધંધો કરતી રહે અને ગ્રાહકોને સંતોષ મળતો રહે એની કાળજી લેવામાં કશી અગવડ પડતી ન હતી.

પણ આ બધી ઊંચા સમાજની પાર્ટીઓમાં એને એષણાની બેનપણીઓના અને એના પુરુષમિત્રોના જાત જાતના અનુભવ થવા માંડ્યા. એષણાની કેટલીય બેનપણીઓ વનમાળીને ભેટતી અને કયારેક ગાલે આછો બુચકારોય બોલાવી લેતી. વનમાળી એ ઊંચાં ખાનદાનની અછકલાઈથી કદીક શરમાઈ રહેતો તો કદીક મનમાં ગુસ્સોય કરી લેતો. હા, એણે કદી પોતાની એ ભાવના જાહેર થવા દીધી ન હતી. એ રાતે ઘેર ગયા પછી એષણાને આ વાત કરતો. એષણા એની વાતને હસી કાઢતી ને એને ભદ્ર સમાજની એ ગાડીએ બેસી જવાનો એને સામેથી ઈશારો કરતી.

વનમાળી મનમાં મૂંઝાતો પણ એણે એષણાની સામે કયારેય દલીલ કરવાની કોશિશ કરી ન હતી. એણે જ્યારે એષણાના પુરુષમિત્રો એને ભેટતા કે એને ડાન્સમાં ઢસડી જતા ત્યારે મનમાં કચવાટ અનુભવ્યો હતો પણ એણે થોડો વખત તો ધૈર્ય ધરીને એષણાને એ બાબતે કશી ટકોર કરી ન હતી.

પણ એક દિવસ તો એષણાનો એક દોસ્ત જ્યારે ડાન્સ માટે નાના કરતી એષણાને જાણે ઊંચકીને જ ડાન્સ કરવા લઈ જતો હોય એમ ખેંચતાણ કરતો હતો ત્યારે એનાથી ન રહેવાયું. એણે પેલાની અને એષણાની વચ્ચે પેસી જઈ પેલાને રીતસર ધકકો મારતો હોય એમ એક બાજુએ હડસેલી મૂકતાં કહ્યું: 'સભ્ય સમાજની પાર્ટીમાં આવ્યો હો તો સભ્યતાથી વર્તન કર.'

'તે તું મને સભ્યતા શિખવાડીશ એમ! બે ચાર ફૂકા ભેગા થયા અને દામોદર શેઠે તને છોકરી આપી એટલે તું કાંઈ ઊંચા ખાનદાનનો નથી બની ગયો. ખાનદાની કમાવાતી નથી એ તો પેઢીગત વારસામાં મળે છે.' ને બીજા લોકો તરફ ફરતાં ઉમેર્યું: 'રંડી પુત્ર શાહજાદા.'

ને વનમાળીનો ગુસ્સો માઝા મૂકી ગયો. એણે પેલાને આડા હાથની એક એવી દઈ દીધી કે એનો નશો ઊતરી ગયો. આસપાસથી બધાએ દોડીને વનમાળીને પકડી લીધો. કેટલાકે એને સમજાવવા પ્રયત્ન કર્યો: 'તમેય શું શેઠ, એને તો પીધા પછી આવી નાટારંગી કરવાની ટેવ પડી છે પણ તમેય નથી સમજતા? આમ હાથ ઉપાડાતો હશે!'

'એણે મને રંડી પુત્ર શાહજાદા એવું કહીને ટોણો માર્યો એટલે મેં એને એની ઓખાત બતાવી દીધી. હવે આ આખી પાર્ટીની વચ્ચે એ એની માનું કુળ બતાવે અને હું મારી માનું પિયર બતાવું એટલે ફરીથી એને આવી પાર્ટીઓમાં આવવાનું જ ના રહે. બોલાવો એને.' વનમાળીએ હાકલ કરી.

'તમને ખબર નથી, એ ધનવંત મીલવાળા માધવ શેઠનો દીકરો સૌમીલ છે!' કોઈકે કહ્યું.

'એણે મારી માનું નામ લીધું એટલે મારે એની માના પિયર વિશે જ ચૉકાવટ કરવી છે. બાકી મારા બાપ કોણ હતા એની તો આજે અડધા અમદાવાદને ખબર છે ને માધવ શેઠ મારાં માના બાપની મીલમાં ચોપડા લખતા હતા એની તો મનેય ખબર છે. પણ એની માના બાપ શું કરતા હતા એ મારે જાણવું છે.'

'હું જોઈ લઈશ, જોઈ લઈશ.' કરતા પેલાને એના બે દોસ્તો એને બહાર ખેંચી ગયા. એષણા વનમાળીના આ વર્તનથી છોભીલી પડી ગઈ હતી. એ વનમાળીને એક તરફ ખેંચી ગઈ.

'તારે ગુસ્સા પર કાબૂ રાખવો જોઈએ. દોસ્તોમાં તો એવું બધું થયા જ કરતું હોય છે. આજ પહેલાં તું મને મારી બેનપણીઓના આવા વર્તન વિશે કહ્યા કરતો હતો, આજે મારા દોસ્તે એવું કર્યું ને તું ઉશ્કેરાઈ ગયો. તારે તારી પ્રતિષ્ઠાનો ખ્યાલ રાખવો જોઈએ. કોક જાણે કે દામોદર શેઠના જમાઈએ મારામારી કરી તો તારું કેવું ખરાબ દેખાય?'

'ને પેલો તારી સાથે આવી બેશરમી કરતો હતો ત્યારે વનમાળી શેઠનું કેવું દેખાશે એનો ખ્યાલ એને કે તને ખુદનેય હતો ખરો? જો સાંભળી લે એક વાતની ચૉકાવટ હું તારી સાથેય કરી લઉં. આજથી તારી કોઈ બેનપણીની પાર્ટીમાં આવા બેશરમ માણસોને બોલાવ્યા હશે તો પછી કોઈ પાર્ટીમાં હું નહીં આવું કે તનેય નહીં જવા દઉં.'

'એમ કરીએ તો આપણે માટે લોકો કેવી વાતો કરશે એની કશી તને ખબર છે?'

'એ લોકો એમને ગમે તેવી વાતો કરશે પણ એમને એક વાતની તો ખાતરી થઈ જ જશે કે આપણે કેવા સ્તરનાં માણસો છીએ. જે આપણી બરાબરીના લોકો હશે એમની સાથે આપણો વહેવાર રહેશે ને નીચલા સ્તરના હશે એ પોતાની ઓખાત સમજીને આપણાથી આઘા રહેશે.'

વનમાળીની આવી સ્પષ્ટ વાતથી એષણા ગૂંચવણમાં પડી ગઈ. તેણે કહ્યુંઃ 'આપણે ઘેર જઈએ. તું આજે ઘણો ગુસ્સામાં છું એટલે આપણે ઘેર જઈને વાત કરીશું.'

એ રાતે એમની વચ્ચે પહેલી જ વખત સામસામી દલીલબાજી થઈ. વનમાળીએ મનથી નકકી કરી લીધું હતું કે એષણાએ પોતાનો હાથ પકડ્યો ન હોત તો અત્યારે પોતે જે પાયરીએ પહોંચ્યો છે એ પાયરીએ ન જ પહોંચી શકયો હોત. કદાચ કયાંક નાનીમોટી વૈતરા ટાઈપ ગુલામી કરતો હોત.

એટલે બને ત્યાં સુધી એષણાને ઉચાટ થાય એવું પગલું કયારેય ન ભરવું. પણ આજે એણે જે જોયું એ તો એક પતિ તરીકે એની આંખમાં લોહી ઊતરી આવે એવું જ હતું. જો પોતે આવી નાદાનિયતની આડે સમયસર પાળ ન બાંધે તો ભવિષ્યમાં પોતાની પતિ તરીકેની પ્રતિષ્ઠા ને જમાવેલી આબરૂને પણ આંચ આવશે એવું તેને લાગ્યું હતું.

'તને ખબર છે, એ મારી બેનપણી શર્મિનો ભાઈ હતો. હવે મારે કાલે શર્મિને કે એનાં ઘરવાળાંને કેમનું મોઢું બતાવાશે?'

'ને એ તને બધાની વચ્ચેથી ઢસડીને ડાન્સમાં ખેંચી ગયો હોત તો મારાથી આખી જિંદગી કોઈને મોં કેવી રીતે બતાવાત એનો તેં વિચાર કર્યો છે ખરો? ને આજે જ્યારે વાત નીકળી છે ત્યારે મને છેવટનું સત્ય સ્પષ્ટ કરી લેવા દે કે મારે લીધે તારું ખોટું દેખાય એવું હું કયારેય નહીં કરું કે તારે લીધે મારું ખોટું દેખાય એવું હું કયારેય ચલાવી નહીં લઉં.'

'પણ આમાં તારું કે મારું ખોટું દેખાવાની વાત જ કયાં હતી? આવું તો બધી પાર્ટીઓમાં ચાલતું જ હોય છે' એષણાએ કહેવા કર્યું.

'જો આવું બધી પાર્ટીઓમાં ચાલતું હોય તો આપણે એવી પાર્ટીઓમાં જવાનું બંધ કરી દઈએ એમાં ખોટુંય શું છે?'

'પણ હું એકલી પાર્ટીઓમાં જાઉં તો કેવું લાગે?'

'મને લાગે છે કે તું મારી વાત સમજી જ નથી. કોઈ તારી સાથે આવા ચાળા કરે એનાથી તારું જેટલું ખરાબ દેખાય એનાથીય વધારે ખરાબ મારું દેખાય. વળી મારી હાજરીમાં કોઈ તારી સાથે આવું વર્તન કરવાની હિંમત કરતો હોય એ તને એકલીને પાર્ટીમાં જોઈ કેવું વર્તન કરે એય તને નથી સમજાતું?'

'મને તારી વાત નથી જ સમજાતી. મને લાગે છે કે તું વધારે પડતો જેલસ થઈ ગયો છું. હવે તું જ કહે કે આપણે શું કરવું જોઈએ?'

'હું ક્યારનો એ જ કહું છું પણ તારી સમજમાં એ વાત ઊતરતી નથી. હવે તું કે હું કૉલેજમાં ભણતાં મનસ્વી બારકસ રહ્યાં નથી. આપણે ઘર માંડીને બેસી ગયાં છીએ. આપણને હવે એ કૉલેજકાળની ઉછળકૂદ શોભે નહીં. આપણે આપણાં બેય ઘરની આબરૂનો વિચાર કરવાનો છે. કોઈ આપણે માટે કોઈ વાતે ખોટો ખ્યાલ ન બાંધે એ આપણે જોવાનું છે.' વનમાળીએ એને સમજાવટથી કહ્યું.

'જો આપણે એવું કરીશું તો બધા આપણાથી દૂર ભાગવા માંડશે અને કહેશે કે આપણે અભિમાની થઈ ગયાં છીએ.'

'એવું માનશે તો એ આપણને પોસાશે પણ કોઈ આપણા ચારિત્ર્ય વિશે વાત કરે એ નહીં પોસાય. એક વખત તું એ પગલે ચાલવા પ્રયત્ન કરી જો. લોકો બે દિવસ વાત કરીને શાંત થઈ જશે પણ પછી એ જ લોકો આપણી પ્રશંસા કરતા આવશે.'

એષ્ણાને એક વખત તો લાગ્યું કે વનમાળી ધણીપણું કરતો હતો પણ એણે ઘરમાં કંકાસ ન થાય એટલે એની વાત સ્વીકારી લીધી. 'ચાલો તારી વાતનું પારખું કરી જોઈએ. પણ જો એમાં તારા કહ્યા પ્રમાણે પરિણામ ન આવે તો પછી તારે મારી વાત સ્વીકારવી પડશે.'

'મારી વાત સાચી થઈને જ રહેશે જો આપણે મક્કમ રહીશું તો.' વનમાળીએ વાતનું પૂર્ણવિરામ મૂક્યું.

જેને ત્યાં જમણનાં નોતરાં ઊભાં હતાં તેમની સામે પછી બેય જણે પોતાની શરતો મૂકવા માંડી. કેટલાકને એ ન ગમ્યું પણ મોટા ભાગનાંયે એ વગર વિરોધે સ્વીકારી પણ લીધું. એમને એષ્ણા કે વનમાળીને નારાજ કરવાં ન હતાં.

જેમને એમની વાત કઠતી હતી એમણે એની સામે ઘણી દલીલો કરી પણ વનમાળીએ અને એષ્ણાએ મક્કમ રહીને આવા લોકોનાં નોતરાં રદ કર્યાં. થોડા દિવસો પછી એ જ લોકો પોતાનાં નોતરાં પાકાં કરી ગયા. પાર્ટીમાં આવી દારૂની મહેફિલ માણતાં અટકચાળાં કરનારાઓને આ ન ગમ્યું ને એવા કેટલાકે તો આવી લુખ્ખી પાર્ટીમાં આવવાનું સામેથી માંડી વાર્યું.

એષ્ણાની બેનપણીઓને લાગ્યું કે વનમાળીએ જ આ ચકકર ચલાવ્યું હતું અને એષ્ણાને એમાં જોડાઈ જવું પડ્યું હતું. એમણે એષ્ણાને આ વાતની ટકોર પણ કરી હતી પણ એણેય જ્યારે પેલી પાર્ટીઓમાં થતા તાયફા સામે પોતાની અસંમતિ બતાવી ત્યારે તો એની બેનપણીઓય બોલતી બંધ થઈ ગઈ હતી. ને ખરી મઝા તો ત્યારે આવી કે ખુદ શર્મિએ પાર્ટી આપી ને એમાં જ સૌમીલને ન બોલાવ્યો. પેલાએ બાપની પાસે એનો વિરોધ નોધાવ્યો તો એના બાપે એને જાહેરમાં સારી રીતે વર્તવા બાબતમાં ખાસ્સું લેક્ચર આપી દીધું.

જો કે માધવ શેઠનેય વનમાળીએ એમની પત્નીના કુળની અને પોતે એક વખત એના નાનાની મીલમાં ચોપડા લખતા હતા એ જે વાત કરી હતી એમાં વનમાળીનું અભિમાન દેખાયું હતું. પણ એ પાકા વાણિયા હતા.

એમને ખબર હતી કે અત્યારે એની વાતનો વિરોધ કરવા જતાં બદનામી જ મળે એમ હતી. પણ વખત આવ્યે દામોદર શેઠને કાને વાત નાખવાનો વિચાર તો એમણે કર્યો જ હતો. અને ક્યારેક વનમાળી લાગમાં આવી જાય તો એ દામોદર શેઠનીય શરમ ભરે એવા ન હતા.

વનમાળીનેય હવે લાગવા માંડ્યું હતું કે એણે ધંધામાં પગ જમાવવામાં તો એકલા દામોદર શેઠ સામે પડવાનું હતું જ્યારે સમાજમાં પગ જમાવવા તો એણે આખા એ સમાજ સામે પડવા જેવો ઘાટ થવાનો હતો. પણ પૈસાને જોરે સમાજમાં પ્રતિષ્ઠિત થઈને બેસી ગયેલા એવા લોકો સામે પડવાની એને ચાનક ચઢતી હતી.

દામોદર શેઠ સામે તો એ જીતી ગયો હતો પણ આ બની બેઠેલા ખાનદાનીઓ સામે પડવામાં એને એષ્ણાનો સાથ મેળવવામાં પણ તકલીફ પડવાની હતી. કારણ કે એ પણ થોડે વત્તે અંશે એમનામાંની જ એક હતી.

એણે મનથી નકકી કરી લીધું હતું કે એણે સસરાના જોર પર નહીં પણ પોતાની આવડત અને પોતાના નસીબને સહારે જ આગળ વધી એ સમાજને મહાત કરવાનો હતો. પૈસાની રેલમછેલને કારણે એમાં ને ખાસ તો એના જુવાનિયા ટોળામાં અનેક બદીઓ ઘર કરી ગઈ હતી અને આ બદીઓ જાણે પ્રતિષ્ઠાની પ્રતીક હોય એમ માનીને વધુને વધુ લોકો એમાં ભળી રહ્યા હતા.

માધવ શેઠ ભલે વાણિયા હતા પણ એમનો સૌમીલ એમના જેવો ન હતો. એને તો તે દિવસની પાર્ટી પછી ચેન જ પડતું ન હતું. આખી પાર્ટીની વચમાં એણે પોતાની મા વિશે જે કહ્યું હતું એનાથી એને નીચા જોણું થયું હતું. એની માના બાપ પૈસાવાળા હતા અને મીલવાળા પણ થયા હતા પણ મૂળ તો એ એક ખવાસણના પ્રેમમાં પડેલા અને એની સાથે પરણી ગયેલા. ને તેનો વસ્તાળ એ માધવ શેઠનાં પત્ની. જે નહોતા જાણતા એમણેય બીજાને પૂછીને જાણી લીધું હતું.

એ વખતે કન્યાની અછત હતી એટલે કેટલીય નીચી નાતની છોકરીઓ નાતમાં પરણીને આવતી અને શેઠાણી બની જતી હતી. અને વળી આ તો પૈસાવાળા એટલે એ વાતનો એ વખતે ઝાઝો ઉહાપોહ થયેલો નહીં. ને વખત જતાં એ ખવાસણ શેઠાણી બની ગયેલી.

ને એમની એકની એક દીકરી સાથે આ ગરીબ ઘરના માધવ શેઠનાં લગન થયેલાં ને પછી તો વારસામાં મીલ અને આખો ધંધો મળતાં માધવ શેઠ સાચા શેઠ બની ગયેલા. પણ કોઠી ધોઈને કાદવ કાઢવાની કોઈને જરૂર જણાયેલી નહીં અને માધવ શેઠનો સ્વભાવ પણ સારો એટલે બધું દાબોદાબ રહેલું.

હવે જ્યારે સૌમીલે હાથે કરીને બધા પોપડા ઉખેડવા માંડ્યા એટલે જે નહોતા જાણતા એય હવે તો માધવ શેઠનાં સાસરિયાં વિષે જાણવા માંડ્યાં હતાં.

સૌમીલ પોતાની રીતે આ બદનક્ષીનો બદલો લેવાની વેતરણ કરતો હતો પણ એના મનમાં એવો કોઈ પ્લાન આવતો ન હતો કે જેનાથી એ વનમાળી સામે કે દામોદર શેઠ સામે બદલો લઈ શકે. છેવટે એણે કોઈ માથાભારે ટોળકીને રોકીને વનમાળીને પાઠ ભણાવવાનો પ્લાન ઘડ્યો. આબરૂની બાબતમાં તો એને વનમાળીમાં કે એના કુટુંબમાં એવી કોઈ ઊણપ દેખાતી ન હતી કે એ બાબતમાં એ બદલો લઈ શકે.

એક દિવસ વનમાળી શેઠ દુકાનેથી ઘર તરફ જવા કારમાં બેસવા જતો હતો ત્યાં બે ગુંડા જેવા માણસોએ એનો રસ્તો રોક્યો. એકે એની ફેટ પકડી અને બીજાએ એના મોં પર મૂક્કી ઝીંકી. વનમાળી એક તરફ નમી ગયો એટલે પેલાની મૂક્કી વનમાળીના મોં પર પડવાને બદલે કારના છાપરા પર ઝીંકાઈ ને પેલો પોતાનો હાથ પકડી બેસી ગયો.

એવામાં એક પોલીસવાળો આવી પહોંચ્યો. એણે વનમાળી શેઠની ફેટ પકડીને ઊભેલા માણસને જોયો ને સમય ગુમાવ્યા વગર એણે પેલાને આડા હાથની એક દઈ દીધી કે પેલો ઊભા થવા જતા એના સાથીદાર ઊપર જ પડ્યો.

પોલીસ જમાદારે વનમાળી શેઠને ઓળખ્યા અને પેલા બેયને એક જ હાથકડીમાં જકડી લીધા. હજુ બે મહિના પહેલાં જ વનમાળી શેઠના લગ્ન વખતે બંદોવસ્તમાં જમાદારને જવાનું થયું હતું એટલે એને વનમાળી શેઠ કોણ હતા એની બરાબર ખબર હતી.

જમાદારે પેલા બેયની પીઠ પર બેબે દંડા મારીને શેઠની ફેટ પકડવાની સજા તો વગર વિલંબે ફટકારી જ દીધીઃ 'કાલે દુકાને આવીને અમે તમારું બ્યાન લઈ જઈશું, ત્યાં સુધીમાં તો આ બેય જણને પોપટની જેમ અમે બોલતાય કરી દઈશું.'

'ભલે, કાલે દુકાન પર જ ઠીક રહેશે.' વનમાળીએ કહ્યું ને કાર ચાલુ કરી.

બીજે દિવસે પેલા જમાદારને સાથે લઈને એક પોલીસ ઈન્સ્પેક્ટર જાતે જ દુકાન પર આવી પહોંચ્યા. એ કહેઃ 'શેઠ, તમે કહો એમ કરીએ, આ તો તમારા મોટા લોકની વાતો. તમને માર મારવા આ લોકોને તમારા જ એક દોસ્તે રોકયાની વાત બહાર આવી છે. માધવ શેઠના દીકરા સૌમીલ શેઠે આમને રોકયા હતા. તમે કહો તો કેસ લખીએ ને તમે બેય દોસ્તો છો તે આપસમાં સમજી લેતા હો તો અમારે વચમાં પડવું ન પડે.'

'જુવો અમલદાર, હું એવા કોઈ હલકા વિચારના દોસ્તો રાખતો નથી. તમે માનો છો ને કે કોઈને બજાર વચ્ચે માર મારવા ભાડુતી ગુંડા રોકે એ માણસ મારા જેવા વેપારીવર્ગના માણસનો દોસ્ત કહેવડાવવાને લાયક ન જ હોય. તમે તમારે કાયદેસરનાં કાગળિયાં કરો અને એને રીમાન્ડ પર લેવો પડે તોય લો. અમારા તરફથી તમને પૂરો સહકાર મળશે.'

આમેય અવા માથાફરેલ જુવાનિયાથી પોલીસખાતું થાકેલું જ હતું તેમાં વનમાળી શેઠ જેવા માણસે છૂટો દોર આપ્યો, પછી તો કહેવાનું જ શું હોય? પોલીસે એને એના બાપની શરમ રાખ્યા સિવાય પૂરી જ દીધો. છેક રાતે બાર વાગ્યે એના બાપને ખબર પડી ને એમણે વકીલને દોડાવ્યો ત્યારે માંડ એને છોડાવી લવાયો. હવે એમણે વનમાળી કે દામોદર શેઠને આવું ન કરવા કહેવું હોય તોય કયે મોઢે કહે? એમને ખોટું તો ઘણું લાગ્યું પણ વાંક જ પોતાના દીકરાનો હોય ત્યાં એમનાથી કશું બોલી જ કયાંથી શકાય?

માધવ શેઠને આ અપમાન પચાવવું અઘરું પડ્યું. એમણે સૌમીલને તો ખાનગીમાં ઘણો ઠપકો આપ્યો પણ પોતાના મનમાં પણ ગાંઠ વાળી કે વનમાળીને લાગ આવ્યે એ બતાવી આપશે કે માધવ શેઠની સામે પડવાની શી કિંમત ચુકવવી પડે છે. પણ એ હતા સાત મુત્સદ્દીનાય મુત્સદ્દી. એ જો સૌમીલની જેમ ઉઘાડા ઊઠે તો પછી એમનામાં ને સૌમીલમાં ફેર શો?

એમણે ન તો એ બદલ દામોદર શેઠને કશી ફરિયાદ કરી કે ન તો વનમાળીને કશું કહ્યું. એમણે જાણે કાંઈ જ ન બન્યું હોય એમ વાતને ઢાંકી જ દીધી. એમણે મનથી નકકી કર્યું કે વખત આવ્યે જોયું જશે.

પણ સૌમીલ એના બાપ જેવો મુત્સદ્દી ન હતો. એણે તો શેઠની શિખામણ ઝાંપા સુધી ગણીને બાપની શિખામણ અભરાઈએ ચઢાવી દીધી હતી ને પોતાની રીતે વેર લેવાની યોજનાઓ બનાવવા માંડી હતી. અને એની યોજનાઓ એટલે છોકરમતની. એ પૈસાના મદમાં છકી ગયેલો તો હતો જ. વળી બધાની વચમાં વનમાળીએ તેને એક જમાવી દીધી હતી ને બાકી હતું તે લૉક-અપની હવા ખવડાવીને પૂરું કર્યું હતું.

સૌમીલને જેટલા સંબંધો સભ્ય સમાજમાં હતા એના કરતાં અંડર વર્લ્ડમાં વધારે હતા. એણે એમનો સંપર્ક સાધ્યો હતો અને વનમાળીને સીધો કરવાની સોપારી વહેંચી હતી. વનમાળીને પતાવી દેવા જેટલી હદે જતાં તે ડરતો હતો પણ એને હલકો કરવાની અને આબરૂ વગરનો કરી નાખવાના મનસુબા તે ઘડી રહ્યો હતો.

અનુક્રમ→

# 6.મગન મેલા

મગન મેલા એના નામ પ્રમાણે બધા મેલા ધંધાનો બેતાજ બાદશાહ ગણાતો હતો. એ હતો ચરોતરમાંથી તડીપાર થયેલો બદમાસ. એ બે નંબરના બધા જ ધંધાનો માહેર હતો. અમદાવાદમાં આવીને એણે પોતાના જાકુબીના ધંધાનો પથારો એવો તો જમાવી દીધો હતો કે ભલભલા પોલીસવાળાય એનાથી બાર ગાઉ દૂર ભાગતા હતા.

એને પોતાના જાકુબીના ધંધામાંય કોઈની તો ઓથ જોઈએ ને! સૌમીલ અને તેના જેવા બાપકમાઈવાળા છકેલા જુવાનિયાઓ એને ઓથ પૂરી પાડતા ને મગન મેલા એમનાં નાનાંમોટાં કામ પતાવી આપતો. એમનાં કામ એટલે છોકરીઓની બાબતમાં એમની અડફેટે ચઢી ગયેલા કોઈને સીધો કરવાનો હોય કે કોઈને સીધે રસ્તેથી ફંટાવી પોતાની ટોળકીમાં ભેળવવાનો હોય. કદીક કોઈને અમદાવાદનો રસ્તો ભુલાવી દેવાનો હોય.

મગન મેલાનો ધંધો દારૂનો તો પોલીસને ચોપડે ચઢેલો. એમાં તો એ હપ્તા ભરે એટલે એનું કોઈ નામ ન લે. પણ આ કહેવાતા મુખ્ય ધંધાની આડમાં એ બીજા હજાર ધંધા કરે. મીલના મજૂરોને એ દોકડાના વ્યાજે પૈસા ધીરે. એની લેણી રકમ પેલા મજૂરના પગારમાંથી દર મહિને બારોબાર કપાય અને એને પહોંચી જાય. મીલના શેઠનેય એની ખબર ન હોય. બધું બરોબાર પતી જાય.

એ ખંભાતની ગોલણો કે સુરતની દુબળીઓને લાવીને ગરજવાળાં સારાં ઘરોમાં બેસાડી આપે ને મહિને બે મહિને પેલી ઘરેણાંની પોટલી બાંધીને નાસી જાય તો એ ઘરેણાંમાંય મગન મેલાનો ભાગ પડે. ને પેલો લૂટાયેલો માણસ ફરિયાદ કરવા આવે તો મગન મેલા કાને હાથ દઈ દે. કદીક પેલાને સામેથી ધમકાવે તો કદીક રાગે પાડી આપવાની લાલચ આપી બીજા પણ ખંખેરી લે.

તો એના માણસો કયારેક કોઈને સસ્તુ સોનું આપવાનું કહી નકરું પીત્તળ પધરાવી આવે. આવે વખતે મગન મેલાનું નામ કયાંય ન હોય. હા એમાં એનો ભાગ હોય અને પેલાને મગન મેલાની ઓથ હોય. કશુંક આડુંઅવળું થાય તો એ મગન મેલા સંભાળી લે.

હવે સૌમીલ શેઠ જેવો માણસ કોઈ કામ સોંપે તો મગન મેલાથી ના પડાય જ શી રીતે? પણ કામ લીધા પછી જ્યારે એને ખબર પડી કે વનમાળી શેઠને હલકો કરવાનો છે ત્યારે એનેય પરસેવો વળી ગયો. એણે વનમાળી શેઠનું નામ સાંભળ્યું હતું ને એમની લાગવગથી સૌમીલ શેઠ જેવાનેય પોલીસે મધરાત સુધી જેલની હવા ખવરાવી હતી એની તો એને જાણ થઈ ગયેલી જ હતી. એટલે એને એક રીતે તો ગભરાટ થયો પણ એની માથાભારે માણસ તરીકેની છાપ આડે આવી ગઈ. ને એ વનમાળી શેઠને ભરી પીવા તૈયાર થઈ ગયો.

એણે પોતાના બનાવટી નોટોના ધંધામાં માહેર એવા દોસ્ત વનુ રેડ્ડીને તેડાવ્યો. એણે એની સાથે કેટલીક ગુફતેગો કરી અને એક બપોરના સુરતના કાપડના એક ઊગતા વેપારીના સ્વાંગમાં એક દમામદાર માણસ વનમાળી શેઠની દુકાને આવીને ઊભો રહ્યો.

એણે એનું નામ દલપત પસ્તીવાલા જણાવ્યું. એણે દેખાવ એવો ઊભો કર્યો કે એના બાપ-દાદાના પસ્તીના ધંધામાંથી નીકળી જઈને એણે કાપડના ધંધામાં ઝુકાવવાનું નકકી કર્યું હતું. એની પાસે સુરતના ચૉક બજારમાં જગ્યા પણ હતી અને તેણે પાંચ હજાર રૂપિયા ખર્ચીને કાપડના સ્ટોર્સને અનુરૂપ ફર્નિચર પણ બનાવરાવી દીધું હતું. આવતે અઠવાડિયે તો એ પોતાની દુકાનનું વિધિવત્ ઉદ્ઘાટન પણ કરવાનો હતો. ને દુકાનની પહેલી ખરીદી એ વનમાળી શેઠને ત્યાંથી જ કરવા માગતો હતો.

એની આવી વાતોથી વનમાળીને શ્રધ્ધા બેઠી. એણે એના નવા ધંધાની શુભેચ્છા સાથે જોઈતો માલ કીફાયત ભાવે કાઢી આપ્યો. પેલાએ બિલનાં નાણાં કડકડતી નોટોમાં રોકડાં આપ્યાં.

પણ પાઘડીનો વળ જેમ છેડે નીકળે એમ જ્યારે પેલા વેપારીને સ્ટેશન પર મૂકવા ગયેલો વનમાળીનો ગુમાસ્તો પાછો આવ્યો ત્યારે નીકળ્યો. પેલા વેપારીએ સ્ટેશનની અંદર દાખલ થતા પહેલાં જ એને રજા આપી દીધી હતી. પણ એ ગુમાસ્તો અમદાવાદમાં જ ઘડાયેલો હતો અને ઘણા ગોળાનાં પાણી પી ચૂકેલો હતો એણે આડી નજરે જોઈ લીધું હતું કે એ વેપારીએ સુરતની ટિકીટ કપાવવાને બદલે ઉત્તર તરફ જતી ગાડીઓની ટિકીટ-બારીએથી ટિકીટ લીધી હતી. ને એને દાળમાં કાંઈક કાળું હોવાની ગંધ આવી હતી.

ગુમાસ્તાના મનમાં એમ કે શેઠની સાથે પેલાએ વાત કરી હશે છતાં એનાથી પોતાની શંકા શેઠને જણાવ્યા સિવાય ન રહેવાયુંઃ 'શેઠ, એ વેપારીએ સુરતની ટિકીટ લેવાને બદલે ઉત્તર તરફના કોઈ સ્ટેશનની ટિકીટ લીધી હોય એમ લાગ્યું. તે એવોયે સુરતને બદલે મહેસાણા તરફ જવાનો હતો કે શું?'

હવે વનમાળી શેઠના મનમાં ધ્રાસ્કો પડ્યો. પણ શાંતિથી વિચાર કરતાં એને લાગ્યું કે પોતાને ચિંતા કરવાની કશી જરૂર ન હતી કારણ કે એણે બધો માલ રોકડે પૈસે ખરીદેલો હતો. એ સુરત તરફ જાય કે દિલ્હી જાય એમાં એને કશી લેવા દેવા ન હતી. પણ તોય એને આખી રાત ઊંઘ ન આવી. આમાં પેલાની કોઈ રમત હશે એમ એને લાગ્યા કરતું હતું.

⬥

બીજે દિવસે એમનો ગુમાસ્તો બૅંકમાં પૈસા ભરવા ગયો હતો તેણે પાછા આવીને કહ્યુંઃ 'તમને બૅંક મેનેજરે હમણાં જ બૅંકમાં બોલાવ્યા છે.'

ને બૅંક મેનેજરે બોલાવ્યો હોય તો કશુંક અગત્યનું હશે માની વનમાળી ગુમાસ્તાને દુકાન સોંપી બૅંક તરફ ઊપડ્યો. એ બૅંકમાં પહોંચ્યો તો મેનેજર કહેઃ 'તમારે ત્યાંથી આજે બૅંકમાં જે પૈસા ભરવા આવ્યા તેમાં પાંચ હજારની બનાવટી નોટો છે. અમે તમારે ત્યાંથી આવેલી બધી રકમ અલગ રખાવી છે. મને લાગે છે કે તમને કોઈક ગઠિયો એ પધરાવી ગયો હશે. અમારે આવી વાત હોય તો સીધી પોલીસને જાણ કરવાની હોય છે, પણ તમારે કારણે અમે તેમ કર્યું નથી. હવે તમે કહો તેમ કરીએ.'

વનમાળીને સમજાઈ ગયું કે પોતે ક્યાં છેતરાયો હતો. તેણે એટલું ભરણું બાદ કરી બાકીના પૈસા બૅંકમાં ભરાવી દીધા ને પેલી બનાવટી નોટો પરત લઈ લીધી. એણે મેનેજરને કહ્યું કે એના કોઈ માણસની ઉઘરાણીમાં આવી નોટો આવી હશે. પોતે ખાનગી રાહે એની તપાસ કરાવશે. ને એ વાત ત્યારે તો એટલેથી જ પતી. પણ પેલા બદમાસની પાછળ પડી જવાનો ચરખો વનમાળીના મનમાં ચાલુ થઈ ગયો.

એણે પોતાની સાથે કૉલેજમાં ભણેલા અને ડાયરેક્ટ ભરતીમાંથી પોલીસ ઈન્સ્પેક્ટર બનેલા એક પોલીસવાળા અમુલખ દેસાઈનો સંપર્ક સાધ્યો. એક સાંજે દુકાન બંધ કર્યા પછી અમુલખ દેસાઈ અને વનમાળી એક હોટેલમાં મળ્યા. 'મને એક ગઠિયો પાંચ હજારની બનાવટી નોટો પધરાવી ગયો છે.' વનમાળીએ વાતની શરૂઆત કરી.

'દિલ્હી અને બિહારમાં બનાવટી નોટો ફરતી થયાની વાત આવી છે પણ હજુ સુધી આપણા ગુજરાતમાં ક્યાંયથી એવી ફરિયાદ આવી નથી. તને કેમ લાગે છે? એ ગઠિયાએ તને કોઈ અંગત કારણસર નિશાન બનાવ્યો છે કે પછી _'

'મને કોઈ અંગત અદાવતનો વહેમ નથી. અમારી લાઈનમાં બધા વેપારી સંબંધો જ હોય છે ને એ તો પેઢી દરપેઢી ચાલ્યા કરતા હોય છે. પૈસા વહેલામોડા મળે એ સમજાય એવી વાત છે પણ આવી છેતરપિંડીનો બનાવ મારે કે કોઈ બીજાને થયો હોવાની વાત મારી જાણમાં આવી નથી. આવી રીતે છેતરાયા એનો ફટકો ફક્ત આર્થિક રીતે જ નહીં પણ આબરૂની રીતે પણ પડે છે.'

'એમાં આબરૂની વાત ક્યાં આવી?'

'એ તને નહીં સમજાય પણ આટલો મોટો ધંધો કરતા હોઈએ અને કોઈ આમ છેતરી જાય અને એ વાત બહાર પડે તો એમાં તો અમારે આબરૂ ગયા જેવું જ લાગે.'

'તમારા મોટા લોકની એવી આબરૂની વાતમાં મને બહુ ખબર નહીં પડે. હા, જો તારે પોલીસ કેસ કરવો

હોય તો આ વાત છૂપી નહીં રહે પણ જો ખાનગી રાહે કામ કરવું હોય તો હું કોઈક એવા માણસનો તારી સાથે ભેટો કરાવી આપું. થોડો ખરચો થશે.'

'એનો વાંધો નહીં. આમેય ખાતર પાછળ દિવેલ તો થવાનું જ છે એની તો મને ખબર છે ને એ માટે મારી તૈયારી પણ છે.' વનમાળીએ કહ્યું.

'તો કાલે સાંજે હું એક આડા ધંધાના જાણભેદુ માણસને લઈ આવીશ. હું એને તારો ભેટો કરાવી દઉં પછી હું છૂટો. તું તો જાણું છું ને કે આમાં મારી સંડોવણી ખાતા માટેય બરાબર ન ગણાય.' પેલાએ પાણી પહેલાં પાળ બાંધતાં કહ્યું.

'એને કયાં લઈ આવીશ? એને ઘેર તો બોલાવાય નહીં. એમ કર એને રઘુનાથ હોટેલના મેડા પર લઈ આવ. કેટલા વાગ્યે આવીશ, બોલ?'

'જો એ મને મળી જશે તો સાંજના સાત વાગ્યે લઈ આવીશ. નહીં તો કાલની એ મુલાકાત રદ ગણવાનો મારો સંદેશો તને મળી જશે.' તેણે કહ્યું અને બેય છૂટા પડ્યા.

◆

બીજે દિવસે વનમાળી સાત વાગ્યા પહેલાં જ રઘુનાથ હોટેલ પર પહોંચી ગયો. વાયદા મુજબ સાત વાગ્યે પોલીસ ઈન્સેકટર દેસાઈ એક માણસને લઈને આવી પહોંચ્યો. પેલાએ પહેલાં તો સાથે આવવાની વાતમાં નન્નો જ ભણ્યો હતો પણ પોલીસખાતા સાથેના સારા સંબંધોને કારણે છેવટે એને આવવું પડ્યું હતું.

દેસાઈએ આગમચેતી વાપરીને એને કોને મળવાનું હતું એ વાત જણાવી ન હતી કે કઈ બાબતમાં એની મદદની જરૂર હતી એ પણ જણાવ્યું ન હતું. અને એ માણસ બીજો કોઈ નહીં પણ મગન મેલા જ હતો. મગન મેલાએ વનમાળી શેઠને જોયા કે એનાં તો મોતિયાં જ મરી ગયાં.

દેસાઈ વનમાળીને મગન મેલાનો ભેટો કરાવીને ગયો એટલે વનમાળીએ પેલાની સાથે વાત શરૂ કરીઃ 'વાત જાણે એમ છે કે એક ગઠિયો મને પાંચ હજારની બનાવટી નોટો પધરાવી ગયો છે. મારા જેવા આબરૂદાર માણસને પોલીસ સ્ટેશનના ધકકા ખાવા શોભે નહીં એટલે મેં ખાનગી રાહે તપાસ કરવાનું ગોઠવ્યું છે. જો કે મને ઊડતી વાત મળી પણ છે કે એ કાવતરા પાછળ કોનો હાથ છે. જે હશે તેની બે દિવસમાં પાકી ખબર પડી જશે.' વનમાળીએ બાંધ્યા ભારે વાત કરી.

મગન મેલા ભલે બાવન કાળજાં ધરાવતો હોય પણ એનેય વનમાળી શેઠની આવી વાતથી પરસેવો વળી ગયો. એક તો ઈન્સ્પેકટર એને કશી વાતનો ફોડ પાડ્યા સિવાય અહીં લઈ આવ્યો હતો અને વનમાળી શેઠ કહેતા હતા કે એમની પાસે ઊડતી માહિતી હતી. પછી તો પેલો ચોરની દાઢીમાં તીનકા જેવો ઘાટ થયો.

વનમાળીએ એને તપાસ કરવાનું કામ સોંપવા બોલાવ્યો હતો ને આ મગન મેલા એમ સમજી બેઠો હતો કે શેઠને કયાંકથી પોતાનું નામ મળી ગયું હતું એટલે બોલાવડાવ્યો હતો.

'ગમે તેટલો ખર્ચો થાય પણ હું મને છેતરનાર અને તેના સગરીતોને છોડવાનો નથી. એટલે _'

'જુઓ શેઠ, હું બીજા આડકતરા બહુ ધંધા કરતો હોઈશ પણ બનાવટી નોટોમાં કયારેય મેં હાથ ઘાલ્યો નથી. કોઈએ તમને મારું નામ આલ્યું હોય તો એ અદાવતને કારણે આલ્યું હશે.' ગભરાટમાં મગન મેલા બોલી ઊઠ્યો.

વનમાળીને તો થયું કે આ તો અંધારાના ગોળીબારમાં નિશાન વીંધાયું હતું. મગન મેલાની નાડ તેના હાથમાં આવી ગઈ. પછી તો એ પાકો વેપારી ને પાછો વાણિયો હતો. 'જો મારે તારી સાથે કશી દુશ્મની નથી. કોઈએ તને બે ફૂકાની લાલચમાં ફસાવ્યો હોય ને તેં કોઈને સાધ્યો હોય. પણ મારી પાસે જ્યારે કોઈ વાત આવે ત્યારે પાયા વગરની ના હોય.' વનમાળીએ પેલાને વધારે બિવડાવ્યો.

'જુઓ શેઠ, આમાં મારો કોઈ સ્વાર્થ નથી કે મારો કોઈ હાથ પણ નથી. હું તો તમારી મોટા લોકની વાતોમાં નપાણિયો કુટાઈ જાઉં એવું થયું છે.' મગન મેલાની તો જાણે હવા જ નીકળી ગઈ હોય એણે કહ્યું.

'સાવ આધાર વગર તો મારી પાસે કોઈ વાત આવે જ નહીં ને એવી વાત હોય તો હું એ માનું પણ નહીં. પેલા બનાવટી વેપારીએ પોતે સુરતનો હોવાની વાત કરી માલ લીધો અને સ્ટેશને પહોંચીને સુરતને બદલે ઉત્તરની ગાડીઓની ટિકીટબારીએથી ટિકીટ લીધી ત્યારથી જ મારા માણસે એનું પગેરું પકડ્યું છે. જેવી હશે એવી ચૉક્કસ પાકે પાયે બાતમી મને કાલે સવારમાં મળી જશે. પછી એમાં તારું નામ આવશે તો પાપડી ભેગી ઈયળની જેમ તુંય બફાઈ જઈશ.'

'જુઓ શેઠ, મને આમાં જતો કરો. તમારા જેવા વગદાર માણસની સામે પડવાની મારી હેસિયત નહીં. પણ અજાણ્યામાં બધું થઈ ગયું. મારે તો સાપે છછુંદર પકડ્યા જેવો ઘાટ થયો છે. તમને તમારા પાંચ હજાર રૂપિયા પાછા મળી જાય તો આખી વાત ભૂલી જશો? પેલાની પાસેથી નહીં નીકળે તો હું મારા ગજવામાંથી આલીશ.'

'ચાલ, આટલો વખત તો તું સામેથી કહે છે એટલે વાત પડતી મૂકું પણ મારા માણસને બે દહાડાથી રખડપટ્ટી કરવી પડી છે અને બજારમાં મારા છેતરાયાની જે વાત ઊડી છે એના દંડના ગણીને મને કાલે પાંચને બદલે છ હજાર રૂપિયા મળી જતા હોય તો હું આગળ પગલાં નહીં લઉં. પણ મને એ ગઠિયાનું નામ અને સરનામું આપવાં પડશે.'

'શેઠ, એમાં તો કોઠી ધોઈને કાદવ કાઢવા જેવું થશે. એના કરતાં તમને તમારા પૈસા અને દંડની રકમ મળી જાય પછી બધી વાત પડતી મૂકો તો સારું. ફરી તમને કશી રંજાડ થાય તો હું એનો જામીન, બસ?'

'ચાલો, બીજી વાત પડતી મૂકું પણ એ કામ જેણે તને કે તારા એ માણસને સોંપ્યું હોય એ માણસનું નામ તો મારે જોઈશે જ. નહીં તો હું મારી રીતે બધું ફોડી લઈશ ને એમાં કોઈક તારા જેવો વગર લેવાદેવાએ કુટાઈ જશે.'

'શેઠ, એમાં જ મોટી આંટી છે. એ માણસનું નામ આપું એટલે મારે તો કાયમની ઓથ જાય. પણ સાનમાં જ સમજી જાવ ને કે એય તમારી જેમ મોટાઘરનું માણસ હશે. ને હું કહું એના કરતાં તમે એને તમારી જાતે ખોળી કાઢો એ જ વધારે સારું.'

'ભલે, તારી વાત પણ સ્વીકરું છું મારે તને વધારે તકલીફમાં મૂકવો નથી. કાલે સાંજ પહેલાં મને પૂરા છ હજાર રૂપિયા મળી જવા જોઈએ. બાકી તારા એ મોટા ઘરના માણસને કહેજે કે એનું નામ તો મારી ડાયરીમાં લખેલું જ છે. એને તો હું ગમે ત્યારે ભરી પીશ. પણ તું હવે પછી જો મારા રસ્તામાં આડો આવ્યો તો કુટાઈ જ ગયો સમજજે.'

'એ બાબતમાં શેઠ, ફેર નહીં. હવે કદી તમારી સામે મારું નામ આવે તો મને ભડાકે દેજો. ને કદીક મારે લાયક કામકાજ હોય તો મને બતાવજો. હું ગણ ભૂલી જાઉં એવો માણસ નથી.'

'એવી દાનત રાખીશ તો સુખી થઈશ. તારે લાયક મારે કશું કામ છે નહીં ને હોય પણ નહીં પણ મારા કામમાં ફરી માથું મારીશ તો મારે ના છૂટકે તને હેરાન કરવો પડશે.'

'ભગવાન મને એવી કુબુધ્ધિ ના સુઝાડે. કાલે તમને તમારા કહ્યા પ્રમાણે છ હજાર રૂપિયા પહોંચી જશે. તો હું જાઉં? શેઠ, મારો આટલો ગુનો તમે માફ કર્યો એ તમારી મોટાઈ. હવે પછી તમારી વાતમાં મારું નામ આવે તો તમારું ખાસડું ને મારું માથું.' કહેતાં મગન મેલા ગયો.

વનમાળીને તો છોગાના એક હજાર રૂપિયા મળ્યા ને ઉપરથી વાત બહાર પડે તો આબરૂ જવાનો ડર હતો એ દૂર થયાનો બેવડો આનંદ થયો. એણે ઈન્સ્પેક્ટર દેસાઈને બીજે દિવસે મીઠાઈનું પડીકું મોકલીને પોતાની રીતે આભાર માની લીધો.

અનુક્રમ→

## ૭. એષણાની દ્વિધા

એક વખત એવો હતો કે એષણાની બેનપણીઓ એની ચારે તરફ ઘૂમ્યા કરતી હતી. પણ આજે એ બધી જાણે એને કોઈ ચેપી રોગ થયો હોય એમ એનાથી દૂર ભાગતી હતી. પહેલાં વનમાળીને કારણે અવસર વગર પણ પાર્ટીઓ રાખતી અને એષણાને ને વનમાળીને ખાસ નોતરતી હતી એ બેનપણીઓ હવે વનમાળીને કારણે જ એષણાને બોલાવતાં અચકાતી હતી. એષણાને પોતાની આવી ઉપેક્ષા મનમાં ખૂંચતી હતી પણ એ હજુ વનમાળીને એ બાબતમાં સ્પષ્ટ કહી શકતી ન હતી.

કદીક એ સામાન્ય વાત કરતી હોય એમ વનમાળીને કહેતી કે એની ફલાણી બેનપણીએ પાર્ટી આપી હતી ને એમને એમાં બોલાવ્યાં ન હતાં. આવે વખતે વનમાળી હસીને વાત ઉડાવી દેતાં કહેતોઃ 'એ પાર્ટી આપણે લાયકની ન હોય તો આપણને ન જ બોલાવે ને! હવે એ લોકોને આપણી લાયકાતની ખબર પડવા માંડી છે એ આનંદની વાત છે. આપણને પણ હવે કોને બોલાવવા ને કોને આપણી પાર્ટીમાં ન બોલાવવા એની ખબર પડશે.'

'મને તો એમાં આપણું અપમાન થતું હોય એમ લાગે છે.'

'એમાં અપમાનની વાત કયાં આવી? આપણે એમના સ્તરનાં માણસ નથી એ એમણે સ્વીકારી લીધું એનો ઊલટો આનંદ થવો જોઈએ. આવતે મહિને આપણે તારી બર્થ-ડે પાર્ટી રાખીશું ત્યારે તને ખબર પડશે કે આપણે જેને પડતાં મૂકયાં હશે એ લોકો શરમથી આપણી સામે માથું ઊંચું કરીને જોઈ પણ નહીં શકે.' વનમાળીએ મનમાં કશો પ્લાન વિચારતાં કહ્યું.

પણ એની વાતથી એષણાના મનનું સમાધાન થયું ન હતું એ વનમાળીને સમજાઈ ગયું. એણે એષણાની બર્થ-ડે પાર્ટીમાં એવી રોનક કરવાનું ને એવા પ્રતિષ્ઠિત માણસોને એમાં બોલાવવાનું નકકી કર્યું કે જેને પડતા મુકાયા હોય એ મનથી શરમાઈ મરે. પણ એષણાના મનમાં જે વાત હતી તે આવી પાર્ટીથી સંતોષાય એવી ન હતી. એનો ઉછેર એવા માહોલમાં થયો હતો કે એ વનમાળીના લાખ પ્રયત્ન છતાંય એમાંથી હજુ બહાર આવી શકતી ન હતી.

અલબત્ત એ જાણે વનમાળીની વાત સમજી ગઈ હોય અને એની વાતમાં પોતે સંમત હોય એમ દર્શાવતી હતી ખરી. વનમાળીથી એના મનની આ મથામણ અજાણી ન હતી પણ એને ખબર હતી કે પોતે જો કડક વલણ નહીં અપનાવે તો કયારેક પોતાની આબરૂ જોખમમાં આવી જાય એવી ભીતિ હતી. એષણાને ખોટું લાગે તો ભલે પણ પોતે આમાં નમતું નથી જ આપવું એવું એણે મનથી નકકી કરી લીધું હતું.

એક વાત એની બધી મકકમતાની આડે આવતી હતી તે એમ હતી કે એ એના દરેક પગલા પહેલાં, એણે પહેલેથી મન સાથે જે નકકી કરેલું હતું તે આડે આવી જતું હતું. એણે શરૂથી જ નકકી કરી લીધું હતું કે એષણાએ એની પ્રગતિનું પહેલું સોપાન બનીને એનો હાથ પકડ્યો હતો એનો ગુણ કયારેય ભૂલવો નહીં. અને એ ગમે તે ભોગેય એના એ નિર્ણયને વળગી રહેવા પ્રયત્ન કરતો હતો.

એષણાને એની મકકમતા ગમતી હતી પણ જ્યારે એનાં ઊંચી સોસાયટીનાં દોસ્તો વચ્ચે એ બેઠી હોય અને કોઈ એની અને વનમાળીની આ અઢારમી સદીની વિચારસરણી પર ટીકા કરે ત્યારે એને શરમાઈ મરવાનું થતું હતું. એનાથી એ ઊંચી ગણાતી સોસાયટીના ટોળાથી અલગ રહેવા ગમે તેટલો પ્રયત્ન કરે ને એવી પાર્ટીઓમાં ન જાય પણ એમાંનાં બેચાર એને કયાંક ભેગાં થઈ જાય ત્યારે એનાથી છૂટી શકાતું ન હતું.

એવી જ એક સાંજે એ બજારમાં અસ્મિતા અને રીટાને ભટકાઈ ગઈ. ને એ બે જણીઓ એને પરાણે બહાર નાસ્તો કરવા ઘસડી ગઈ. અને ફેમીલી રૂમમાં એ લોકો બેઠાં હતાં ત્યાં કોણ જાણે કયાંથી પણ એમના ત્રણ દોસ્તો આવી ચઢ્યા. એમાં શર્મિનો ભાઈ સૌમીલ પણ હતો ને એક અસ્મિતાનો કઝીન રવીન પણ હતો. હવે જાણે

પાર્ટી જામી ગઈ. એષણા થોડી સંકોચાઈ પણ તેનાથી એમાં કશો વિરોધ કરાય એમ જ કયાં હતો? એટલે બધાંને માટે જાતજાતની વાનગીઓના ઑર્ડર મુકાયા.

આ ઊંચી સોસાયટીની એક વાત વડીલોની નજરમાં આવે તેમ ન હતી. આવી મંડળીમાં જ્યારે છોકરી પોતાના ભાઈ કે કઝીન સાથે હોય ત્યારે વડીલોને પોતાની દીકરીની બહુ ચિંતા થતી ન હતી. પણ એમને એ ખ્યાલ આવતો ન હતો કે ભાઈ બહેનની પ્રવૃત્તિઓમાં આંખ આડે કાન કરતો હતો ને બહેન પણ ભાઈની વાત છાવરી લેતી હતી. એટલે એ ઊંચી ગણાતી સોસાયટીની બધી પોલ ઢંકાયેલી રહેતી હતી.

એવામાં ઊભી થયેલી રીટાને રવીને ખેંચીને પોતાના ખોળામાં બેસાડી દીધી ને તેને બે હાથની પકડમાં ચપસીને જકડી લીધી. એ જોઈને કશા ભાવ વગર રીટા બોલી ઊઠીઃ 'અલ્યા જરા તો ભાન રાખ. સામે એષણા બેઠી છે એની તો શરમ ભર.'

'તે એનાથીય કયાં અજાણ્યું છે? એની જેમ ભગતડા બનીને મારાથી તો એક ખીલે બંધાઈ ન રહેવાય.' રવીને આંખ ફાંગી કરતાં કહ્યું.

'તારા ભાઈ પાસેથી તારેય કાંઈક શીખવું જોઈએ, અસ્મિતા.' કહેતાં કાર્તિકે એની બગલમાં હાથ ઘાલી અસ્મિતાને પોતાની પાસે ખેંચી એક હળવો બૂચકારો બોલાવી લીધો.

'તું સાલા કયારેય નહીં સુધરવાનો. એષણા ન હોત તો તને ખબર પાડી દેત.' કહેતાં અસ્મિતાએ ગુસ્સે થવાનો સ્હેજ ચાળો કર્યો.

'તે તને એની શરમ આવતી હોય તો ચાલ આપણે સાથેની ફેમિલીરૂમમાં બેસીએ.' કહેતાં કાર્તિકે એને લગભગ ખેંચીને ઊભી કરી દીધી ને પોતાની સાથે જકડી રાખી એ એને કૅબિનની બહાર ખેંચી ગયો.

એષણા પોતાને કેન્દ્રમાં રાખીને થતી આવી વાતચીતથી શરમાઈ રહી હતી. એ પોતે આમ તો એમાંની જ એક હતી પણ વનમાળી સાથે પરણ્યા પછી અને ખાસ તો વનમાળીના પેલા અળગા વલણથી એ પોતાની આવી સ્વચ્છંદી વૃત્તિ પર કાબૂ રાખવા પ્રયત્ન કરતી હતી. પણ જ્યારે આવી કંપનીમાં પકડાઈ જાય ત્યારે પોતાને એકલી પડી ગયેલી અનુભવી રહેતી હતી.

એની મનઃસ્થિતિ પારખી ગયેલા રવીને રીટાને કહ્યુંઃ 'આપણેય બાજુની કૅબિનમાં જઈને બેસીએ. મને તો અહીં ગભરામણ જેવું લાગે છે. અમારી ડીશો આવે તો બાજુમાં મોકલી આપજો.' કહેતાં એ અને રીટા બહાર નીકળી ગયાં.

એકલાં પડેલાં એષણા ને સૌમીલ સ્હેજ વાર તો શૂન્યમનસ્કશાં થઈ ગયાં. પણ એક વખત એમની શરમ તૂટી ગયેલી હતી એટલે સૌમીલ વહેલો સ્વસ્થ થઈ ગયો. 'મને ખબર છે કે પરણ્યા પછી તને વનમાળી શેઠના દબાણ હેઠળ જીવવાની આદત પડી ગઈ છે. હું તને દબાણ કરવા માગતો નથી પણ તારાથી આમ ને આમ કેટલો સમય ખેંચાશે?'

'પરણ્યા પછી આપણે બધી બાજુનો વિચાર કરવો પડે. જ્યારે એકલાં ને કુંવારાં હતાં ત્યારની વાત જુદી હતી.'

'એમ તો હુંય પરણેલો જ છું ને. પરણ્યા એટલે જાણે કોરે કાગળિયે સહી કરી આપી? ઘરની બહાર પગ મૂકીએ તોય કપાળ પર પરણેલાનો સિકકો મારીને નીકળવાનું?'

'તારી વાત જુદી છે ને વળી તું પુરુષ છે એટલે તારે બહુ વાંધો ન આવે પણ મારાથી હવે એવા સ્વચ્છંદીવેડા નથી થતા.'

'કે તને વનમાળીની બીક લાગે છે? એક વાત તો આખું અમદાવાદ જાણે છે કે વનમાળી શેઠ આજે જે કાંઈ છે એ તારે કારણે જ છે. પછી તારે આવી બીક રાખવાની કે એની ગુલામ હોય એમ વર્તવાની જરૂર નથી.'

'હું એની કાંઈ ગુલામ નથી પણ મારું મનેય હવે પાછું પડે છે.' એષણાએ કહ્યું.

'લે હવે ભગતડી જેવી વેવલી વાતો રહેવા દે. આવ તારા મનને પાછું પડતું ભુલાવી દઉં.' કહેતાં સૌમીલે એનો હાથ પકડી પોતાની સમીપ ખેંચતાં ખોળામાં બેસાડી દેવા પ્રયત્ન કર્યો.

ગભરાતાં એષણાએ પોતાનો હાથ છોડાવી દીધો ને બોલી ઊઠીઃ 'મારી સાથે એવા વાનરવેડા કરવા પડતા મૂક. બીહેવ યોર સેલ્ફ.'

'હવે એવી અતડી થવાનું બંધ કર. હું તને ક્યાં નથી જાણતો? મેં તને કપડાં પહેરેલીય જોઈ છે ને કપડાં પહેર્યા વગરનીય જોઈ છે. એ દિવસે તું સ્હેજમાં બચી ગઈ નહીં તો તારી સાથે તે દિવસે જ હનીમૂન પતી ગયું હોત.' આંખ મીંચકારતાં સૌમીલે કહ્યું.

'જે વાત નથી જ થઈ એને યાદ કરીને મને ફોસલાવવાનો પ્રયત્ન કરવાનો કશો અર્થ નથી. હવે હું તમારામાંની એક રહી નથી એ વાત જાણી લેજે.'

'સો ચૂવા મારીને બિલ્લીબાઈ હજ કરવા ચાલ્યાં. પણ ભગવાનને માથે રાખીને કહેજે કે એ દિવસે જો રવીને પીને ઊલટી કરીને બધી રંગત ન બગાડી નાખી હોત તો તું મારી સાથે વટલાઈ જ ગઈ હોત કે નહીં?'

'એટલે જ કહું છું કે એ બધી વાતો ભૂલી જવામાં જ મઝા છે. હું ત્યારે જેવી હતી એવી આજે રહી નથી એ વાત નક્કી. અને તારેય મારી સાથે જો સંબંધ રાખવો હોય તો એ સમજીને રાખવો.'

'આપણી તો એક જ ટેવ છે કે જ્યાંથી અટક્યું હોય ત્યાંથી પાછું શરૂ કરવું.' કહેતાં સૌમીલે એને બળજબરીથી પોતાના ખોળામાં ખેંચી પાડી ને બે હાથની પકડમાં જકડી લીધી. ને એષણાની સાડીના પાલવ નીચે હાથ સરકાવી એનાં સ્તનયુગલ સાથે અડપલાં કરવા માંડ્યો.

ને ગુસ્સે થઈ જતાં એષણાએ તેને પેટમાં કોણીનો ગોદો મારી એની પકડ છોડાવી સામે ફરતાં એને એક ધોલ ચોઢી દીધી. સૌમીલે ગુસ્સે થઈ એષણાને સામી બેચાર ચોઢી દીધી. આ ધમાચકડી સાંભળીને દોડી આવેલા હોટેલના મેનેજરે સૌમીલને સમજાવવા પ્રયત્ન કર્યો તો એણે એનેય એક આડા હાથની ચોઢી દીધી.

આ ઝપાઝપીમાં એષણાનું બ્લાઉઝ એકબે જગ્યાએથી ફાટી ગયું હતું. ઉશ્કેરાયેલા સૌમીલે બહાર નીકળી જવા જતી એષણાને પકડીને ખુરસીમાં પટકી. એ ખેંચતાણમાં એષણાનું બ્લાઉઝ આખું ચિરાઈ ગયું. એની એક ચપ્પલ નીકળીને ખુરસીની નીચે સરકી ગઈ. એષણા એની પરવા કર્યા સિવાય સૌમીલના હાથમાંથી છટકીને કૅબિનની બહાર આવી ગઈ.

પણ હોટેલમાં ચા પીવા આવેલા એક પોલીસવાળાએ તેને આવી હાલતમાં જોઈ અને એ તેની મદદે આવ્યો. એણે એષણાને હોટેલની બહાર લઈ જઈ એની કારમાં બેસાડી રવાના કરી અને પાછા આવી સૌમીલને પકડ્યો.

બાજુની ફેમિલીરૂમોમાંથી એના દોસ્તો દોડી આવ્યા હતા તેમણે પોલીસવાળાને સમજાવી પાછો કાઢ્યો પણ વાત એટલેથી પૂરી ન થઈ. વનમાળી શેઠની પત્નીને હોટેલમાં કોઈ ગુંડાએ સતામણી કરીને કપડાં ફાડી નાખ્યાં હતાં એવી વાત બીજી જ પળે વનમાળીના કાને પણ પહોંચી ગઈ. એણે દુકાનેથી ઘેર ફોન કર્યો. 'શું બન્યું હતું હમણાં તારી સાથે હોટેલમાં?'

એષણાનો ગભરાટ વધી ગયો. એને એ ચિંતા હતી કે પોતાના શરીર પર પડેલા ઉઝરડા અને ઢીમણાં કેવી રીતે સંતાડવાં? આવી ચિંતામાં વ્યસ્ત એષણાને વનમાળીના આ ફોનથી, જવાબ આપવામાં જ વિમાસણ થઈ પડી. 'કેમ? આજે?' જવાબ વાળતા પહેલાં થોડો સમય મેળવી લેવા એણે સામા અર્થહીન સવાલ કર્યા.

'મને હમણાં જ ખબર પડી કે તારી સાથે હોટેલમાં કોઈએ ઝપાઝપી કરી હતી. મને ચોખ્ખું કહે શું બન્યું હતું?'

'તને કોણે આવી વાત કરી? એવું કશું ગંભીર બન્યું ન હતું. અમે બેચાર બેનપણીઓ હોટેલમાં ગઈ હતી ત્યાં કાર્તિક, રવીન ને સૌમીલ આવી પહોંચ્યા. એમાં કાર્તિક અને અસ્મિતાને ઠેરી ગઈ. મારે વચમાં પડવું પડ્યું એમાં મને ઓળખતો કોઈ હોટેલમાં હશે એટલે તને એમ કહ્યું હશે.'

'મને તો કહેનારે એટલે સુધી કહ્યું કે તારાં કપડાંય ઠેકઠકાણેથી ફાટી ગયાં હતાં. મને સાચી વાત જણાવ તો હું કશું કરવા જેવું હોય તો કરું ને!'

'એમાં કશું કરવા જેવું હોય તો કહું ને. એ તો બધી એમનાં છાશવારે થતાં છમકલાંની વાતો. એમાં આપણે શું કરવાનું હોય?'

'હું એમની વાત નથી કરતો. આપણી વાત કરું છું. તારી સાથે જેણે હાથપાઈ કરી હોય અને તારાં કપડાં ફાડ્યાં હોય તો આપણે કશું કરવું જોઇએ કે નહીં?'

'અત્યારે તો મને નથી લાગતું કે આપણે કશું કરવા જેવું હોય પણ તું સાંજે ઘેર આવશે ત્યારે હું તને બધી વાત કરીશ, પછી તને ઠીક લાગે તેમ કરજે.'

'પણ આજે બપોરે તો તું બાને મળવા જવાની હતી તેને બદલે તું એમની સાથે હોટેલમાં કેમની પહોંચી ગઈ?'

હવે આવા પ્રશ્નનો જવાબ વાળવામાં એષણાને પરસેવો વળી જ જાય ને. એક તો વનમાળીને સંતોષ થાય એવી વાત કેમ ગોઠવી કાઢવી એની ચિંતામાં એ પડી હતી ત્યાં વનમાળી એને આવા, જવાબ ન આપી શકાય એવા સવાલો કરી વધારે મૂંઝવણમાં મૂકતો હતો.

'હું બાને ત્યાં જ જતી હતી ત્યાં રસ્તામાં અસ્મિતા અને રીટા મળી ગયાં. ઘણે વખતે મળ્યાં હતાં એટલે જ્યારે એમણે હોટેલમાં બેસી વાત કરવાની વાત કરી ત્યારે મારાથી ના ન કહેવાઈ ને એમાંથી આ આખી વાત ઊભી થઈ. પણ જે હોય તે પણ આ વાત પતી ગઈ છે.'

'તારી મરજી પણ કોઈએ તને વ્યકિતગત રીતે હેરાન કરવાનો પ્રયત્ન કર્યો હોય તો એને સીધો કર્યા સિવાય હું નહીં રહું.' કહેતાં વનમાળીએ ફોન મૂકયો.

ને એષણાની ચિંતા બેવડાઈ ગઈ. એને એ વાતની ખબર નહોતી પડતી કે આટલી ઝડપથી આ વાત વનમાળી સુધી પહોંચી કેવી રીતે ! એણે રીટા અને અસ્મિતાનો સંપર્ક સાધવા પ્રયત્ન કર્યો. રીટા ઘેર આવી ગઈ હતી. એણે એષણાને સામેથી તતડાવવા માંડીઃ 'તને થયું છે શું? સૌમીલની સાથે આવો તાયફો કરી તું સાબિત શું કરવા માગે છે? એક વખત તો તું જ એની પાછળ ગાંડી થઈને ઘૂમતી હતી.'

'તમને બધીઓને એમાં મારો જ વાંક દેખાવાનો પણ મેં એને મારી સાથે સભ્યતાથી વર્તવા કહ્યું તો એણે મારા પર બળજબરી કરવા પ્રયત્ન કરી મારાં કપડાં ફાડી નાંખ્યાં. તમે બે જણીઓ તો તમારા યારની સોડોમાં લપાઈ ગઈ હતી. હવે વનમાળીને મારે જવાબ આપવાનો થયો છે. મેં કહ્યું છે કે હું તમારી સાથે ચા-નાસ્તો કરવા હોટેલમાં ગઈ હતી. પણ વનમાળીને ગળે એ વાત ઉતારવી અઘરી છે.'

'તો ઉતાર તારી વાત એને ગળે તારી જાતે. અમને શા માટે વચમાં લેતી પડે છે? તારે લીધે અમારેય ઘેર જવાબ આપવાના થયા છે પણ અમે કાંઈ તને કહેવા આવ્યાં નથી. સૌએ પોતાની રીતે ગોઠવી કાઢવાના જવાબ. હવે મને એક વાત સમજાવા માંડી છે કે તારી સાથે સંબંધ રાખવો એટલે હાથે કરીને બદનામી વહોરવી.'

'તમારે શું છે? બદનામી તો મારી થઈ છે. તમે જ મને હું ના કહેતી રહી હતી છતાં પરાણે હોટેલમાં ઘસડી ગયાં હતાં. મને લાગે છે કે પેલા લોકોનેય તમે જ સંતલસ કરીને બોલાવ્યા હશે.'

'તારે જેમ માનવું હોય એમ માન પણ મને જો વચમાં સંડોવવાની વાત કરી તો હું તારી બધી પોલ ઉઘાડી પાડ્યા વગર નહીં રહું.' કહેતાં રીટાએ ફોન કાપી નાખ્યો.

રીટાનો આવો જવાબ સાંભળ્યા પછી એષણાને અસ્મિતા સાથે વાત કરવાનીય હામ ન રહી. એને થયું કે એ લોકોએ પોતાને ફસાવવા કાવતરું કર્યું હોવું જોઈએ. હમણાં સાંજ પડશે ને વનમાળી આવીને ઊભો રહેશે તો એને શો જવાબ અપાશે? એનો કોઈ જવાબ વનમાળીને ગળે નહીં જ ઊતરે એવી શંકા તો એને ગળા સુધી હતી જ. કારણ કે એ જે વાત કરવાનું ગોઠવતી હતી એ એને પોતાને ગળે જ ઊતરતી ન હતી તો પછી ખડના ખાધેલા વનમાળીને ગળે એ જૂઠ કેવી રીતે ઊતરે?

◆

ને એમ જ થયું. એષણાની વાત વનમાળીને ગળે ન જ ઊતરી. એણે એષણાને ફેરવી ફેરવીને પૂછ્યા કર્યું પણ એષણા એના જૂઠને વળગી જ રહી. છેવટે વનમાળીએ મનમાં નક્કી કરી લીધું કે બીજે દિવસે દુકાને પહોંચીને મગન મેલાને બોલાવવો ને એને તપાસ કરવાનું સોંપવું. પોલીસને આમાં વચમાં લાવવાનો એનો ઈરાદો ન હતો.

એ રાતે એષણા આખી રાત પાસાં ઘસતી રહી તો સામે પક્ષે વનમાળીની નિંદર પણ વેરણ થઈ ગઈ હતી. તેને લાગતું હતું કે એષણા એનાથી કશુંક છુપાવતી હતી. અરે, લાગતું હતું શા માટે? એને તો ખાતરી જ હતી કે એ એનાથી કશુંક છુપાવતી જ હતી. એના મનમાં ખાતરી થઈ ગઈ હતી કે એષણાના આવા વર્તન પાછળ ચૉક્કસ કોઈ મોટું કારણ હતું. એટલે હવે વનમાળીને પોતાની આબરૂની ચિંતા થવા માંડી હતી.

એટલે તો એણે બીજે દિવસે દુકાને પહોંચતાંની સાથે જ મગન મેલાને શોધીને બોલાવી લાવવા એક ગુમાસ્તાને મોકલી દીધો ને. મગન મેલા ભલે આડાતેડા ધંધા કરતો હોય પણ એને સંતાતા રહેવું પડે એમ ન હતું. એને પોલીસની સાથે સારો વહેવાર હતો એટલે એ પોતાના રહેઠાણ પર જ મળી ગયો.

એણે વનમાળીનું તેડું આવતાં જ મનની ચકડી ચાલુ કરી દીધી. વનમાળી શેઠ જેવાને પોતાનું શું કામ પડ્યું હશે એ જ એના મનમાં ઊતરતું ન હતું. એણે પોતાનાં પગલાં તપાસવા માંડ્યાં. એને ખાતરી થઈ કે પોતે હમણાંનાં જે કામ કર્યાં હતાં એમાં ક્યાંય વનમાળી શેઠની આડે ઉતરાયું તો ન જ હતું. એ પોતાનાં કામ ઝડપથી સમેટીને વનમાળી શેઠની દુકાન તરફ ઊપડ્યો.

વનમાળીએ એને બનાવટી નોટોના મામલામાં જતો કર્યો હતો ત્યારથી એને વનમાળી શેઠ દિલેર દિલના લાગ્યા હતા. એણે મનથી નક્કી કર્યું હતું કે વનમાળી શેઠના રસ્તામાં કદી આડા ન ઊતરવું. એટલે આજે એને વનમાળી શેઠની દુકાને જતાં ગભરાટ થતો ન હતો ને!

પણ એને એક વાતે મનમાં વિશ્વાસ હતો કે પોતાને જ્યારે પોતે દોષિત હતો ત્યારે વનમાળી શેઠે માફ કરી દીધું હતું તો અત્યારે કદાચ કોઈ કામ પડ્યું હોય ને એને બોલાવ્યો હોય તોય એમનું કામ કરી છૂટવું જોઇએ. આવી તરેહ તરેહની કલ્પનાઓ કરતો એ વનમાળી શેઠની દુકાનેપહોંચ્યો.

અનુક્રમ→

# ૮. તિરાડ

મગનમેલા આવ્યો એટલે વનમાળી દુકાનનું કામ એક ગુમાસ્તાને સોંપી મગનને લઈ નજીકની એક હોટેલમાં ગયો. બન્ને જણા એક ફેમિલીરૂમમાં બેઠા અને વનમાળીએ ચા નાસ્તાનો ઑર્ડર આપી મગન મેલાને વિગતે વાત કરવા માંડીઃ 'ગઈકાલે ચંદ્રવિલાસ હોટેલમાં કોઈકે મારી પત્ની સાથે ઝપાઝપી કરી હતી. એમાં કયાંય તારું નામ નથી. મારે એટલું જાણવું છે કે એ કામ કોનું છે. તારા સંબંધો મારફતે શોધી આપ એટલે હું મારી રીતે એની સાથે ફોડી લઈશ.'

'શેઠ, આવાં કામમાં અમારા સંબંધોવાળા કોઈ ન હોય. આમાં તો છેલબટાઉ ટોળાનો જ કોઈ હશે, પણ જે હશે તે તમને બે જ દિવસમાં શોધી કાઢીને જણાવીશ. તમારે જફા માથે ન લેવી હોય તો હું જ એને પાઠ ભણાવી દઉં.'

'એવું હશે તો તને જણાવીશ, પણ પહેલાં તો મારે એ માણસનું નામ જાણવું છે. પછી એની સાથે કેવી રીતે કામ લેવું તે નકકી કરીશું.' કાંઈક વિચારતાં વનમાળીએ કહ્યું.

'ભલે શેઠ, તમારી મરજી. બાકી આમાં તો કોઠી ધોઈને કાદવ કાઢવા જેવું જ છે એમ મને લાગે છે. મને મારી રીતે કામ પતાવવાનું જ ઠીક લાગે છે.'

'તું એક વખત મને એ માણસ શોધી આપ પછી તું જોજે કે તારા કરતાંય સારી રીતે હું એની વલે કરીશ. હું એને એવો ભેખડે ભરાવી દઈશ કે એ ફરીથી મારી કે બીજા કોઈની આડે ઊતરતાંય સાત વખત વિચાર કરશે.'

'તો શેઠ, હું ઊઠું હવે. તમને કોઈ મારી સાથે જુએ એ સારું નહીં. તમને જેવી હશે એવી બાતમી બનશે તો કાલે સાંજ પહેલાં મળી જશે.' કહેતાં મગન મેલા બહાર નીકળી ગયો. વનમાળી એની સમજણ અને એની પોતાની પ્રતિષ્ઠાના આદર અંગે વિચારતો ઘડીક બેસી રહ્યો.

આવી હાથાપાઈ કરનાર કોણ હશે એની અટકળ કરવામાં એણે ગઈ આખી રાતનો ઉજાગરો કર્યો હતો. એના મનમાં એક નામ જ આવતું હતું, 'સૌમીલ'. એવોએ જ્યારે પણ એષણાને મળતો ત્યારે વનમાળીની હાજરીમાંય એષણા સાથે છૂટ લેવા પ્રયત્ન કરતો હતો. એટલે સૌમીલે જ એષણાની સતામણી કરી હશે એમ વનમાળીને લાગતું હતું. અને એમાં પોતે સાચો પડે તો એની સાથે કેમ કામ લેવું એની આછીપાતળી રૂપરેખાય એના મનમાં ઘડાઈ ગઈ હતી.

એણે મનથી નકકી કરી લીધું હતું કે આ વખતે પોતે થર્ડ ડીગ્રીની રીતો જ અમલમાં મૂકવી. એવા લોકોને એવી જ રીતો અસરકારક લાગશે.

એ સાંજે એણે એષણાને ફરીથી વિગતે પૂછવા માંડ્યું: 'એક વખત ફરીથી યાદ કરીને મને કહે કે તારાં કપડાં કોણે ફાડ્યાં?'

'મેં તને કેટલીય વાર કહ્યું છે કે એમાં મારે કશી લેવાદેવા ન હતી. કાર્તિક અને અસ્મિતાને ઠેરી ગઈ હતી ને હું એમને છૂટાં પાડવા વચમાં પડી એમાં આવું થયું. તને મારી વાતમાં વિશ્વાસ કેમ નથી પડતો એ જ મને સમજાતું નથી!' એષણાએ પોતાનું જુઠાણું વનમાળીને ગળે ઉતારવા મથતાં કહ્યું.

'તને ખોટું લાગતું હોય તો એમ પણ મારે કહેવું જ પડશે કે તારી વાત મને સાચી લાગતી નથી. તને હજુ એ કેમ નથી સમજાતું કે આમાં આપણી આબરૂને કાદવ લાગે છે? મારો સવાલ એ જ છે કે તારાં કપડાં કોણે ફાડ્યાં?'

'કાર્તિક અને અસ્મિતા લઢતાં હતાં ને હું વચમાં પડી એટલે અસ્મિતાથી ફાટ્યાં હોય કે કાર્તિકથી ફાટ્યાં હોય, મને ચૉકકસ યાદ નથી.'

'તું મને આવા ગોળગોળ જવાબ આપીને ટાળવા માગતી હોય તો તું જાણે પણ તું સાચી વાત જણાવતી નથી એમ મને લાગ્યા જ કરે છે. આવી ઝપાઝપી થાય એવા ટોળામાં બેસવું કે એમની સાથે જરા પણ સંબંધ રાખવો એ આપણી આબરૂ ઓછી કરવાની જ વાત છે. તારે આવા લોકો સાથેના સંબંધો છોડી દેવા જોઈએ એ તને મારે હવે સમજાવવું પડશે?'

'એનો અર્થ એ કે તું મારા પર ધણીપણું લાદવા માગે છે.'

'એમાં લાદવા કે ન લાદવાની વાત જ નથી. હું તારો ધણી છું જ. જ્યારે તને મારી વાત સીધી રીતે ન સમજાતી હોય ત્યારે મારી પાસે એક જ રસ્તો રહે છે. મારે તને એ માટે ધણીપણાના હકથી જ વાત સમજાવવી પડશે.'

'તું એ વાત ભૂલી જાય છે કે હું એક મીલમલિકની દીકરી છું ને ગ્રેજ્યુએટ થયેલી છું. મને મારા પગલા વિષે સ્વતંત્ર રીતે વિચારવાનો હક છે.' એષણાએ કહ્યું. એને લાગ્યું કે વનમાળીના જૂનવાણી માનસને આ રીતે જ દબાવી શકાશે.

'તું એક વાત ભૂલી જાય છે કે આમાં ભણતર કે સ્વતંત્રતાની વાત જ નથી. ને તું એક મીલમાલિકની દીકરી હોય કે ગરીબની પણ પરણ્યા પછી તારે એક નહીં પણ બે ઘરની આબરૂનો વિચાર કરવાનો હોય છે. તારા સંબંધોથી જો બેમાંથી એકેય ઘરની આબરૂને હાની પહોચતી હોય અને તું એ સમજી શકતી ન હો તો મારે તને એ સમજાવવી જોઈએ એમ મને લાગે છે.'

'અને મને લાગે છે કે આમ કરીને તું તારા અઢારમી સદીના વિચારોને મારા પર લાદવા માગે છે. એક વાત સમજી લે કે હું તારી સાથે પરણી એટલે એનો અર્થ એ નહીં કે તારા વિચાર મુજબ જ મારે વર્તવું અને તારે તારા મનમાં ફાવે એવા તારા મનના તરંગો મારા પર ઠોકી બેસાડવા? મારે તને અનુકૂળ થયા કરવું ને તારે મને અનુકૂળ થવા પ્રયત્ન જ ન કરવો?'

'તને અનુકૂળ થવા આજ સુધી પ્રયત્ન કરતો જ આવ્યો છું પણ તારા મનમાં હજુ એ વાત નથી ઊતરતી કે તારા આવા ઊતરતી લાયકાતવાળા સંબંધો આપણી આબરૂને લાંછન લગાડે છે. હું તને કદાચ જૂનવાણી લાગતો હોઈશ પણ નકકી માનજે કે એનાથી આપણી પ્રતિષ્ઠા સચવાશે.'

'તારી એ પ્રતિષ્ઠાની વાતો મને નથી સમજાતી. જેને તું ઊતરતી લાયકાતવાળા ગણી વગોવવા પ્રયત્ન કરે છે એ લોકોની સમાજમાં કેટલી પ્રતિષ્ઠા છે એની તને ખબર લાગતી નથી.'

'મને એની પૂરેપૂરી ખબર છે એટલે જ હું તને એમની સોબતે ન ચઢવાની સલાહ આપું છું. જે લોકો જાહેરમાં આવા તાયફા કરતા હોય અને ઝપાઝપી કરી કપડાં ફાડતા હોય એમની સમાજમાં કેવી પ્રતિષ્ઠા હોય એની મને ખબર છે જ.'

'ના, તને ખબર નથી. આવો એક પ્રસંગ બની જાય એ ઉપરથી તું તારા ગજથી એમનું મૂલ્યાંકન કરવા લાગે છે, પણ કયારેક એમની સાથે તારી સરખામણી કરી જોવા પ્રયત્ન કરી જોજે. તને એ આપણા કરતાંય વધારે પ્રતિષ્ઠાવાળા લાગશે.'

'મારે એમની સાથે સરખામણી કરવી નથી કે તને એમ કરવા દેવી પણ નથી. તું એમની સંગતમાંથી છૂટી જાય એવી જ મારી ઈચ્છા છે.'

'એટલે તારે મને આખી દુનિયાથી વિખૂટી પાડીને તારી આ માની લીધેલી આબરૂના પિંજરામાં મને કેદ કરી દેવી છે?'

'તારે એમ માનવું હોય તો એમ પણ આપણે માટે એમ કરવું જરૂરી છે.' વનમાળીએ મકકમતાથી કહ્યું.

'તો મારો જવાબેય સાંભળી લે કે મારાથી એ નહીં બને. હું તારી જેમ આબરૂના માની લીધેલા કરંડિયામાં

પુરાઇને જીવી નહીં શકું.' એષ્ણાએ પોતાનો નિર્ધાર વ્યકત કરી દીધો.

વનમાળીને લાગ્યું કે વાત એવા બિંદુ પર પહોંચી ગઇ છે કે એને સ્હેજ ધકકો લાગતાં એમના લગ્નજીવનમાં તિરાડ પડી જશે. એણે વાતને સમેટી લેવા પ્રયત્ન કરતાં કહ્યુંઃ 'એ વાત પડતી મૂક આપણે ફરીથી કયારેક એ અંગે વિચારીશું. ચાલો સૂઈ જઈએ.'

પણ એષ્ણા આજે જાણે ચૉકાવટ કરી લેવા જ માગતી હોય એવા જુસ્સામાં આવી ગઈ હતી. એને પેલાં લોકોની સંગત ગમતી હતી એમ નહીં પણ એનાં જૂનાં દોસ્તો એને વનમાળીની ગુલામ અને જુનવાણી કહીને ટોણાં મારતાં હતાં એ એનાથી સહન થતાં ન હતાં. જે માહોલમાં એ આજ સુધી જીવી હતી એમાંથી બહાર આવતાં એને એકલી પડી જવા જેવુંય લાગતું હતું.

એણે કહ્યુંઃ 'વાત કયારેક કરવી જ હોય તો આજે જ શા માટે નહીં? આજે જ એ વાતનો ફેંસલો કરી નાખીએ કે પછી એને યાદ કરીને પાછું મનદુઃખ ઊભું ન કરવું પડે.'

'આજે તું અકળાયેલી છું અને મારે તને વધારે દુઃખી નથી કરવી એટલે આપણે આ વાત અહીંથી જ ખતમ કરીએ.'

'પણ કાલેય જો આ વાત ચર્ચવાની હોય તો આજે જ એનો ફેંસલો લાવી દઈએ. મારે રોજ આવા લોહી ઉકાળા નથી જોઈતા.'

'બેસ, હું તને એક વાત સમજાવું. જ્યારે તેં મને પહેલી નોકરી અપાવી અને મને ડૂબતો બચાવ્યો ત્યારે મેં મનથી નકકી કર્યું હતું કે ચાહે એવી તકલીફ પડે તોય તને દુઃખી નહીં થવા દઉં. ત્યારે મેં આવી પરિસ્થિતિ સર્જાશે એનો વિચાર પણ નહીં કરેલો.

'મારા અને તારા પ્રષ્ઠિા અને આબરૂના ખ્યાલ સાવ જુદા છે. અને એ સ્વાભાવિક પણ છે. તું જન્મથી જ ધનદોલત ને એશ આરામમાં ઉછરી છો ને હું ત્રેવડની તલવારથી ગરીબી સામે લડતાં ઉછર્યો છું. આપણે કેવાં છીએ એનું માપ આપણે કાઢવાનું નથી હોતું. આપણી આસપાસનાં માણસો એ નકકી કરે છે. એ લોકો આપણને કેવાં માને છે એ બહુ આગત્યનું છે.'

'કોઈક આપણી કિંમત શી કરે કે જે પોતાની જ કિંમત ન જાણતાં હોય? આપણે કેવાં છીએ એ આપણે જોવાનું કે સમજાવાનું છે. હું એવાં કોઈનાં મૂલ્યાંકન પર મારી કિંમત નકકી થવા દેવા માગતી નથી.'

'ચાલો ભલે તારી એ વાત હું સ્વીકારી લઉં છું. હવે દિલ પર હાથ મૂકીને મને કહે કે પાર્ટીઓમાં તારા મિત્રો તારી કે બીજી છોકરીઓ સાથે જે વ્યવહાર કરે છે એનાથી આપણી પ્રતિષ્ઠા વધે છે કે ઘટે છે?'

'એટલે જ હું કહું છું કે તારા અને મારા પ્રતિષ્ઠાના ખ્યાલ જ જુદા છે. તું જે પ્રતિષ્ઠાની વાત કરી રહ્યો છું એ ફકત નીચલા ચૉકાલિયા સ્તરના લોકોની મન મનાવવાની વાતો છે. ઉપલા સ્તરનાં લોકોને એવી મન મનાવવાની વાતોની જરૂર નથી.'

'તો મને તારા એ ઉપલા સ્તરની વાતોમાં રસ નથી.'

'તું સીધેસીધું એમ જ કેમ નથી કહી દેતો કે તને મારામાં જ હવે રસ નથી. તું એવું કહીશ તો હું એવી સ્ત્રી નથી કે તારા પગમાં બેડી બની રહું. તું મને એવું કહે ત્યાં સુધી હું મારાં માબાપની પાસે રહેવા જવા માંગું છું. જ્યારે તું નકકી કરી લે કે તારે કેવી રીતે જીવવું છે ત્યારે મને સંદેશો કરજે. હું તને અનુકૂળ થવા પ્રયત્ન કરીશ, જો તેં મને અનુકૂળ થવા જરાય વિચાર્યું હશે તો.'

'તું મારા પગમાં બેડી બનતી નથી. મેં કયારેય એવું વિચાર્યું નથી. ઊલટો હું તારા પગમાં બેડીરૂપ બની રહ્યો હોઉં એમ મને લાગે છે.'

'તો પછી એ બેડીને ઢીલી કરવાનું શા માટે વિચારતો નથી? શા માટે તારા પોકળ ખ્યાલોને વળગી રહી મનમાં દુઃખી થયા કરે છે?'

'હું એ જ ખ્યાલથી દુઃખી થાઉં છું કે મારા વર્તનથી તું દુઃખી થાય છે.'

'જો તને મારી એટલી બધી લાગણી થતી હોય તો શા માટે તારી પકડ ઢીલી કરતો નથી?'

'એ માટે હું લાચાર છું. તારે મને જુનવાણી ગણવો હોય તો તે મને મજૂર છે પણ ઘરની આબરૂની મારી મમત હું છોડી શકું તેમ નથી.'

'તો તારે મને છોડવી પડશે.'

'એટલે?' એષણાની આવી સ્પષ્ટ વાતથી વનમાળી ગભરાઈ ગયો.

'હું કાલે સવારે મારાં માબાપ સાથે રહેવા ચાલી જઈશ. તારે લોકોને જે જવાબ આપવા હોય એ તૈયાર રાખજે.'

'એષણા, તારો આ નિર્ણય ઉતાવળમાં લેવાયો છે. મારો નહીં તો તારાં માબાપનો તો ખ્યાલ કર. એમને કેવું લાગશે?'

'મને કેવું લાગે છે તેનો તું વિચાર કરે છે ખરો? મને લાગે છે કે આપણે અલગ રહીએ તો જ એકબીજાને સમજવાની નવી દૃષ્ટિ કેળવી શકીશું. ને તને ક્યારેક મારો ખ્યાલ આવશે.'

'તારો ખ્યાલ તો મને હરેક પળે આવ્યા જ કરે છે. ક્યારેક તને મારા વલણ પાછળની વાત સમજાય તો વિના સંકોચે પાછી આવતી રહેજે, હું તને ક્યારેય એ બાબતે મ્હેણું નહીં મારું.'

'મારું પાછાં આવવાનું તો ત્યારે જ બનશે જ્યારે તું તારા જૂના વિચારમાંથી બહાર આવીશ. હું મારા આખા સર્કલને છોડીને જીવી શકું એમ નથી.'

'વાંધો નહીં પણ મને ગળા સુધી ખાતરી છે કે તું ક્યારેક તો તારા એ સર્કલથી ઉબાઈ જઈશ ને એને છોડીને મારી પાસે આવતી રહીશ. હું ત્યા સુધી તારી રાહ જોઈશ. તું જ્યાં રહે ત્યાં સુખી રહે એટલું જ હું ભગવાન પાસે માગું છું.'

એ પછી બન્ને વચ્ચે વધારે કશી વાત ન થઈ. જો કે આખી રાત બેયની ઊંઘવિહોણી વીતી હતી એ વાત તો સાચી જ. બીજે દિવસે સવારમાં એષણા નાના કરતી રહી છતાં વનમાળી એને મૂકવા સાથે ગયો. એમને સાથે આવેલાં જોતાં સમરથ શેઠાણીને આશ્ચર્ય થયુંઃ 'કશું છે કે શું, આજે બેય જણ સાથે આવ્યાં છો તે?'

'એષણાને તમારી પાસે રહેવા આવવું હતું ને મારેય તમને મળવાનું મન હતું એટલે હુંય સાથે આવ્યો.' વનમાળીએ કહ્યું. એષણા ચૂપ જ રહી. સમરથબેનને બેયના વર્તનમાં કશુંક અજુગતું લાગ્યું પણ એમને પ્રત્યક્ષ કશું કહેવાનું ઊચિત ન લાગ્યું એટલે એ ચૂપ જ રહ્યાં.

અનુક્રમ→

# ૯. એષ્ણા બચી ગઈ

માથેથી પતિનો દાબ છૂટી જતાં એષ્ણા જાણે આઝાદ થઈ ગઈ. એણે એક જ દિવસમાં લગભગ બધી જ બેનપણીઓ ને મિત્રોને ફોન કરીને પોતે થોડા સમય માટે મા-બાપને ત્યાં રહેવા આવી છે ને દોસ્તોની પાર્ટીઓમાં આવવા ઉત્સુક છે એવીય આડકતરી વાત કરી દીધી.

કેટલીક પાર્ટીઓ ગોઠવાયેલી હતી એમાં એને આમંત્રણ મળી પણ ગયાં તો કેટલીક પાર્ટીઓ તેને માટે નવી પણ ગોઠવાઈ ગઈ. બધાને એષ્ણા તો ગમતી હતી. હા, એની સાથેનો વનમાળી એમને અણગમતો થઈ પડ્યો હતો. સ્વચ્છંદી મનોવૃત્તિથી ટેવાયેલા આ ટોળામાં એ ક્યાંય ફીટ થઈ શકતો ન હતો. એના જૂનવાણી ખ્યાલોથી બધાં તંગ આવી ગયાં હતાં એટલે તો એષ્ણા પણ જાણે અણમાનીતી થઈ ગઈ હતી ને! પણ હવે એષ્ણા સ્વતંત્ર હતી અને સામેથી દોસ્તોના ટોળામાં પાછી ભળવા માગતી હતી. બધાંએ એને આવકારી લીધી.

ભલે જાહેરમાં ન સ્વીકારે પણ કેટલાકને તો વનમાળીના આવા સ્વમાની વર્તનથી પોતાને માટે લઘુતાગ્રંથિ અનુભવાતી હતી. વનમાળી અને એને કારણે એષ્ણા જાણે સંસ્કારિતાના ઊપલા સ્તરમાં પહોંચી ગયાં હોય અને પોતે એમના કરતાં ઊતરતાં હોય એમ એ લોકો અનુભવી રહ્યાં હતાં. એષ્ણા હવે પાછી આવતી હતી અને પોતાના ટોળામાં ભળી જતી હતી એટલે બધાંના મનમાંથી પેલી લઘુતાગ્રંથિની ભાવના દૂર થઈ જતી હતી.

કેટલાકે તો કહ્યુંય ખરું: ‘અમને ખાતરી જ હતી કે ક્યારેક તો તું પાછી આવી જ જશે. લગ્ન તો અમે બધાંએ કરેલાં છે પણ લગ્નના બદલામાં આવી પરતંત્રતા કોઈને પરવડે ખરી? સારું થયું કે તેં પાછાં ફરવાનું વિચાર્યું.’

તો કોઈકે તો જાણે બધી વાત સમજી ગયું હોય એમ મોઘમ કહીય દીધું: ‘તારા જેવી ભણેલી-ગણેલી છોકરી પર આવું આપખુદી વર્તન છેવટે તો છૂટાછેડામાં જ પરિણમે. અમે તો પહેલેથી જ ભાખી રાખેલું.’

‘ના, એટલે સુધી તો વાત નથી પહોંચી. હમણાં તો મારી સ્વતંત્ર વર્તણૂંકની એના પર કેવી અસર પડે છે એ હું જોવા માગું છું. મને ગળા સુધી ખાતરી છે કે એ સમજી જશે.’ એષ્ણાએ બચાવ કરવા પ્રયત્ન કરતાં કહ્યું.

સાંજે દામોદર શેઠ આવ્યા ત્યારે શેઠાણીએ એમની પાસે પોતાના મનની ચિંતાનો ઊભરો કાઢ્યો: ‘તમે માનો કે ન માનો પણ મને આમાં કશુંક વિપરિત લાગે છે. ધંધાનો ટાઈમ હતો તોય વનમાળી એને મૂકવા જાતે આવ્યા હતા. એમણે કશું કહ્યું નહીં પણ એમની બે વચ્ચે ચૉક્કસ કશુંક થયું છે એમ મને લાગ્યા કરે છે.’

‘તમે બે દિવસ ધીરજ ધરો. જે વાત હશે એ એની મેળે છતી થશે. કશુંક થયું હશે તો એમાં વનમાળીનો કશો વાંક નહીં હોય. મને તો આપણી એષ્ણાનાં લક્ષણની જ ચિંતા થાય છે. વનમાળીએ એને જુવાનિયા ટોળામાંથી પાછી વાળવા ઓછું કર્યું છે?’

‘પણ તમે વનમાળીને બેબોલા ફોન તો કરી જુઓ ને! એમના મનમાં શું છે એની ખબર પડી જશે.’ શેઠાણીની ચિંતા બોલી ઊઠી.

‘એવી વાત ફોન પર ના થાય. કાલે હું વનમાળીની દુકાને જતો આવીશ. જે વાત હશે એ જણાઈ જશે.’

‘ઘેર આવ્યા પછી જવાના હો તો હું પણ સાથે આવીશ.’

‘કશું નક્કી નહીં. ઘેર આવીને જઈશ તો તમને લેતો જઈશ.’ શેઠે કહ્યું ખરું પણ એમના જવાબથી શેઠાણીને લાગ્યા વગર ન રહ્યું કે શેઠ એકલા જ વનમાળીને મળવા જવાનો વિચાર કરતા હતા.

ત્યાં એષ્ણા તૈયાર થઈને નીચે ઊતરી. ‘માધુરીને ત્યાં પાર્ટી છે એમાં હું જાઉં છું. કાર લઈને જાઉં છું. રાતે આવતાં કદાચ મોડું થઈ જશે.’ એણે કહ્યું.

'વનમાળી શેઠ બરોબાર પાર્ટીમાં આવવાના છે?' શેઠે મોઘમ પૂછ્યું.

'ના, એ નથી આાવવાના. એમને મારી બેનપણીઓની આવી પાર્ટીઓમાં આવવાનું પસંદ નથી પડતું.'

'તું એમને પૂછીને જાઉં એ બરાબર કહેવાય.'

'એવી પૂછવાની કશી જરૂર નથી. હું અહીં રહેવા આવી ત્યારથી અમારી વચ્ચે એક વાત નક્કી થઈ ગયેલી છે કે હું મને મન ફાવે તેમ વર્તવા સ્વતંત્ર છું. એની સાથે રહેવા જઈશ તો એને પૂછીને જઈશ.'

એના આવા જવાબથી દામોદર શેઠને ધ્રાસકો પડ્યો. એમણે પૂછ્યુંઃ 'એમની સાથે રહેવા જઈશ તો? તું કહેવા શું માગે છે?'

'સ્પષ્ટ વાત છે. જો હું તેની સાથે રહેવા જઈશ તો એને બહાર જતાં પહેલાં પૂછીને જઈશ.'

'એટલે તારું પાછાં જવાનું કે ન જવાનું નક્કી નથી એમ તો તું નથી કહેવા માગતી ને! જો બહેન, પરણ્યા પછી તો એ જ તારું ઘર છે ને એની ને આ ઘરની આબરૂ સચવાય એમ વર્તવાની તારી ફરજ છે.'

'પણ હું કોઈ બેનપણીની પાર્ટીમાં જાઉં એમાં અકેય ઘરની આબરૂને શો વાંધો આવવાનો છે એ જ મને સમજાતું નથી.' એષણાએ છણકો કરતાં કહ્યું. દામોદર શેઠ કાંઈ ન બોલ્યા એટલે એ કારની ચાવીઓ લઈ બહાર નીકળી ગઈ.

'હું નહોતી કહેતી કે બેયની વચ્ચે કશો ખટરાગ થયો છે? વાત આગળ ના વધે એ માટે વનમાળીને વહેલામાં વહેલી તકે મળી લેવું જોઈએ. તમે વનમાળીને ફોન કરો ને. એ ઘેર હોય તો અત્યારે જ જઈને એમને મળી આવીએ.' શેઠાણીએ કહ્યું.

'એ ભલો માણસ છે. એ ઘેર જ હોય ને! છતાં ફોન કરીને નીકળીએ.' કહેતાં શેઠ ફોન કરવા ફર્યા.

'ચાલો,' ફોન કરીને આવતાં શેઠે કહ્યું ને ડ્રાયવરને હાંક મારી. ઑફિસેથી આવતાં શેઠે કેસર કેરીનો કરંડિયો લઈને કારમાં મૂકાવી રાખ્યો હતો એ જોતાં શેઠાણી હસી રહ્યાં.

'મનેય મનમાં થતું હતું કે આમ ખાલી હાથે જમાઈને ત્યાં ન જવાય પણ ઘરમાં કશું એવું તૈયાર હતું નહીં. આ સારું થયું કે તમે કેરીઓ લેતા આવ્યા છો.' શેઠાણીએ કહ્યું.

'એમને ત્યાં કશી કમી છે? પણ મને થયું કે કેરીઓ લેતા જઈએ.' શેઠે કહ્યું.

'એવાયે પૂછશે તો મારી તો જવાબ આપવાની હિંમત જ નહીં ચાલે. આપણે લીધે એમને બાપડાને શરમાવાનું થતું હશે. આપણનેય ક્યાં એવું થતું નથી?'

'એ ભલો માણસ છે. એમનમાં ગમે તેટલો મૂંઝાતો હશે પણ આપણી સામે કશી વરાળ નહીં કાઢે. વાંક આપણમાં છે એટલે વખત છે ને એ બે વેણ કહે તોય આપણે સાંભળી લેવાં જોઈએ પણ એ માણસના સ્વભાવમાં એ વાત જ નથી.'

'આવો દેવ જેવો ધણી મળ્યો છે પણ આપણી જણીને જ એની કિંમત નથી ત્યાં શું થાય?' શેઠાણીએ બળાપો કરતાં કહ્યું ને આંસુભીની આંખે પાલવ દબાવ્યો. શેઠ કાંઈ ન બોલ્યા.

વનમાળીને ત્યાં ગાડી ઊભી રહી કે વનમાળી દોડતો બહાર આવ્યો ને ડ્રાયવર નીચે ઊતરે તે પહેલાં કારનું બારણું ખોલી શેઠને આવકારી રહ્યો. એના આવા વ્યવહારથી ગદગદ થતાં શેઠ બોલી ઊઠ્યાઃ 'તમારે આમ બારણું ખોલવાનું હોય! તમે અમને શરમાવો છો.'

'એમાં તમારે શરમાવાનું શાનું? તમારી સેવા કરવાનો તો અમારો ધર્મ. એ અમે જો ચૂકી જઈએ તો ઊલટાં અમારે શરમાવાનું થાય.' વનમાળી બોલ્યો ને બેય કારમાંથી બહાર નીકળ્યાં એટલે એમને પગે લાગ્યો. બધાં અંદર જઈને બેઠાં એટલે ડ્રાયવર કેરીઓનો કરંડિયો અંદર મૂકી ગયો.

કેરીઓ જોઈ વનમાળીએ હાંક મારીઃ 'શીવરામકાકા, આજે શેઠસાહેબ અને બા અહીં જમવાનાં છે. રસ

રોટલી અને સાથે શોભે એવું બીજું બધું જમવાનું બનાવજો.'

'ના ના, અમે જમવા રોકાવાનાં નથી. અમારાથી તો દીકરીના ઘરનું પાણીય ન પીવાય.' શેઠાણી બોલી ઊઠયાં.

'બા, એ બધી જૂની વાતો. અને આ બધું તમારું દીધેલું તો છે.'

'એ તમારી ખાનદાની છે, પણ અમારાથી એવો હક કરાય એવાં અમારાં નસીબ કયાંથી?'

'નસીબમાં શો દોષ છે? બધી વાતે નસીબદાર છો. જાહોજલાલી છે દીવો કરે એવી દીકરી છે. ને હું તમારે લમણે લખાયો છું. મારે માટે તમને ફરિયાદ હોય તો કહો. એ મારા આંખમાથા પર.'

'તમારે માટે તો ફરિયાદ છે. તમે અમારી એષણા પર પૂરો દાબ નથી રાખતા.' શેઠે બાંધેભારે મનની વાત કરી.

'એ ભણેલી છે, સમજુ છે ને નાની નથી. એ પોતાનું ભલુંબૂરું સમજે છે. એના પર દાબ રાખવાની જરૂર નથી એમ હું સમજું છું.'

'તમને ને મને બેય ને ખબર છે કે એ પોતાને માટે શું સારું છે ને શું ખરાબ છે એ સમજી શકતી નથી. એને આપણે એ સમજાવવું જોઈએ. એ કુંવારી હતી ત્યાં સુધી અમે અનું ધ્યાન રાખ્યું છે હવે એ જવાબદારી તમારી છે.'

'મારી એ જવાબદારીમાં હું કાંઈક ચૂકયો હોઉં તો મને કહો.'

'તારે એને સમજાવવી જોઈએ કે હવે એને માથે બેબે કુટુંબોની આબરૂની જવાબદારી છે. એ સીધી રીતે ન સમજતી હોય તો એક ધણી તરીકે તમારે એને સમજાવવી જોઈએ.'

'મને શ્રધ્ધા છે કે વખત જતાં એ એની જાતે જ એ સમજી જશે. એના પર દબાણ લાવી એને ઉશ્કેરવાનો કશો અર્થ નથી.' વનમાળી દામોદર શેઠની વાત સમજી જતાં બોલ્યો.

'એ ઠોકર ખાઈને સમજે અને આબરૂને કલંક લગાડે એના કરતાં તમે એને ખોટું લાગવાની ચિંતા કર્યા વગર એને આજ્ઞા કરીને સમજાવો એ વધારે સારું છે.'

'મેં એવા પ્રયત્નો કર્યા છે, પણ એની ઊંધી જ અસર થઈ છે. પંણ મારું માનવું છે કે એ સમયસર પાછી વળી જશે. તમે નકામો વલોપાત ન કરશો.'

'તમે કહો છો તો હું બેચાર દિવસ વાટ જોઈશ ને દાબ પણ રાખીશ પણ મને સંતોષ નહીં થાય તો હું એને જાતે આવીને તમારે ત્યાં મૂકી જઈશ. પછી તમે જાણો ને એ જાણે. તમને મારી સલાહ ઠીક લાગે તો એ અમલમાં મૂકજો. ખૂણામાં ઘાલી આડા હાથની બેચાર દઈ દેશો તો કાચી ઘડીમાં એની સાન ઠેકાણે આવી જશે. નહીં એ કોઈને કશી ફરિયાદ કરે કે નથી અમે તમને કશું કહેવા આવવાના. તમે એના પતિ છો તે પતિપણું કરી બતાવો તો જ એ પાછી વળશે એમ મને તો લાગે છે.'

◇

માધુરીને ત્યાં પાર્ટીમાં એષણાની હાજરીથી બધાંના મનમાંથી પેલી લઘુતાગ્રંથીની ભાવના દૂર થઈ ગઈ હતી. અત્યાર સુધી એમને એમ લાગતું હતું કે વનમાળી અને એષણા બધાંથી અળગાં રહીને એ સાબિત કરવા માગતાં હતાં કે તે લોકો આ બધાંથી વધારે સંસ્કારી અને વધારે આબરૂવાળાં છે. બધાં બહારથી ભલે ન સ્વીકારતાં હોય છતાં એમને મનમાં એમ લાગવા માંડ્યું હતું પણ ખરું. પણ એમનાથી એ કંપની છોડી શકાતી ન હતી એ પણ એટલું જ સાચું હતું. એટલે એમના મનમાં કાયમ ક્ષોભ રહ્યા કરતો હતો.

આજે એષણા બધાંની વચમાં પાછી આવી ગઈ હતી એટલે એમનો એ ક્ષોભ કાંઈક અંશે દૂર થયો હતો. અરે, સૌમીલને તો મનમાં થઈ જ ગયું કે એષણા એની સોડમાં જાણે આવી જ ગઈ હતી. અને એટલે તો એણે રવીન અને રાઘુને વાત કરી ને! 'આપણે ત્રણ જણા ને ત્રણ છોકરીઓ કાલે જ માઉન્ટ આબુ ઊપડીએ. તમારી

ફ્રેન્ડને સમજાવી લો. બધો ખર્ચો મારો.'

'તું એમ વટ મારવાનો રહેવા દે. એમને બધાને તું મુફલિસ સમજે છે કે શું? બધો ખર્ચો તારો નહીં ને સહિયારોય નહીં. જે વખતે જેને ઠીક લાગે તે ખિસ્સામાં હાથ ઘાલે. આપણે કાયમ એવું જ કરીએ છીએ ને!' રવીને સૌમીલને તતડાવ્યો. જ્યારથી વનમાળીએ સૌમીલની માના કૂળની વાત જાહેર કરી ત્યારથી બધા એને ઓળખી ગયા હતા. હવે ભલે બધા એની દોસ્તી નિભાવતા હતા પણ પહેલાંની જેમ એની શેહમાં તણાતા ન હતા.

'મારા કહેવાનો અર્થ એવો ન હતો. હું તો એમ કહેવા માગતો હતો કે તમારા બે માંથી કોઈને એમ લાગતું હોય કે નથી જવું તો મારે માટે થઈનેય સાથે આવવું પડશે. એષણાને પાછું રુંગું ભરાય ને પાછી ફરી જાય તે પહેલાં મારે તેને વટલાવી દેવી છે કે જેથી એ ફરીથી અધ્ધર અધ્ધર ન ચાલી શકે. એને લીધે આપણી ફ્રેન્ડઝ પણ ઘણી વખત બહાનાં કાઢી આપણી સાથે આવવામાં આનાકાની કરતી હોય છે એય બંધ થઈ જાય.'

'તો નક્કી, પણ તું પહેલાં એષણાને તૈયાર કર પછી અમે અમારી ફ્રેન્ડઝને વાત કરીએ.'

'તમને વહેમ છે કે એષણા આવવા તૈયાર નહીં થાય? અરે, એ પાછી આવી ત્યારે એણે સૌથી પહેલો મને જ ફોન કર્યો હતો કે એ હવે પછી આપણા બધા પ્રોગ્રામમાં આવવા તૈયાર છે. તમે તમારી ફ્રેન્ડઝને વાત કરો.'

રવીન અને રાઘુ પોતાની ફ્રેન્ડને શોધતા દૂર ખૂણામાં પહોંચ્યા ત્યારે એ બેય જણીઓ એષણાની સાથે જ વાતો કરી રહી હતી. એમણે એમને એક બાજુ ખેંચી જઈ વાત કરી લીધી. પેલી બેય તો તૈયાર જ હતી. પછી એ ચારેય જણાં એષણાની પાસે આવ્યાં ત્યારે સૌમીલ પણ એષણાને શોધતો ત્યાંઆવી પહોંચ્યો. એણે એષણાને આવતીકાલના આબુના પ્રોગ્રામ અંગે વાત કરીઃ 'કાલે આપણે છ જણાં માઉન્ટ આબુ જઈએ છીએ. હું, તુ, રાવિન, રીટા, રાઘુ અને અચી. તમારે વાત થઈ ગઈ છે ને?'

રીટા અને અચીએ હકારમાં ડોકાં હલાવ્યાં પણ એષણાએ સામે પૂછયુંઃ 'કેટલા દિવસ?'

'બે દિવસ તો ખરા જ. બધાને ગમે તો એકાદ દિવસ વધારેય થાય.' સૌમીલે કહ્યું.

'મને એમાં ન ગણતો.' એષણાએ રોકડી પરખાવી.

'પણ તેં મને ફોન પર તો કહ્યું હતું કે તું આપણી ફ્રેન્ડઝની બધી પાર્ટીઓમા આવશે! પાછું શું વાંકું પડ્યું?' છોભિલા પડી જતા સૌમીલે પૂછયું.

'મેં પાર્ટીઓમાં આવવાની વાત કરી હતી. આમ રખડવા ને ધીંગામસ્તી કરવામાં નહીં. જો તમને મારી વાત ન ગમતી હોય તો હું હવે પછીની કોઈ પર્ટીમાંય નહીં આવું.' એષણાએ કહ્યું ને પેલી બેયે પણ એનું જોઈ નન્નો વાસી દીધો.

'તો ભગતડી, મર તારી ખાનદાની ને સંસ્કારની પોકળ વાતોમાં. કોઈ નહીં આવે તોય અમે ત્રણ જણા તો જઈએ છીએ જ.' કહેતાં એ રવીન અને રાઘુને ખેંચતો ચલ્યો ગયો.

પણ વાત વટમાં આવી ગઈ હતી એટલે એ ત્રણેય જણાએ તો આબુ જવાનો પ્રોગ્રામ ચાલુ જ રાખ્યો. ને બીજે જ દિવસે એ ત્રિપૂટી સૌમીલની કારમાં આબુ પહોંચી. એમને રહેવાની જ્ગ્યા તો શોધવાની ન હતી. અમદાવાદના ઘણા શેઠીઆઓએ જાત્રાનાં સ્થળોએ કે હિલ સ્ટેશન પર બંગલા બંધાવી રાખ્યા હતા એમ સૌમીલના પિતા માધવ શેઠે આબુ પર નકી લેકને કિનારે એક સુંદર બંગલો બંધાવી રાખ્યો હતો. બંગલે પહોંચી હાથ-મોં ધોઈ ફ્રેશ થઈ ત્રણેય દોસ્તો કાર લઈને ફરવા નીકળી પડ્યા.

શેઠ શેઠાણી આવે ત્યારે બંગલાના ચૉકીદારને ઘણું કામ પહોંચતું હતું પણ જ્યારે સૌમીલ શેઠ એના જુવાનિયા ટોળા સાથે આવે ત્યારે એને એવું કામ પહોંચતું ન હતું. અરે, ઊલટું એને કશે બહાર જવું હોય તો એકબે દિવસની એને છૂટ્ટી પણ મળી જતી હતી અને જતી વખતે સૌમીલ શેઠ એને દસ પંદર રૂપિયાની બક્ષિસ પણ આપતા જતા હતા. એટલે સૌમીલના આવતાંની સાથે જ વશરામ ભગતે નીચે ખરેડીમાં રહેતી તેની દીકરીને મળવા જવાની તૈયારી કરી દીધી હતી.

આ દોસ્તો બજારમાં આંટો મારીને ખાવાની ને ખાસ તો પીવાની ચીજો લઈને કલાકેકમાં પાછા આવી

ગયા. એમણે વશરામ ભગતને બે દિવસ દીકરીને મળવા જવાની રજા પણ આપી દીધી. ને ટોળકી પાછી બહાર ફરવા નીકળી પડી.

'હમણાંનું આબુ સાવ ઉજ્જડ લાગે છે. પહેલાં તો અહીં આવીએ ત્યારે જાણે મેળો ભરાયો હોય એમ લાલ પીળાં લૂગડાં ચારે તરફ લહેરાતાં હતાં.' રવીને અફસોસ વ્યક્ત કરતો હોય એમ કહ્યું.

'આપણે કાયમ ઉનાળામાં જ આવતા હતા એટલે એ વાત જુદી હતી ને અત્યારે ઓગસ્ટ મહિનાની વાત જુદી છે. અત્યારે તો તું જંગલમાં નીકળું તો તને લાલપીળાં પતંગિયાં દેખાશે.' સૌમીલે કહ્યું ને બધા હસી પડ્યા.

'એ દેખાય કે ન દેખાય પણ આપણે હજુ બેએક કલાક ફરીને જ ઘેર જઈએ. અત્યારથી જ ઘેર પહોંચીશું ને પીવા બેસી જઈશું તો વધારે પડતું પીવાઈ જશે.' રાઘુએ કહ્યું. એને પીવાની ખાસ આદત ન હતી. પણ દોસ્તોની કંપનીમાં એ કયારેક બે ઘૂંટા મારી લેતો એટલું જ.

'તારી એષણા આડી ફાટી ને અમારી કંપનીય એની વાદ્યે ફરી બેઠી. તારે લીધે અમારેય સૂકી બેસી ગઈ.' રવીને સૌમીલને ઉશ્કેર્યો.

'આપણે હવે એષણાના નામનું નાહી જ નાખવા જેવું છે. મને ખબર નથી પડતી કે સૌમીલ એનામાં શું જોઈ ગયો છે. ને એને બીજી ફ્રેન્ડો કયાં નથી!'

'આજે નહીં તો ફરીથી કોઈક દિવસ પણ એને હું છોડવાનો નથી જ. એ આઘી આઘી રહે છે એટલે જ એને પટ્ટીમાં પાડવાની મને ચમક ઊપડે છે. બાકી એના કરતાં અફલાતુન છોકરીઓને કયાં આપણે માણી નથી?'

'મારું માને તો એને ભૂલી જ જા. એના મનનું કશું ઠેકાણું નથી. એ ગમે ત્યારે આમ અવળી ફરી બેસે છે ને એને લીધે આપણી પાળેલી છોકરીઓ પણ આઘી ખસવા માંડે છે.'

'તમે બે તમારું રડો છો પણ એ મારું નાક કાપી ગઈ એ તમને દેખાતું નથી! હું એનો બદલો લીધા સિવાય રહેવાનો નથી. તમે જોજો કે એ એક દિવસ મારે પગે પડતી આવશે ત્યારે તમારી હાજરીમાં જ હું એને કહીશઃ આજે નહીં ડિયર, આજે મેં પિંકીને ડેઈટ આપી છે, કાલે ચૉક્કસ. એવું હોય તો તું આજે મેહુલની સાથે જા. તને એની સાથે મજા પડશે.'

'એવું થાય તો જોવાની મજા આવી જાય.'

'આટલે આવ્યા છીએ તો અચલગઢ સુધી આંટો મારતા આવીએ. ત્યાં બે ઘડી બેસીશું.' રાઘુએ કહ્યું.

'ચાલો ભાઈ, આ ભગતડાને અચલગઢ દર્શન કરાવતા આવીએ.' રવીને કહ્યું. સૌમીલે વગર બોલ્યે ગાડી ચલાવ્યા કરી. એના મનમાં તો હજુ એષણાના વિચારો જ ચાલતા હતા. એ એકલી હોય અને એણે જો ના પાડી હોત તો એને આટલું ન લાગ્યું હોત પણ આ તો રવીન, રાઘુ અને પેલી બે છોકરીઓની સામે એણે નન્નો વાસી દીધો એ સૌમીલને વધારે આસહ્ય લાગ્યું હતું.

બધા અચલગઢ જઈ બેઠા. રાઘુ દર્શન કરી આવ્યો પછી વાતોના તડાકા મારતા એ લોકો બહાર આંટા મારવા માંડ્યા ત્યાં એમને કાને કોઈ સ્ત્રીઓના અવાજ પડ્યા ને એ બધાની નજર એ તરફ ગઈ. બે છોકરીઓ મંદિર તરફ આવી રહી હતી. એક આગળ હતી તેણે શર્ટ અને પાટલૂન પહેરેલાં હતાં ને માથે સ્કાફ બાંધેલો હતો જ્યારે તેની પાછળ આવતી યુવતીએ મીડી ફ્રોક પહેરેલું હતું ને એણે બેય હાથમાં એકએક ચપ્પલ પકડેલું હતું.

'રૂપલી, આમ જ ચાલતી રહીશ તો ઘેર પહોંચતાં રાતના દસ વાગી જશે.' આગળ ચાલતી યુવતીએ બીજીને ટકોર કરી.

'આ ચપ્પલને અત્યારે જ ટૂટવાનું હતું. પગમાં કાંકરા એવા વાગે છે.' ને બેય જણીઓ મંદિરમાં પેઠી ને દર્શન કરીને ઝડપથી બહાર આવી ગઈ. ત્યા સુધીમાં તો આ ત્રિપુટી પણ મંદિરનાં પગથિયાં સુધી આવી પહોંચી.

'Girls from Bombay?' રવીન સ્વગત બોલતો હોય એમ બબડ્યો. એને આવું બધું ફાવતું હતું.

'Yes, and you are from?'

'અમે અમદાવાદથી. હું રવીન, આ સૌમીલ અને આ રાઘુ. તમને ગુજરાતી સમજાય તો છે ને?'

'હા, હું સીમા ભાઉ અને આ રૂપલ વડિયા.'

'લાગે છે કે તમે બેય થાકયાં છો. જો તમને અમારી સાથે નકી સુધી આવવામા વાંધો ન હોય તો અમારી પાસે કાર છે.' રવીને મસ્કો મારતાં કહ્યું.

'થેંકયુ ફૉર ધ ઑફર. અમે થાકેલાં પણ છીએ ને રૂપલનું ચપ્પલ પણ તૂટી ગયું છે. તમને અગવડ ન પડે તો અમે તમારી સાથે આવીશું, કેમ રૂપલ?'

'અમને તો શી અગવડ પડવાની હતી? હા કદાચ કારને અગવડ પડે પણ તમે એવાં ભારે નથી.' સૌમીલે કહ્યું. ને બેય છોકરીઓને સૌમીલની સાથે આગળની સીટમાં બેસાડી બકીના બે મિત્રો પાછળની સીટમાં ગોઠવાયા ને કાર ઊપડી.

'તમે આ ઑફ સિઝનમાં આબુ આવવાનું કેમ વિચાર્યુ?' ગાડી ચાલી એટલે સૌમીલે વાત ચાલુ કરી.

'અમે કયારેય આબુ આવ્યાં ન હતાં એટલે થયું કે આબુ જઈ આવીએ. અમને ખબર નહીં કે અહીંની ઑફ સિઝન આવી સ્લો થઈ જતી હશે. અમારે માથેરાનમાં તો લગભગ બારેય મહિના સિઝન જ લાગે.' રૂપલ બોલી.

'અમારે દિવાળીનું વેકેશન પડે ત્યારે અહીં થોડો વખત સ્ટુડન્ટ્સને કારણે મીડ સિઝન જેવું થઈ જાય છે, બાકી ખરી સિઝન તો ફેબ્રુઆરીથી જુલાઈની જ.'

'તમે ન મળ્યા હોત તો અમારી શી દશા થાત! રાતના નવ તો વાગી જ જાત પહોંચતાં. થેંકયું.'

'અહીં વેરાન જેવું લાગે છે પણ તમારા મુંબઈ જેવી બીક અહીં નહીં. ગુજરાત એકંદરે શાંત સ્ટેટ ગણાય છે.'

'એની અમને ખબર છે નહીં તો અમારાં માબાપ અમને એકલાં અહીં આવવાય ન દે ને!'

'લો આપણે નકી સુધી પહોંચવા આવ્યાં. તમે ધારતા હતાં એના કરતા બે કલાક વહેલાં આવ્યાં એટલે તમને વાંધો ન હોય તો અમારા ગેસ્ટ હાઉસમાં આવી ચાકૉફી પિવડાવીને તમને તમારી હોટેલ પર મૂકી જઈશ. બાય ધ વે તમે કઈ હોટેલમા ઊતર્યાં છો?'

પેલીઓ આમ સાવ અજાણ્યા જુવાનિયા સાથે કૉફી પીવી કે નહીં એ વિચારે તે પહેલાં તો કાર બંગલા સામે આવીને થોભી પણ ઘાઈ હતી. હવે હા, ના, કરવાનો કશો અર્થ ન હતો. બધાં નીચે ઊતર્યાં. બંગલાની સજાવટ જોતાં બેય છોકરીઓને લાગ્યું કે આ જુવાનિયા સારા ને સુખી ઘરના નબીરા લાગે છે એટલે એ નિશ્ચિંત બની અંદર દાખલ થઈ ને સોફામાં ગોઠવાઈ.

'બાથરૂમ સામે ડાબી બાજુએ છે તમારે કોઈએ યુઝ કરવી હોય તો.'

'તમારે કૉફી પીવી હોય તો બનાવીએ પણ અમારે તો વ્હીસ્કીનો ટાઈમ થઈ ગયો છે. ને તમે બેય મુંબઈની મોડર્ન સોસાયટીમાંથી આવો છો એટલે તમે કદાચ અમને વ્હીસ્કી નહીં તો બિયરમાં તો સાથ આપશો જ એમ માનું છું.'

પેલી બેયે એક બીજા સામે જોયું. એમની આંખોમાં અડધા પડધા હકારના ભાવ વાંચી રવીન અને સૌમીલે ગ્લાસ, બોટલ, આઈસ, બાઈટીંગ વગેરે ટેબલ પર ગોઠવી દીધાં.

'તમને હાર્ડ લીકર ચાલતાં હોય તો ડબલ હોર્સ છે ને રેડ લેબલ પણ છે.' રવીને વિવેક કર્યો.

'ના ફકત બીયર જ. અમે બીયર પણ કયારેક જ લઈએ છીએ.' રૂપલે સીમા કાંઈ બોલી દે તે પહેલાં ઉતાવળથી ચૉકાવટ કરી દીધી.

'જેવી તમારી ઈચ્છા.' કહેતાં સૌમીલે ફ્રીઝ પાસે ઊભાં રહી બે મગમાં છુપી રીતે એકએક પેગ જેટલી બ્ર

ાન્ડી નાખી એમાં બિયર કાઢી બેયની સામે મૂકયા ને એને ને રવીનને માટે વ્હીસ્કીના ગ્લાસ તૈયાર કર્યા. બાઈટીંગનો એક વાટકો છોકરીઓ તરફ ખસેડતાં એણે પોતાનો ગ્લાસ ઉઠાવ્યો. બધાએ પણ પોતાના ગ્લાસ ઉઠાવ્યા ને ચીયર્સ આપતાં એ બોલ્યોઃ 'ટુ બ્યૂટિફુલ બમ્બૈયા ગર્લ્સ.' ને બધાએ ચૂસ્કી ભરવા માંડી.

રાઘુ પીવામાંથી બકાત હતો. એણે કહ્યુંઃ જો તમને વાંધો ન હોય તો હું રુઘનાથજીના મંદિરમાં દર્શન કરતો આવું. તમારે બજારમાંથી કશું લાવવાનું છે?'

'જો વહેલો આવું તો અમારે માટે મંદિરમાંથી પ્રસાદ લેતો આવજે. આમને ઉતાવળ હશે, બાકી તને તો ખબર છે જ કે અમે તો બાર વાગ્યા સુધી જાગતા જ હોઈશું.'

'હું જેમ બને તેમ વહેલો આવી જઈશ.' કહેતાં એ ગયો.

અહીં તો શરાબનો દોર ચાલુ થઈ જ ગયો હતો. પેલી બે છોકરીઓ ધીમેથી પીતી હતી તોય એમની બિયર પૂરી થઈ ગઈ. સૌમીલે એ જોયું ને રવીનને કહ્યુંઃ 'એમને માટે બીજી બિયર ફ્રીઝમાંથી લેતો આવ ત્યાં સુધીમાં હું આપણે માટે વ્હીસ્કીના પેગ તૈયાર કરી દઉં છું.

'ના આમારે માટે બીજી બિયર નહીં. અમે એકએક પીધી છે એ જ ઘણી છે. કોઈક દિવસ પીનાર માટે એ ઘણી કહેવાય.' રૂપલે કહેવા કર્યું. પણ સૌમીલ એમ છોડે ખરો!

'રવીન, એમને માટે એક બિયર ખોલીને બેયને અડધી અડધી કરી આપ. હું આપણા પેગ પણ અડધા કરી નાખું છું, બસ?' ને વધારે દલીલ કર્યા સિવાય પેલીઓએ એ માની લીધું.

કલાકેક આ પીવાનો દોર ચાલ્યો. પછી સીમાએ કહ્યુંઃ 'હવે અમને અમારી હોટેલ પર મૂકી જાવ તો સારું.'

'તમે હાથમોં ધઈને સ્હેજ ફ્રેશ થઈ જાવ એટલે મૂકી જઈએ. આવો હું તમને બાથરૂમ બતાવું. સાથેના રૂમમાં બીજી બાથરૂમ પણ છે. રવીન તું રૂપલને એ બાથરૂમ બતાવજે.' કહેતાં સૌમીલે સીમાને એક રૂમમાં દોરી. એક તરફ સીમા બાથરૂમમાં પેઠી કે સૈમિલે રૂમનું બારણું બંધ કરી અંદરથી લોક કરી દીધું. બીજી તરફ રવીને પણ એમ જ કર્યું હતું. આવી બાબતમાં એ બેય ઘણા ઘડાયેલા હતા.

ત્યાં સીમા બાથરૂમમાંથી બહાર નીકળી ને સૈમિલે એને બાથમાં લઈ એક તસતસતું ચૂંબન ચોઢી દીધું. પેલી એક વખત તો ગભરાઈ જ ગઈ પણ પછી તરત સ્વસ્થ થઈ જતાં બોલીઃ 'સૈમીલ, પ્લીઝ બીહેવ યૉર સેલ્ફ.'

'બસ એમ જ અમને આમ તલસાવી ને ચાલી જવું છે? આજે મળ્યાં છીએ તો થોડી મજા તો કરી લઈએ.' કહેતાં એ સીમાને લઈ બેડમાં પડ્યો.

'બહાર રૂપલ બેઠી છે ને _' સીમા કહેવા ગઈ.

'એય બહાર બેઠી નહીં હોય એ બાજુના રૂમમાં રવીનની સાથે મજા કરતી હશે. આવ આપણેય મજા કરી લઈએ.' કહેતાં સૈમિલે સીમાના દેહ સાથે અડપલાં કરવા માંડ્યાં. ને સીમાય આવી વાતોથી અજાણી ન હતી. અરે, એના મનમાં તો પીતાં પહેલાંય આવી શંકા તો આવી જ ગઈ હતી. અને એ લોકોય મજા કરવા તો નીકળ્યાં હતાં ને! એટલે એને વાંધોય ન હતો.

એકાદ કલાકની પ્રેમરમત રમી લઈ સીમા પાછી બાથરૂમમાં પેઠી એટલે સૌમીલ બહાર નીકળ્યો. ને બારણું ખખડ્યું એટલે રવીને પણ બાજુના રૂમમાંથી બહાર ડોકું કાઢ્યુંઃ 'કેમ રહી તારે? મને તો મજા આવી ગઈ.'

'બદલી કરી લઈશું?' આંખ ફાંગી કરતાં સૌમીલે કહ્યું ને બેય જણા સામસામી રૂમમાં પેસી ગયા. બાથરૂમમાંથી બહાર આવતી સીમાએ રવીનને સામે ઊભેલો જોયો ને એ અચકાઈ ગઈ.

'ચાલો, કોણ અમને મૂકવા આવે છે?' એણે પૂછ્યું.

'શી ઉતાવળ છે ડિયર? આવ, આપણેય થોડી મજા કરી લઈએ.' એણે સીમાને પથારીમાં ખેંચી પાડતાં કહ્યું.

એનાથી છટકવાનો પ્રયત્ન કરતાં સીમા ચીસ પાડી રહીઃ 'આ બરાબર નથી. મને છોડી દે, યુ બીસ્ટ.'

પણ પેલો બીસ્ટ એને છોડે ખરો? ને સામે હતી બ્રાન્ડી બિયર મિક્સ. પછી એ બાપડી છટકીય ક્યાંથી શકે! બીજો કલાકેક પસાર થઈ ગયો. રાતના સાડા અગિયાર વાગવા આવ્યા હતા. પેલી બેય જણીઓનો નશો તો આ ગુજરાતી નબિરાની પાશવતાએ ઉતારી નાંખ્યો હતો. પણ હવે નશાનું સ્થાન ગુસ્સાએ લઈ લીધું હતું.

'યુ આર કંપલીટલી બીસ્ટ્સ. યુ હેવ રેપ્ડ અસ અગેઈન્સ્ટ અવર વીલ. યુ વીલ હૅવ ટુ સફર ફોર ધીસ.'

'વી ડોન્ટ બ્લેઈમ યુ ફોર ફર્સ્ટ ટાઈમ, બટ સેકન્ટ વન વોઝ કંપ્લીટલી બીસ્ટલી. વી કાન્ટ ફરગીવ યુ.'

આ દરમિયાન રાઘુ મંદિરમાંથી આવી ગયો હતો. એણે આવતાં જ કહ્યુંઃ 'સોરી, મારે મોડું થઈ ગયું આજે તો મંદિરમાં મોટો ઉત્સવ હતો. ચાર પાંચ ભજનમંડળીઓ આવી હતી.' પેલી છોકરીઓના મોં પરના ભાવ જોતાં આગળ બોલતાં અટકી ગયો.

'લાવ મને ચાવી આપ હું એમને મૂકી આવું છું.' એણે સૌમીલની પાસેથી ચાવીઓ લઈને મહા પ્રયત્ને પેલી બેયને સમજાવી કારમાં બેસાડી.

રસ્તામાં સીમાએ કહ્યુંઃ 'યુ લૂક ડીફરન્ટ, ધોઝ ટુ આર લાઈક બીસ્ટ્સ. ટેલ ધેમ ધેટ ધે આર ગોઈંગ ટુ સફર ફોર ધીસ.'

'મને લાગે છે કે તેમણે તમને હેરાન કર્યાં છે. એમને પીધા પછી આવા ચાળા કરવાની ટેવ પડી છે.' રાઘુએ શું બન્યું હશે એની કલ્પના કરતાં કહ્યું. પણ એની કલ્પના કરતાંય ખરાબ રીતે એ બેય જણાએ વર્તન કર્યું હતું એની એને ક્યાં જાણ હતી?

'મારો ભાઈ એમની જેમ મીલ માલિકનો દીકરો નથી પણ એ મહાલક્ષ્મીનો દાદો છે. એને કાને વાત પહોંચશે તો અમદાવાદમાંય રવીન અને સૌમીલને કોઈ બચાવી નહીં શકે.' સીમાએ કહ્યું.

'ને હું વાત કર્યા સિવાય રહેવાનીય નથી. કોઈ અમારી સાથે આવો વર્તાવ કરે એને એનો બદલો તો મળવો જ જોઈએ નહીં તો કાલે એ બીજી છોકરીઓ સાથે પણ એવો વર્તાવ કરે.' રૂપલ બોલી.

'હું એમને ધમકાવીશ અને તમે બેય જોશો કે કાલે સવારે એ લોકો તમારી પાસે માફી માગવા દોડી આવશે.' રાઘુએ એમને શાંત પાડતાં કહ્યું. પણ હોટેલ પર પહોંચતાં સુધી એમનો ગુસ્સો ઊતર્યો હોય એમ લાગતું ન હતું.

અનુક્રમ→

## ૧૦. ખરા ફસાયા

રાઘુએ બંગલે જઈને પેલા બેય ને ઝાટકયા પણ એમને કશી અસર કયાં થાય એમ હતી! એણે જ્યારે કહ્યું કે સીમાનો ભાઈ મહાલક્ષ્મીનો દાદો ગણાતો હતો અને રૂપલ એને વાત કર્યા સિવાય રહેશે નહીં એવું લાગતું હતું.

'એ દાદો હોય તો એના મુંબઈનો ને આપણે છીએ અમદાવાદમાં. એ કરી કરીને શું કરી નાખવાનો હતો? એ અમદાવાદમાં આવે તો આપણે આપણા બેચાર દાદાઓને એની પાછળ લગાડી દઈશું કે એને મુંબઈની ભાગોળ સુધી મૂકી આવશે. તું તો પહેલેથી બીકણ બિલાડી જેવો જ છે.'

'મારું માનવું છે કે કાલે સવારે આપણે એમની હોટેલ પર જઈને દિલગીરી વ્યકત કરવી જોઈએ. એમના ભાઈની બીકને કારણે નહીં તો આખા ગુજરાતની છાપ ન બગડે એ માટેય.' રાઘુએ ભાર દઈને કહ્યું.

'તને એમ હશે તો એમ કરીશું, બસ? એમ કરવાથી એ એક દિવસ વધારે આબુ પર રોકાઈ જાય ને માને તો ફરી એક પાર્ટીય આપીએ.' સૌમીલે કહ્યું અને રવીન પણ નફ્ફટાઈથી હસી પડ્યો.

'તમે સાલા, ખત્તા ખાધા વગર નહીં માનવાના.' બબડતો રાઘુ પોતાના રૂમમાં સૂવા ચાલ્યો ગયો.

◇

બીજે દિવસે સવારે રાઘુ પેલા બેયને પેલી છોકરીઓની હોટેલ પર લઈ ગયો. એ છોકરીઓએ રવીન અને સૌમીલની વાત સાંભળ્યા સિવાય કહી દીધુંઃ 'તમે ગમે તે બચાવ કરો પણ એનાથી કશો ફેર પડવાનો નથી. તમે પહેલી વખત હરકત કરી એ આમારી એવી તૈયારી ન હતી છતાં તમને માફ કરી દીધી હોત પણ બીજી વખતની હરકત તો રીતસરનો રેપ જ હતો.'

'અમે વધારે પી ગયા હતા એટલે _' રવીન કહેવા ગયો.

'તમે વધારે પી ગયા હતા એટલું જ નહીં પણ તમે છુપી રીતે અમારી બિયરમાંય વ્હીસ્કી કે નોક-આઉટ ટેબ્લેટ નાખી હશે. એકબે બિયરથી અમને કયારેય આટલો નશો ચડતો નથી. તમારી દાનત અમને કારમાં બેસવાનું કહ્યું ત્યારથી જ બગડેલી હશે. એ બધું વધારે પીવાથી નથી થયું.'

'અમારી એ ભૂલ થઈ ગઈ.'

'એ ભૂલ ન હતી, એક ભયંકર કાવતરું હતું. તમને એનો અંજામ હવે પછી ખબર પડશે. તમને એમ હોય કે મારો ભાઈ મુંબઈ બેઠાં શું કરી નાખવાનો છે તો એ ખ્યાલ મનમાંથી કાઢી નાખજો અને તમારા ઘરમાં બેઠા હો ત્યારે પણ સાવધાન રહેજો.' સીમાએ આખરી અલ્ટીમેટમ આપીને એમના મોં પર બારણું બંધ કરી દીધું. ને બંધ બારણા સામે તાકી રહેવાનો કશો અર્થ નથી એ સમજાતાં બધા પગથિયાં ઊતરી હોટેલની બહાર નીકળ્યા.

'એ ગમે તે ફૂંફાડા મારતી હોય પણ એનો ભાઈ અમદાવાદમાં આવીને આપણું શું બગાડી નાખવાનો હતો? એ બહુ કરવા જશે તો આપણે એના જ ટાંટિયા એને ગળે ભેરવાય એવું નહીં કરીએ?' સૌમીલ હજુ પોતે કશું ખોટું કર્યું છે એવું માનવાને બદલે પેલીઓ કશું નહીં કરી શકે એવી પોતાની વડાઈની વાત વાગોળ્યા કરતો હતો.

'આ બધું થયું પેલી એષ્ણાને કારણે. એણે શરૂમાં જ અપશકન કરાવ્યા ન હોત તો આમાંનું કશું થયું ન હોત. પણ આ સૌમીલડાને કોણ જાણે એની શી લ્હે લાગી છે તે એની પાછળ ભમરડાની જેમ આંટા માર્યા કરે છે.' રવીને મનનો ઊભરો કાઢ્યો.

'મને એનું કશું ઘેલું લાગ્યું નથી પણ એને એક વખત બતાવી તો આપવું જ છે કે આજે એ ભલે એ ભગતડી બનવાનો ડોળ કરતી હોય પણ એ આપણાથી જુદી નથી જ.'

'મને લાગે છે કે હજુ તમને કાલના શરાબનો નશો ઊતર્યો નથી. તમને ખોટું લાગવાનું હોય તો ભલે પણ હવે તમારી કંપનીમાં મનેય બીક લાગવા માંડી છે.' રાઘુએ કહ્યું.

'અમને લાગે છે કે તું પેલીઓની વાતથી ફફડી ગયો છું.' સૌમીલે એને ટોણો માર્યો. પણ મનમાં તો એય સીમાના અલ્ટીમેટમથી ગભરાયેલો તો હતો જ.

વાત બગડી ગઈ હતી એટલે બંગલે પહોંચીને બધા પોતાનો સામાન પેક કરીને અમદાવાદને રસ્તે પડ્યા.

◇

બે દિવસ શાંતિમાં પસાર થઈ ગયા એટલે રવીન અને સૌમીલ જાણે પેલી વાતને વિસરી ગયા હોય એમ પોતાના કાયમના મૂડમાં પાછા આવી ગયા હતા. એવામાં એક દિવસ રવીનને એની ફ્રેન્ડ રીટા મળી ગઈ. 'કેમ આબુમાં આમારા વગર મજા કરી આવ્યા ને! કે પછી થાકીને પાછા આવતા રહ્યા?' રીટાએ કહ્યું.

'તુંય એ ભગતડીની વાતોમાં આવી ગઈ એટલે તને એમ કે અમને બીજી કોઈ કંપની જ નહીં મળે? તમારે બદલે અમને મુંબઈની બે છોકરીઓની કંપની મળી ગઈ હતી. એમની સાથે અમે જે મજા કરી છે એની તો તમને કલ્પનાય નહીં આવે. સૌમીલ મળે તો એને પૂછીશ એટલે તમને બધી ખબર પડશે.'

'મારે પૂછવુંય નથી ને જાણવુંય નથી. તમને બધાને જ્યાં ને ત્યાં લાવરિયાં મારવાની ટેવ પડી છે ને તમને તમારે લાયક મળી પણ જાય છે. મારો હવે તમારી કંપનીમાંથી રસ ઊડતો જાય છે. હવે તું મને તારી સાથે ન ગણતો.' રીટાએ એને રોકડી પરખાવી.

'મને લાગે છે કે તને રાઘુએ બધી વાત કરી દીધી છે. પણ તને તો ખબર છે કે આપણે જ્યારે બહુ તાનમાં હતાં ત્યારે મોડી રાતે એક વખત કંપની બદલેલી એવું અચાનક એમની સાથે પણ થઈ ગયું. તને રાઘુએ એમાં મીઠું મરચું ભેળવીને વાત કરી હશે.' ને આ તો પેલીઃ ચોર કી દાઢી મેં તીનકા જેવો ઘાટ થયો.

'હું રાઘુને મળી નથી કે એણે મને કશી વાત કરી નથી પણ તેં પોતે તમારી હેવાનિયતની વાત કરી દીધી એ સારું થયું. હવે તમારી કંપનીમાં રહેવું કે નહીં એનો મારે અને અચીને ફરીથી વિચાર કરવો પડશે.'

'લે હવે એવી વેવલી થવાનો ડોળ રહેવા દે.'

'પણ કોઈ અજાણી છોકરી સાથે બે ઘડીના ઓળખાણમાં તમે આટલી હદે જાવ એ હેવાનિયત નહીં તો બીજું શું છે?'

રાઘુએ વાત કરી દીધી હશે એવા વહેમમાં એણે પોતે જ પોતાની પોલ ખોલી નાખી હતી એટલે એ થોડો છપાઈ ગયો. આ વાત પોતે જ બહાર પાડી દીધી છે એ જાણ્યા પછી સૌમીલ એને શું કહેશે એની ચિંતામાં એ પડી ગયો. સૌમીલથી એ ડરતો હતો એમ નહીં પણ વાત બહાર પાડી દીધી એ પોતાની ભૂલ હતી એ માટે તો પોતે જવાબદાર હતો એ માટે.

એણે વાતને આગળ ન ફેલાવા દેવા રીટાને ફોસલાવવા પ્રયત્ન કરતા કહ્યુંઃ 'જો આ આપણા બેની વચમાંની વાત છે. તું મારી ફ્રેન્ડ છે એટલે મારે તારાથી કશું છુપાવવું ન જોઈએ એટલે તને કહી છે. કોઈને કશું કહેતી નહીં.' રવીને પાણી વહી ગયા પછી પાળ બાંધવા પ્રયત્ન કર્યો.

'મારે કોઈને કહેવાની શી પડી છે તે હું કહેવા જવાની હતી?' કહેતાં રીટા ચાલતી થઈ પણ રવીનના મનમાંથી વાત જતી ન હતી. એને ખબર જ હતી કે આ વાત બહાર પડી જ જવાની હતી. પણ હવે એનો કશો ઉપાય ન હતો.

વાત બહાર પડવાની તેની શંકા એક બાજુએ રહી ને એક દિવસ બે ગઠિયાઓએ એને માણેકચૉક પાસે આંતરીને પરાણે કારમાં ઘૂસાડી દીધો. એ લોકો એને ગાંધી આશ્રમની પાછળ આવેલા એક છાપરામાં લઈ ગયા. હજુ સુધી એને કશું સમજાયું ન હતું પણ એણે ઝૂંપડીમાં એક થાંભલી સાથે બંધાયેલા સૌમીલને જોયો કે તરત એને બધું સમજાઈ ગયું. ને એના મોં પર જાણે હવાઈઓ ઊડવા માંડી. એને મનમાં લાગ્યું કે એમનાં બેયનાં સોએ વર્ષ પૂરાં થઈ ગયાં હતાં.

એમને પકડીને લાવનાર માણસો બીન ગુજરાતી લાગતા હતા. એને સમજતાં વાર ન લાગી કે એ લોકો સીમાના ભાઈના માણસો હતા. પણ પેલા લોકોને જાણે કશી ઉતાવળ હોય એમ લાગતું ન હતું. થોડી વાર પછી એમનામાંના એક માણસે કરડાકીથી કહ્યું: 'તમે સમજી ગયા હશો કે તમને અમે કેમ પકડી લાવ્યા છીએ ને એ પણ સમજાઈ ગયું હશે કે હવે તમારી શી વલે થવાની છે.'

એના અવાજ અને ઠસ્સાથી જ લાગતું હતું કે એ આ ટોળીનો મુખ્ય માણસ હશે. સૌમીલે એને કહેવા કર્યું: 'અમને કશું સમજાતું નથી. અમે તમારા માર્ગમાં કદી આડા ઊતર્યા હોવાનું અમને યાદ નથી. તમે ભૂલથી અમને ઉપાડી લાવ્યા હોય એમ લાગે છે.'

'અમે તમને ભૂલથી ઉપાડી લાવ્યા નથી પણ તમે ભૂલથી નાગના રાફડામાં હાથ નાખ્યો છે. તમે ભાઉ સાહેબની બેનની છેડતી કરી છે ને હવે તમને એની સજા કરવા ભાઉ સાહેબે અમને મોકલ્યા છે. હવે તો તમને યાદ આવી ગયું ને! તમારે પસ્તાવો કરવો હોય કે ભગવાનને યાદ કરવા હોય તો કરી લો એટલે અમે તમારી ખાતર-બરદાસ્ત કરવી શરૂ કરી દઈએ.'

'પણ એ તો દારૂના નશામાં થઈ ગયેલું ને સીમાએ અને રૂપલે અમને માફ પણ કરી દીધું છે.'

'તમે એ સારું યાદ દેવરાવ્યું. ઘોંડું બોટલ ખોલ એટલે આપણેય બેબે ઘૂંટા પીને શરાબના નશામાં જ એમનાં હાડકાં ભાગીએ. એવાયે કહે છે એમ શરાબના નશામાં આપણે એમને માર્યા હોય તો માફ ગણાય.' પેલાએ કહ્યું ને એમનામાંના એકે શરાબની બોટલ કાઢી ત્રણ ગ્લાસ તૈયાર કર્યા. એકી સાથે શરાબના પ્યાલા પી લીધા પછી અચાનક યાદ આવ્યું હોય એમ પેલો કહે: 'તમારેય બે ઘૂંટા મારવા હોય તો મારી લો તમને માર ખાવામાં રાહત રહેશે, નહીં તો તમને બહુ કઠશે.' કહેતાં એણે સૌમીલના જડબા પર એક બરાબરની ફેંટ ઝીંકી દીધી.

હથોડા જેવા આ ફટકાથી સૌમીલને લાગ્યું કે એનું જડબુ તૂટી ગયું છે. ને મારવાની મોસમ આવી હોય એમ ત્રણેય એ બેયના પર તૂટી પડ્યા. એમણે બેયનાં ડાચાંની ડીઝાઈન જ બદલી નાખી. બેયની આંખો પર કાળાં ચકામાં પડી ગયાં હતાં ને નાકમાંથી ને ચકામાંમાંથી લોહી દડદડી રહ્યું હતું. પેટમાં મારેલા મૂઢ મારથી એમના આંતરડાં જાણે લોચો થઈ ગયાં હોય એમ એ બેવડ વળી ગયા હતા. બેયને થાંભલીઓ સાથે એવા કચકચાવીને બાંધેલા હતા કે એ માર ખાધા સિવાય કશું કરી શકે એમ પણ ન હતા. એમને આમ બાંધેલા ન હોત તો ક્યારનાય ઢગલો થઈને જમીન પર ફસડાઈ પડ્યા હોત.

ત્યાં એક જણને જાણે અચાનક યાદ આવ્યું હોય એમ કહે: 'આપણે એમના મોં ને પેટની મરામત કરી પણ હાથની ને પગની મરામત કરવાની તો રહી જ ગઈ.'

'મારા તો હાથ દુ:ખી ગયા ફેંટ મારીને. ચાલ, શરાબ કાઢ એટલે બીજા બેબે ઘૂંટ મારીને બીજો દોર શરૂ કરીએ.' બીજાએ કહ્યું.

'આ બધાને બદલે મેં તો ભાઉ સાહેબને કહ્યું હતું કે બેયની ખસી જ કરી નાખીએ એટલે ફરીથી કોઈ છોકરીની જિંદગી તો ખરાબ ન કરે.'

'અવું કર્યું હોય તો કોઈ બીજી છોકરીની શી વાત છે? એમની બૈરીઓય છુટાછેડા લઈને પિયર ભેગી થઈ જાય.' બીજાએ ટહુકો પૂર્યો.

'પણ સાહેબ માન્યા નહીં. એ કહે હાલ આટલું પૂરતું છે પછી જરૂર પડશે તો એય કરીશું. આપણે ક્યાં એક સપને સવાર થવાની છે?'

'પગમાં કે હાથમાં તો આમ મૂક્કાબાજીથી કામ ચાલવાનું નથી. લાઠી જોઈશે.'

'હા, આ ગણેશ ઉત્સવમાં હું દમણ ગયેલો એટલે મને લકડી પટ્ટા ખેલવા મળ્યા નથી. તમે બે આરામ કરો હું પાંચ જ મિનિટમાં એમને બધા દાવ બતાવી દઈશ પછી એમને વધારેની ઈચ્છા હોય તો તમે હાથ અજમાવજો.'

ને બેય જણ લોહી નિંગળતા, રોતા ને કરગળતા રહ્યા ને પેલાએ જરાય દયા ખાધા વગર બેયના હાથ ને પગ

પર પોતાનો કસબ અજમાવ્યો. થોડી વાર પછી જ્યારે એમને થાંભલેથી છોડવામાં આવ્યા ત્યારે બેય મરણ પામ્યા હોય એમ જમીન પર ઊંધે મોંએ પટકાઈ પડ્યા.

પેલા લકોએ મરેલાં ઢોરને ઢસરડે એમ પગ પકડીને ઘસડીને બેયને નદીની રેતમાં નાખીને મુંબઈની વાટ પકડી. એમને ભાઉને કામ પતી ગયાનો રીપોર્ટ આપવાની ઉતાવળ હશે કે પછી કામ પતી ગયા પછી નકામું જોખમ લેવાની જરૂર નહીં લાગી હોય.

મોડી રાતે બેયને હોશ આવ્યા. નદીનાં પાણીથી હાથ-મોં પરથી લોહીના ડાઘ ધોઈને બેય જેમ તેમ કરીને બાથોડિયાં મારતા રસ્તા પર આવ્યા. ઘોડાગાડી કરીને મોં સંતાડતા એ પોત પોતાના બંગલામાં ઘૂસી ગયા. કાલે ઘરનાં માણસોને જવાબ આપવા પડશે અને કેટલાય દિવસો સુધી દોસ્તોથી મોં સંતાડવાં પડશે એની ચિંતા કર્યા સિવાય ઢગલો થઈને પથારીમાં પડ્યા. ઓખી રાત કણસતા રહ્યા ત્યારે સવાર થવા આવી ત્યારે માંડ એમની આંખ ઘેરાઈ હશે.

સૌમીલને અને રવીનને બેયને મોડી રાત સુધી બહાર રખડવાની ને સવારમાં મોડા ઊઠવાની ટેવ હતી એટલે કોઈ એમને ઉઠાડવા આવવાનું ન હતું એટલી એમને નિરાંત હતી. જાગીને સૌમીલે પોતાના રૂમમાંથી રવીનને ફોન કર્યો ને બન્નેએ પોતાની આવી હાલત કેમ કરતાં થઈ એની કેવી મનઘડત વાત બધાંને કહેવી એ નક્કી કરી લીધું.

મારનાં નિશાન તો સંતાડાય એમ ન હતાં છતાં સૌમીલે બાથરૂમમાં જઈ શાવર લીધો ને કાળજીથી જેટલી સંતાડી શકાય એટલી મારની નિશાનીઓ સંતાડવા પ્રયત્ન કર્યો. પછી જ્યાંથી લોહી નીકળીને કાપા કે ચીરા પડ્યા હતા ત્યાં હળવે હાથે મલમ લગાડ્યો. પાવડર અને લોશનથી આંખ અને મોં પરનાં ઢીમણાં શકય તેટલાં સંતાડવાય પ્રયત્ન કર્યો. પછી એ બહાર નીકળ્યો. એને સૌથી પહેલાં એની માને જવાબ આપવાનો હતો.

એના આવા હાલ જોઈ એનાં મા માલતીબેને (મૂળ તો મંછાબેન) ચિંતા વ્કત કરતા પૂછયુંઃ 'શું થયું? કયાંક મારામારી કરી આવ્યો કે શું?'

'અવું જ થયું. હું ને રવીન માણેકચૉક પાસેથી પસાર થતા હતા ત્યા બેચાર ગુંડા ફરી વળ્યા ને અમારે ઝપાઝપી થઈ ગઈ. એ ચાર જણા હતા ને અમે બે. એમેય સામનો તો કર્યો પણ અમારું શું ચાલે? એવાયે અમારાં ઘડિયાળ અને પૈસા લૂટી ગયા. હમણાં પોલીસને બોલાવી ફરિયાદ નોંધાવીશું. આપણે એ ગઠિયાઓને ગમે તે ભોગેય શોધી કાઢ્યા વગર રહેવાના નથી.'

'આવું થયું ત્યારે કોઈ ત્યાં હતું નહીં? માણેકચૉકમાં તો આખી રાત કોઈને કોઈ જતું આવતું હોય છે.'

'અમે કાર પાર્ક કરી હતી ત્યાં અંધારું હતું એટલે કોઈની નજર નહીં પડી હોય. નસીબ આપણાં. લુટાયા ને ઉપરથી માર ખાધો. તમે ચિંતા ન કરશો. આપણે એમને છોડીશું નહીં.'

'મુવા પૈસા ગયા એનું કશું નહીં. કજીયાનું મોં કાળું કર ને! ઓપણે કશું કરવું નથી. એ ભૂંડા લોક ધ્યાનમાં રાખે ને વળી પાછા હેરાન કરે. ને હવે રાતે અંધારું થાય એ પહેલાં ઘેર પાછા આવી જવું. જમાનો એવો થઈ ગયો છે એટલે આપણે સાચવીને ચાલેલા સારું.' માનું દિલ. પણ દીકરો એમનું કહેવું માને તો ને. જેમ તેમ નાસ્તો પતાવી સૌમીલે પોતાના ઓળખીતા પોલીસ ઈન્સ્પેકટરને ફોન કર્યો ને રવીનને પણ બોલાવ્યો.

થોડી જ વારમાં પોલીસ ઈન્સ્પેકટર અને એક જમાદાર આવી પહોંચ્યા. સૌમીલની આવી હાલત જોઈ એણે પૂછયુંઃ 'આમ કેમ કરતા થયું?'

'આપણે બહાર વરંડામાં બેસીએ. મને અને રવીનને બેયને ગઠિયા ભેટી ગયા હતા તમારા રાજ્યમાં. હમણાં રવીન આવે એટલે અમે તમને વિગતે વાત કરી છીએ.'

થોડી વારમાં રવીન આવી પહોંચ્યો. બધા બહાર વરંડામાં બેઠા. પછી મહારાજને ચા મોકલવાનું કહી સૌમીલે વાત શરૂ કરીઃ 'જુઓ, આ વાત આપણી વચ્ચે જ છે. તમારે કેસ માટે જે લખવું હોય એ લખજો પણ આ વાતનો કયાંય ઉલ્લેખ ન કરતા. મુંબઈના મહાલક્ષ્મી એરિયાના દાદા ભાઉના માણસોએ અમારી આ દશા કરી છે. અમે આબુ ગયા હતા ત્યારે એ ભાઉની બેન સાથે અમારાથી પજવણી થઈ ગઈ હતી. આ વાતનો બદલો લેવા એણે

ત્યાંથી ત્રણ માણસો મોકલીને અમારા આ હાલ કરાવ્યા છે.'

પેલો ઈન્સ્પેક્ટર તો આ વાત સાંભળતાં છક થઈ ગયો. અમદાવાદમાં મુંબઈના ગુંડા આવે અને બે ખમતીધર જુવાનિયાને હલકા કરી જાય એ તો કોઈ ફિલ્મી કહાની જેવું તેને લાગ્યું. 'આવું પહેલી જ વખત બન્યું છે. જો તમારે એમના ઉપર કેસ કરીને ચાંપતા પગલાં લેવડાવવાં હોય તો વાત છૂપી નહીં રહે. ને ખાનગી રાહે કામ લેવડાવવું હશે તો મુંબઈની પોલીસ સહકાર નહીં આપે.'

'વાત જાહેર થાય તો અમારે શરમાવા જેવું થાય. વાત છૂપી તો રહેવી જ જોઈએ. અમે અમારાં ઘરનાં માણસોને કહ્યું છે કે અમને માણેકચૉક પાસે રાતના અંધારામાં ગઠિયા ભેટી ગયા ને માર મારીને લૂંટી ગયા. ને બહાર પણ એમ જ કહેવાના છીએ. તમારે જે પગલાં લેવાં હોય એ એક દોસ્ત તરીકે ખાનગી રાહે જ લેવાના છે.' સૌમીલે ભાર મૂકતાં કહ્યું.

'મુંબઈની અંધારી આલમમાં પેસીને આનો બદલો લઈ શકે એવો માથાભારે જણ આપણા અમદાવાદમાં તો છે જ નહીં. આપણે ત્યાં તો જે છે એ આ મગન મેલા છે પણ એનું એવું ગજું નહીં. એ દારૂની હેરાફેરી કરી શકે કે નાનીમોટી છેતરપીંડી કરી શકે. ને બીજા બધા એનાથીય નાના. છતાં હું મારાથી બનતું કરીશ. અત્યારે આપણે માણેકચૉકમાં ગઠિયા ભેટી ગયાનો કેસ નોંધીને તપાસ ચાલુ કરીએ એ જ એક રસ્તો છે.'

'તમારા પોલીસ રેકોર્ડ પર એમ કરો પણ આનો બદલો લેવાનો બીજો કોઈ રસ્તો વિચારો શોધો. અમને નથી લાગતું કે આટલું કરીને એ લોકો શાંત બેસી રહે.'

'આ આખી બબાલ એક છોકરીને કારણે ઊભી થઈ છે એમ ને! તો એનો એક બીજો રસ્તો થઈ શકે એમ મને લાગે છે.'

'શો?' બેય જણા સાચો બોલી ઊઠ્યા.

'એક વાઘરીનો છોકરો છે, મનિયો. એવો રૂપાળો અને અપટુડેટ છે કે તમારી પાર્ટીમાં એ અમથોય જો આવી જાય તો બધી છોકરીઓ તમને છોડીને એની ચારે તરફ ઘૂમવા માંડે. એ એક નાનકડા ગામડાનો છે પણ ગામના લોકોય એની આવી રહેવાની સ્ટાઈલને કારણે એને મનિયો ઓવર્સીસ કહે છે. એને કામ સોંપ્યું હોય તો એવોએ એ છોકરીને પોતાની પ્રેમજાળમાં ફસાવી અહીં લઈ આવે ને એને બાનમાં લઈ તમારા એ ભાઉને બકરી બનાવી શકાય. પણ એને ફસાવવા માટે આ મનિયાને મનવંત બનાવી મુંબઈ મોકલવો પડે ને એના ભભકાના ખર્ચા કરવા પડે.'

'એનો વાંધો નહીં.'

'તો એને બોલાવી મંગાવીએ કાલે કે પરમ દિવસે. તમે એને જુઓ પછી આપણે આગળની ચાલ ગોઠવી કાઢીએ.' કહી ઈન્સ્પેક્ટર ગયા ને આ બે દોસ્તો આ નવા તુકકાની સફળતાની વાતે વળગ્યા. આટલું થયા પછીય એ લોકો પોતાની વિચારવાની રીત બદલતા કયાં હતા?

બીજે જ દિવસે ઈન્સ્પેક્ટર મનિયા ઓવર્સીસને લઈને આવી પહોંચ્યો. અમદાવાદને છેવાડે ખૂણે આવેલી એક હોટેલમાં આ ચંડાળ ચૉકડીની મીટિંગ ગોઠવાઈ. મનિયાને જોતાં જ આ બે જણા તો દંગ જ થઈ ગયા. એની બોલવા ચાલવાની રીતથી એ લોકો એવા તો અંજાઈ ગયા કે એમને લાગ્યું કે એ એમને અજાણી જગ્યાએ મળ્યો હોત તો એને પરદેશથી આવેલા કોઈ ટુરિસ્ટ જ એમણે માન્યો હોત.

બધી વાત જાણી એ કહે: 'વાત રસ પડે એવી છે. પણ એ માટે ઘણી તૈયારી કરવી પડે. એક તો મારે ઈમ્પોર્ટેડ કાર જોઈએ. વળી સાપુતારા કે સુરતમાં એક સરસ બંગલો જોઈએ.સારું કાંડા ઘડિયાળ, બેચાર કિંમતી લાગે એવી વીંટીઓ જોઈએ. સારામાં સારું લગેજ અને ખિસ્સામાં નોટોની થોકડી. આ બધી વસ્તુઓ તમને પાછી મળી જશે અને જે ખર્ચ કરવો પડશે એનો તમને પાકો હિસાબ મળશે. હું દુબઈથી આવેલો છું એમ બતાવવા મારા પાસપોર્ટ પર દુબઈનો સિક્કો જોઈશે. પાસપોર્ટ તો મારી પાસે છે પણ તેમાં સિક્કો વાગેલો નથી પણ એની ચિંતા નથી. સિક્કો તો હું મારી રીતે મરાવી લઈશ.'

'કેવી રીતે?' સૌમીલ અને રવીન આ માણસ સામે આશ્ચર્યથી તાકતાં બોલી ઊઠ્યા.

'એ બધું પોલીસની હાજરીમાં કહેવાય એવું નથી પણ હું એ કરી લઈશ.'

'દમણમાં અમારો બંગલો છે. એ ફર્નિચર સાથે તૈયાર જ છે. એ તને મહિના માટે મળી જશે.' સૌમીલે કહ્યું.

'એના ચૉકીદારને સમજાવી દેવો પડશે કે હું જ બંગલાનો માલિક છું એમ અજાણ્યાને જણાવે. એ બંગલા પર મનવંત નિવાસનું એક નાનું પાટિયું લગાવી દઈશું. બોલો કયારથી કામ શરૂ કરવું છે?' મનિયાએ પૂછ્યું.

'તારી જ્યારથી તૈયારી હોય ત્યારથી.'

'તારી મહેનતના કેટલા થશે અને તારે ખિસ્સામાં કેટલા જોઈશે એ આ શેઠિયાઓને કહે એટલે સમજણ પડે.' ઈન્સ્પેકટરે ચોખવટ કરવા કહ્યું.

'મને કામ પત્યે પચીસ હજાર આપજો. ને અમારો રાગ આવી જાય અને એ છોકરીને ભગાડીને હું પરણી જાઉં તો તમને વાંધો નથી ને! એક વાતે ખાતરી રાખજો કે આ આખા કામમાં તમારું નામ કયાંય નહીં આવે. તમે મને જે કાર વાપરવા આપો એ ચોરાયાની ફરિયાદ લખાવી દેજો. ને સાહેબ, તમે એ ફરિયાદ દબાવી રાખજો.'

ને એમ આખા કાવતરાની રૂપરેખા તૈયાર થઈ ગઈ. પેલા બેયે મનિયાને ખર્ચના ૨૫,૦૦૦ અને એના મહેનતાણા પેટે દસ હજાર ઍડવાન્સના મળીને ૩૫,૦૦૦ રૂપિયા પોલીસ ઈન્સ્પેકટરને વચમાં રાખીને આપ્યા ને દમણમાંના મકાનના ચૉકીદાર પર કાગળ લખી આપ્યો. ને ઑપરેશન મનવંત દેસાઈ વહેલી તકે શરૂ કરવાનું મનિયાને જણાવી દીધું. એટલે મનિયો ગયો.

અનુક્રમ→

# ૧૧. વનમાળીને શરણે

પૈસા હાથમાં આવ્યા એટલે મનિયાએ મુંબઈ જતા પહેલાંની તૈયારીઓ કરવા માંડી. એ બધી નિશાળો ભણી ચૂકેલો હતો અને છોકરીઓની સોબતનાં સપનાં જોયા કરતો હતો પણ ખિસ્સામાં પૈસા વગર લાચાર હતો. પણ આજે તો એની પાસે પૂરા પાંત્રીસ હજાર રૂપિયા ગજવામાં હતા પછી એ ઝાલ્યો રહે ખરો? એણે ચાર સ્યુટ અને બીજાં ચાર પાંચ જોડી કપડાં માટે કાપડ પસંદ કરી સિવડાવવા માટે માપ આપી દીધું અને ચાર જ દિવસમાં એ તૈયાર કરી આપવાની દરજીને તાકીદ કરી.

ને અઠવાડિયામાં તો એ બધી તૈયારી થઈ ગઈ એટલે એણે દમણની વાટ પકડી.

◇

આ બેય જણાને બરાબરનો માર પડ્યો એ વાત ક્યાં સુધી છૂપી રહે? વાત જાણ્યા પછી રીટાથી ન રહેવાયું. એણે આજ સુધી કોઈને વાત કરી ન હતી પણ એક દિવસ એ એષ્ણાની પાસે પહોંચી: 'તને ખબર છે ને, રવીન ને સૌમીલને ગુંડાઓએ બરાબરના માર્યા છે. ને બે દિવસથી એમણે કોઈને મોં પણ બતાવ્યું નથી.'

'હશે, આપણે શું?'

'મને સાચી વાતની ખબર છે. એ લોકો માઉન્ટ આબુ ફરવા ગયા હતા ત્યારે એમણે મુંબઈની બે છોકરીઓને રેપ કરી હતી. તે મુંબઈવાળાએ ગુંડા મોકલીને એમનાં હાડકાં ભગાવ્યાં છે.'

'ના હોય! એ લોકો આટલી હદે જતા હશે એની તો મને કલ્પનાય ન હતી. મારું માને તો હવે તુંય એમની સોબતથી દૂર રહેજે. એમનાં કર્યાં એ ભોગવશે.' એષ્ણાએ કહ્યું. એને મનમાં થયું કે વનમાળી સાચું જ કહેતો હતો. પોતે એમની સાથે આબુ જવાની તૈયારી ન બતાવી એમાં વનમાળીનો આ લોકો પ્રત્યેનો અણગમો જ કારણભૂત હતો. પોતે ભલે એની સાથે લડીને અહીં ચાલી આવી હતી પણ એના આબરૂના ખ્યાલ એના મનમાં ઘૂંટાયા જ કરતા હતા. ને એને કારણે તો પોતે પેલા લોકો સાથે આબુ જવાની ના પાડી હતી. ને બીજી જ પળે એણે મનથી નક્કી કરી લીધું કે એ વનમાળી પાસે પાછી જશે અને એની માફીય માગશે.

પણ રીટાને આટલાથી સંતોષ થાય એમ ન હતો. એ એકલી જ સાચી વાત જાણતી હતી. એણે બીજી એક બેનપણીને વાત કરી ને સાંજ સુધીમાં તો આખા સર્કલમાં આ વાત ફરતી થઈ ગઈ હતી. કેટલાક દોસ્તોએ તો મજાકમાં ટોણોય માર્યો હતો: 'આબુમાં બહુ મજા કરી આવ્યા!'

એષ્ણાએ વાત જાણી કે તરત કપડાંની પેટી પેક કરવા માંડી. એને મોડી મોડીય ડહાપણની દાઢ ફૂટી હતી. એને પેટી ભરતી જોઈ કનકગૌરી ચમક્યાં: 'કેમ બેગ ભરવા માંડી? ક્યાં જવું છે?'

'ક્યાં તે મારે ઘેર. હું અહીં કાયમ રહેવા થોડી જ આવી હતી!'

'હું તારા પપ્પાને ફોન કરું છું. અમેય વનમાળી શેઠને મળવા આવીએ છીએ.' કહેતાં એ ફોન કરવા ગયાં.

સાંજના છએક વાગ્યે બધાં વનમાળી શેઠને બંગલે પહોંચ્યાં. ત્યાં સુધીમાં વનમાળીને કાનેય રવીન અને સૌમીલનાં કરતૂતોની વાત પહોંચી ગઈ હતી. એષ્ણા વનમાળીને બાજુના રૂમમાં ખેંચી ગઈ ને એને વળગી પડી: 'મને માફ કર, વિનુ. હું બધાને ઓળખી ગઈ છું. હું તારે શરણે પાછી આવી છું. હવે તું કહે એમ જ કરીશ. મને માફ કરશે ને!'

'ગાંડી થઈ છે કે શું? એમાં માફી શું માગવાની? મને ગળા સુધી ખાતરી હતી કે તું મારી સાથે દલીલબાજી ભલે કરે પણ તું એ ટોળામાં નહીં જ ભળે. આજે મને વાત મળી છે એ જાણીને મને તો એમના પર એવી નફરત આવી ગઈ છે કે હું એમનાં મોં પણ જોવા નથી માગતો. ચાલ, બહાર બા-બાપુજી બેઠાં છે ને આપણે અહીં ગુસપુસ

કરીએ છીએ એ બરાબર નહીં' કહેતાં બેય બહાર નીકળ્યાં.

એષણાની આંખ હજુ આંસુભીની હતી એ જોઈ શેઠે પૂછ્યુંઃ 'શું થયું?'

'થવાનું શું હતું? તમારા કહ્યા મુજબ મેં એને આડા હાથની બે દઈ દીધી.' વનમાળીએ હસતાં કહ્યું.

'તમારા કહ્યા મુજબ એટલે! પપ્પા તમે એને એવી સલાહ આપી હતી? બાપ થઈને તમે જમાઈને આવું શિખવાડો છો?' એષણા બોલી ઊઠી.

'ઘરની આબરૂ જોખમમાં હોય તો એવુંય કરવું પડે.'

'હવે તમારે એવી સલાહ આપવી નહીં પડે. હું સમજીને પાછી આવી ગઈ છું.'

◇

આ તરફ મનિયો દમણ ઊપડ્યો ને બીજી તરફ ભાઉની સવારી અમદાવાદ આવી પહોંચી. એણે સૌમીલને ત્યાં ફોન કર્યોઃ 'જો, છોકરા, તું મારા હીટ લીસ્ટમાં છું પણ એની માંડવાલી કરવી હોય તો તમે બેય જણા મને મળવા ગાંધી આશ્રમની પાછળની ઝૂંપડી પાસે સાંજને વખતે આવી જાવ. ત્યાં તમને મારો માણસ મળશે. એ તમને મારી પાસે લઈ આવશે. પોલીસને ખબર કરશો કે નહીં આવો તો મારે તમારે ઘેર આવી પરચો બતાવવો પડશે ને એમાં ઘરના બીજાં માણસોય હેરાન થશે.'

'ભાઉ સાહેબ, અમારી ભૂલ થઈ ગઈ એ અમે કબૂલ કરીએ છીએ. ને પેલા તમારા માણસોએ અમને બરાબરની શિક્ષા કરી દીધી છે. હવે તમે અમને માફ કરો.' સૌમીલ કરગરી પડ્યો.

'આજે હું તમને હેરાન કરવા નથી આવ્યો પણ માંડવાલી કરવા આવ્યો છું. જો તમે મારા કહ્યા મુજબ એકલા મને મળવા આવશો તો તમારો વાળ પણ વાંકો નહીં થાય એની હું ખાતરી આપું છું. આજે સાંજના હું તમારી રાહ જોઈશ. નહીં તો મારે તમારે ઘેર આવવું પડશે ત્યારે શું થશે એની કોઈ ખાતરી નહીં.' કહેતાં એણે ફોન મૂકી દીધો.

સૌમીલને તો પરસેવો વળી ગયો. એણે તરત રવીનને ફોન જોડ્યો. બેય જણાએ લાંબી મસલત કરી અને છેવટે બીજો રસ્તો ન સૂઝતાં એમણે ભાઉના કહ્યા પ્રમાણે કરવાનું નક્કી કર્યું. જો કે બેયના દિલમાં ફફડાટ તો હતો જ. એક ગુંડા માણસના વચન પર કેટલો વિશ્વાસ મૂકી શકાય એનીય ચર્ચા કરી પણ પોલીસને વચમાં લાવતાં મામલો વધારે ગંભીર થઈ જશે એમ લાગતાં એમણે એકલા જ ભાઉને મળવા જવાનું જોખમ સ્વીકારવાનું નક્કી કર્યું.

◇

એ સાંજે દૂર કાર મૂકીને બેય જણા દબાતા ગભરાતા પેલી ઝૂંપડી તરફ ચાલવા લાગ્યા. એ માંડ થોડાંક ડગલાં ચાલ્યા હશે ને પાછળથી એક કાર એમની નજીક આવીને ઊભી રહી ગઈ. 'ચાલો, બેસી જાવ અંદર.' ને એ અવાજમાં રહેલી કરડાકીથી ફડકી ગયેલા બેય જણા કારમાં બેસી ગયા. ભાઉનો એમને આ પહેલો જ પરિચય હતો.

'અમને કયાં લઈ જાવ છો?' ગભરાતાં રવીને પૂછ્યું.

'કયાંય નહીં. આપણે કારમાં બેસીને જ વાત કરીશું.' ત્યાં નદીને કિનારે વનરાઈમાં એક ઉજ્જડ જગ્યાએ કાર ઊભી રહી એટલે પેલાએ ડ્રાયવરને કહ્યુંઃ 'ઘોંડુ, તું દૂર આંટો મારી આવ. અમારી વાત પૂરી થશે એટલે હું તને હોર્ન મારીને બોલાવીશ.' ને ડ્રાયવર વગર બોલ્યે કારની બહાર નીકળી આગળ ચાલવા માંડ્યો.

એ ગયો એટલે પેલાએ શરૂ કર્યુંઃ 'જુઓ છોકરાઓ, મારે તમારી પાસે કશો ખુલાસોય નથી કરાવવો કે નથી મારે તમારી પાસે માફીય મંગાવવી. તમે જે કામ કર્યું છે એ માફ કરી શકાય તેવું નથી પણ તમે સુખી ઘરના વંઠેલા જુવાનિયા છો એટલે તમને આમાંથી બચવાનો વચલો રસ્તો બતાવું છું.'

એ માણસ જે શાંતિથી વાત કરતો હતો એ જોઈ આમનામાં હોશ આવ્યા. 'તમે જે કહો એ કરવા તૈયાર

છીએ.' એકે કહ્યું.

'એક અઠવાડિયા પછી હું તમને મળવા આવીશ. તમારે બેયે મને બે બે લાખ રૂપિયા આપી દેવા. પછી મારા તરફથી તમને કશી તકલીફ નહીં થાય એની હું ખાતરી આપું છું.'

બે બે લાખની વાત સાંભળતાં જ બેયના મોતિયા મરી ગયા. 'વડીલ, અમારી પરિસ્થિતિ સમજો. અમે મીલ માલિકના દીકરા છીએ એ વાત સાચી પણ અમારી પાસે તો શું પણ અમારા બાપનેય આટલા પૈસા ભેગા કરવા હોય તો વરસો જાય. વીસ લાખની મીલ ગણાય પણ એમાં પંદર લાખ તો શેર હોલ્ડરોના હોય, ત્રણેક લાખના બેંકના હોય. અમારા તો માંડ એમાં બે લાખ હોય. હવે તમે જ અમારા ભગવાન છો. તમે માર મારો કે મારી નાખો.'

'મને ખબર છે કે તમારી પોતાની પાસે એવી સગવડ ન હોય પણ તમે તમારા બાપને વાત કરો તો એમાંથી એ લોકો જરૂર રસ્તો કાઢી આપશે.'

'રસ્તો કાઢવાની વાત તો દૂર રહી પણ એ અમને ઘરમાંથી હાંકી કાઢી રસ્તે રઝળતા કરી દે. ભાઉ સાહેબ, અમે તમારા ગુનેગાર છીએ. તમે મારો કે ઉગારો, તમારે શરણે છીએ.' બેય કરગરી પડ્યા.

'તમે તમારા બાપને વાત તો કરો. પછી શું થાય છે એ જુઓ. આવતે અઠવાડિયે હું પાછો આવીશ. પછી આપણે આગળ વાત કરીશું.' પેલાએ કહ્યું.

'કશો રસ્તો નીકળે એમ અમને લાગતું નથી. તમારે પગે પડીએ છીએ. તમે મારો કે ઉગારો એ તમારા હાથમાં છે.'

'એ વાત આપણે આવતે અઠવાડિયે કરીશું.' કહેતાં ભાઉએ હોર્ન વગાડ્યું. એનો ડ્રાયવર આવ્યો ને બેયને એમની કાર પાસે ઉતારી એ રસ્તે પડ્યા.

બેય જણા ક્યાંય સુધી કારમાં શૂન્યમનસ્ક બેસી રહ્યા. એમને લાગતું હતું કે આજે તો એ મારમાંથી બચી ગયા હતા પણ બાપાને વાત કરતાં શી દશા થશે અને પોતાના સર્કલમાં એમની કેવી નાલેશી થશે એ વિચારે એમને કમકમિયાં આવી જતાં હતાં. 'આણે તો આપણને મરવા જેવું કર્યું. આપણે બાપાને વાત કરવી જ પડશે ને નામોશી સહેવી જ પડશે. બીજો કોઈ રસ્તો મને તો દેખાતો નથી.'

'તને ન દેખાતો હોય તો મનેય ક્યાં દેખાય છે? રાઘુ ભગતડો કહેતો હતો એ વાત સાચી ઠરી. પણ આપણે તો મારેય ખાધો ને હવે આ _' કહેતાં રવીન રડી જ પડ્યો.

'આજે તો જઈએ. હજુ આખું અઠવાડિયું પડ્યું છે. જોઈએ કોઈક રસ્તો નીકળે તો નહીં તો આપણે બાપાને વાત કરવી જ પડશે.' કહેતાં સૌમીલે કાર ચાલુ કરી. રવીનને એને ઘેર ઉતારી એ પોતને ઘેર ગયો.

બે દિવસ તેમણે રસ્તો શોધવાના વિચાર કર્યા પણ જ્યારે એમને કોઈ રસ્તો ન દેખાયો ત્યારે એમણે નીચી મૂડિયે બાપાને વાત કરવી જ પડી. માધવ શેઠ પોતાના દીકરાની ચાલચલગતથી થોડા પરિચિત હતા પણ રવીનના પિતા રામજી શેઠને માથે તો જાણે આભ તૂટી પડ્યું. એ ભગવાનના માણસ હતા. એમને બે લાખની રકમ સાંભળીને જે આંચકો લાગ્યો એના કરતાં દીકરાનાં આ કરતૂતથી લાગ્યો વધારે લાગ્યો હતો. એ તો નાનકડી વિવિંગ માસ્ટરની નોકરીમાંથી ઊંચા આવ્યા હતા ને મીલમાં નાની અમથી ભાગીદારીથી શરૂ કરી આજે અડધના ભાગીદાર બન્યા હતા.

એમને જૂની આંખે આ તમાસો જોવાનો થયો હતો એટલે એમણે રવીનને કહી દીધું: 'તમારાં કર્યાં તમારે જ ભોગવવાનાં. મારી તો લાખ રૂપિયાની આબરૂ પર તેં પાણી ફેરવી દીધું. તમારે જે કરવું હોય એ કરો, મને વચમાં ન લાવશો.'

'પણ પપ્પા, હવે એમાંથી રસ્તો તો કાઢવો જ પડશે ને! તમારે મને જે શિક્ષા કરવી હોય એ કરજો પણ આમાંથી મને બચાવો.' રવીન ઢીલો થઈ ગયો.

'મોટે ઊપાડે આબુ ગયો હતો ને આબરૂના ધજાગરા ઉડાડ્યા ત્યારે મને પૂછવા આવ્યો હતો તે હવે આવ્યો

છું?' રામજી શેઠે એને રોકડું સુણાવી દીધું. રવીનનેય ખબર તો હતી જ કે એના બાપા લાખ પ્રયત્ન કરે તોય બે લાખ રૂપિયા ભેગા કરી શકે તેમ ન હતા.

એણે સૌમીલને ફોન કર્યો તો ખબર પડી કે એના બાપાએ પણ એને ન કહેવાના વેણ કહ્યાં હતાં. અને ચીમકી પણ આપી હતી કે એ પોતાની ટેવો નહીં સુધારે તો વાપરવાનો પૈસોય નહીં આપે ને મિલકતમાંથી પણ એનો હિસ્સો કાઢી નાખશે. હવે તો બેયની સ્થિતિ એવી થઈ ગઈ હતી કે કાપો તો લોહી ન નીકળે.

છેવટે એમણે રઘુને પેટછૂટી વાત કરી. એણે કહ્યુંઃ 'મને એક ઉપાય સૂઝે છે જો તમને વાંધો ન હોય તો. તમારે તમારા બાપા સાથે વનમાળીને મળવા જવું પડશે. એ ભલે ઉંમરમાં આપણા જેવડો જ હોય પણ એની આબરૂ મારા કે તમારા કરતાં ઘણી વધારે છે ને એ આપણા કરતાં વધારે ઠરેલ અને વ્યવહારુ પણ છે. એ આમાંથી રસ્તો કાઢી આપશે.'

'પણ એ મને તો એના ઘરનો ઉંમરોય નહીં ચઢવા દે ને મારા બાપાય એને ત્યાં આવવા તૈયાર નહીં થાય. ને વનમાળી જ આમાંથી રસ્તો કાઢી શકશે એ વાત એમને ગળેય નહીં ઊતરે.' સૌમીલે કહ્યું.

'વનમાળીની બાબતમાં કહું તો એ તમને આવકારશે ને તમારી વાત સાંભળશે. એ માણસ આપણાથી અલગ પ્રકારનો છે. તમારે તમારા બાપાને સમજાવવા પડશે. અને મને શ્રધ્ધા છે કે એ આમાંથી જરૂર રસ્તો કાઢશે. તમારે એ ઠપકો આપે તો સાંભળી લેવાનીય તૈયારી રાખવી પડશે.'

'ચાલો, એ પ્રયત્ન પણ કરી જોઈએ. બાપાને સમજાવી જોઈએ.' કહેતાં બેય દોસ્તો પોતાને ઘેર આવ્યા.

ને એમના આશ્ચર્ય વચ્ચે બેયના બાપ વનમાળીને મળવા તૈયાર થઈ ગયા. માધવશેઠને મનમાં થયું કે સૌમીલનું ઉપરાણું લઈને પોતે તે દિવસે ઉઘાડા નહોતા પડ્યા એ સારું જ થયું હતું. એટલે જ આજે વનમાળીને મળવા જવામાં એમને કશો અંતરાય ન નડ્યો ને!

એમણે જ બધાના વતી વનમાળીને ફોન કર્યો. 'શેઠ, છોકરાંએ અમારા ધોળામાં ધૂળ ભરી છે. તમને અમારે ચારેયને એ બાબતમાં મળવા આવવું છે. બોલો, ક્યારે આવીએ?'

'એમાં હું શું કરી શકવાનો હતો? છતાં તમે આજે સાંજના છએક વાગ્યે જરૂર આવો. અને મારે ત્યાં પહેલી જ વખત આવો છો તો તમને જમાડ્યા વગર નહીં જવા દઉં. અને એકલા ન આવતા સાથે બાનેય લેતા આવજો બન્ને વડીલો.'

'અરે શેઠ, એ બધું જવા દો. આજે જમવા જેવો મોકો નથી. ને આવા કામમાં બૈરાંને કયાં વધારે લોહીઉકાળો કરાવવો?'

'જમવામાં વળી મોકો શો જોવાનો? તમે બેય શેઠિયાઓ મારી દુકાનના મૂરતમાં આવેલા પણ ઘેર તો આજે જ આવો છો એટલે જમવાનું નક્કી જ જાણજો. બાને લઈને ફરી કોઈ વખત નક્કી આવવું પડશે. સાંજે શાંતિથી વાતો કરીશું ને કોઈ શાંતિભર્યો માર્ગ શોધવા પ્રયત્ન કરીશું.'

વાત પતી એટલે માધવ શેઠ બોલ્યાઃ 'એણે ખાલી હાથે આવીને આબરૂ જમાવી અને તમે તો અમારી મહામહેનતે જમાવેલી આબરૂનાય ધજાગરા ઉડાડ્યા.' પછી એમણે રામજી શેઠને ફોન કરીને વનમાળીને ત્યાં જવાની વાત જણાવી.

રામજી શેઠ કહેઃ 'મારેય વનમાળીને ઘેર જવા મનં હતું પણ આ નખ્ખોદિયાને કારણે શરમાતે મોંએ મળવા જવાનું થયું. શું કરીએ ગયા ભવનો લેણીઆત પાકયો આ દીકરો તે. ખેર, અમે તમને તમારી ઑફિસે મળીશું. ત્યાંથી સાડા પાંચ વાગ્યે નીકળીશું.' રામજી શેઠે ખેદથી કહ્યું.

આ તાયફા પછી સૌમીલને એષ્ણાને ઘેર જવાનું થયું એટલે એનો પગ પાછો પડતો હતો પણ હવે બીજો ઉપાય ન હતો. એણે રવીનને ફોન કર્યો ને વાત જણાવી. રવીનના મનમાં પણ એના જેવી જ ગડભાંજ ચાલતી હતી. એણે કહ્યુંઃ 'ડૂબ્યા પછી વાંસ પાણી વધારે કે ઓછું, શો ફેર પડે છે?'

એ સાંજના બધા વનમાળીને ત્યાં પહોંચ્યા ત્યારે વનમાળીએ બધાને હસીને આવકાર્યા. એ બેય

શેઠિયાઓને પગે લાગ્યો ને સૌમીલને તથા રવીનને પણ એટલા જ હેતથી મળ્યો.

'આમણે બેયે જે કર્યું છે એ અમારે તમને કયે મોંએ કહેવું? પણ તમને બધી વાતની ખબર પડી તો ગઈ જ હશે.' રામજી શેઠે ખેદથી કહ્યું.

'હવે તમારે જ એમાંથી રસ્તો કાઢવાનો છે. એણે આ બેનાં હાડકાં ભાગ્યાં એ તો જાણે બરાબર જ કર્યું છે. એમને આજ સુધી એવો કોઈ માથાનો મળ્યો ન હતો એટલે ઘેમરાજીમાં કૂદતા હતા. પણ પેલો હવે બેયની પાસે બેબે લાખ રૂપિયા માગે છે.' માધવ શેઠ બોલ્યા.

'એણે માગ્યા એ આપણે ઓછા આપી દીધા છે? એનો કશોક તો રસ્તો નીકળશે. પણ મારી એક વાત સમજી લો કે પડ્યો પોદળો ધૂળ લીધા વગર તો ઊપડવાનો નથી જ.' વનમાળીએ કહ્યું.

'એ તો અમે પણ સમજીએ છીએ પણ આ કાળ વરસમાં એટલી રકમ તો અમે બેય વેચાઈ જઈએ તોય અમારાથી ઊભી થઈ શકે એમ નથી.'

'એ વાત હું સમજી ગયો. એનો ફરીથી ફોન આવે તો કહેજો કે હું એને રૂબરૂ મળવા માગું છું. એક વખત તેલ જોઈએ તેલની ધાર જોઈએ પછી આગળનું વિચારીશું.' વનમાળીએ કહ્યું. અત્યાર સુધી તો એના મનમા શું કરવું એનો કશો ખ્યાલ ન હતો. એણે કદાચ રવીન કે સૌમીલને કોઠું ન આપ્યું હોત પણ જ્યારે બેય વડીલો એની મદદ મગવા આવ્યા ત્યારે ના પાડી દે એ એના સ્વભાવમાં જ નહોતું. એની એવી લાઈન જ ન હતી કે એને આવા કામનો કશો અનુભવ થાય. હા, એના મનમાં એક જ નામ હતું મગન મેલા. બીજું કશું નહીં તો એની પાસેથી મુંબઈના આ માથાભારે માણસ અંગે કશીક તો બાતમી મળશે જ, એવી એને શ્રધ્ધા હતી.

પછી બેય શેઠિયાઓ સાથે એણે ઘણી વાતો કરી. પેલા તો વનમાળીનો બંગલો જોતા જ રહી ગયા હતા. એ બહુ વિશાળ તો ન હતો પણ સજાવટ અને સગવડની રીતે જોતાં પોતાના બંગલાઓ કરતાં અનેક ગણો સારો હતો. એમાં વનમાળીના વૈભવની સાથે જાણે એની ખાનદાની ભળી ગઈ હતી. વનમાળીએ એમને ફેરવીને આખો બંગલો બતાવ્યો. શેઠિયા તો જાણે જૂની આંખે નવો તમાસો જોતા હતા પણ રવીન ને સૌમીલ પણ બંગલાની શોભા જોઈ છક થઈ ગયા.

એમનાથી એષ્ણા કે વનમાળી સામે નજર પણ મેળવી શકાતી ન હતી. પણ એમણે એમની ઉપેક્ષા કરવાને બદલે એમની સાથે જે સૌમ્ય વ્યવહાર કર્યો એનાથી બેય શરમની ભાવનામાંથી ઊગરી ગયા હોય એમ થોડી વારમાં બેય એમની સાથે વાતે વળગ્યા હતા. એમનેય વનમાળીને ઘેર આવવાનો આ પહેલો જ પ્રસંગ હતો. એય બંગલાની શોભા જોઈને છક થઈ ગયા હતા. એ મનોમન પોતાના બંગલાની સાથે વનમાળીના આ બંગલની સરખામણી કરી રહ્યા હતા. એમને લાગ્યું કે પોતાના બંગલા આના કરતાં ગણા વિશાળ હતા પણ કલાત્મક ન હતા. કે સગવડભર્યાય ન હતા. આ બંગલાની સામે પોતાના બંગલા તો એક ગોડાઉન જેવા એમને લાગ્યા.

પછી વનમાળી ને એષ્ણાએ બધાને પ્રેમથી જમાડ્યા. રવાના કરતાં વનમાળીએ કહ્યુંઃ 'આમાંથી તો મને શ્રધ્ધા છે કે જરૂર કોઈ માર્ગ નીકળશે. ને અમારા આ બે દોસ્તોને પણ સમજણ આવશે. પછી એમને એમની ચાલચલગત બદલવી કે પોતાની જૂની રીતે જ જીવવું એ એમના હાથમાં છે.'

પેલા બેને તો ઢાંકણીમાં પાણી લઈ એમાં ડૂબી મરવા જેવું લાગતું હતું. એમને આ બધું જોયા પછી લાગવા માંડ્યું હતું કે પોતાની સાથે ભણેલો વનમાળી કયાંય આગળ નીકળી ગયો હતો ને પોતે હતા એના કરતાં કયાંય પાછળ પડી ગયા હતા. એમણે પ્રત્યક્ષ તો કશું ન કહ્યું પણ મનથી તો નક્કી કરી જ લીધું કે વનમાળીને પોતાનામાં ભેળવવા કરતાં પોતે એની સાથે જોડાઈ જવામાં જ પોતાનું શ્રેય છે.

પાછા ફરતાં રામજીભાઈએ જ્યારે કહ્યુંઃ 'સાચી ખાનદાની કોને કહેવાય એ તમે જોઈ લીધું ને? એમણે આપણને જરાય એમ લાગવા દીધું કે આપણે શરમાવું પડે?' ત્યારે તો રવીન અને સૌમીલથી શરમના માર્યા ઊંચુંય ન જોઈ શકાયું.

અનુક્રમ→

## ૧૨. વનમાળીએ રસ્તો કાઢ્યો.

ઘેર પહોંચ્યા પછી રવીન વિચારમાં ડૂબી ગયો. એને થયું કે એક તરફ એમણે વનમાળીને વચલો રસ્તો કાઢવાની ભલામણ કરી છે ને બીજી તરફ સીમાને ફસાવી ભાઉને સકંજામાં લેવાની પેરવીય કરી છે એ વાત વનમાળીને કે ભાઉને કાને પડશે તો કશું આડું તો નહીં વેતરાય ને! જો કે એને મનમાં એટલી ધરપત હતી કે મનિયાએ ખાતરી આપી છે કે એ જાનને ભોગેય એમનાં નામ નહીં આપે. એટલે પોતાનું નામ એમાં નહીં સંડોવાય એટલી એને ધરપત હતી.

બીજે દિવસે બેય જણા પાછા ભેગા થયા. એમનાથી મનિયાની બાબતમાં કશું થઈ શકે એમ હતું જ નહીં. એમને તો એનીય ખબર ન હતી કે એણે સોંપેલા કામમાં કેટલી પ્રગતિ કરી છે? એમણે જે થાય એ જોયા કરવાની નીતિ અપનાવી. હા, એમણે પેલા પોલીસ ઈન્સ્પેક્ટરને મનિયાની ખબર રાખવાનું અને પોતાનાં નામ વચમાં ન આવે એની મનિયાને તાકીદ કરવાની ભલામણ જરૂર કરી. ગમે તેમ પણ એ વાઘરીની જાત અને બધી નિશાળો ભણી ચૂકેલો હતો એટલે સાવચેતી લેવી સારી.

વનમાળીએ વાતનો વચલો રસ્તો કાઢવાની બાંહેધરી લીધી એનું જે પરિણામ આવવાનું હશે એ આવશે પણ હાલ તુરત તો આ બેયને ઘણી રાહત થઈ હતી. રવીને તો કહ્યું પણ ખરું: ‘ભલે વનમાળીનો આપણે વિરોધ કરતા હોઈએ પણ આપણે એટલું તો કબૂલ કરવું પડશે કે એણે ખાલી હાથે આવીને બધી રીતે નામના મેળવી છે.’

‘એની આપણે ક્યાં ના પાડીએ છીએ? પણ આપણે આપણી રીતે મોજ-મસ્તીમાં રહેવા માગતા હતા, ભલે એ ખોટી રીત હોય પણ આપણને એવું બધું ગમતું હતું ને વનમાળીને પોતાની ખાનદાનીનું અભિમાન હતું એટલે આપણે એની અદેખાઈ કરતા હતા. એ ખોટો હતો એમ તો આપણે ક્યાં માનતા હતા?’

‘હવે?’

‘આપણને થોડો વખત અઘરું લાગશે પણ એની સાથે સંબંધ રાખવો અને તેને રસ્તે ચાલવા પ્રયત્ન કરવો એમ મને ઠીક લાગે છે. આપણે આ છોકરમત છોડીને એ અનુભવ કરી જોઈએ. જો કે આપણાથી બહુ વખત રહેવાશે નહીં.’

‘નહીં રહેવાય તો ક્યાંક છાનીછપની ગુલાંટ મારી લઈશું, પણ આમ સાવ લંપટવેડા તો ફરીથી નહીં જ કરીએ. એનાથી રહેવાય છે તો આપણાથી કેમ નહીં રહેવાય?’ રવીને કહ્યું. પણ આ તો એમનો સ્મશાન વૈરાગ હતો. કૂતરાની પૂછડી સીધી થાય તો આ બે જણાની ચાલચલગત સુધરે.

પણ એમના આ તાયફાના સમાચાર પછી એમના ટોળાની કોઈ છોકરીય એમની સાથે કોઈ સંબંધ રાખશે કે કેમ એનીય એમને શંકા હતી. એટલે વાર્યા નહીં તો હાર્યાય તેમને સુધરવું પડે એવી પરિસ્થિતિનું નિર્માણ આપોઆપ થઈ ગયું હતું. આવું ન થયું હોત ને એમના ટોળામાંની છોકરીઓએ મોં ફેરવી લીધાં હોત તો આ લોકો મગન મેલાને શરણેય ગયા હોત. એણે એમને માટે સુરતની કોઈ દૂબળીઓની વ્યવસ્થા કરી આપીય હોત ને આ લોકોએ પોતાની હાઈ સોસાયટીના વાઘા ઉતારીને એમની સાથે રંગ મસ્તી માણીય હોત. પણ અત્યારે તો એવાયે બરાબરના ફસાયેલા હતા અને એમના સ્મશાન વૈરાગ્યમાં ગળાબૂડ હતા એટલે એમનાથી મગન મેલાની મદદ મગવા જવાનો વિચાર સરખોય થાય તેમ ક્યાં હતો?

પોતાને કારણે એમના બાપનેય નાતમાં ને બજારમાં મોં બતાવવા જેવું રહ્યું ન હતું ને એમને વનમાળીની દાઢીમાં હાથ ઘાલવા જવું પડ્યું હતું એ ઓછી નામોશી હતી! હવે બાપાને નીચાજોણું થાય એવું નહીં જ કરીએ એવી અત્યારે તો બેય જણાએ મનમાં ગાંઠ વાળી.

◇

એ લોકો ગયા એટલે વનમાળીએ પોતાનાં પગલાંના પ્લાન ઘડવા માંડ્યા. એણે જે સાંભળ્યું હતું ને ભાઉએ

મુંબઈ બેઠે આ બેયનાં હાડકાંનું કચુંબર કરાવી દીધું હતું એના પરથી એને ભાઉની કઠોરતાનો ને એની શકિતનો આછો અંદાજ તો આવી જ ગયો હતો. એને લાગતું હતું કે એની સાથે કામ પાડવાનું સહેલું તો નહીં જ પડે. જો મગન મેલાને એની સાથે થોડો ઘણો પરિચય હોય અને એ પેલાને અગાઉથી પોતાને વિશે બે વેણ કહે તો કદાચ એના વર્તનમાં નરમાશ આવે.

ને એટલે જ એને બીજે દિવસે દુકાને પહોંચતાં જ એક ગુમાસ્તાને મગન મેલાને જ્યાં હોય ત્યાંથી શોધી લાવવા રવાના કરી દીધો ને! લગભગ અગિયાર વાગ્યે મગન મેલા આવ્યો. એય મનમાં ને મનમાં પોતાનાં પગલાં તપાસતો ગભરાઈ રહ્યો હતો. એને આમ તો ખાતરી હતી કે પોતે શેઠના રસ્તામાં કયાંય આડો આવ્યો ન હતો પણ કદાચ કશું એવું થઈ ગયું હોય તો એ શું હોય એ વિચારતાં એ પોતાનાં છેલ્લાં કામોની મનોમન ચકાસણી કરી રહ્યો હતો.

'તમારું તેડું આવ્યું ને મને ગભરામણ થઈ ગઈ. મને થયું કે મારાથી અજાણમાં કયાંક તમારો રસ્તો તો કપાયો નથી ને?' આવતાંની સાથે એણે પોતાની બીક રજૂ કરી.

'એવું કશું નથી. વાત બીજી જ છે. રવીન અને સૌમીલને કોઈકે બરાબરના ઢમઢોળ્યા હતા એની તો તને ખબર છે ને?'

'એમાં હું વચમાં ન હતો. મારા પર એ કામનો સંદેશો આવ્યો હતો પણ મેં કહ્યું કે મારા ધંધામાં મારે ઘણી વખત એમની ઓથ લેવી પડે છે એટલે મારાથી એ નહીં બને. ને એ લોકોએ બેયને જે રીતે ધોકાવ્યા એવું કરવાની મારી લાઈનેય નહીં ને મારી એવી હિંમતેય નહીં.'

'એમાં તું ન હતો એની તો મને ખબર પડી છે પણ બીજી એક વાત ઊભી થઈ છે. તારાથી એય અજાણ્યું તો નહીં જ હોય. એ ભાઉ થોડા દિવસ પહેલાં અહીં આવ્યો હતો ને બેયને બરાબરની ચીમકી આપી ગયો છે. એ વળી પાછો આવવાનો છે.'

'એનીય મને જેવી તેવી ખબર તો પડી છે, પણ મેં આ કામની ના પાડી હતી એટલે ભાઉ તરફથી મને કશી ખબર મળી નથી. મને ભાઉના સ્વભાવની ખબર છે. આપણે એનાથી દૂર જ રહેવા જેવું છે.'

'મારાથી દૂર રહેવાય એવું રહ્યું નથી. ભાઉ ફરીથી આવે ત્યારે મારે એને મળવું પડશે.'

'શેઠ, આમાં પડવા જેવું નથી. આમાં તો કોલસાની દલાલીમાં હાથ કાળા કરવા જેવી વાત છે. આ ભાઉ બહુ નાલાયક માણસ છે. એના મનમાં રુંધું ભરાય એટલે એ કોઈનો ઝાલ્યો રહેતો નથી. એના કોન્ટેક્ટ આખા દેશમાં ફેલાયેલા છે ને એને આડા ધંધામાંથી લાખોની આવક છે.'

'મારાથી હવે છટકી શકાય તેવું નથી. મેં જીભ કચરી છે એટલે મારે વચલો રસ્તો કાઢવાનો છે. તારાથી એમાં કશું થઈ શકે એમ હોય તો કહે.' વનમાળી શેઠે મગન મેલાને ઊંચો ચડાવ્યો.

'હવે, તમે વચમાં આવી ગયા છો એટલે હું એની તપાસ કરતો રહીશ અને એ આવશે એટલે તરત એને કાને વાત નાખીશ કે વનમાળી શેઠ જેવા મોટા માણસ વચમાં હોય ત્યારે આડીતેડી વાત ન કરે. ને હુંય મારી રીતે તૈયારી કરી રાખીશ. જો તમારી સાથે એ તોછડાઈ કરશે તો હું એને ભિડાવી દઈશ, પછી ભલે જે થવાનું હોય એ થાય. એને બાર માથાં હોય પણ અહીં અમદાવાદમાં તો હું એને પહોંચી વળીશ.'

'મને નથી લાગતું કે એટલી હદે જવું પડે. હું એને થોડાઘણા પૈસાય આપીને પતાવવાની આશા રાખું છું. અત્યારે આપણો હાથ દબાયેલો છે. આ છોકરાઓએ કર્યું છે જ એવું એટલે શું થાય?'

'પણ શેઠ, એમણે તો તમનેય પજવણી કરી હતી. તમે આ કામમાં કયાંથી વચમાં આવી ગયા?' મગન મેલાએ મનની વાત કરી.

'મારે એમને કારણે તો નહીં પણ એમના બાપને કારણે આ કામ માથે લેવું પડ્યું છે. પણ વાંધો નહીં. તારાથી થાય એટલું તું કરજે. એવોયે સીધી રીતે વાત કરશે તો હું તેને પહોંચી વળીશ. નહીં તો એને ભિડાવવાની તારે તૈયારી રાખવી.'

'એ બાબતે તમે બેફિકર રહેજો, શેઠ. એ જે હોટેલમાં ઊતરશે. એ હોટેલમાં મારા બેચાર લોંઠકા માણસોય એના પર નજર રાખતા જ બેઠા હશે. એ જરાય આડી વાત કરે કે તોછડાઈ કરવા જાય તો તમે તરત જ વાત પડતી મૂકીને ઊભા થઈ જજો ને બહાર નીકળી જજો. પછી એ છે ને હું છું. તમારી સાથે આડાઈ કરવા જશે તો હું એને નહીં છોડું.'

મગન મેલાએ આવી તૈયારી બતાવી એટલે વનમાળીને આ માણસની માણસાઈ માટે માન થયું. એણે કહ્યું: 'મને ખાતરી હતી જ કે મારું કામ કરવામાં તું પાછો નહીં જ પડે. જો કે એટલી હદે જવાની આપણે જરૂર નહીં પડે છતાં બધી તૈયારી રાખવી સારી.'

◇

આ વાત થયાને ચારેક દિવસ થયા હશે ને ભાઉની સવારી અમદાવાદ આવી પહોંચી. મગન મેલા એની જ રાહ જોતો બેઠો હતો. એ તરત જ ભાઉને મળવા ઊપડ્યો: 'તમે આવ્યા છો એવું જાણતાં જ મને થયું કે તમને મળતો આવું ને અહીંની નવાજૂની જણાવતો આવું.' એણે કહ્યું.

'બોલ, શી નવાજૂની છે?'

'તમે જો પેલા બે જણાની વાત માટે આવ્યા હો તો એક વાત તમને જણાવવી યોગ્ય લાગે છે.'

'શી વાત છે?'

'મને બાતમી મળી છે કે એ બેયના બાપાઓએ વનમાળી શેઠ નામના એક જુવાનિયાને વચલો રસ્તો કાઢવાનું કામ સોંપ્યું છે. એ પેલા બેની સાથે તમને મળવા આવશે.'

'તો?'

'આ વનમાળી શેઠ આમ તો પેલા બેની સાથે જ કૉલેજમાં ભણેલો છે પણ એમનામાં અને આ શેઠમાં આભ જમીનનું અંતર છે. એનું આખા અમદાવાદમાં નામ છે. મોટામોટા શેઠિયાય એને માન આપે છે. આવા કામમાં એ દરમિયાનગીરી કરે જ નહીં. પણ પેલા બે શેઠિયાઓને કારણે એ તૈયાર થયા હશે. તમે એમને શાંતિથી સાંભળશો તો આમાં તમને કશું નુકશાન તો નથી ને!' મગન મેલાએ વાતને ચગળાવીને રજૂ કરી.

'આપણે એની વાત સાંભળીને શું કરવું છે? આજે તો હું પૈસા વસૂલ કરીને વાતનો ફેંસલો કરી નાખવા માગું છું. પૈસા આપશે તો ઠીક નહીં તો મારે બેચાર માણસ મોકલી એમને બરાબરનો પાઠ ભણાવવો પડશે. તને તો ખબર છે કે આપણા ધંધામાં કોઈ શેઠિયાની શેહ પડતી નથી.' ભાઉને મગન મેલાની ચાલ ન સમજાતાં એણે ચોખ્ખી વાત કરી.

'મારું કહેવાનું એમ હતું કે આ માણસ પેલા બે જેવો નથી. એની આખા અમદાવાદમાં આબરૂ છે. એની વાત માનવી હોય તો માનવી ને ન માનવી હોય તોય તમારી મરજી પર છે. પણ માણસ કાઢી નાખવા જેવો નથી.'

'તો આપણે એને સાંભળીશું, બસ? પણ મને તારા અહીં આવવાની વાત ન સમજાઈ. તું કોઈનો મોકલ્યો તો મને મળવા નથી આવ્યો ને?'

'મને કોણ મોકલવાનું હતું? આ તો તમે મને પહેલાં આ કામ સોંપવાની વાત કરેલી ને મેં મારી લાચારીને કારણે તમને એની ના કહેલી છતાં એના પર નજર તો રહે જ ને! તેમાં આ વાતની ખબર પડી એટલે થયું કે ભાઉ સાહેબને કાને વાત નાખેલી સારી. તમારું પેલું કામ મારાથી ભલે ના થયું પણ આવું બારોબારનું કામ થઈ શકતું હોય તો કરવું જ જોઈએ ને!'

'ચાલો, તારી વાત ધ્યાનમાં રાખીશું, પણ આમાં જો તારી કશી ચાલ હશે તો તારી વાત છે.'

'મારી તો શી ચાલ હોવાની? મેં આ વાત જાણી તે તમારે કાને નાખી. પેલાની સાથે વનમાળી શેઠ આવશે એ વાતની તમને અગાઉથી ખબર હોય તો તમે ઘટતાં પગલાં લઈ શકો ને!'

મગન મેલાની વાત તો ભાઉને સમજાઈ પણ એના આમ મળવા આવવાના પ્રયોજન અને એની પાછળની

એની શી ચાલ હશે એ એને ન સમજાયું. મગન મેલાના ગયા પછી કયાંય સુધી એ એના જ વિચારમાં ડૂબી ગયો. છેવટે એણે સામેની જ રૂમમાં રાખેલા એના માણસ ભંડારેને બોલાવ્યોઃ 'જો હમણાં મને મળીને ગયો એનું નામ મગન મેલા છે. એના પર નજર રાખજે. આમ તો એ આપણો જ માણસ છે પણ નજર રાખેલી સારી.'

ને પેલો માણસ તરત બહાર નીકળ્યો ને મગન મેલાને શોધવા માંડ્યો. મગન મેલા તો એને ન મળ્યો પણ એ મગન મેલાના એક માણસની નજરમાં આવી ગયો ખરો. ને કલાકમાં તો મગન મેલાને જાણ થઈ ગઈ હતી કે ભાઉની સાથે બીજો પણ એક સાથીદાર હતો ને એ એની સામેની જ રૂમમાં રહેલો હતો. ભાઉએ પોતાને માટે એક માણસ રાખેલો હતો તો મગન મેલાએ એને મળવા આવતા પહેલાં જ એમની ખબર રાખવા માટે હોટેલમાં બે માણસો મૂકી દીધા હતા. એમ તો મગન મેલા કાચી માયા ન હતો.

વનમાળી શેઠ જેવા માણસને આજે પોતાનું કામ પડ્યું હતું તો મગન મેલા એમાં કશી ચૂક થવા દેવા માગતો ન હતો. એણે જ રૂબરુ જઈને વનમાળી શેઠને ભાઉના આવી ગયાના અને એણે વનમાળી શેઠ સાથે કેમ વર્તવું એની વાત ભાઉને કરી દીધાનું પણ જણાવ્યું. એણે વધુમાં કહ્યુંઃ 'આમ તો કશો વાંધો આવે તેમ લાગતું નથી છતાં કશું બને કે એવોયે તમારી સાથે તોછડાઈ કરવા જાય તો તમે ઊભા થઈને બહાર નીકળી જજો. પછી મારા માણસો એની સાથે ફોડી લેશે. એની રૂમની બેય બાજુએ મારા માણસો ગોઠવાઈ જ ગયેલા છે.'

મગન મેલા આ ભાઉની સામે શું કરી શકે ને શું ન કરી શકે એની ગણતરી કરવાને બદલે વનમાળી એની આ દિલેરીને મનોમન વખાણી રહ્યો. એને એક વાતે ધરપત થઈ કે મગન મેલાની વાતની કશીક અસર તો એ ભાઉના વર્તાવ પર જરૂર પડશે. ને એ ભાઉને મળવા જવા તૈયાર થઈને બેઠો.

બપોરના લગભગ ત્રણેક વાગ્યે એને રવીનનો ફોન આવી ગયો. ભાઉએ એમને મળવા બોલાવ્યા હતા. એમણે એને જણાવ્યું હતું કે એમની સાથે વનમાળી શેઠ વાત કરવા માગે છે ને ભાઉએ એમની એ વાત કબૂલ પણ રાખી હતી.

'કયાં મળવાનું છે?' અજાણ્યા થતાં વનમાળીએ પૂછયું.

'સાબર મહલ લોજમાં સાંજના પાંચ વાગ્યે આપણને બોલાવ્યા છે.'

'ભલે તમે બેઉ લોજ પાસે મારી રાહ જોજો. હું સડાચાર વાગ્યે ત્યાં આવી જઈશ.' વનમાળીએ કહ્યું ને પેલાએ હાશકારો અનુભવતાં ફોન મૂકયો.

◇

એ સાંજના બે જણાને લઈને વનમાળી ભાઉની રૂમ પર પહોંચ્યો. રૂમમાં પેસતાં જ એણે નોંધ લીધી કે ભાઉને લોજવાળાએ સારામાં સારી રૂમ આપી હતી. જો કે આ લોજમાં એને કયારેય આવવાનું થયું ન હતું.

'આવો, બેસો બધા.' ને વનમાળી સામે જોતાં એણે કહ્યુંઃ 'તમે જ વનમાળી શેઠ ને? તમે આ લોકોની સાથે આવવાના છો એની માહિતી મારા જાણભેદુ મારફતે મને મળી જ ગઈ હતી. મને લાગે છે કે તમારા જેવા માણસે આ કબાડામાં પડવા જેવું નથી.'

'મનેય શરૂમાં તો એવું જ લાગેલું પણ શાંતિથી વિચારતાં લાગ્યું કે આ બે જણાની અવળચંડાઈની સજા એમનાં માબાપને ભોગવવાની થાય છે એટલે આપની સાથે બે વાતો કરવા આવ્યો છું.'

'એમનાં માબાપને મેં કયારેય આમાં સંડોવ્યાં નથી.'

'તમને એમ લાગતું હશે પણ જયારે છોકરાંઓને ચારપાંચ લાખ જેવી રકમ ઊભી કરવાની થાય ત્યારે એમનાં માબાપનેય મરવા જેવું થાય. હું તમને અમારી વેપારીઓની પેટછૂટી વાત કરું. એક મીલ ઊભી કરવા પચીસ લાખ રૂપિયા જોઈએ. તમે માનો છો કે અમદાવાદનો કોઈ શેઠિયો પચીસ લાખની પોટલી લઈને મીલ ઊભી કરવા આવ્યો હોય?'

'પણ મેં કયાં એમની પાસે પચીસ લાખ માગ્યા છે?' જાણે અજાણ્યેય ભાઉ વનમાળીની જાળમાં આવતો જતો હતો.

'હું એ વાત પર જ આવું છું. હવે કોઈને મીલ ઊભી કરવી હોય તો ગાંઠમાં પૂરા બે લાખ હોય તોય પૂરતા થઈ જાય. બૅંક પાંચેક લાખ ધીરે ને બાકીના શેર કાઢીને કરી લેવાય. જે બધા મીલ માલિકો કહેવાય છે એ તો મીલના મેનેજિંગ ડિરેક્ટર તરીકે મીલને ખર્ચે તાગડધિન્ના કરી ખાય એટલું જ. એટલે મારું માનો તો આ બેય જણાને તમે જે સજા આજ પહેલાં કરી છે એટલી પૂરતી ગણીને એમને માફ કરી દો.'

'મેં તમને સાંભળ્યા, હવે તમેય મને સાંભળો. મેં આ રકમ નક્કી કરી તે જ આમને માફી આપવા જેવી વાત છે. બાકી અમારી આલમમાં તો એક ઘા ને બે કટકાનો જ ન્યાય. મારે જો બદલો જ લેવો હોત તો અત્યારે તો આ બેયનાં બારમાંય પતી ગયાં હોત. એટલે મહેરબાની કરીને તમે પગથિયાં માંડવાની વાત મારી આગળ ન કરતા.' ભાઉએ ચોખ્ખું સંભળાવી દીધું.

'જ્યારે મારી આટલી વાત તમે સાંભળી લીધી છે ત્યારે એક છેલ્લી વાત મને કરી લેવા દો.' ને રવીન તથા સૌમીલની સામે જોઈ એણે કહ્યુંઃ 'તમે બેય ઘડી બહાર બેસો એટલે હું ભાઉ સાહેબને અંગત વાત કરી લઉં.'

પેલા બેય બહાર ગયા એટલે ભાઉ કહેઃ 'હવે તમારી અંગત વાત કહેવા માંડો. હું ફક્ત સાંભળવા માટે જ તમારી વાત સાંભળું છું.' પણ બોલતાં ભાઉની આંખમાં જે ચમકારો દેખાયો એનાથી વનમાળીને આશા બંધાઈ કે એની વાતનું કદાચ સારું પરિણામ આવશે.

'જુઓ ભાઉ સાહેબ, હું ને તમે બેય જણ માનીએ છીએ કે આબરૂની કિંમત પૈસામાં ક્યારેય ન અંકાય. એટલે જ હું તમને આ પૈસાની વાત પડતી મૂકવાનું કહેતો હતો. પણ એક બીજી વાતેય મારા મનમાં આવે છે. તમે ઉંમરમાં મારાથી મોટા છો એટલે તમારા જાણવામાં આવા કેટલાય કિસ્સા આવી ગયા હશે. તમે ખોટું ન લગાડતા પણ મારું માનવું છે કે આવા કિસ્સામાં એક હાથે તાળી ન પડે.'

'એટલે તમે કહેવા શું માગો છો?' ગરમ થઈ જતાં ભાઉ બોલી ઊઠ્યો.

'જેનો મહિને સો રૂપિયાનો પગાર હોય ત્યાં આવી બાબત બનતી નથી. આ તો જ્યાં સો રૂપિયાની કશી વિશાત ન હોય ત્યાંની વાત છે. આ બે છોકરીઓ આટલે દૂર એકલી ફરવા જાય અને આવા દેખિતા છેલબટાઉ છોકરાની કારમાં લીફ્ટ લે એનો અર્થ શો થાય?' વનમાળીની આવી વાતથી ભાઉ સ્હેજ વિચારમાં પડી ગયો.

'એ તમારી વાત મને સમજાય છે. પણ જ્યારે આ બેય જણાએ બદલી કરીને પરાણેય બેયને__. તમે સમજો છો ને શેઠ?' કહેતાં ભાઉએ બોલવાનું અધવચ્ચેથી અટકાવી દીધું. ગમે તેમ તોય એ બેનનો ભાઈ હતો ને!

'જો આ છોકરીઓએ આમની લીફ્ટ ન લીધી હોત અથવા પહેલી વખત છુટ લેતાં અટકાવ્યા હોત તો આમાંનું કશું બન્યું ન હોત. એટલું તો તમે સ્વીકારો છો ને! એટલે દોષ બેય તરફનો છે એ વાત સ્વીકારીને તમને જે ઠીક લાગે તે કરો એવી મારી વિનંતિ છે.'

'એમ વિચારીને તો મેં આ વચલો રસ્તો કાઢ્યો હતો. બાકી મારી આબરૂ પર ઘા કરીને એ લોકો કેટલા દિવસ જીવતા રહે?'

'હવે તમે કાઢેલા રસ્તામાં મારુ કહેવું માનીને સ્હેજ હળવો રસ્તો વિચારો.' વનમાળીએ કહ્યું.

'આનાથી હળવો રસ્તો અમારી ભાઈગીરીનો છે. એમના બાપને પૈસાની વ્યવસ્થા ના કરવી પડે એવો.'

'એ રસ્તો અપનાવવાનું આપે મુનાસિફ નથી ગણ્યું એટલે તો આપ અહીં આવ્યા છો ને હુંય મોટી આશા લઈને તમારી પાસે આવ્યો છું. હવે તમારા હાથમાં છે.'

'તમે તો મારું માથું ભમાવી દીધું છે. બોલાવો પેલા બેને એટલે વાતનો નિવેડો આણી દઈએ.' ભાઉએ અકળાઈને કહ્યું. વનમાળીની વાતથી એ ગૂંચવાઈ ગયો હતો.

પેલા બે અંદર આવ્યા એટલે વનમાળીએ કહ્યુંઃ 'જુઓ ભાઉ સાહેબ, હું પણ સમજું છું કે આબરૂની કિંમત પૈસામાં ન કરી શકાય. એટલે જે વાત બની ગઈ છે એની અવેજીમાં તમારાથી કોઈ રકમ લેવાય પણ નહીં કે અમારાથી એવી હલકી ઑફર થાય પણ નહીં પણ તમારે મુંબઈનાં કામ ખોટી કરીને અહીં સુધી આવવું પડ્યું એની કિંમત ગણીને આ ફૂલ નહીં ને ફૂલની પાંખડી આપને ચરણે ધરું છું એ સ્વીકારી લો ને આ બેયને માફ કરી

દો.' કહેતાં એણે ટોપી ઉતારીને ભાઉના પગ પાસે મૂકી અને એમાં સોસોની નોટોનાં પાંચ બંડલ મૂક્યાં.

'અરે શેઠ, આ શું કરો છો?' ભાઉથીય બોલાઈ ગયું.

'હવે તમારે નક્કી કરવાનું છે. તમને ગમે તો આ સ્વીકારી લો ને ગમે તો મારી આ આબરૂને લાત મારી દો.' બે હાથ જોડીને વનમાળીએ કહ્યું.

ને ભાઉ જેવો માથાભારે જણ પણ સડક થઈગયો. એણે વનમાળીના એ જોડાયેલા હાથ પકડી લીધા ને કહ્યુંઃ 'શેઠ, તમે મને શરમાવો છો. તમે તમારી ટોપી ઉઠાવી લો.'

'તમે એના પરથી ભાર ઉઠાવી લો એટલે હું ટોપી ઉઠાવું.'

'તમે પહેલાં આ પૈસા ઉઠાવી લો અને માથે ટોપી પહેરી લો પછી તમારે હાથે મને પૈસા આપો હું લઈ લઈશ. હું નાલાયક માણસ હોઈશ પણ તમારી આબરૂને લાત મારું એટલો નાલાયક તો નથી જ.' ભાઉએ કહ્યું. પેલા બે તો આ જોતાં વિસ્મયથી દંગ જ રહી ગયા હતા.

વનમાળીએ પૈસાની થોકડીઓ ઉઠાવી ત્યાં તો ભાઉએ જાતે વનમાળીની ટોપી ઉઠાવી એને માથે પહેરાવી દીધી. પછી વનમાળીએ એને પૈસા આપ્યા એ લેતાં એણે કહ્યુંઃ 'ગુજરાતના વણિયા વિશે મુંબઈમાં રહ્યેય ઘણું સાંભળ્યું હતું. આજે નજરે જોયું.'

'મેંય મુંબઈના દાદા વિશે ઘણું સાંભળ્યું હતું પણ એમનામાંય આવું મુલાયમ દિલ હશે એ આજે અનુભવ્યું.' વનમાળીએ કહ્યું.

'તમને બે ને જરાય વિચાર આવે છે કે તમારે કારણે આ આબરૂદાર માણસને ટોપી ઉતારતાં કેવી વીતી હશે? આજે તો તમે વનમાળી શેઠને કારણે બચી ગયા છો પણ ભવિષ્યમાં સાચવીને ચાલજો. ફરીથી ક્યાંય અવળચંડાઈ કરી છે તો સીધા વધેરી જ નાખીશ એટલે આ શેઠની સામે મારે આમ બેસવાની વેળા જ ના આવે. ને શેઠ તમે કહ્યું તેમ આબરૂની કિંમત રૂપિયામાં ના થાય તો પછી મારે મારી આબરૂની કિંમત કરાવવી નથી. આ રૂપિયાય તમે જ રાખો.'

'એ તો તમારા અમદાવાદના ફેરાના બદલામાં આપેલા છે.'

'છતાં તમે લઈ જ જાવ ને મારું મન બદલાઈ જાય તે પહેલાં અહીંથી જાવ. તમે ગન લઈને આવ્યા હોત તો હું તમને પહોંચી વળત પણ તમે તો આબરૂ લઈને આવેલા એટલે શું થાય?' કહેતાં ભાઉએ તકિયા નીચેથી રીવોલ્વર કાઢીને બતાવી. આ ત્રણેયને તો એ જોતાં જ પરસેવો છૂટી ગયો.

બહાર નીકળી વનમાળી કહેઃ 'તમે બેઉ જણા બહાર કારમાં બેસો હું બે મિનિટમાં આવું છું.'

હજુ પેલા માંડ બહાર નીકળ્યા હશે ત્યાં ક્યાંકથી મગન મેલા ફૂટી નીકળ્યો. વનમાળી કહેઃ 'બધું સારી રીતે પતી ગયું છે. હવે તું શાંતિથી તારો પથારો સંકેલી લે. કાલે દુકાને આવજે. હું તને વાત કરવા માગું છું.'

ને એ બહાર નીકળ્યો. પણ બહાર નીકળતાં એને ઓછું આવી ગયું. એને ખિસ્સામાંથી રૂમાલ કાઢી આંખો કોરી કરતાં આવતો જોતાં પેલા બેય ઢીલા પડી ગયા. રવીન સામે જઈને એને પગે પડ્યો. 'શેઠ, અમારે લીધે તમારે_' એ આગળ ન બોલી શક્યો.

'લે, હવે એવા વેવલાવેડા છોડ. આપણે છીએ તો દોસ્તો જ ને! હું લુખ્ખો હતો તે વહેલો સમજી ગયો હતો ને તમે પૈસાવાળા તે મોડા સમજ્યા. મને ઓછું એ વાતનું આવી ગયું કે પેલાએ મારી ટોપીને લાત મારી દીધી હોત તો મારાથી કયે મોંએ બજારમાં બેસાત?'

'એવી તો તમારી જ હિંમત ચાલે. અમારા બાપ એ જગ્યાએ હોત તો એમનીય એવી હિંમત ન ચાલત. અમે આજ સુધી તામારો વિરોધ કર્યો હોય તે માફ કરી દો. અમે આજથી તમારા ગુલામ થઈ ગયા.' સૌમીલેય કહ્યું.

અનુક્રમ→

## ૧૩. મનવંત દેસાઈ

પોતાનો ઠઠારો બરાબર થઈ ગયો એટલે મનિયો બની ઠનીને દમણ ઊપડ્યો. દમણમાં પહોંચી માધવ વીલાના દરવાજા પાસે કાર ઊભી રાખી એણે હોર્ન માર્યું ત્યાં બંગલાનો ચૉકીદાર રતન મહારાજ દોડતો બહાર આવ્યો. એને અપટુડેટ મનવંતને રવીન શેઠની જ ગાડીમાંથી ઊતરતો જોયો ને એ સમજી ગયો કે કોઈ મોટા ઘરના મહેમાન આવી ગયા છે. એણે દોડીને ડેકીમાંથી સામાન કાઢ્યો ને સાચવીને બંગલામાં મૂક્યો. આવનારનો ભભકો જોતાં એ એવો તો અંજાઈ ગયો હતો કે કશું પૂછવાને બદલે બે હાથ જોડીને એ આજ્ઞાની રાહ જોતો ઊભો રહી ગયો.

'જો, હું મનવંત દેસાઈ. હું અહીં બેચાર મહિના રહેવાનો છું. લે, તારા રવીન શેઠે આ ચિઠ્ઠિ આપી છે. ને અહીં જમવાની શી વ્યવસ્થા છે?'

'શેઠ સાહેબ આવે ત્યારે હું જ ખાવાનું બનાવું છું. હું જાતે બ્રાહ્મણ છું. મને બધી રસોઇ બનાવતાં આવડે છે.' પોતાની રસોઈ આ છેલબટાઉ જુવાનિયાને ગમશે કે નહીં એની વિમાસણથી રતને કહ્યું.

'એનો વાંધો નહીં. તમે મને દેસાઈ સાહેબ કહેજો. હું તમને મહારાજ કહીને બોલાવીશ. પહેલાં સરસ મજાની ચા બનાવી લાવો ને આ સો રૂપિયા રાખો. બજારમાંથી શાકભાજી ને જરૂરી સામાન લઈ આવજો. મારે જમવાનું વ્યવસ્થિત જોઈશે.' મનવંતે મહારાજની ઉંમર અને એમના બ્રાહ્મણત્વને ધ્યાનમાં લઈ એમને તોછડા સંબોધનથી બોલાવવાનું બંધ કરતાં કહ્યું. આ બની બેઠેલા મનવંત દેસઈને, ખિસ્સામાં પૈસા કૂદતા હોય, રહેવા માટે આવો સારો બંગલો હોય અને રતન મહારાજ જેવો માણસ હુકમ ઉઠાવવા ખડે પગે તૈયાર હોય તો બધું વ્યવસ્થિત જ જોઈએ ને!

બે દિવસમાં તો એણે માધવ નિવાસના નામની તકતીની આગળ એણે મનવંત નિવાસના નામનું બોર્ડ લગાવી પણ દીધું. રતન મહારાજના પરની ચિઠ્ઠીમાં નાના શેઠની સૂચના હતી કે મનવંતભાઈને જેમ ઠીક લાગે તેમ કરવા દેજે એટલે મનવંત તો ખરો દેસાઈ જ બની ગયો હતો. એક અઠવાડિયામાં તો એણે ત્રણચાર દોસ્તો પણ બનાવી દીધા હતા.

બધું ગોઠવાઈ ગયું એટલે એણે મુંબઈનો માર્ગ પકડ્યો. એક મધ્યમસરની હોટેલમાં રૂમ રાખી એણે સીમાની ભાળ મેળવવાનાં ચક્રો ચાલુ કરી દીધાં. બે દિવસમાં તો એણે જરૂરી જાણકારી મેળવી લીધી. પછી એની ચકોર આંખોએ બેત્રણ સામાન્ય ઊઠાંતરીબાજનેય શોધી કાઢ્યા. એમની સાથે સીમાની પર્સની ચીલઝડપ કરવાની અને કયે રસ્તેથી ભાગી કયાં પોતાની વાટ જોવાની વાત કરી બધો પ્લાન એણે બરાબર ગોઠવી કાઢ્યો.

એવી કેટલીય વાતો એ ઈંગ્લીશ ફિલ્મોમાંથી શીખ્યો હતો. હિન્દી ફિલ્મો તો એ જોતો જ ન હતો. એ તો ગામડાના ગમાર માણસો જ જુએ એમ તે માનતો હતો.

ને નક્કી કરેલે દિવસે એમનો પ્લાન અમલમાં મૂકવામાં આવ્યો. પેલા ગઠિયાઓએ કારમાં બેસવા જતી સીમાની પર્સ ઝૂંટવી અને પેલી કાંઈ સમજે તે પહેલાં તો એ લોકો દોડીને બાજુની ગલીમાં વળી ગયા. પણ મનવંત દેસાઈ એમને છોડે ખરો? 'તમે ચિંતા ન કરશો. હું એમને પકડ્યા સિવાય નહીં રહું.' કહેતાં એ પાછળ દોડ્યો.

પેલા લોકો નક્કી કર્યા પ્રમાણે એની વાટ જોતા એક અવાવરુ ખણે ઊભા જ હતા. મનવંતે એમની નજીક જઈ મારામારી શરૂ કરી દીધી. પેલાઓએ પણ સામી બેચાર લગાવી. મનવંતના નાકમાંથી લોહી નીકળવા લાગ્યું ને આંખ પર કાળું ચકામું પડી ગયું એણે જાતે પોતાના મોંઘા કોટનું ખિસ્સું ખેંચીને ફાડી નાખ્યું. પછી બધાએ યુધ્ધવિરામ કરી દીધો. મનવંતે ખિસ્સામાંથી બસો રૂપિયાની નોટો કાઢીને એ લોકોને આપી ને નાક આગળ રૂમાલ દબાવતો એ ગલીની બહાર નીકળી સીમા પાસે પહોંચ્યો. 'આ તમારી પર્સ.' એણે સીમાની સામે પર્સ ધરી.

સીમા આ અપ ટુ ડેટ યુવાનની સામે તાકી જ રહી. પેલા મવાલીઓ સામે ઝપાઝપી કર્યા પછી ને

નાકમાંથી લોહી ટપકતું હોવા છતાં એ એવો તો આકર્ષક લાગતો હતો કે સીમા એના હાથમાંથી પર્સ લેવાનું ભૂલીને તાકી જ રહી. એની સાથેની સહેલી રૂપલે પર્સ લઈને મનવંતને કહ્યુંઃ 'થેંક યું. મને લાગે છે કે તમે મારી ફ્રેન્ડ સીમા પર જાદુ કરી દીધો છે. મારું નામ રૂપલ ને તમારું?'

'હું મનવંત દેસાઈ. તો હું જાઉં. મારે હવે કપડાં પણ બદલવાં પડશે.' પોતાના કોટના લબડી રહેલા ખિસ્સા તરફ જોતાં કહી એણે જવા કર્યું.

ત્યાં સીમા બોલી ઊઠીઃ 'તમારે એ પહેલાં તો ડૉક્ટર પાસે જવું જોઈએ. અહીં નજીકમાં જ અમારા ઓળખીતા એક ડૉક્ટરનું દવાખાનું છે. ચાલો એમાં પહેલાં તમારી મલમપટ્ટી કરાવી લઈએ પછી તમને તમારે ઘેર મૂકી જઈશું. આવો કારમાં.' ને મનવંત દેસાઈ એમની સાથે એમના જાણીતા દાક્તરની સારવાર લેવા પહોંચી ગયો. દાક્તરે જરૂરી સારવાર આપી પછી સીમા કહેઃ 'હવે તમને ઘેર મૂકી જઈએ.'

'ઘર તો મારું દમણમાં છે એટલે તમને દૂર પડશે. હું તો ધંધાના કામ અંગે મુંબઈ આવ્યો છું ને હોટેલમાં ઊતર્યો છું. જ્યાં પેલાએ તમારી પર્સ છીનવી હતી ત્યાં પાસે જ મારી કાર પડી છે એટલે ત્યાં સુધી મૂકી જાવ તો મહેરબાની.'

'સખી, આ સાહેબ વિનયથી કહે છે એટલે આપણે મહેરબાની કરવી પડશે ને એમને એમની કાર સુધી પહોંચાડવા તો પડશે જ. પછી એમને વાંધો ન હોય તો આપણે એમની હોટેલ સુધી એમને મૂકવા એમની સાથે જવું પણ પડશે.' રૂપલે મજાક કરી.

'આવો તમે મારાં મહેમાન છો પણ એ એક સામાન્ય હોટેલ છે. ત્રણ દિવસ પહેલાં હું આવ્યો ત્યારે રાત પડી ગઈ હતી ને હું એટલો થાકેલો હતો કે જે પહેલી મળી એ જ હોટેલમાં રહી પડ્યો છું.'

બેય બેનપણીઓ એને એની કાર પાસે લઈ ગઈ. મોંઘી ઈમ્પોર્ટેડ કાર જોઈ બેયને મનવંત દેસાઈના ટેસ્ટનો અને એની ધનિકતાનો ખ્યાલ તો આવી જ ગયો. પછી બેય કારો મનવંત દેસાઈની હોટેલ પર પહોંચી. સીમા આખે રસ્તે ચૂપ જ હતી. પણ રૂપલ એના મનના વિચાર વાંચતી હોય એમ બોલીઃ 'માણસ પૈસાવાળો છે, રૂપાળો તો એવો છે કે એની સાથે સરખાવી શકાય એવા કોઈને આપણે જાણતાં નથી, ને પહેલી નજરે પ્રેમ થઈ જાય એવો છે.'

'તો વાટ શેની જુએ છે. પ્રેમમાં પડી જ જા ને!' સીમા બોલી.

'પણ સખી તું પહેલી નજરમાં જ એનામાં મોહી પડી છું એટલે મારાથી એમ થાય તેમ નથી.'

'પ્રેમ તો ન કહેવાય પણ મને એ ગમ્યો છે. દોસ્તી કરવા લાયક છે. તને કેમ લાગે છે?' ત્યાં મનવંતની હોટેલ આવી ગઈ એટલે બેયની વાતો અટકી ગઈ.

રૂમ પર જઈ મનવંત કહેઃ 'તમે બેય જણ સ્હેજ બેસો ત્યાં સુધીમાં હું મારો હુલિયો ઠીક કરી લઉં.' કહેતાં એણે પોતાની સ્યૂટકેસ બેડ પર મૂકીને ખોલી. એમાંથી લોશન અને એક સ્યૂટ અને શર્ટ લઈને એ બાથરૂમમાં પેઠો. થોડી વારે એ બાથરૂમમાંથી બહાર આવ્યો ત્યારે તો બેય બેનપણીઓ એને તાકતી જ રહી ગઈ.

મનિયા ઓવર્સિસમાંથી મનવંત દેસાઈ બની ગયેલો આ જુવાનિયો પેલી બેયનાં દિલમાં વસી જાય એમાં કશી નવાઈ ન હતી. 'તમે દેસાઈ ન હોત તો અમે તમને કોઈ રાજકુમાર જ ધારી લીધા હોત.' સીમાએ કહ્યું.

'ને સાચું કહું તો મારી સહેલીના દિલના તો તમે રાજકુમાર બની જ ગયા હોય એમ લાગે છે? મુંબઈમાં કેટલું રોકાવાના છો?' રૂપલે કહ્યું.

'મારું કામ પતી ગયું છે એટલે કાલે જ દમણ જવાનો છું. તમારે સાથે આવવું હોય તો મારું ઘર દરિયાને કિનારે જ છે. તમારે વેકેશન થઈ જશે ને દમણ ક્યાં દૂર છે?' મનવંત કૂદી પડ્યો. સીમાને જોયા પછી હવે એ પરિચય વધારવામાં ઢીલ કરે જ કેમ? એ માટે તો એ આવ્યો હતો.

'એમ આટલા ઓળખાણે દમણ સુધી એકલાં કેમ અવાય?' સીમાને શું બોલવું એય નહોતું સમજાતું પણ રૂપલ જાણે એના મનની જ વાત કરી રહી હતી એટલે સીમા પણ જવાબ માટે મનવંત સામે અપલક તાકી રહી.

'તો આપણે થોડો વધારે પરિચય કેળવીએ. આજે સાંજે તમે કહો તે હોટેલમાં હુ તમને જમવા લઈ જાઉં. એટલે પરિચય આગળ વધશે. કહો ક્યાં?'

'જમાડવાના તો અમારે તમને હોય. અમારે કારણે તો તમારા રૂપાળા મોં પર ધબ્બો લાગી ગયો.' સીમા બોલી.

'એ તો બેચાર દિવસમાં બરાબર થઈ જશે પણ તમારો પરિચય થયો એ કાંઈ નાનીસૂની વાત છે? છતાં તમને એમ લાગતું હોય તો કાલે સાંજે તમે મને જમાડી દેજો. હું એક દિવસ વધારે રોકાઈ જઈશ.' મનવંત એમને એમ છોડે એમ ક્યાં હતો?

'ચાલો, એ મંજૂર, તમે આજે પુરોહિતમાં જમાડો કાલે અમે ભગિરથમાં જમાડીએ. કેટલા વગ્યે મળીશું?'

'તમે છ વાગ્યે અહીં આવી જજો. પછી બધાં જમવા જઈશું.' મનવંતે કહ્યું.

'ભલે, અમે તો પાંચ વાગ્યાનાં આવી જઈશું.'

'કેમ એટલાં વહેલાં?' સીમા બોલી ઊઠી.

'એટલા માટે કે તમે બે જણ ગપ્પાં મારી શકો.'

'તો તારાથી મૂંગાં રહેવાશે આખો એક કલાક! તારાથી પાંચ મિનિટેય ચૂપ રહેવાય છે કદી?' સીમા શરમાઈ રહી હતી છતાં એણે રૂપલને ટકોર કરી.

'આપણને તો ભાઈ, મનમાં જે હોય તે બોલી નાખવાની ટેવ છે એટલે બોલાઈ જાય છે. તારી જેમ મનની વાત પરાણે મનમાં સંઘરી રાખવાનું આપણને નથી ગમતું.'

'એટલે તો એ તમને સાથે રાખે છે. તમે એમના મનની વાતેય મનમાં નથી રાખતાં ને!' મનવંતે કહ્યું ને સીમા વધારે શરમાઈ.

'હવે અમે જઈએ. સાંજના મળીશું.' સીમાએ કહ્યું ને રૂપલને કોણી મારતાં બોલીઃ ' અને તું બહાર ચાલ એટલે તને ખબર પાડું છું.'

'તમે બે લડી પડો ને સાંજનો પ્રોગ્રામ ખડી પડે એવું ન કરતાં પાછાં.' એમને હોટેલના બરણા સુધી વળાવવા આવેલા મનવંતે ટકોર કરી.

'અમે લડીએ કે ન લડીએ પણ તમારી સાથે જમવા આવવાનું તો નહીં જ ટાળીએ. તમારા મનથી એમ હોય કે આ લોકો ન આવે તો ખર્ચો બચી જાય પણ અમે એમ થવા દઈશું નહીં.'

'ખર્ચની કયાં ચિંતા છે? તમે રોજ આવો તોય જમાડવાની મારી તૈયારી છે.'

'મારી બેનપણી શું વિચારે છે એ એને પૂછીને જણાવીશ.' રૂપલે કહ્યું ને સીમાના હાથમાંથી કારની ચવીઓ લઈ કારમાં બેસી ગઈ. ને એણે કાર ચાલુ કરી.

સીમા કહેઃ 'એને કાયમ આવું બોલવાની ટેવ છે. તમને ખરાબ તો નથી લાગતું ને!'

'એમાં ખરાબ લાગવા જેવું શું છે ઊલટું મને તો એમની આવી વાતોમાં મજા પડે છે.' મનવંતે આંખનો ચાળો કરતાં કહ્યું.

'તમેય એના જેવા જ છો.' કહેતાં એ કારમાં બેસવા પાછી ફરી તો કાર જ ન મળે. એ લોકો વાત કરતાં હતાં ત્યાં જ રૂપલ કાર હંકારી ગઈ હતી.

'હવે?' સીમા ગૂંચવાતાં બોલી.

'એમાં હવે શું? પહેલાં આપણે ચાપાણી કરીએ પછી હું રૂમમાંથી કારની ચાવીઓ લઈ આવું પછી તમને તમારે ઘેર મૂકી જઈશ. આવો.'

'હા, ચા પી લઈએ. તમારે મૂકવા આવવાની જરૂર નથી. હું ટેક્સી કરી લઈશ.' મનમાં ગમતું હોવા છતાં શરમાતાં સીમા બોલી.

'મહેમાનોને ટેક્સીમાં રવાના કરવાનનું મારા સ્વભાવમાં નથી.' કહેતાં એણે ચા તથા હળવા નાસ્તાનો ઑર્ડર આપ્યો.

'તમે કાયમ દમણમાં જ રહો છો?' સીમાએ ક્ષોભમાંથી બહાર આવતાં પૂછ્યું.

'એવાં તો મારાં નસીબ ક્યાંથી? દમણમાંનો આ મનવંત નિવાસ બંગલો તો મારા બાપાએ બંધાવેલો. એ તો ગુજરી ગયા ને હું રહ્યો રખડતો માણસ. એટલે અત્યારે તો અમારા રતન મહારાજ એકલા જ એ બંગલો સાચવે છે ને એમાં રહે છે. હું ક્યારેક દેશમાં આવું છું ત્યારે એમાં રહું છું. રતન મહારાજ જમવાનું બહુ સારું બનાવે છે. તમે આવશો તો તમને ગમશે.' મનવંત પાછો મૂળ વાત પર આવી ગયો.

'દમણ જોવા આવવાનું તો મનેય મન થાય છે ને હવે તો તમારા જેવા માણસની સાથે પરિચય પણ થયો છે. પણ મારા ભાઈને પૂછવું પડે. એ કહે તો જ અવાય.' સીમાએ પોતાના મનની વાત સ્પષ્ટ કરી.

'એ સારી વાત છે. ઘરના વડીલની સંમતિ તો જોઈએ જ ને! તમે પૂછી તો જોજો પહેલાં.'

'એ સંમતિ આપશે એની મને પૂરી શ્રધ્ધા છે પણ એ પહેલાં એ તમને મળવાની વાત કરશે.' મનવંત દેસાઈ જેવા આબરૂદાર માણસને પોતાનો આવો ભાઈ ટાઈપ માણસ ગમશે કે નહીં એના વિચારમાં અટવાતાં સીમા બોલી. એને મનમાં થયું કે ભાઈ ને મનવંત દેસાઈને ભેગા કરવા કરતાં ભાઈને ઊંઠાં ભણાવીને દમણ જવાનું ગોઠવવું જ વધારે સલામત હતું. પછીની વાત પછી.

'તમને જરૂર જણાય તો મને તમારા ભાઈને મળવામાં કશો વાંધો નથી.' મનવંતે જે આત્મવિશ્વાસથી કહ્યું. પણ એનાથી તો સીમા વધુ ગભરાઈ. મનવંતથી એ એટલી પ્રભાવિત થઈ ગઈ હતી કે એને લાગવા માંડ્યું હતું કે ભાઈની સાથે મનવંતને ભેગો કરવો એટલે મનવંતને સંબંધ તોડવાનું સામેથી બહાનું આપવું.

'એવી જરૂર પડશે તો એમ પણ કરીશું. પણ મને અત્યારે તો એવી જરૂર જણાતી નથી.' સીમાએ કહ્યું. ને એ જવા ઊભી થઈ.

હોટલેના બારણે પહોંચી મનવંત કહેઃ 'તમે થોભો, હું ઉપરથી કારની ચાવી લેતો આવું.' એને લાગ્યું કે એકલી યુવતીને પોતાના રૂમમાં આવવા ઈજન આપવાનો એ કદાચ ખોટો અર્થ કરે તો કામ બનતા પહેલાં જ કથળી જાય, એટલે એણે સીમાને દરવાજે રાહ જોવાનું કહ્યું ને.

એ ચાવી લઈને આવ્યો એટલે બેય કારમાં ગોઠવાયાં. સીમા રસ્તો બતાવતી ગઈ ને એ ગાડી ચલાવતો ગયો. જેમ ગાડી આગળ વધતી હતી એમ સીમાના મનમાંય વિચારોની ગાડી આગળ વધતી હતી. એને થયું કે મનવંત પોતાનો બંગલો જોશે તો એનો પરિચય વધારવામાં ઉત્સાહ વધશે. એને લગભગ ખાતરી જ હતી કે ભાઈ તો આ સમયે ઘેર નહીં જ હોય એટલે તો એણે મનવંતને બંગલાની અંદર બોલાવવાનું મનમાં નક્કી કરી લીધું.

'તમે મને તમે કહીને માનથી બોલાવવાનું ક્યારે બંધ કરશો.'

'જ્યારે તમે મને માનથી બોલાવવાનું બંધ કરશો ત્યારથી.'

'મારી તો એવું બોલતાં જીભ જ નહીં ઊપડે.'

'તો પછી મારીય ક્યાંથી ઊપડશે? જો આપણે દોસ્ત બનવા માગતાં હોઈએ તો તમારે જીભ ઉપાડવી જ પડશે.'

'તમે પહેલ કરજો પછી જોઈશું.' શરમાતાં સીમાએ કહ્યું.

બંગલા પાસે ગાડી ઊભી રાખી મનવંત પણ સીમાની સાથે બહાર આવ્યો એટલે સીમાનો કદાચ એને બંગલાની અંદર બોલાવવાનો વિચાર ન હોત તોય એ ચાલે તેમ ક્યાં હતો? 'આવો અંદર.' કહેતાં એ આગળ થઈ ને મનવંત એને અનુસર્યો. બંગલામાં પેસતાં જ એ અંદરનો વૈભવ જોઈ તાજુબ થઈ ગયો. એને થયું અમદાવાદવાળા

નબિરાઓએ એને કામ સોંપ્યું તેય કેવું? આવું નકરી મલાઈવાળું!

સીમા કહેઃ 'તમે આરામથી બેસો. હું રૂપલીને ફોન કરી લઉં. એ ગાડી લઈને ભાગી આવીને તમારે મને મૂકવા અહીં સુધી આવવું પડ્યું.'

'એનો કશો વાંધો નહીં. એ બહાને તારા બંગલામાં અવાયું. હવે ક્યારેક આવવું હોય તો વાંધો ન આવે ને!' એ સાંભળતાં સીમા મનમાં ફફડી ગઈ. એ આવે ને જો ભાઈ એને ભેગા થઈ જાય તો તો તકલીફ થઈ જાય. એને થયું કે રૂપલની પાસે કોઈ બહાનું બતાવડાવી મનવંતનું આ અચાનક મળવા આવવાનું ટાળવું પડશે.

એ રૂપલને ફોન કરવા બીજા ઓરડામાં ગઈ. ત્યાં દાદર પરથી ભાઉ સાહેબ નીચે આવ્યા. એક અજાણ્યા સોહામણા યુવાનને બેઠેલો જોઈ એમણે પૂછ્યુંઃ 'તમે મને મળવા તો નથી આવ્યા ને?'

ને ઊભા થઈ જતાં મનવંત આદર સાથે બોલ્યોઃ 'ના હું તો સીમાની સાથે આવ્યો છું. મારું નામ મનવંત દેસાઈ. આપ જ સીમાના મોટાભાઈ છો ને!'

'હા, બેસો શાંતિથી.' કહેતાં એ મનવંતની સામે બેઠા. 'ક્યાંના રહેવાસી છો તમે?'

'વડીલ, આમ તો અમે મૂળ વડોદરાના પણ વરસોથી દમણમાં રહેલા. ને મારી બાબતમાં કહું તો હું ક્યાંયનો નથી. હું તો દુનિયામાં ઘૂમતો માણસ છું. અત્યારે તો હું દુબઈથી કામ માટે દેશમાં આવ્યો છું.'

'તમે સીમાને ક્યાંથી જાણો?'

હવે આવા સવાલનો જવાબ આપતાં મનવંતને પરસેવો બળી જાય કે નહીં! પણ ભગવાન એને પક્ષે હોય એમ સીમા એ જ વખતે બહાર આવી. એણે મોટાભાઈને મનવંત સામે બેઠેલા જોયા ને એનું હૈયું ધબકારો ચૂકી ગયું. ઉતાવળથી એ બોલી ઊઠીઃ 'લ્યો, ભાઈ પણ આવી ગયા ને! આજે એક ગઠિયાએ મારું પર્સ ઝૂંટવ્યું હતું તે એ પેલા ગઠિયાઓને મેથીપાક આપી પાછું લઈ આવ્યા હતા. ને મને મૂકવા આવ્યા છે.'

'તે એમને કાલે જમવા બોલાવ. મારેય એમની સાથે બે ઘડી વાતો થાય. ચાલો, આજે તો મારે ઉતાવળ છે એટલે જાઉં છું પણ જમવા આવશો ત્યારે શાંતિથી વાતો કરીશું.' કહેતાં એ ગયા. બહાર પડેલી મોંઘામાંની ઈમ્પોર્ટેડ ગાડી એમની નજર બહાર રહી જ કેમ શકે? એમણે વિચાર્યું સીમાએ દોસ્તી એક લાયક માણસ સાથે કરી લાગે છે. હવે એની એ દોસ્તીને પોતાની રીતે અંજામ આપવો પડશે.

તો બીજી બાજુ સીમાય શૂળીનો ઘા સોયે ટળ્યો હોય એમ અનુભવી રહી. એણે પૂછ્યુંઃ 'ભાઈ સાથે તમારે શી વાત થઈ?'

' 'તમારે' નહીં 'તારે'. કશી નહીં. એમણે મને પૂછ્યું કે હું એમને મળવા તો નહોતો આવ્યો ને! ને મેં એમને મારું ઓળખાણ આપ્યું ને કહ્યું કે હું તારી સાથે આવ્યો છું.'

'ચાલો, એટલેથી પત્યું એ સારું થયું.' મનમાં ગભરાતી સીમાથી બોલાઈ ગયું.

પણ મનવંત પોતાની જ ફિકરમાં હતો. કહેઃ 'એમણે પૂછ્યું હતું કે હું તને ક્યારથી જાણતો હતો? તું જો સ્હેજ મોડી પડી હોત તો મારે જવાબ દેતાં તકલીફ પડી જાત. મેં એમ કહ્યું હોત કે ત્રણચાર કલાકથી તો એમને કેવું લાગત!'

'એક વખત આપણે દમણ જવાનું ગોઠવીએ પછી જમવા બોલાવવાનું ગોઠવીશું. હું ભાઈને જણાવીશ કે તું હમણાં બીઝી છું એટલે અઠવાડિયા પછી ફરીથી મુંબઈ આવશે ત્યારે ગોઠવીશું. ને દમણ આવવાની પરમિશન અમે અમારી રીતે મેળવી લઈશું.' સીમાએ કહ્યું.

'જેવી તારી મરજી. બાકી મને તો કાલે ફરીથી આવવામાં ને ભાઈને મળવામાં વાંધો નથી.' મનવંત બોલી ઊઠ્યો. એને વાંધો ન હતો એની તો સીમાનેય ખબર હતી પણ વાંધો સીમાને હતો. એને મનવંત મનમાં વસી ગયો હતો. એ એને કેમેય ખોવા માગતી ન હતી. તો મનવંત પણ સીમાને ક્યાં ખોવા માગતો હતો? પણ બેયના મનમાં જે ભાંજગડ ચાલતી હતી એ અલગ અલગ હતી.

ત્યાં બહાર કાર આવ્યાનો અવાજ આવ્યો. સીમાએ ફોન પર રૂપલને જણાવ્યું હતું કે મનવંત એને મૂકવા આવ્યો છે ને એને તરત આવી પહોંચવાનું પણ સીમાએ જણાવ્યું હતું. 'આ રૂપલેય આવી પહોંચી.'

'તમે રૂપલબેન, સીમાને મૂકીને આવતાં રહ્યાં એ બહુ સારું કર્યું. મારે એને મૂકવા આવવું પડ્યું એટલે એના બંગલાનો રસ્તો પણ જોવાઈ ગયો ને એના ભાઈનો મેળાપ પણ થયો.'

'એ સીમા અને હું રૂપલબેન? અરે મિસ્ટર, હું તો સીમાથીય છ મહિના નાની છું. તમે મને માસી ના બનાવી દેતા.'

'સીમા સાથે મારે ઓળખવટ થઈ ગઈ છે. એ મને મનવંત કહે છે એટલે હુંય એને સીમા કહું છું.' મનવંતે કહ્યું.

'એ તો કાલે સવારે તમને મનવંતને બદલે માત્ર મનુ કહીનેય બોલાવશે તો મારેય એમ કરવું?'

'મારે તને બોલાવવી જોઈતી જ ન હતી. થાક્યા તારાથી તો. હવે તું અહીંથી જા.' શરમાઈ જતાં સીમા બોલી.

'તમારે ખાનગી વાત કરવી હોય તો મને ઘરમાંથી કાઢી મૂકવાની જરૂર નથી. હું બાજુના રૂમમાં જાઉં છું તમે તમારે શાંતિથી ઘૂટુર્ઘુ કરો.'

'તો બેસ ને મુંગી રહે. આપણે દમણ જવાનું કેમ કરીશું?'

'મેં તો મારા પપ્પાની પરમિશન લઈ પણ લીધી. મેં કહ્યું કે સીમાના એક ઓળખીતા દમણમાં રહે છે ને એ એમને ત્યાં બેચાર દિવસ રહેવા જવાની છે તે હું એની સાથે જાઉં? ને મને તો પરમિશન મળી ગઈ. તારે એમ કહેવાનું કે રૂપલના કોઈ સંબંધી દમણમાં રહે છે. વાત સિંપલ.'

'હવે વાત એટલી સિંપલ નથી રહી. મનવંતે ભાઈને જણાવીય દીધું કે એનો દમણમાં બંગલો છે. ને ભાઈએ તો મનવંતને જમવા લઈ આવવાનું પણ મને કહ્યું.'

'તો ભાઈને મનવંત દેસાઈ પસંદ આવી ગયા લાગે છે. હવે ભાઈની બેનનું કેમ છે એ વિચારવાનું છે.' સીમા શરમાઈ રહી.

પણ મનવંતે કહ્યુંઃ 'સીમાએ દોસ્તી તો કબૂલ કરી છે. હવે તમારે મારે ત્યાં આવવાનું છે એ નક્કી. સીમાને પરમિશન મેળવવામાં તકલીફ પડે તો હું ભાઈને મળવાય તૈયાર છું એમ પણ મેં એને કહ્યું છે. પછી વાંધો ક્યાં છે?'

'હજુ બે દિવસ તો તું અહીં છું ને ત્યાં સુધીમાં એનો રસ્તો નીકળી આવશે.' રૂપલે કહ્યું.

અનુક્રમ→

# ૧૪. ભાઉ દમણમાં

એ સાંજે જમ્યા પછી બધાં મનવંતની રૂમે ગયાં ને ક્યાંય સુધી વાતોના તડાકા મારતાં રહ્યાં.

બીજે દિવસે સાંજે જમવાનું ગોઠવ્યું હતું પણ સવારે જ મનવંતે સીમાને ફોન કરીને પૂછ્યું હતુંઃ ‘તમે લોકો આ બાજુ આવવાનાં ન હો તો હું એ તરફ નીકળી પડું.’

ને સીમાને મન મનવંતનું પોતાને ઘેર આવવું ગભરાટ થાય એવું લાગતું હતું. જો કે મનવંતને મળવા તો એનું હૈયું થનગની રહ્યું હતું. એણે ઉતાવળથી કહ્યુંઃ ‘ના ના, અમે જ એ તરફ આવીએ છીએ.’ એણે રૂપલને ફોન કર્યો ને બેય જણીઓ મનવંતની રૂમ પર પહોંચી.

‘તો તમે મારી સાથે દમણ આવો છો, નક્કી ને?’

‘તારે ત્યાં. પણ તારી સાથે નહીં. જો અમે તારી સાથે આવીએ તો તારે ત્રણચાર દિવસમાં અમને મૂકવા મુંબઈ આવવું પડે.’

‘મૂકવા આવવામાં મને કશો વાંધો નથી. બહુ તો એકાદ બે દિવસ મોડું વહેલું થાય.’

‘ના ભાઈ, મારી તો એવી તૈયારી નથી તું કાલે કાલે કરતાં કાયમ માટેય રોકી રાખે. સીમાની વાત સીમા જાણે.’ રૂપલે કહ્યું.

‘અમે તારી સાથે આવીએ એ જ બરાબર છે. મારે એટલું લાંબુ ડ્રાયવિંગ કરવું નથી કે રૂપલ ડ્રાઈવ કરતી હોય એવી કારમાં મારે દમણ આવવુંય નથી. આપણે સાથે જ નીકળીશું. બોલ કાલે કેટલા વગ્યે નીકળવું છે?’ સીમાએ પૂછ્યું.

‘એમ કેમ કહેતી નથી કે તરે મનવંત સાથે આખે રસ્તે  પ્રેમગોષ્ઠિ કરવી છે.’

‘તારાથી તો તોબા. તું આવી વાતો કરીને મનવંતને ગૂંચવી નાખે છે.’ સીમાએ શરમાતાં મનવંતનું ઓઠું આગળ ધર્યું.

‘બપોરના બાર વાગ્યા પહેલાં ગમે ત્યારે. તમે જ નક્કી કરો તમને અનુકૂળ હોય એવો સમય. હું મહારાજને ફોન કરી દઈશ એટલે સાંજનું જમવાનું તૈયાર હશે.’

‘મને લાગે છે કે સવારના દસ વાગ્યે નીકળીએ રસ્તામાં કશું નાસ્તા જેવું કરી લઈશું. પછી એવું હશે તો સાંજનું ખાવાનું થોડું વહેલું ખાઈ લઈશું.’ રૂપલે કહ્યું.

‘દમણ પહોંચ્યા પછીની કશી ચિંતા કરવાની જરૂર નથી. ત્યાં તો નાસ્તાનીય એવી વ્યવસ્થા હશે કે એ નાસ્તો કર્યા પછી તમને સાંજનું ખાવાની દસ વાગ્યા સુધી ઈચ્છા જ નહીં થાય. તો દસ વાગ્યે નીકળવાનું નક્કી. બોલો, ક્યાંથી નીકળવું છે? તમે અહીં આવી જશો કે હું તમારે ત્યાં આવી જાઉં?’ મનવંતે કહ્યું.

‘ના, અમે જ આવી જઈશું, તમારે આવવાની જરૂર નથી.’ ઉતાવળથી સીમા બોલી ઊઠી. પછી કલાકેક ગપસપ કરીને બેય બીજા દિવસની તૈયારી કરવા માટે નીકળી ગઈ. મનવંત પણ પોતાના હવે પછીના પગલાના પ્લાનિંગ અંગે વિચારવા માંડ્યો. પછી એણે મહારાજને સાંજના જમવાની અને બેત્રણ જાતના સારા નાસ્તાની ચીજો બનાવી રાખવાની પણ સૂચના આપી.

એ દમણ આવશે તો એવી મોહિત થઈ જશે કે વધારે પ્રયત્ન કરવાની પછી જરૂર જ નહીં પડે. એણે આત્મવિશ્વાસ સાથે વિચારનું પૂર્ણવિરામ મૂક્યું.

◇

બેય છોકરીઓ એવી ઉત્સાહમાં હતી કે એ બીજે દિવસે સવારના નવ વાગ્યે જ હોટેલ પર આવી ગઈ હતી. મનવંતને થોડી ઉતાવળ કરવી પડી. ને બધાં નક્કી કરેલા સમયને બદલે અડધો કલાક પહેલાં, સાડા નવ વાગ્યે હોટેલ પરથી રવાના થયાં. સીમા અને મનવંત કારની આગળની સીટ પર બેઠાં ત્યાં સુધી રૂપલ બહાર ઊભી રહી પણ જેવી સીમા ડ્રાયવરની બાજુની સીટ પર ગોઠવાઈ કે તરત એ સીમાને ધકેલીને એની બાજુમાં ગોઠવાઈ ગઈઃ 'તમારા મનમાં એમ હશે કે તમે બે કાનફૂસિયાં કરો ને હું પાછળ બાઘાની જેમ બેસી રહું.'

'ના, અમને એમ હતું કે તમારે ઊંઘવું હશે એટલે પાછળની આખી સીટ તમને આપી.'

'મારે ઊંઘવું હશે ત્યારે પાછળની સીટ પર બેસીશ. હમણાં તો મારે તમારા બેયની સાથે વાતો કરવી છે.'

'તો ભલે, તું તારો નોન સ્ટોપ રેડિયો શરૂ કરી દે. મનવંત કંટાળે ને તને રસ્તા વચ્ચે કારમાંથી ઉતારી ના પાડે ત્યાં સુધી હુંય તારી વાતો સાંભળી લઈશ.'

'બધાં તારા જેવાં ઓછાં હોય છે? મનવંતે મને દમણ આવવાનું આમંત્રણ આપ્યું છે એટલે મારો નોન સ્ટોપ રેડિયો પણ એમાં આવી ગયો.'

'ચાલો, મનવંતને પણ શીખવાનું મળશે કે કેવાં માણસોને આમંત્રણ અપાય અને કેવાંને પડતાં મુકાય.'

'ને મનેય શીખવાનું મળશે કે કેવાં માણસો સાથે દોસ્તી રખાય.'

'ને મનેય શીખવાનું મળશે કે બે યુવતીઓને આગળની સીટમાં બેસાડીને ડ્રાયવિંગ કરવાનું કેવું હોય છે.'

'એ સારું યાદ દેવડાવ્યું. સીમા તારી સાથે બેઠી છે ને રસ્તામાં આવતાં બધાં કૂતરાં ને બિલાડાં એનાં ઓળખીતાં હશે, એટલે એ તને કાયમ ચેતવ્યા કરશે કે જોજે મારા કૂતરાને કચડી ન નાંખતો.'

'મનવંત રૂપલી ગાડી ચલાવતી હોય ને તું સાથે બેઠો હોય તો તને લાગે કે એ કોઈનો વિમો નહીં પકવે તો તમારા બેમાંથી તો કોઈનો પકવી જ નાખશે.'

'અરે, પેલા ખાડાને કચડી નાખ્યો. એ સીમાનો ઓળખીતો હશે. ભલા માણસ, વચમાં ખાડો આવે તો હોર્ન તો વગાડવું જોઈએ ને. એને ખસી જવાનો ચાન્સ તો આપવો જોઈએ ને?' રૂપલે સીમાને ઉડાવી.

'સારું યાદ દેવડાવ્યું. હવે હું તમને વધારે સારે રસ્તે દમણ લઈ જઈશ. સીમાનો ખાડો તો કચડાઈ ગયો પણ તમારા ખાડા બચી જશે. રસ્તો થોડો લાંબો પડશે પણ આપણે અડધો કલાક વહેલાં નીકળ્યાં છીએ એટલે પહોંચવાના સમયમાં બહુ ફેર નહીં પડે.' મનવંતે સીમાની તરફદારી કરતાં રૂપલને ઉડાવી.

આમ મજાક-મસ્તી કરતાં ગેવા ક્યારે આવી ગયું એનીય ખબર ન પડી. મનવંતે કાર ઊભી રાખીને બંગલામાંથી રતન મહારાજ દોડતો આવ્યો. બધાં બહાર નીકળ્યાં એટલે મનવંતે મહારાજને બેયનું ઓળખાણ આપ્યુંઃ 'આ છે સીમાબેન ભાઉ, અને એમની બજુમાં છે એ રૂપલબેન વડિયા. એ લોકો ત્રણચાર દિવસ આપણી સાથે રહેવાનાં છે. એમના ભોજનનું ધ્યાન રાખજો ને ધોબીને રોજ આંટો મારી જવાનું કહેજો.'

'ભલે સાહેબ, અત્યારે જમવાની રુચિ ન હોય તો ચા-નાસ્તાની વ્યવસ્થા કરું.' કહેતાં બેય હાથમાં એકએક સ્યૂટકેસ લઈ એ બંગલાનાં પગથિયાં ચઢ્યો. મહારાજની ઉંમરનો ખ્યાલ કરી બાકીનાં ત્રણેય બાકીનો સામાન ઊઠાવી એમની પાછળ ચાલ્યાં. અંદર બેગો મૂકી બીજી બેગો લેવા જવા મહારાજ પાછા ફર્યા તો બધાંને પાછળ હાથમાં બેગો સાથે ઊભેલાં જોઈ એમણે કહ્યુંઃ 'તમે શા માટે તકલીફ લીધી. હું બેગો લેવા આવતો જ હતો.'

'એનો વાંધો નહીં. બેગો કાંઈ ભારે ન હતી!' રૂપલે મહારાજથી પ્રભાવિત થતાં કહ્યું.

'જમવાનું તૈયાર થવા આવ્યું છે. ક્યારે જમવું છે?'

'અત્યારથી તો શું જમવાનાં? કહો, નાસ્તામાં શું આપશો? જુઓ આ બેય બેનો મુંબઈની છે. એમને એમ ન લાગવું જોઈએ કે દમણ ગયાં ને ભૂખ્યાં રહ્યાં.'

'એમને જે ખાવું હોય એ બનાવી દઉં.'

'એ કાલે સવારના નાસ્તામાં બનાવજો. અત્યારે તો તમે જલ્દીથી શું આપી શકો તેમ છો?' મનવંતે પૂછ્યું.

'બટાકા પૌંઆ, ગોટા, દાળવડાં અને ચા.'

'દાદા, તમારે અમને માંદાં પાડી દેવાં છે કે શું? તમને ગમે તે ફક્ત એક જ ફરસાણ અને ચા. ને રોજ ખાવામાં પણ ઓછી આઈટેમ.' સીમાએ કહ્યું.

'બેન, ખાધે તે કાંઈ માંદાં પડાતું હશે? તમારે જુવાનીમાં તો જે ખાવ એ પચી જાય. ને અમારાં દમણનાં હવાપાણી એવાં છે કે તમે ગમે તેટલું ધરાઈને ખાવ તોય જમવાની વેળા પહેલાં જ ભૂખ લાગી જાય.' રતન મહારાજને આ છોકરીઓનો સ્વભાવ ગમી ગયો. તો સામે બેય છોકરીઓનેય રતન મહારાજનો સ્વભાવ ગમી ગયો હતો. મનવંત પણ આ જોતાં મનમાં હરખાઈ રહ્યો હતો.

નાસ્તો કરીને મનવંતે બેયને પોતાનો બંગલો બતાવ્યો. પાછળના ડેક પરથી નજર પહોંચે ત્યાં સુધી દરિયો જ દરિયો દેખાતો હતો એ જોઈને તો બેય જાણે ગાંડી જ થઈ ગઈ. મનવંતે કહ્યુંઃ 'મારી સાથે આવો. છેક બીચ સુધી જવા માટે તમારે પચીસ પગથિયાં ઊતરવાં પડશે.'

ડેક પરથી એક પાકી સીડી છેક દરિયાનાં પાણી સુધી પહોંચતી હતી. બેય યુવતીઓ મનવંતની સાથે પગથિયાં ઊતરી. બેય એટલી ખુશ થઈ ગઈ કે કપડાં પલળવાની ચિંતા કર્યા વગર બેય પાણીની ધારે છબછબિયાં કરતાં આમથી તેમ દોડવા જ માંડી. રૂપલ કહેઃ 'તમારો દરિયો મઝાનો છે.'

'જો કે હવે એ અમારો રહ્યો નથી. મારા ફાધરે જ્યારે મકાન બંધાવવા આ પ્લોટ લીધેલો ત્યારે પેકેજમાં આ આખો સમુદ્ર પણ મળેલો. પણ ફાધર કહેઃ આમાં કોઈને વહાણ હંકારવાં હોય તો કોઈને માછલાં પકડવાં હોય તો કોઈને ડૂબી મરવું હોય. આપણે એને શું કરવો છે? એટલે એમણે બધાને માટે ખૂલ્લો મૂકી દીધો.'

'બહુ મોટું દિલ તમારા ફાધરનું. સીમા આપણી એવી જિગર ચાલે?' રૂપલે મજાક આગળ વધારી.

પણ મનવંત મૂળ વાત પર આવ્યો. એ કહેઃ 'અહીં દરિયો શાંત હોય છે ને બીચ પણ ચોખ્ખી રેતીવાળો ને સમથળ છે. તમને તરતાં તો આવડે છે ને? જો સ્વિમિંગ કોશ્ચ્યુમ ન હોય તો વાંધો નહીં. કાલે બજારમાંથી લઈ આવીશું.'

'તો ભાઈ સાહેબ આપણને સ્વિમિંગ કોશ્ચ્યુમમાં જોવાના પ્લાન બનાવે છે.' રૂપલે સીમાને કોણી મારતાં કહ્યું.

'તમને એમાં અજુગતું લાગતું હોય તો આપણે તમારે બેય માટે શોર્ટ અને ટીશર્ટ લઈ આવીશું. પછી તો તમને વાંધો નથી ને?' મનવંતે કહ્યું. પેલી બેયને બીચ પર નહાવાની ને પાણીમાં પડી રહેવાની ઈચ્છા તો ઘણી હતી પણ એમની શરમ આડે આવતી હતી. વળી સામે મનવંત દેસાઈ જેવો જુવાનિયો ટીકતો ઊભો હોય ત્યારે તો એમને શરમથી ઊંચું જોવાનાય હોંશ ન રહે.

છતાં સીમાને શોર્ટ અને ટીશર્ટ પહેરીને નહાવાની વાત ગમી ગઈ. એને થયું આજે તો નહીં પણ બે દિવસના વધુ પરિચય પછી એમ કરવામાં ઓછો સંકોચ લાગશે. રાતે રૂપલ સાથે આ બાબતમાં ચર્ચા કરવાનું તેણે મનથી નક્કી કર્યું.

સાંજે મહારાજે એવું અને એવા આગ્રહથી જમાડ્યાં કે બધાંની આંખો ટેબલ પરથી ઊઠતાં જ ઘેરાવા માંડી. છતાં લગભગ દસેક વાગ્યા સુધી તો બધાં વાતો કરતાં રહ્યાં. પછી બેય છોકરીઓને એમના રૂમ સુધી વળાવી મનવંત સૂવા ગયો.

પેલી બે સહેલીઓ એકલી પડી. સીમાને તો રૂપલ સાથે ઘણી વાતો કરવી હતી પણ રૂપલની આંખો ઘેરાતી હતી એટલે વાત બરાબર જામી નહીં. પણ સવારમાં સીમાની આંખ ખૂલી ત્યારે રૂપલ જાગી ગયેલી હતી. 'તને શું લાગે છે? આપણે આટલે આવ્યાં છીએ ને આવો મજાનો બીચ છે ને આપણે એની મજા માણ્યા સિવાય રહેવું છે?'

'તને ગમે તો સ્વિમિંગ કોસ્ચ્યુમ પહેરીને મનવંત સામે પોઝ આપજે. તું જેમ એની પાછળ ઘેલી છો એમ એય તારો આશિક થઈ ગયો લાગે છે. તમારે એ પેમલા-પેમલીનો ખેલ આગળ વધારવો હોય તો હું માથું દુખવાનું બહાનું કાઢીને રૂમમાં પડી રહીશ અને તમે બેય કોસ્ચ્યુમ પહેરીને નહાવા પડજો.'

'મારે એને હાથમાંથી જવા તો નથી જ દેવો, પણ આમ એકલાં સ્વિમિંગ કરવાની રીતે તો નહીં જ. તારી હાજરીથી તો વાત આટલી ઝડપથી આગળ વધી છે. આપણે શોર્ટ અને ટીશર્ટ પહેરીને નહાવા પડીશું.'

'જો તારે ઝડપથી વાત આગળ વધારવી હોય તો એને જે જોવું છે એ જોઈ લેવા દે ને! એમ કર તું સ્વિમિંગ કોસ્ચ્યુમ પહેરજે ને હું શોર્ટ અને ટીશર્ટ પહેરીશ. કહેજે હું બહુ જૂનવાણી છું.' રૂપલે સીધો ઉપાય બતાવતી હોય એમ ઠાવકું મોં રાખી કહ્યું.

'તારે મને મારી નાખવી છે કે શું? લાખ વાતની એક વાત આપણે બેયે એની સાથે નહાવા પડવાનું છે. શોર્ટ અને ટીશર્ટ પહેરીને. ચાલ હવે પરવારવા માંડ.'

બેય જણીઓ ઝડપથી તૈયાર થઈ નીચે આવી તો મનવંત એમની રાહ જોતો હોય એમ બેઠો જ હતો. ઘરનાં સદાં કપડાંમાંય એ એવો દેખાતો હતો જાણે બનીઠનીને ન આવ્યો હોય! એ સાદાં કપડાંમાંય એનો ટેસ્ટ દેખાઈ આવતો હતોઃ 'કેમ ઊંઘ આવી હતી ને બરાબર?'

'મહારાજે ખવડાવ્યું હતું એટલું કે ન આવતી હોય તોય ઊંઘ આવી જાય. તું ક્યાંક બહાર જવા તો તૈયાર નથી થયો ને?'

'બહાર? અને તેય આવાં કપડાં પહેરીને? હજુ તો આપણે ચાનાસ્તો કરવાનાં છે પછી તૈયાર થઈને બહાર જઈશું. તમને હું દમણ બતાવીશ પછી તમારે માટે સ્વિમિંગ_ ભૂલ્યો શોર્ટ ને ટીશર્ટ ખરીદીશું.'

'અરે, બાપ રે, તું હજુ એ વાત ભૂલ્યો નથી?' રૂપલ બોલી.

'તમને મારી શરમ આવતી હોય તો મારે દૂર રહેવું જોઈએ પણ આવા અજાણ્યા બીચ પર તમને એકલાં સ્વિમિંગ કરવા જવા દેતાં મારી જિગર ચાલતી નથી. કાંઈક થઈ જાય તો તમારાં વાલીઓ મને લાંબા સમય સુધી જેલની કોટડીમાં ધકેલાવી દે.'

'એમ નહીં પણ_'

'મને એક વિચાર આવે છે. તમે નહાવાનાં કપડાં ઉપર બુરખો પહેરીને નહાવા પડો તો કશો વાંધો ખરો?' મનવંતે મજાક કરી.

'સખી, મનવંત આપણને ગમે તે ભોગેય વેટ ટીશર્ટમાં જોવા માગે છે. જુઓ મિસ્ટર, અમે આજ પહેલાં નાનાં કપડાં પહેરીનેય બીચ પર નહાવા પડ્યાં છીએ. પણ તમારી સામે એ રીતે આવતાં અમને શરમ આવે છે.' રૂપલે ચૉકાવટ કરી.

'એનો અર્થ એ થયો કે તમને મારી દાનત વિશે શંકા છે. તો બીજું તો હું શું કરી શકું? હા, એક ઉપાય છેઃ રતન મહારાજને હું તમારી સાથે મોકલું. એમને તરતાં પણ સારું આવડે છે.'

'તમે અમારી મશ્કરી કરવાની છોડો. હજુ તો બીજા ત્રણ દિવસ પડ્યા છે. જોઈશું.'

ચાપાણી કરીને બધાં કાર લઈને ફરવા નીકળ્યાં. મનવંતે એમને દમણ રસથી બતાવ્યું. બેયને કંઈક ને કંઈક ખરીદી આપવા એણે ઘણું કર્યું પણ આ બેય જણીઓએ મક્કમતાથી એને ટાળ્યા કર્યો. એમને થયું કે મનવંત પાસે પૈસાનો તોટો નથી પણ પહેલી જ મુલાકાતમાં એ લોકો એના તરફથી આવી મોંઘી ભેટ સ્વીકારે તો એના મનમાં અમારે વિશે કેવો અભિપ્રાય બંધાય?

છેવટે એણે બેયને માટે શોર્ટ ને ટીશર્ટ તો લીધાં જ. એણે કહ્યુંઃ 'તમારે નહાતી વખતે ન પહેરવાં હોય તો સાંજે સૂતી વખતે પહેરજો.' ને પેલી બેયને પરાણેય હસવું પડ્યું. પણ સાંજના પેલી બેય જ્યારે શોર્ટ ને ટીશર્ટ પહેરીને નીચે આવી ત્યારે એનાથી બોલાઈ ગયુંઃ 'જુઓ તમે મારા આગ્રહને કારણે જ આ પહેરીને સ્વિમિંગ કરવા

તૈયાર થયાં હોય તો માંડી વાળો. મને ખોટું નહીં લાગે. હું તો તમને એટલા માટે આગ્રહ કરતો હતો કે તમને મજા પડે.'

'અમને ન્હાવાનું મન તો બીચ જોયો ત્યારથી જ થઈ ગયું હતું પણ અમને તારી સામે નહાવા પડતાં શરમ આવતી હતી. તારો વિશ્વાસ નથી એમ નહીં પણ અમારી આ સખીની પાસે વધારે સંગીન કારણ છે. છતાં અમે તૈયાર થઈને આવ્યાં છીએ. તું જે કપડાં પહેરવાં હોય એ પહેરી લે એટલે સ્વિમિંગ કરવા ઊપડીએ.' રૂપલે બાંધેભારે ચૉકાવટ કરી.

મનવંત પણ શોર્ટ અને ટીશર્ટ પહેરી આવ્યો એટલે બધાં સ્વિમિંગ કરવા ઊપડ્યાં. મનવંત કહેઃ 'હું તરતો હોઉં એથી આગળ તમારે ન જવું. મારો તો જાણીતો બીચ છે પણ તમે એનાથી પરિચિત નથી એટલે કાળજી રાખવી સારી.' કહેતાં એ તરીને સોએક વાર જેટલે દૂર નીકળી ગયો ને ત્યાં તરવા લાગ્યો. ને પેલી બેય કિનારાની નજીક તરવા માંડી.

એમ કરતાં રૂપલ કિનારાની વધારે નજીક આવી ગઈ ને પાણી માંડ ચારેક ફીટ ઊંડું રહ્યું એટલે એ ઊભી થઈ ગઈ. સીમાની નજર એના પર પડી ને એને એમની ભૂલ સમજાઈ ગઈ. બેય જણીઓએ સફેદ ટીશર્ટ લીધાં હતાં ને પાણીમાં પલળતાં એ લગભગ પારદર્શક થઈ ગયાં હતાં. ને બેયે તરવામાં સુગમતા રહે એમ માની નીચે બ્રા પણ પહેરી ન હતી. રૂપલને પણ એમની આ ભૂલનો ખ્યાલ આવી ગયો. સીમાય તરીને નજીક આવી ગઈ અને બેય બેનપણીઓ પાણીમાં બેસી ગઈ.

એટલું સારું હતું કે દૂર તરતા મનવંતની નજર આ તરફ ન હતી. બેયે સંતલસ કરી ને ઝડપથી દોડીને બેય પગથિયાં ચડીને એકી સાથે બાથરૂમમાં પેસી ગઈ. બાથરૂમ બંધ કરી બેયે ઝડપથી નાહીને કપડાં પહેરી લીધાં. મનવંતે કિનારા તરફ નજર કરી ને પેલી બેને ન જોતાં ગભરાઈને ઝડપથી તરીને એ કિનારા તરફ આવ્યો. એણે ચારે બાજુ નજર કરી ને એનું હૈયું થડકી ઊઠ્યું. પણ દાદર પર ભીનાં પગલાંની છાપ જોતાં એને હાશ થઈ. એ લોકો કેમ ભાગી આવ્યાં હશે એના વિચારમાં અટવાતો એ પગથિયાં ચડીને ડેક પર આવ્યો. ત્યાં તો બેય બાથરૂમમાંથી બહાર આવી.

'કંઈ થયું છે? તમે લોકો કેમ ભાગી આવ્યાં?' એણે ગૂંચવાતાં પૂછ્યું.

'ભાગી ન આવીએ તો તને વેટ ટીશર્ટનો શો બતાવીએ?' કંઈક હસતાં ને કંઈક શરમાતાં રૂપલ બોલી.

'એમાં નવાઈ શી છે? પાણીમાં પડો એટલે કપડાં તો પલળવાનાં જ ને!'

'પણ સફેદ ટીશર્ટ હતાં એટલે સાવ ટ્રાન્સ્પેરન્ટ થઈ ગયાં ને અમે તો અંદર પણ કંઈ પહેર્યું ન હતું.'

'મને લાગે છે કે હું તમારી નજીકમાં તરતો હોત તો મને એ વેટ ટીશર્ટનો શો જોવાની મઝા પડી હોત. હું ચૂકી ગયો. કાલે હું તમારી નજીક તરવાનું રાખીશ.' મનવંતે કહ્યું ને બેય શરમાતી એમના રૂમ તરફ ભાગી.

એમના ઉપર ગયાને માંડ દસેક મિનિટ થઈ હશે ને બારણાનો બેલ રણક્યો. મહારાજ રસોડામાં વ્યસ્ત હતા એટલે મનવંતે જ બારણું ખોલ્યું તો સામે જ ભાઉ. 'અમારાં ભાગ્ય ખૂલી ગયાં કે તમારાં પગલાં અમારે ત્યાં થયાં. આવો, પધારો.' એણે આદરથી કહ્યું.

'હું અમદાવાદ ગયો હતો તે પાછા ફરતાં એમ થયું કે છોકરીઓ અહીં છે તે ખબર કાઢતો આવું ને એમને આવવું હોય તો લેતો આવું. થયું તમનેય મળાશે. ક્યાં છે એ?' ભાઉ વનમાળી શેઠ અને રવીન તથા સૌમીલને મળીને મુંબઈ જવા નીકળ્યા હતા. ત્યાં અચાનક એમને મનવંત દેસાઈ અને એનો દમણનો બંગલો યાદ આવી ગયાં. વળી સીમા અને રૂપલ પણ ત્યાં આવી હતી. ને એમણે ગાડી દમણ તરફ લેવાની પોતાના માણસને સૂચના આપી ને દમણ પહોંચતાં બજારમાં એને ઉતારી મૂકી એ એકલા જ મનવંતને ત્યાં આવી પહોંચ્યા હતા.

'ઉપર એમના રૂમમાં હશે. સીમા, જો તો કોણ આવ્યું છે?' મનવંતે હાંક મારી.

કોઈ આવ્યાનું જાણતાં બેય નીચે આવી ને ભાઉને જોતાં થડકીને ઊભી રહી ગઈ. 'ભાઈ, તમે કેમ અચાનક?' સ્વસ્થતા મેળવી સીમા પૂછી રહી.

‘હું અમદાવાદ ગયો હતો ને પાછા ફરતાં તમારી ખબર કાઢવા આવી ગયો. મને થયું તમારે આવવું હોય તો લેતો જાઉં.’

‘ભાઈ, હજુ કાલે જ આવ્યાં છીએ. હજુ તો દમણ પૂરું જોયુંય નથી. ને ભાઈ, બંગલાની પાછળ જ બીચ છે. અમે તો ચાર દિવસનું કહીને આવ્યાં છીએ પણ થાય છે કે આખું અઠવાડિયું રહી જઈએ.’

ત્યાં કોઈ આવ્યું એ જાણી રતન મહારાજ બહાર આવ્યા. મનવંત કહેઃ ‘જુઓ મહારાજ, આ ભાઉ સાહેબ છે. એ સીમાના મોટા ભાઈ છે. બહુ મોટી હસ્તી છે. એ મુંબઈથી આવ્યા છે. એ અહીં જમશે. એમને લાયક જમવાનું ન બન્યું હોય તો કશુંક સારું બનાવી દો. પહેલાં એમને પાણી આપો.’

‘મનવંતભાઈ, હું જમવા રોકાઈ શકું એમ નથી. મારે મુંબઈ પહોંચવાનું છે હજુ.’ ભાઉ સાહેબે કહ્યું પણ મનવંત એમને એમ છોડે?

‘તમે મારે ઘેર આવો ને એમ ચાલ્યા જાવ એમ તે કંઈ બનતું હશે? આવો પાછળ ડેક પર બેસીએ.’ કહેતાં એણે ભાઉને પાછળના ભાગ તરફ દોર્યા. ચારેય ડેક પર ગોઠવાયા એટલે મનવંત કહેઃ ‘મારા બાપને પાછલી ઉંમરે દાક્તરોએ આવા ખુલ્લા વાતાવરણમાં રહેવાની સલાહ આપેલી એટલે એમણે આ બંગલો બંધાવેલો.’

‘આ પગથિયાં ઊતરીએ એટલે નીચે સરસ બીચ છે.’ સીમાએ પાદપૂર્તિ કરી.

‘તમે ઘડી પહેલાં આવ્યા હોત તો બધાં બીચ પર તરતાં જ જોવા મળત.’ મનવંતે કહ્યું ને બેય જણીઓ શરમાઈને નીચું જોઈ ગઈ.

‘હું તમને કહેતો હતો ને કે આ બંગલો મારા ધ્યાનમાં જ નહોતો આવ્યો. તમારી સાથે વાત થઈ હતી એટલે આજે શોધી કાઢ્યો.’ ભાઉએ કહ્યું.

‘કારનો ડ્રાયવર સાથે હશે.’ મનવંતે પૂછ્યું.

‘ના, હું જાતે જ ચલાવીને નીકળ્યો છું.’

‘રાતે ગાડી ન ચલાવવી હોય તો અહીં રોકાઈને સવારે ચાપાણી કરીને જ નીકળવાનું રાખો ને.’

‘ના, મારાં કામ ખોટી થાય. ને રાતે કાર હંકારવામાં મને કશી તકલીફ લાગતી નથી. આજે તો તમારા આગ્રહથી હું જમવા રોકાઈ જાઉં છું પણ તમે જ્યારે આ છોકરીઓને મૂકવા આવો ત્યારે સીધા અમારે ત્યાં જ આવવાનું ને જેટલા દિવસ મુંબઈમાં રહો એટલા દિવસ અમારે ત્યાં જ રહેવાનું.’

‘જેમ તમે કહો એમ. પછી છે કંઈ?’

ભાઈની ને મનવંતની આ વાત સાંભળતાં રૂપલે સીમા સામે ઈશારો કર્યો એ મનવંતની નજર બહાર ન રહ્યું અને એટલે તો સીમા વધારે શરમાઈ રહી ને!એ સાંજે મનવંતે અને મહારાજે ભાઉને પ્રેમથી ને આગ્રહ કરીને સારી રીતે જમાડ્યા. ભાઉ પણ એમના આવા વ્યવહારથી ખુશ થઈ ગયા. એમણે બેય છોકરીઓને જેટલું રોકાવું હોય એટલું રોકાવાની છૂટ આપી ને જતી વખતે મનવંતને મુંબઈ આવે ત્યારે પોતાને ત્યાં જ રહેવાનું ઈજનની યાદ દેવડાવતા ગયા.

અનુક્રમ→

# ૧૫. આબરૂદાર

ભાઉ સાથેની પતાવટ પછી ઘેર જઈ રવીને ને સૌમીલે એમનાં વડીલોને વિગતે વાત કરી. રવીનના બાપા રામજી શેઠે કહ્યું જો આબરૂદાર માણસ આને કહેવાય. એણે પોતાની આબરૂને આંટમાં મૂકીને આપણી આબરૂ બચાવી. એ તમારી હેડીનો હોય તોય પગે લાગવા જેવો માણસ છે એ તો તમનેય હવે તો સમજાઈ ગયું ને!'

'બાપા, હું તો એને હોટેલમાંથી બહાર નીકળતાં જ પગે પડી ગયો હતો. ને મેં મનથી નક્કી કરી લીધું છે કે હવેથી એની સાંજે સાંજ અને એની સવારે સવાર. હવે મારી કોઈ ફરિયાદ આવે તો તમારો જોડો ને મારું માથું.' રવીને કહ્યું.

'હવે આવતે અઠવાડિયે ટેક્ષ્ટાઈલ બોર્ડની વાર્ષિક સભા છે. એમાં આ વખતે ફરીથી એક વખત ફારેગ થવાની વાત કરવાનો છું. જો તમે બધા જુવાનિયા વનમાળીને તૈયાર કરો તો જ એ લોકો મને ફારેગ થવા દે. એટલે એમને ચેરમેન થવા તૈયાર કરવાની જવાબદારી તમને સોંપું છું.'

'એ નહીં સ્વીકારે. ગયે વરસે બધાએ એમને સમજાવવા ઓછું કર્યું હતું?'

'ગયે વરસે એમને તમારા સપોર્ટની ખાતરી ન હતી પણ આ વખતે તમે બધા એમના ટેકામાં આગળ આવશો એટલે એ આ વખતે ના નહીં પાડી શકે એની મને ખાતરી છે.' રામજી શેઠે કહ્યું. એમના અવાજમાં વિનતિને બદલે જાણે આદેશનો રણકો હતો. રવીન ને સૌમીલને હવે કેમ ચાલવું એનો એમાં નિર્દેષ પણ હતો એ રવીનને મનથી સમજાઈ ગયું.

'આપણે એમને આપણે ત્યાં જમવા બોલાવો ને! એ વખતે અમે એમને વાત પચારીશું.'

'જમવા તો એમણે ક્યારનુંય આપણને બધાંને આમંત્રણ આપી દીધેલું છે. હું આજે વેવાઈને ફોન કરું છું. નંદાને પાછી મોકલી આપવા. મને લાગે છે કે એનોય અહીં પાછાં આવતાં પગ નહીં ઊપડતો હોય.'

'તમે એક વખત ફોન તો કરી જુઓ પછી જરૂર પડશે તો હું રૂબરૂ જઈને એને તો તેડી જ આવીશ.' રવીને બાપાને કહ્યું તો ખરું પણ નંદા એને ખાનગીમાં છેવટનું જે અલ્ટીમેટમ આપી ને ગઈ હતી એની વાત ઘરનાં બીજાંને એણે હજુ ક્યાં કરી હતી?

'તારા જવાથી કદાચ વાત બગડી જશે. એના કરતાં હું જ જરૂર પડશે તો વેવાઈને મળવા મોરબી જઈશ. તમે બધા વનમાળીશેઠને ચેરમેન થવા તૈયાર કરો હું મારી રીતે વેવાઈને સમજાવી લઈશ.' એમણે કહ્યું ને રવીન સૌમીલને મળવા ઊપડ્યો.

એ સૌમીલને ત્યાં પહોંચ્યો ત્યારે એમના ટોળાના ચાર પાંચ દોસ્તોની સાથે એ બેઠો હતો. રવીનને જોતાં જ એ બોલી ઊઠ્યોઃ 'આ રવીન આવ્યો, એને જ પૂછો ને.'

'જુઓ ભાઈ, અમને એક વાત જાણવા મળી કે જે માણસ ખાનદાન હોય એને જ ખાનદાનીની સાચી કિંમત સમજાય. એ માણસ ખાનદાન હતો તે એણે અમારા બાપાની ખાનદાની બચાવવા પોતાની ખાનદાની આંટમાં મૂકી. બાકી અમારી ખાનદાની તો બચી જ ક્યાં હતી તમારી સોબતમાં?'

'લે હવે, આડી વાત કરવાની બંધ કર. તમારા બેની સોબતે તો અમે બધા બગડેલા. હવે તમે બેયે આજે વનમાળી શેઠની કંઠી બાંધી.' રાઘુએ ટોણો માર્યો.

'એની કોણ ના પાડે છે? પણ જો રઘલા, આડીતેડી વાત કરી તો તારાં હાડકાં ભાગી જશે એટલી વાત નક્કી.'

'એ તો અમે જાણતા જ હતા. કૂતરાની પૂછડી કદી સીધી થતી હશે?'

'અમે કંઠી બાંધી છે ખરી પણ તારા જેવાનાં હાડકાં ન ભાંગવાની કંઠી હજુ નથી બાંધી. એ કંઠી એક વખત તારાં હાડકાં ભાંગ્યા પછી બાંધવાના છીએ. બોલ તારે કશું કહેવું છે?' રવીને કહ્યું ને બધા હસી પડ્યા.

'ભલમનસાઈનો જમાનો જ નથી રહ્યો. સાંભળો દોસ્તો, આ બેને મેં જ વનમાળી શેઠની મદદ માગવાની સલાહ આપેલી.' રાઘુએ કહ્યું.

'હું તો એમની ડાયરીમાં ચઢી ગયેલો એટલે મારી તો જવાની હિંમત જ ન ચાલે પણ રવીને એના બાપાને વાત કરી એટલે એ તો મળવા જવા તૈયાર થઈ ગયા. એમનું જોઈ મારા બાપેય તૈયાર થયા. પણ મારું મન તો છેલ્લે સુધી ઢચુંપચું થતું હતું. મને તો એમ હતું કે એ મને પૂંઠ પર લાત મારશે કે બારણામાંથી ધક્કો મારીને રસ્તા પર પટકશે.' સૌમીલે શરમાયા વગર કબૂલ કર્યું.

'જુઓ, અમે ને અમારે લીધે તમેય આજ સુધી વનમાળીથી અળગા રહેવાની નીતિ રાખેલી છે અમને બેને તો અમારી ભૂલ સમજાઈ છે.'

'હવે એવી વાતો કરવાનો વખત નથી પણ મને એમ લાગે છે કે આપણે બધાય ભેગા થઈને પગે પડતા જઈએ તોય એ આપણા ટોળામાં સામેલ થશે નહીં.'

'તો આપણે એને આપણા ટોળામાં સામેલ કરવોય નથી. ઊલટું આપણે એના ટોળામાં ભળી જવું છે. જુઓ આવતે અઠવાડિયે ટેક્ષ્ટાઈલ બોર્ડની સામાન્ય સભા છે. મારા બાપા આ વરસે ચેરમેનનો હોદ્દો છોડી જ દેવાના છે. ને આપણે વનમાળીને ચેરમેન બનાવી દેવાનો છે.'

'એ શક્ય નથી. ગયે વરસે બધાએ કેટલો આગ્રહ કર્યો તોય એણે ક્યાં હા ભણી હતી?'

'આ વરસે એ કદાચ હા પાડેય ખરો. ગયે વરસે આપણા ટોળાના બધા એની સામે હતા એટલે એને એમ લાગ્યું હોય કે બરકત નહીં આવે. પણ આ વરસે આપણે જ એનો ઝંડો ઉપાડીશું તો એનાથી ના નહીં પડાય. જુઓ હું આજે એને કાને વાત નાખી રાખીશ પણ આપણે બધા એને મળવા આવવાના છીએ એ વાત હું નહીં કરું. પછી કાલે બપોર પછી આપણે બધા એની દુકાને મોરચો લઈ જઈશું.' રાઘુએ કહ્યું.

રવીન અને સૌમીલને તો ખબર હતી જ કે રાઘુને વનમાળી સાથે એવો સંબંધ છે જ. પછી બધા આવતીકાલનો કાર્યક્રમ પાકો કરીને ઊઠ્યા.

◇

બીજે દિવસે બપોરના આ ચાર-પાંચ દોસ્તો વનમાળીની દુકાન પર પહોંચી ગયા. વનમાળી તેમને બધાને સામટા જોતાં સમજી ગયો કે કાલે રાઘુએ જે વાત કરી હતી એના અનુસંધાનમાં જ બધા આવ્યા હતા. એ બોલી ઊઠ્યોઃ 'તમે બધા ભેગા થઈને આવ્યા છો પણ દુકાનમાં તો બધાને બેસાડવા જેટલીય જગ્યા નથી. આપણે એમ કરીએ, ચંદ્રવિલાસમાં જ બેસીએ. તમે બધા કારમાં બેસો હું મહેતાને ચાવીઓ આપીને આવી પહોંચું છું.' એણે એમને બહાર કાઢી ઘેર એષણાને ફોન કરી સાંજે પાંચ-સાત મહેમાનો જમવાના છે એવી મોઘમ વાત કરી દીધી.

બધા હોટેલમાં જઈ ગોઠવાયા એટલે વનમાળીએ મેનેજરને કહ્યુંઃ 'જુઓ અમે અહીં ખાવા આવ્યા નથી પણ ખાલી વાતો કરવા આવ્યા છીએ. તમે એમ કરો બધાને માટે ચા-કૉફી અને શેરેક ગાંઠિયા મોકલી આપો.'

'એમ નહીં. આપણે બધા આજે પહેલી વખત આમ મન કરીને ભેગા થયા છીએ તો જમ્યા વગર કેમ ચાલે?' રાઘુએ કહ્યું.

'એ બધી વાત પછી, પહેલાં તમે મને કહો કે બધા ભેગા થઈને મારી દુકાને કેમ હલ્લો લઈને આવ્યા છો?' વનમાળીએ એમના આવ્યાનો અંદાજ આવી ગયા છતાં અજાણ્યા થઈને પૂછ્યું.

'આવતે અઠવાડિયે ટેક્ષ્ટાઈલ એસોસિયેશનની જનરલ મીટિંગ છે. આ વખતે રામજીકાકા કોઈ પણ ભોગે રીટાયર થવા માગે છે. ગયે વરસે તો તમે છટકી ગયા પણ આ વખતે તો તમારે જ ચેરમેન થવાનું છે. અમે બધા

તમારી પાછળ છીએ.'

'જો આમ દોસ્તોમાં તમે બમે નહીં કરવાનું.' વનમાળીએ કહ્યું.

'જ્યારે ખાનગીમાં ક્યાંક ભેગા મળીશું ત્યારે આપણે તું તાંથી વાત કરીશું પણ બહાર તો તમે વનમાળી શેઠ જ છો. તમે એક વાત સમજી લો કે તમે ભલે ઉંમરમાં અમારા જેવડા જ હો પણ હવે તમે અમારા વડીલ જ છો.'

'એટલે તમારું કહેવું એમ છે કે હું હવે ઘરડો થઈ ગયો? અલ્યા, હું હજુય કૉલેજમાં હતો એ વિનુ જ છું. તમે મને ટી. બી. થયો હોય એમ મારાથી દૂર ભાગતા હતા.'

'તમને નહીં પણ એ રોગ અમને થયો હતો અને તમારે લીધે જ એ હવે દૂર થયો છે. હવે તમારી પાસે અમારે સાચી ખાનદાનીનો એકડો ઘૂંટવો છે. એટલે તમે જ કહો, કઈ હોટેલમાં જમવાનો ઑર્ડર આપી દઉં?'

ને વનમાળી હસી પડ્યોઃ 'તે ખાનદાનીનો એકડો આમ ઊંધેથી જ ઘૂટવો છે તમારે? મેં દુકાનેથી નીકળતાં પહેલાં ઘેર ફોન કરી દીધો છે. અત્યારે તો ખાવાનું લગભગ તૈયાર પણ થઈ જવા આવ્યું હશે. તમારે જેને ઘેર ફોન કરવા હોય એ કરી આવો પછી આપણે મારે ઘેર જઈએ છીએ.'

'મને લાગે છે કે અમારે એકડે એકથી નહીં પણ બાલમંદિરથી જ તમારું ટ્યૂશન રાખવું પડશે. પણ આપણી પેલી ચેરમેનવાળી વાતનું શું?'

'ગયે વરસે મેં ના પાડેલી કારણ કે મને એમ લાગતું હતું કે હું કશી નવી વાત મૂકીશ તો તમે વચમાં ઘોંચ પરોણો કરીને મને પાછો પાડવા પ્રયત્ન કર્યા વગર નહીં રહો.'

'પણ આ વખતે તો અમે બધા સાથે છીએ એટલે એવી બીક નથી.'

'પણ બીજી એક તકલીફ ઊભી થઈ છે. હું ને એષણા આવતે મહિને ઈંગ્લેન્ડ જઈએ છીએ.'

'તે જઈ આવો. રામજીકાકાય ગયે વરસે જાત્રાએ ગયા જ હતા ને! એસોસિયેશન તમને ઓછો પગાર આપવાનું છે કે મહિનો માસ બહાર જવું હોય તો વાંધો આવે?'

'તમે મારી વાત સમજ્યા નહીં. અમે ઈંગ્લેન્ડ છ મહિના માટે રહેવા અને નોકરી કરવા જવાનાં છીએ.'

'જો દોસ્ત, બનાવવાની વાત રહેવા દો. તમારે નોકરી કરવાની શી જરૂર છે? ને વળી નોકરીમાં મળીમળીને કેટલો પગાર મળી જવાનો હતો?'

'તમને અમારી વાત નહીં સમજાય પણ અમે માન્ચેસ્ટરમાં એક મીલમાં સ્પિનિંગ ખાતામાં નોકરી લીધી છે ને દર મહિને ખાતું બદલતાં છ મહિને વિવિંગ માસ્ટર તરીકે કામ કરીને પાછાં આવવાનું નક્કી કર્યું છે. તમે કોઈએ આજ સુધી કોઈ નોકરી કરી નથી એટલે તમને અઘરું લાગે પણ મેં તો એક વરસ કરતાંય વધારે સમય નોકરી કરી છે ને!' વનમાળી બોલ્યો.

બધા એની આવી વિચિત્ર વાત સાંભળતાં ગૂંચવાઈ રહ્યા. પણ બાપ કમાઈએ જ કૂદતા કોઈને વનમાળીની વાતમાં કશી સમજણ પડી નહીં. 'તમારી વાતમાં મારી તો ભાઈ ચાંચ ડૂબતી નથી.' છેવટે રાઘુએ કહ્યું.

'જુઓ સાવ સાદી વાત છે. તમે બધા કાર રાખો છો ને ડ્રાયવર પણ રાખો છો છતાં તમને કાર ચલાવતાં આવડે તો છે ને! તમારામાં સંજય સિવાયના બધા મીલ ચલાવો છો. તમે લાયક માણસોની પાસેથી કામ લો છો. પણ તમારામાંથી કોઈ મીલના એકેય ખાતામાં કામ કરવા જેટલી આવડત ધરાવો છો ખરા?'

'પણ—'

'પણેય નહીં ને બણેય નહીં. તમે કદી એ વિચાર કર્યો છે કે ત્રણત્રણ પેઢીથી તમે મીલ ચલાવો છો છતાં તમારાં આ કપડાં સિવરાવવા તમે કેમ માનચેસ્ટરની મીલના તાકા ફડાવો છો?'

'આપણી મીલના કાપડ કરતાં એ વધારે સારું હોય છે એની તો તમનેય ખબર છે. તમેય ઈમ્પોર્ટેબલ

કાપડ જ વાપરો છો ને!'

'આપણે બધાય વાપરીએ છીએ, પણ તમે ક્યારેય એવું કાપડ બનાવવા પ્રયત્ન કર્યો છે ખરો? આપણા જ કપાસમાંથી બનેલું માન્ચેસ્ટરની મીલનું કાપડ આપણા કરતાં સારું કેમ? એમનામાં ખૂબી છે કે એમની મશીનરીની એ કરામત છે કે એમના કારીગરો વધારે કુશળ છે?'

'બધીય બાબતો કદાચ સારી હોય. મેં બે વરસ પહેલાં અમારી મીલમાં મેનેજરને એક વાર પરદેશી કાપડ આપીને કહેલું: 'અમદાવાદની એક મીલે આ કાપડ બજારમાં મૂકવાની તૈયારી કરી છે. આપણે એના કરતા પણ સારું કાપડ બનાવી એક મહિનામાં મને બતાવો.' બે દિવસ પછી મેનેજરે મને રીપોર્ટ આપ્યો કે એ કાપડ માન્ચેસ્ટર સિવાયની કોઈ મીલનું હોઈ જ ન શકે.'

'તો અમે એ જાણવા ને શીખવા જ ત્યાં જઈએ છીએ. કારીગરો તો આપણા તેમનાથીય સારા છે, પણ મશીનરી અને ટેક્નોલોજીમાં આપણે થોડા પાછળ છીએ. આપણે ત્યાં એવું જ કાપડ બનાવવાનું અમારું ધ્યેય છે.' વનમાળીએ ગર્વથી કહ્યું.

'પણ વનમાળી શેઠ, હવામાનનું ફેક્ટર ભૂલવા જેવું નથી.' એક જણે કહ્યું.

'એના ઉપાય તો થઈ શકે એમ છે. પણ એ શીખવા તો અમે જઈએ છીએ. લો ચાલો, બાકીની વાતો ઘેર જઈને કરીશું.' એણે કહ્યું ને બધા ઊઠ્યા.

આ બધા દોસ્તોને જોતાં એષણા બોલી ઊઠીઃ 'તેં તો કહ્યું હતું કે ચાર-પાંચ મહેમાનો જમવાના છે. આમાં કોઈ મહેમાન જેવા જણાતા નથી. આમને ક્યાંથી પકડી લાવ્યો? બે વરસ થવા આવ્યાં આપણે આ ઘરમાં આવ્યે તોય કેટલાકને તો આજે પહેલી વખત અહીં આવવાનો સમય મળ્યો છે.'

'લે, તું એમને શરમાવીશ નહીં, નહીં તો એવાએ ફરીથી અહીં આવવામાં બીજાં બે વરસ કાઢી નાખશે. અમે બધા બહાર વરંડામાં બેસીએ છીએ. તું ખાવાનું તૈયાર થાય એટલે બોલાવજે.' વનમાળીએ કહ્યું ને દોસ્તોને બંગલાની જમણી તરફના ડેક તરફ દોર્યા.

ને હળવાં પીણાંના દોર વચ્ચે એમની વાતો આગળ ચાલી.

◇

એ વખતની એસોસિયેશનની સભામાં તો વનમાળીએ પોતાની ઈંગ્લેન્ડની વાત આગળ કરીને રામજી શેઠને એક વરસ વધારે હોદ્દા પર ચાલુ રહેવા મનાવી લીધા. એણે કહ્યું: 'રામજીકાકા રીટાયર થવા માગે છે ને મારી એ જવાબદારી લેવાની તૈયારી પણ છે પણ આ વખતે તો મને માફ કરો. ને હું હોદ્દા પર ન હોઉં તો પણ મેં કોઈ સૂચન કર્યાં હોય તો બોર્ડ એ અંગે વિચાર તો કરે જ છે ને!'

પછી વડીલ શેઠિયાઓ એની આ પરદેશમાં જવાની ને નોકરી કરવાની વાત અંગે ક્યાંય સુધી ચર્ચા કરતા રહ્યા. છેવટે વનમાળી બોલ્યોઃ 'મને એક વિચાર આવે છે, આપણા મોટા ભાગના કામદારો દૂરદૂરથી આવે છે. કોઈ રેલ્વેમાં આવે છે તો કોઈ બસમાં આવે છે તો કોઈ સાયકલ પર આવે છે. રોજ કેટલાય મોડા પડે છે ને એમની ગેરહાજરી પૂરાય છે ને આપણને પણ એમની બદલીમાં જે મળે એ માણસથી ચલાવી લેવું પડે છે. એને બદલે આપણે પાંચ-સાત બસો મૂકી દઈએ તો ભવિષ્યમાં કામદારોને ને આપણને બેય ને લાભ થશે.'

'એક બસની કિંમત ત્રણથી ચાર હજાર રૂપિયા થાય. આપણે એસોસિએશનમાં એટલું ભંડોળ ન હોય તો આગળ પડતી મીલોવાળા એકએક બસ ભેટમાં આપે ને એસોશિએશન બે-ત્રણ બસો ખરીદી લે તો ખોખરા, સાંખેજ, લાલ દરવાજા, કાલુપુર અને ઈસનપુરથી બસના જરૂર પ્રમાણેના રૂટ નક્કી કરીએ તો વનમાળી શેઠ કહે છે એમ વ્યવસ્થા થઈ શકે એમ છે.' રવીને કહ્યું.

'બસની વ્યવસ્થા તો થઈ શકે પણ તમે બેચાર જુવાનિયા આગળ એની ગોઠવણી કરવાનું માથે લેતા હો તો એસોશિએશન એટલી વ્યવસ્થા તો કરી શકે એમ છે.' રામજી શેઠે કહ્યું ને કાચી ઘડીમાં જુવાનિયાની એક કમીટીની રચના થઈ ગઈ.

'રાતની છેલ્લી શીફ્ટ છૂટે ત્યારથી આ બસો શરૂ થાય અને છેલ્લી શીફ્ટ શરૂ થાય ત્યાં સુધી ચાલતી રહે. ને દરેક મીલના ઝાંપા પાસેથી પસાર થાય. ભાડું ગમે ત્યાંથી બેસે ને ગમે ત્યાં ઊતરે ત્યાનું એક સરખું એક આનો. કેમ લાગે છે?'

'રોજના બે આના કાઢવા કેટલા તૈયાર થશે આ મોઘવારીમાં?' રામજી શેઠનું વ્યવહારું દિલ બોલી ઊઠ્યું.

'એનો ઉપય મને સૂજે છેઃ આપણે દરેક કામદારને મુસાફરી ભથ્થું મહિને પાંચ રૂપિયા આપીએ. આમ કરવાથી આપણે માથે થોડો બોજો પડશે પણ લાંબે ગાળે એનો ફાયદો જણાશે.'

પછીથી ક્યાંય સુધી એની ચર્ચા ચાલ્યા કરી. પણ એક તો વનમાળી શેઠે વાત મૂકી હતી ને બધા જુવાનિયા એની વ્યવસ્થા કરવા તૈયાર થઈ ગયા હતા એટલે બસો દોડાવવાની વાત નક્કી થઈ ગઈ.

ને બીજે જ મહિને વનમાળી ને એષણા ઈંગ્લેન્ડ જવા ઊપડવાનાં હતાં. એ પહેલાં આ જુવાનિયા ટોળાની નહીં નહીં તોય આઠ-દસ અવિધિસરની બેઠકો મળી ગઈ હતી. બસોના ઑર્ડરો અપાઈ ગયા હતા ને બસો માટેના રૂટની ચકાસણી ને ગોઠવણી પણ આ બધાએ જાતે ફરીને કરી દીધી હતી. જે તારીખે બસો આવી જાય એને બીજે દિવસે જ બસ સેવા શરૂ થઈ શકે એ માટે ડ્રાયવર ને કંડક્ટરોની ભરતી અને ટિકીટો તથા જરૂરી સ્ટેશનરી પણ તૈયાર કરી દેવામાં આવી હતી.

અનુક્રમ→

# ૧૬. ભાઉને ત્યાં

બીજે દિવસે દમણમાં ફરતાં મનવંતે બેયને માટે રંગીન ટીશર્ટ લેવા માંડ્યાં તો સીમા કહેઃ 'એવો ખોટો ખર્ચ કરવાની જરૂર નથી. અમારી પાસે ટીશર્ટની નીચે પહેરી શકાય એવાં રંગીન ટોપ છે એટલે એ પહેરીને ઉપર ટીશર્ટ પહેરી લઈશું.'

'એમાં શો મોટો ખર્ચ થઈ જવાનો હતો?'

'ના, તોય ના. અમે સ્વિમિંગ કરવા આવીશું ને તમને વેટ ટીશર્ટનો શો પણ જોવા મળશે પણ એ ટોપલેસ નહીં હોય. નીચે અમારાં રંગીન ટોપ દેખાશે.' રૂપલે સીમા તરફ તીરછી નજર કરતાં કહ્યું.

'ગઈ કાલનો શો જોવા લાયક હશે પણ હું એ જોવા જેટલો નસીબદાર નહીં ને! પણ આજે તો હું તમારી નજીકમાં જ તરતો રહીશ.' મનવંતે હસતાં કહ્યું.

એમ હસીખુશીમાં આખું અઠવાડિયું ક્યાં વીતી ગયું એનીય ખબર ન પડી. 'કાલે મુંબઈ જવું પડશે.' એ સાંજે જમીને ઊભી થતાં સીમાથી બોલાઈ ગયું.

'હું તો ઘેર એક અઠવાડિયાનું કહીને આવી છું એટલે મારે તો જવું જ પડશે. તારે રોકાવું હોય તો હું ભાઈને કહી દઈશ કે સીમાને દમણ એવું ગમી ગયું છે કે એ કાયમ માટે ત્યાં રહેવાનું વિચારવા લાગી છે.'

'એને કાયમ રહેવું હોય તોય મારા આ બંગલાનાં બારણાં કાયમ માટે ખૂલ્લાં જ છે.' મનવંતે કહ્યું.

'એય મિસ્ટર, એમાં બંગલાનાં બારણાં ખુલ્લાં હોય એટલાથી ના ચાલે. દિલનાં બારણાંય ખુલ્લાં હોવાં જોઈએ.' રૂપલે સીમાના દિલની વાત કહી.

'આટલા દિવસના અનુભવે તેં જોયું જ હશે કે મારા દિલનાં બારણાંય એને માટે સદા ખુલ્લાં જ છે. એ બારણાં પર ટકોરા મારવાનીય જરૂર નથી. અંદર પેસીને હક જમાવી દેવાની જરૂર છે.'

પણ ત્યાં તો દિલનાં એ બારણાંની હક કરવાવાળી દોડીને પોતાના રૂમમાં ભરાઈ ગઈ. રૂપલ કહેઃ 'કાલે તું મુંબઈ આવું ત્યારે એના ભાઈ સાથે મનની વાત કરી જ લેજે. મને ખાતરી છે કે એમનેય તું ગમી ગયો છું એટલે તમારા બેયની વાત પાકી થઈ જશે.'

'પણ એ પહેલાં મારે સીમા સાથે ખુલાસાથી વાત કરવી જોઈએ.'

'તો વાટ શેની જુએ છે? તું ટકોરા મારી અમારા રૂમમાં પેસી જા ને કરી લે વાત પાકી. ત્યાં સુધી હું મહારાજની પાસે આઈસ્ક્રીમ મંગાવવાની વેતરણ કરું છું.'

ને આવી તકની જ રાહ જોઈ રહેલો મનવંત દાદરો ચઢીને બારણે ટકોરા મારી રહ્યો. 'ટકોરા માર્યા વગર અંદર આવી જા ને! બારણાં ખુલ્લાં જ છે.' સીમાએ રૂપલ આવી જાણી કહ્યું. પણ રૂપલને બદલે મનવંતને રૂમમાં દાખલ થતો જોઈ એ ગભરાટની મારી બોલી ઊઠીઃ 'તું? રૂપલ આવતી જ હશે.'

'ના, એ તો મહારાજ પાસે આઈસ્ક્રીમ મંગાવવામાં પડી છે. એણે જ મને કહ્યું કે સીમાને કાયમ માટે રોકી રાખવી હોય તો એની સાથે ચોખવટ કરી લે. તું તૈયાર હોય તો હું મોટાભાઈ સાથે વાત કરી લઈશ. મને નથી લાગતું કે એ ના કહે!' મનવંતે આત્મવિશ્વાસથી કહ્યું.

'માન કે એ ના ન કહે પણ તારો જ વિચાર બદલાઈ જાય તો?'

'ગાંડી થઈ કે શું? મારો વિચાર કેમ બદલાય? હું તો તને પહેલી વખત મળ્યો ત્યારથી જ તારી પાછળ

દિવાનો થઈ ગયો છું. તને દમણ સુધી લઈ આવવા ને મારા પ્રત્યે આકર્ષવા મેં શું નથી કર્યું?'

'હુંય તારાથી મોહિત થઈ ગઈ હતી એટલે તો દમણ આવી ને. બાકી આટલા પરિચયમાં કોઈ છોકરી આમ દમણ સુધી આવવા તૈયાર થાય ખરી?'

'તો હવે થોડી વધારે તૈયારી કરવા માંડ. ભાઈને વાત કરીને હું એક મહિનામાં જ લગ્ન ગોઠવાવી દઉં છું.' કહેતાં મનવંતે સીમાને પકડીને પોતાના બાહુઓમાં ભીંસી ને ચૂંબનોમાં નવડાવી રહ્યો.

ગભરાતાં સીમા બોલી ઊઠીઃ 'અરે આ શું કરે છે? હમણાં રૂપલ આવી પહોંચશે.'

'તોય શો વાંધો છે!' હાથની ભીંસ વધારતાં મનવંત બોલ્યો.

ત્યાં જ રૂપલ રૂમમાં દાખલ થઈ. એણે બેઉને આવી સ્થિતિમાં જોતાં કહ્યુંઃ 'જાણ્યું કે તમે બેય પ્રેમમાં ડૂબકાં મારી રહ્યાં છો પણ બારણું તો બંધ કરવું જોઈએ ને! તમે ચાલુ રાખો હું બહાર નીકળી જાઉં છું.' ને એ બહાર જવા ફરી.

'એય બહાર જવાવાળી, આ બાજુ આવ.' મનવંતની પકડમાંથી છટકીને સ્વસ્થ થવા પ્રયત્ન કરતાં સીમાએ રૂપલને પાછી બોલાવી. એ પાછી આવી એટલે કહેઃ 'મને તો ગભરાટ થાય છે. કાલે મનવંત આવશે ને બેચાર દિવસ અમારે ત્યાં રહેશે તો__ '

'તમે બેય બેડમાં બેસો હું ખુરસી ખેંચી લાવું છું.' રૂપલે કહ્યું ને ખુરસી લાવી તેમની સામે ગોઠવાઈ.

'હું કહેતી હતી કે__ '

'મેં સાંભળ્યું. તારા ઘરમાં તો ઘણા રૂમ છે. ને ભાઈ પણ મોટા ભાગનો સમય બહાર રહે છે એટલે તમારે જેટલો ને જેવો પ્રેમ કરવો હોય એટલો થઈ શકશે.'

'તું સમજતી નથી. મનવંત ભાઈને મળે ને એમાં કદાચ મનવંતને ભાઈનો વ્યવહાર પસંદ ન પડે તો?'

'તમે બેય બેનપણીઓ નાહક ગભરાવ છો. મને ભાઈનો વ્યવહાર ના પસંદ પડવાનો સવાલ જ ઊભો થતો નથી. ભાઉ સાહેબ મને ગમે છે ને એમનો વ્યવહાર પણ મને ગમ્યો છે. ને કદાચ ભાઈનો વ્યવહાર મને ન ગમે તોય મારે લગ્ન તો સીમા સાથે કરવાનાં છે ને!' કહેતાં એણે સીમાને પોતાની નજીક ખેંચી.

'તમે બેય જો મક્કમ હશો તો કશો વાંધો નહીં આવે. હું ભાઈ સાથે ખાનગીમાં વાત કરી લઈશ. મને નથી લાગતું કે ભાઈ મારી વાત ન સમજે.' રૂપલે એક વડીલની જેમ કહ્યું.

'હવે તને ધરપત થઈ ને. આપણાં રૂપલમાસીએ જવાબદારી લીધી છે એટલે તારે કે મારે ગભરાવાની જરૂર નથી.' મનવંતે રૂપલને ઉડાવી.

'તું મને ભલે ઉડાવ પણ તને ખબર નથી કે સીમાના ભાઈ મારું ને મારા પિતાજી સીમાનું કહેવું કેટલું માને છે?'

'એવું હોય તો હવે સીમાની ચિંતા ઓછી થઈ જવી જોઈએ. તું જરા બહાર જાય તો હું એને એ ખાનગીમાં પૂછી લઉં કે તું કહે છે એ વાત સાચી છે કે ખોટી. બહાર જતાં બારણું બંધ કરતી જજે.' મનવંતે કહ્યું. સીમાએ ઊઠવા કર્યું તો મનવંતે નફ્ફટ થઈને એને પાછી બેસાડવાનો પ્રયત્ન કરતાં ખોળામાં જ ખેંચી પાડી. બહાર જતી રૂપલે ત્રાંસી આંખે આ જોયું ને બારણું બંધ કરી એ નીચે દોડી ગઈ. મહારાજ આઈસ્ક્રીમ લઈને આવી ગયા હતા.

બીજે દિવસે એ ત્રણેય મજાક મસ્તી કરતાં મુંબઈ પહોંચ્યાં. મનવંતે અગાઉથી ફોન કરી દીધો હતો એટલે ભાઉએ મહારાજને ને એમનાં પત્ની લક્ષ્મીને જરૂરી સૂચનાઓ તો આપી જ દીધી હતી છતાં મનવંતના આવતા પહેલાં એ ઘેર આવી ગયા હતા. આવતાંની સાથે એમણે લક્ષ્મીને પૂછ્યું હતુંઃ 'મનવંતનો કોઈ ફોન આવ્યો હતો?'

પણ લક્ષ્મી એમને કશો જવાબ આપે એ પહેલાં બહાર કાર આવવાનો અવાજ આવ્યો ને ભાઉ બહાર નીકળ્યા. મનવંત અને સીમા જ હતાં. એ લોકો રૂપલને એને ઘેર ઉતારીને આવ્યાં હતાં. મનવંત ડેકીમાંથી

સામાન કાઢવા ગયો તો ભાઉ કહેઃ 'તમે એ રહેવા દો, દેસાઈ સાહેબ. મંતુ લઈ આવશે અંદર.' ને બધાં અંદર ગયાં. લક્ષ્મીએ આગળ આવી બધાંને પાણી આપ્યું.

સીમા કહેઃ 'આ મારાં લક્ષ્મીભાભી. મારે મન તો એ મારાં મા જેવાં જ છે. મારી બહુ કાળજી રાખે છે.'

'એને મારી વડાઈ કરવાની ટેવ છે. બાકી હું અહીં ઘેર રહીને શી કાળજી રાખવાની હતી? એમની મોટી મોટી ચોપડીઓ ઠકાણે મૂકવાનું ને એમનાં કપડાં ટાઈમસર ધોવા આપવાનું ને ધોવાઈને આવે એટલે એના કલોઝેટમાં ટીંગાડી દેવાનું કામ મારે કરવાનું હોય છે. બાકી એમના ફેરા ખાય છે મંતું ને રસોઈ તો મહારાજ બનાવે છે.' લક્ષ્મીએ સીમાને ચીમટી ભરતાં કહ્યું.

'સોરી ભાભી, બધું બહુ ઝડપથી બની ગયું. તમને બધું જણાવવાનો મોકો જ ન મળ્યો. પણ આજે હું તમને બધું શાંતિથી જણાવીશ.'

'તારા ભાઈએ મને બધી વાત કરી દીધી છે. દેસાઈ સાહેબ, તમે અમારે ઘેર પહેલી વખત આવ્યા છો એટલે સીમા તમને બંગલો ને તમારો રૂમ બતાવશે. ત્યાં સુધીમાં હું તમારે માટે ચાનાસ્તાની વ્યવસ્થા કરું.'

'હું અહીં પહેલી વખત નહીં પણ બીજી વખત આવ્યો છું. પહેલાં હું એક વખત સીમાને મૂકવા આવ્યો હતો ત્યારે ભાઈ પણ મળ્યા હતા.' મનવંતે કહ્યું.

'તો બેનબાએ મારાથી જ બધું છુપાવ્યું છે. જો ભાઈની સાથે દેસાઈ સાહેબનો મેળાપ કરાવ્યો તો હું કેમની રહી ગઈ? પણ હવે તારે મારી જ જરૂર પડવાની છે.'

'ભાભી, તમારી જરૂર તો કાયમ પડવાની જ છે. મેં સોરી કહ્યું ને. ને એ દિવસે એ દસ મિનિટ જ રોકાયો હતો ને ભાઈ હાજર હતા ને તમે હાજર ન હતાં.'

'ભાભી, એને માફ કરી દો. મારે તે દિવસે વધારે રોકાવું જોઈતું હતું. મારી જ ભૂલ થઈ ગઈ.' મનવંતે ભાભીને વિનવ્યાં.

'અમારે તો રોજનું છે આ. ખાલી મજાક. એને જરાય દુભવું તો એના ભાઈ મને ઘરની બહાર જ કાઢી મૂકે. એ તો એમની લાડકી છે. સીમા તું એમને એમનો રૂમ બતાવીને જલ્દી પાછી આવજે.' ભાભીએ મજાક કરી.

રોજ સાંજે ભાઉ વહેલા આવી જતા હતા પણ અચાનક ફોન આવી જતાં એમને ઉતાવળથી બહાર જવું પડતું હતું. એમને મનવંત સાથે ખુલાસાથી વાત કરવી હતી પણ મોકો જ મળતો ન હતો. છેવટે થાકીને એમણે એમના સાગરિતોને કડક સૂચના આપી દીધી કે બેચાર દિવસ ઘેર મહેમાન છે ત્યાં સુધી ગમે તેવું તાકીદનું કામ હોય તોય એમને ઘેર ફોન ન કરવો. એટલે આજે કોઈ ફોન આવ્યો ન હતો.

ભાઈ ફોન પર જે રીતે વાત કરતા હતા અને જે ભાષામાં વાત કરતા હતા એ ઉપરથી મનવંતને કેટલોક વહેમ તો આવી જ ગયો હતો પણ બે દિવસના વધારે પરિચય પછી એને ખાતરી થઈ ગઈ કે ભાઈ અંધારી આલમમાં બહુ મોટું માથું હતા. ને એની જાણ થતાં જ એને ચક્કર આવી ગયાં. એને થયું કે એ ભૂલમાં નાગના દરમાં હાથ ઘાલી બેઠો હતો. જો પોતાની સાચી ઓળખ ભાઈને પડી જાય તો જાનની નોબત આવી જવાની હતી.

પહેલાં તો એણે અહીંથી છટકી જવાનું વિચારી જોયું પણ એને લાગ્યું કે એમ કરીનેય ભાઈના ખોફથી બચી જવાય એવું ન હતું. એમના હાથ બહુ લાંબા હતા. એ પોતાને પાતાળમાંથી શોધીનેય જબ્બે કર્યા સિવાય નહીં રહે. પોતે અહીંથી ભાગી જાય કે અહીં રોકાઈ જાય તોય હવે સીમાને તો ભૂલી જ જવાની હતી. વખત છે ને પોતે પોતાનું આ દેસાઈનું કવચ થોડા દિવસ જાળવી રાખી શકે ને સીમા સાથે પરણી જાય તોય કયારેક તો ભાઈને સાચી વાતની ખબર પડી જ જાય. ને આમ થાય તો ભાઈ જેવો માથાભારે માણસ પોતાની બેનનોય વિચાર કર્યા સિવાય ઘોડો દબાવી જ દે.

એક તરફ એનું મન કહેતું હતું કે ભાગી જા અને સંતાઈ જા તો મનનો બીજો હિસ્સો એને રોકાઈ જવા મજબુર કરતો હતો. સીમાને છોડવા એ હજુ તૈયાર ન હતો. ચોખવટ કરીને કે ભાઈ અને સીમાને અંધારામાં રાખીને કદાચ સીમા સાથે લગ્ન કરી લેવાય પણ છતાંય માથે લટકતી તલવાર તો રહેતી જ હતી. કયારે વાત ફૂટે ને

ક્યારે ભડાકાવાળી થઈ જાય.

બધા જમીને ઊભા થયા એટલે ભાઉ કહેઃ 'અમારી ચા મારા રૂમમાં મોકલી આપજો. મારે દેસાઈ સાહેબ સાથે અગત્યની વાત કરવી છે. કોઈ અમને ડીસ્ટર્બ ન કરતાં. ચાલો દેસાઈ સાહેબ, આપણે મારા રૂમમાં બેસીએ.' કહેતાં એ આગળ થયા ને મનવંત તેમને અનુસર્યો.

અંદર પેસી બારણું લોક કરી બેય બેઠા એટલે ભાઉએ શરૂ કર્યુંઃ 'તમારી અને સીમાની વચ્ચે પ્રેમ સંબંધ છે એની મને ખબર છે. હવે તમને લગ્નમાં બાંધી દેવાનું હું વિચારું છું. પણ તે પહેલાં મારે તમારી સમક્ષ એક ચોખવટ કરવી જોઈએ. મારું ખાનદાન તમારી બરાબરીનું નથી. આ જે જાહોજલાલી તમે જુઓ છો એ કાળી કમાણીની છે. હું મુંબઈનો ડોન કહેવાઉં છું. મારા ધંધાને કારણે પાછળથી મારી બેનને સહન ન કરવું પડે એટલે સંબંધ આગળ વધારતા પહેલાં મારે એ ચોખવટ કરી લેવી જોઈએ.'

મનવંતને થયું કે પોતે ખોટો ગભરાઈ રહ્યો હતો. એને ભાઈની વાત સાંભળતાં થોડી હાશ થઈ. છતાં એનું મન હજુ વિમાસણમાં હતું. એક તરફ એને થતું હતું કે જ્યારે એમણે આટલી ખુલાસીને વાત કરી દીધી છે ત્યારે પોતે પણ પોતાની સાચી ઓળખ આપી દેવી જોઈએ. એમને અંધારામાં રાખીને સીમા સાથે પરણી જવું એ એને યોગ્ય લાગતું નહોતું. પણ એક બીજી વાતથીય એનું મન ગભરાઈ રહ્યું હતું. એની વાત સાંભળ્યા પછી ભાઈ પોતાને કદાચ ગોળીએ ન દે તોય સીમાને તો એણે ભૂલી જ જવી પડવાની હતી. તોય એણે સાચી વત કરી દેવાનું જોખમ લેવાનું નક્કી કર્યું.

'તમારા પર ફોન આવે છે ને તમારે વારંવાર બહાર જવું પડે છે એટલે મને થોડો વહેમ તો આવી જ ગયો હતો. પણ એનાથી અમારા સંબંધમાં કશો ફેર નહીં પડે. હા તમે જેમ ચોખવટ કરી એમ મારે પણ ચોખવટ કરવાની છે. એ સાંભળ્યા પછી તમારો વિચાર બદલાય તો એને હું મારું કમનસીબ માનીશ.'

'મારો વિચાર નહીં જ બદલાય એની ખાતરી સાથે તમારે જે કહેવું હોય એ બેધડક કહો.'

'તમે કહ્યું કે તમારું ખાનદાન મારી બરોબરીનું નથી એ સાવ સાચી વાત છે. જુઓ હું નથી મનવંત કે નથી દેસાઈ. હું તો આણંદ પાસેના ગામનો એક વાઘરી છું. સારાં કપડાં ને સારી રહેણી કરણીનો શોખીન છું એટલે વટમાં ફરું છું એટલું જ. બાકી આ ઈમ્પોર્ટેડ ગાડીય મારી નથી કે મનવંત નિવાસ પણ મારો નથી.' મનવંતે કહ્યું ને ભાઉ પણ થડકી ગયા.

મનવંતે આગળ કહ્યુંઃ 'હું મુંબઈ સીમાને મારી જાળમાં ભોળવીને ફસાવવાની સોપારી લઈને આવ્યો હતો. હું નાનામોટા હાથફેરાનો ઉસ્તાદ છું. પણ કુદરત એનું કામ કરી ગઈ ને સીમા અને હું બેય પ્રેમમાં પડી ગયાં. મારી એવી હેસિયત નથી કે હું સીમાનો હાથ તમારી પાસે માગી શકું કે તમારી જેમ ઉપરની કોઈ નાતનોય નથી. હવે તમારે મને લાત મારીને કાઢી મૂકવો હોય તો તેય મને મંજૂર છે ને ગોળીએ દેવો હોય તોય હું એને લાયક છું.' મનવંતે બે હાથ જોડી ભાઉના પગ પાસે બેસી પડતાં કહ્યું.

ભાઉ પણ આ વાત સાંભળતાં આ નાગરનેય વામણો બતાવે એવી રીતભાત અને રહેણી કરણીવાળા અપ ટુ ડેટ જુવાનિયાની સામે વિસ્મયથી તાકી રહ્યા.

ત્યાં મનવંતે આગળ કહ્યુંઃ 'મને લાગે છે કે મારી વાત સાંભળ્યા પછી તમારો વિચાર બદલાયો હશે. અને એ બદલાય તો એમાં કશું ખોટુંય નથી. પણ મારી એક વિનંતિ છે. તમારે મને હડધૂત કરવો હોય કે ગોળીએ દેવો હોય પણ સીમાને એની જાણ થાય એવું ન કરતા. એની બાપડીનું દિલ તૂટી જશે.'

'ખાનદાનની વાત કરતા હો તોય અમારા કરતાં તમારું ખાનદાન વધારે મોભાવાળું છે. અમને તો એય ખબર નથી કે અમારી માએ લગન કર્યાં હતાં કે નહીં. મે જ્યારથી હોશ સંભાળ્યા ત્યારથી હાથમાં ચપ્પુ લઈને અંધારી આલમમાં પેઠા વગર મારો છૂટકો જ ન હતો. કહો, કોનું ખાનદાન ઊંચું છે?' ભાઉએ કહ્યું.

'મેં સોપારી લીધી ત્યારે મને એવી જ શંકા હતી કે મુંબઈના કોઈ શેઠિયાની દીકરીને ભોળવી જવાની છે. ને બંગલો ગાડી ને બહુ મોટી રોકડ રકમની લાલચમાં હું આવી ગયો હતો. તમારા બંગલામાં આવ્યો ત્યારે મને લાગ્યું કે હું જાનની બાજી લગાવી ચૂકયો છું. હવે મારો કે છાનોમાનો ભાગી જવા દો એ તમારા પર છે.'

'એ બધી વાત પછી. પહેલાં મને એટલું જણાવો કે તમને સોપારી આપી હતી કોણે?'

'ભાઉ સાહેબ, તમને તો ખબર છે અંધારી આલમની. કામ કરીએ કે ન કરીએ પણ એની બાતમી ન અપાય. મારે તો ચાર આંખો હશે પણ તમારે તો બાર આંખો છે. તમને વહેલી કે મોડી એની ભાળ મળી જ જવાની છે. પણ તમે મારા કટકા કરી નાખો તોય મારે મોં એ નામ નહીં આવે.'

ને મનથી કાંઈક નક્કી કરતાં ભાઉ કહેઃ 'મારે તમને ગોળીએ નથી દેવા. હું મારી સીમાનો વિચાર કરું છું.'

'જો તમે મને જવા દેવાનું વિચારતા હો તો હું એવી રીતે ચાલ્યો જઇશ કે કોઇને મારું જવું ભાગી ગયા જેવું ન લાગે. ને પછી તમારા જેવા ભાઈ બેઠા હોય ત્યાં તમને સીમા માટે સારું ઠેકાણું મળતાં વાર શી?' બચવાની આશા બંધાતાં મનવંત બોલ્યો.

'હું એથી બીજું વિચારું છું. મારી વાત ધ્યાનથી સાંભળો. તમારે મનવંત દેસાઈ જ બની રહેવાનું છે ને આવા ઠાઠથી જ રહેવાનું છે. પૈસાની ચિંતા ન કરતા. તમારે જેટલા જોઈએ એટલા હું આપીશ. હું તમને મારા બનેવી બનાવવા માગું છું. આપણે બે વચ્ચે જે વાતો થઈ એ આપણે કોઈને કહેવાની જરૂર નથી. સીમાનેય નહીં કે એની ભાભીનેય નહીં.'

ભાઉની વાત સાંભળતાં મનવંત તો જાણે હવામાં તરવા માંડ્યો. પણ એ અચકાઈ ગયો. 'મારે સીમાને તો સાચી વાત કરી દેવી જોઈએ. સાચી વાત જણાવ્યા સિવાય હું લગ્ન કરું તો એને છેતરતો હોઉં એમ લાગે. એ ભણેલી છે ને પોતાનું ભલું બૂરું સમજી શકે તેમ છે. એ જે નિર્ણય લે એનાથી મારા ભાગ્યનો ફેંસલો થાય એ જ બરાબર છે.'

'છતાં એ હજુ છોકરમતમાં ગણાય. એટલે મારું માનો ને ઝેરનાં પારખાં કરવાનું માંડી વાળો. પછી તો જેવી તમારી ઈચ્છા.'

'હું ઝેરનાં પારખાં કરી લઉં એમ મારું મન કહે છે. તમારી સામે હું ચૉકાવટ કરી લઉં ને જે મને પરણવા તૈયાર થઈ છે એને જ હું અંધારામાં કેમ રાખી શકું? ને આપણે ઊઠીએ એ પહેલાં હું તમારી સામે બીજી પણ એક ચોખવટ કરી લઉં કે જો સીમા આ બધું જાણ્યા છતાં મારી સાથે પરણવા તૈયાર થશે તો હું સાચેસાચનો મનવંત દેસાઈ બનીને બતાવીશ ને એને કોઈ વાતે દુઃખી નહીં થવા દઉં.'

'એ ખમીર પારખીને તો હું તમને મારા બનેવી બનાવવા તૈયાર થયો છું. જાવ અને સીમાની સાથે વાત કરી લો. પછી એને મારી પાસે મોકલજો. હું એને મારી રીતે સમજાવીશ.'

'એવી જરૂર નહીં પડે, વડીલ. પણ આપની પાસે એક વાત માગી લઉં કે જ્યારથી હું મનવંત દેસાઈ બનીશ તે મિનિટથી તમે મારે માટે ન તો ભાઉ સાહેબ રહેશો કે ન રહેશો મુંબઈના ડૉન. તમે ફક્ત મોટા ભાઈ જ રહેશો.' મનવંતનો નિર્ધાર બોલી ઊઠ્યો. બહાર નીકળી એ સીમાને ખેંચતો એના રૂમમાં લઈ ગયો.

'મારે ને ભાઈને વાત થઈ ગઈ છે પણ એક ગૂંચ છે એનો જવાબ તારી પાસેથી મેળવવાનો છે.' કહેતાં એણે પોતાની ને ભાઈની વચ્ચે જે વાત થઈ હતી એ સીમાને વિગતે જણાવી. પછી પૂછ્યુંઃ 'હવે કહે તને મારી સાથે લગ્ન કરવાનું યોગ્ય લાગે છે?'

'તારા જેવા મવાલી સાથે તો કોઈ લગ્ન કરતું હશે! પણ મને તારી દયા આવે છે એટલે હું ના નહીં પાડું.' સીમાનું બોલવું પૂરું થાય એ પહેલાં તો એ એને લઈને બેડમાં કૂદી પડ્યો. 'જો તું આવા વાનરવેડા કરવાનો હોઉં તો મારે એ વિશે નવેસરથી વિચારવું પડશે.' એ બોલી પણ મનવંત હવે રોકાય તેમ ન હતો.

સીમા ભાઈને મળવા એમના રૂમ પર ગઈ ને ઘડીવારમાં તો સીમાએ અને ભાઈએ ફોન પર સીમાના વિવાહની વધામણી જાહેર કરવાય માંડી. ભાભીએ કંસારનું આંધણ મૂકી દીધું તો ભાઈએ, બજારમાંથી કેટલીય મીઠાઈ લઈને આવી પહોંચવા પોતાના માણસને ફોન પર સૂચના આપી દીધી.

અનુક્રમ→

## ૧૭. મુંબઈ માથે લીધું

બીજે દિવસે સવારના પહોરમાં જ રૂપલ આવી ગઈ હતી. 'હું શું કહેતી હતી? જોયો ને મારો વટ?' એણે મનવંતને કહ્યું.

'તારો શાનો વટ? કાલે ભાઈએ જમ્યા પછી કહ્યું કે મારી સાથે આવો મારે તમારી સાથે અગત્યની વાત કરવી છે, ત્યારે તું કયાં સંતાઈ ગઈ હતી? મારા તો પગ પાણી પાણી થઈ ગયા હતા. એમના બધા સવાલોના મારે જ જવાબ આપવા પડ્યા.'

'એ તો તારે જ આપવા પડે ને! ભાઈ નારિયેળેય તો તને જ પકડાવવાના છે ને! એમ કહેતો નથી કે મેં ભાઈના કાનમાં ફૂંક મારી દીધી હતી એટલે તારે માટે સીધું થઈ ગયું. નહીં તો લાત મારીને દરવાજા બહાર ધૂળ ચાટતો કરી દીધો હોત.'

'જોયું ને સીમા, રૂપલમાસીએ કેવું સુગમ કરી આપ્યું બધું?'

'તને ખબર નથી પણ આપણને બેને નજીક લાવવામાં એનો બહુ મોટો ફાળો છે.' સીમાએ ચૉકાવટ કરી.

'સારું થયું કે તેં એ યાદ દેવડાવ્યું. આપણે એના બદલામાં એમને આપણી સાથે દુબઈ લઈ જઈશું ને સાથે જ રાખી લઈશું.'

'વહાલી સખી, આ માણસનાં લક્ષણ મને સારાં લાગતાં નથી. આપણી ફ્રેન્ડઝથી એને દૂર જ રાખજે. નહીં તો કયારેક તને રખડાવી પાડશે.'

'તારી વાત સાચી છે. ભાભીએ પણ મને એવી જ સલાહ આપી હતી.'

'તો આજે બહાર જવાનું કેન્સલ?' મનવંતે ખુશ થઈ ગયાનો દેખાવ કરતાં કહ્યું.

'એમ આજે તારાથી છટકાવાનું નથી. આજે વધારે નહીં તોય સાત આઠ બેનપણીઓને તો આપણે મળવા જવું જ પડશે. બાકીની બેચારને ફોન કરીને રેસ્ટોરન્ટ પર બોલાવી લીધી છે. વિવાહની વાત જાહેર થયા પહેલાં આપણે એ બધીઓને મળ્યાં હોઈએ તો મારે પાછળથી એમનાં મહેણાં સાંભળવાં ન પડે ને!'

'એટલે મનવંતમીયાં સમજી જાવ કે સીમા તમને આજે પ્રદર્શનમાં મૂકવા માગે છે. એટલે જરા બનીઠનીને તૈયાર થઈ જાવ.' રૂપલ બોલી.

'અરે બાપ રે, હજુ સુધી હું પ્રદર્શનમાં મુકાયો નથી એટલે મને એનો અનુભવ નથી. તારા જેવી અનુભવીનો મારે સાથ જોઈશે.' મનવંતે રૂપલને ઉડાવતાં કહ્યું.

'તને ખબર છે ને કે મુંબઈમાં રસ્તો પૂછો તોય વગર પૈસે કોઈ બતાવતું નથી.'

'એની વ્યવસ્થા થઈ જશે. સાસરી સધ્ધર શોધી છે.'

'સીમા, આ તો ભાઈના ઘરમાં જ ધાડ પાડવાની વાતો કરવા માંડ્યો.'

'એણે તો ભાઈને કહી દીધું છે કે મારે તમારી કમાણીનો એક પૈસોય જોઈતો નથી.'

'એની પાસે કયાં ઓછા છે કે માગીને વામણો થાય. ને ભાઈ તને વગર માગ્યેય કયાં ઓછું આપવાના છે?'

એ બે બેનપણીઓ વાતે વળગી એટલામાં મનવંત તૈયાર થઈને નીચે આવ્યો. એ તૈયાર તો રોજ થતો હતો પણ આજે જે રીતે તૈયાર થયો હતો એ જોઈને તો બેય બેનપણીઓ દંગ થઈ ગઈ. રૂપલ કહેઃ 'ભાભી, આને ગાલે તાંબિયા જેવડું મોટું કાળું ટીલું કરી આપો નહીં તો તમારે રોજ નજર ઉતારવી પડશે.

'દેસાઈજી છે જ એવા એટલે મને કયારનોય એવો વિચાર આવ્યો જ હતો. હું તમારે ગાલે ટપકું નહીં કરું.' કહેતાં એમણે પોતાની આંખને ખૂણેથી કાજળ લઈ મનવંતના કાન પાછળ એક ટપકું તો કરી જ લીધું. ભાભીએ દેસાઈ ને દેસાઈજી કહ્યું એ સાંભળી બેય બેનપણીઓ મુસ્કુરાઈ રહી.

'ભાભી તમે સારું નામ શોધી કાઢ્યું અમારે હવે બધી દોસ્તોમાં એ નામથી જ ઓળખ આપવી પડશે.' રૂપલે હસતાં કહ્યું.

'મનવંત જ શું ખોટું છે?' મનવંત બોલ્યો પણ આવીએ એનું સાંભળે તો ને!

'તો દેસાઈજી આપણે નીકળીશું?' રૂપલે એર ઈંડિયાના મહારાજા જેવો પોઝ આપતાં પૂછ્યું. ને બધાં બહાર નીકળ્યાં.

બધી બેનપણીઓનાં ઘર ગણતાં કયાંક ચા તો કયાંક કૉફી તો કયાંક વીમટો, રાસબેરી, જીંજર કે લેમન જેવાં ઠંડાં પીણાંનેય ન્યાય આપવો પડ્યો. બધી સખીઓ મનવંતને જોતાં ઘેલી થઈ જતી હતી એ જોઈ આ બે સખીઓ ફૂલીય સમાતી ન હતી.

એક જણીએ તો કહ્યુંય ખરું: 'તમે સીમાને મળ્યા તે પહેલાં મને પૂછ્યું હોત તો હું ઓછી ના કહેવાની હતી?'

'હું એ ચૂકી ગયો. તમને વાંધો ન હોય તો આજે પૂછી લઉં.' હસતાં મનવંતે કહ્યું.

તો બીજી એકે મનવંતની ચારે બાજુ ચક્કર મારી લઈને કહ્યું: 'સારું છે કે તમે કાન આગળ કાળું ટપકું કરીને નીકળ્યા છો નહીં તો તમને કદાચ મારી જ નજર લાગી જાત.'

'મને સીમાની નજર લાગી ગઈ પછી કોઈની નજર લાગવાની નથી એમ જાણ્યા છતાં એનાં ભાભીએ એ ટપકું કરી દીધું છે.' મનવંત બોલ્યો.

'તમે છો જ એવા કે તમને કોઈની પણ નજર લાગી જાય. તમે કોઈ પણ છોકરીને પ્રપોઝ કરી હોત તો એ ઘેલી ઘેલી થઈને તમારી પાછળ ચાલી આવી હોત.'

'એ ભૂલ થઈ. સીમા ઘેલી નથી થઈ. મને ઘેલી થાય એવી કોઈ છોકરીનું સરનામું આપજો ને!' મનવંતે કહ્યું ને જે બેચાર સખીઓ હાજર હતી એ મનવંતની આ ટોળ પર હસી રહી. એને ત્યાંથી બહાર નીકળતાં મનવંત કહેઃ 'આજે રેસ્ટોરન્ટમાં ન જઈએ તો નહીં ચાલે? બધાને ત્યાં ચા પાણી કરીને ને તારી બેનપણીઓની વાતો સાંભળીને મરું પેટ તડતડ થઈ ગયું છે.'

'હજુ એક બેનપણીને ત્યાં જવાનું બાકી છે પછી રેસ્ટોરન્ટમાં. તારે કશું ન ખાવું હોય તો ન ખાઈશ. પણ આપણે એમને બોલાવી છે એટલે જવું તો પડશે જ.'

પછીનું ઘર સીમાની સહેલી વિધિનું હતું. એણે ચાપાણીનું પૂછ્યા પછી ખાનગી વાત કરતી હોય એમ કહ્યું: 'મારા પિતાજી મારે માટેય કોઈ મૂરતિયો શોધી રહ્યા છે પણ મને કોઈ નજરમાં જ નથી આવતો. મારાં સ્વપનાંમાં તમારા જેવો કોઈ યંગ, ટોલ એન્ડ હેન્ડસમ જુવાન આવે છે એ હું એમને કેમની સમજાવું?'

'તે તમારા સ્વપ્નામાં હું તો નથી આવતો ને! હું ઘણી યુવતીઓનાં સ્વપ્નાંમાં આવતો હોઉં છું. મારી એ સ્પેશિયાલિટી છે.' હસતાં મનવંતે વ્યંગ કર્યો.

બહાર નીકળતાં રૂપલ કહેઃ 'તું બહુ ફોરવર્ડ થવા જાય છે ને સીમા મનમાં મૂંઝાયા કરે છે. રેસ્ટોરંટમાં શીરીન સાથે કશું એલફેલ ન બોલતો. નહીં તો એ તો તારા ખોળામાં બેસી જાય એવી છે.'

'તો તો મારે એવું ખાસ બોલવું પડશે.' આંખો નચાવતાં મનવંતે કહ્યું.

ને રેસ્ટોરંટ પર થયું પણ એવું. સીમાએ બધી બેનપણીઓ સાથે ઓળખાણ કરાવી ને ઑર્ડર આપીને બધાં બેઠાં એટલે શીરીન બોલીઃ 'સીમા, તેં સોજ્જો મજાનો માટીરો સોધી કાઢીયો છ. મને તો એને એક બચકું ભરવાનું મન ઠાય છ.' કહેતાં એણે મનવંતની નજીક જઈ એના ગાલ પર એક હળવું ચૂંબન દઈ દીધું.

તો સીમાએ એને આઘી ધકેલતાં કહ્યુંઃ 'તું તારા પારસીવેડા છોડીને જરા સીધી રહે.'

'પન શીરીનબાઈ, કીસ કરવાની એ રીટ બરાબરની નહોટી. મેં સીમાને એની એક ફાઈન રીટ સીખડાવી છ. ટમુને બી સીખડાવી ડઉં. જરા પાસે આવો ટો.'

ને શીરીન પાસે આવે તે પહેલાં તો સીમા વચમાં આવી ગઈ હતી. ને મનવંતે જાણે અજાણતાં ચૂમતો હોય એમ એને હોઠ પર એક તસતસતું ચૂંબન દઈ દીધું. બધી છોકરીઓ તાળી પાડતી હસી રહી.

ત્યાં શરમમાં લાલલાલ થઈ ગયેલી સીમાની મદદે રૂપલ આવી ગઈઃ 'એય મિસ્ટર, આ તમારું દુબઈ નથી. બધા કેવા તાકી રહ્યા છે આ તરફ એ તમને દેખાય છે? કોઈ પોલીસને ખબર કરશે તો જાહેર જગ્યાએ કીસ કરવા માટે અંદર થઈ જશો ને ભાઈને તમને છોડાવવા દોડવું પડશે.'

'પણ મેં ક્યાં કોઈ જાહેર જગ્યાએ કીસ કરી છે? મેં તો સીમાના પ્રાયવેટ હોઠ પર અમારી પ્રાયવેટ કીસ કરી છે.' મનવંતે પ્રાયવેટ શબ્દની ઠેકડી ઉડાવતાં કહ્યું. ને શરમાતી સીમા અને મનવંતના ટીખળ પર ખુશ થતી બધી દોસ્તો મુસ્કુરાઈ રહી. શરમાઈને જમીન ખોતરતી સીમા મનમાં ખુશ થઈ રહી હતી. એને આજે મનવંત જે રીતે બધી બેનપણીઓની સામે જે રીતે વર્તો હતો એ જોઈ પોરસ ચઢતું હતું. ને રૂપલેય પોતે આ બધામાં મોટો ભાગ ભજવ્યો હતો એટલે વધારે ખુશ હતી.

બે વાગ્યે ઘેર જવા પામ્યાં. ઘેર જતાં રસ્તામાં રૂપલ કહેઃ 'તેં વિધિનું મોં જોયું હતું? એ તો આખો લાડવો પેસી જાય એવું પહોળું મોં કરીને કેવી તાકી રહી હતી!'

'તમારી બેયની ઈમ્પ્રેશન બગડે એવું તો મારાથી કાંઈ બોલાઈ ગયું ન હતું ને!'

'તું અમારી બેનપણીઓ ને હજુ ઓળખતો નથી. એ લોકો તો આંગળી આપતાં પાંચું નહીં પણ આખો હાથ પકડી લે એવી છે. જો હું વચમાં આવી ગઈ ન હોત તો એ શીરીન તને એવી તો વળગી પડત કે મારે તો ડૂબી મરવા જેવું થાત.' સીમાએ કહ્યું.

'ને દેસાઈજી તો એ બધીઓને જોઈને તારી હાજરીમાંય એમની સાથે રાસલીલા કરવા થનગનવા માંડ્યા હતા ને! તારે એમને સાથે લઈને બહાર નીકળતાં હવે ખાસ વિચારવું પડશે.' રૂપલે દેસાઈજીને ઉડાવતાં કહ્યું.

'એ સારું હવે તો મેં ઘણાંનાં ઘર જોઈ લીધાં છે એટલે હું એકલો જ જઈ આવીશ. મને તમારી બેનપણીઓ ગમી ગઈ છે. અને શીરીન સાથે તો મારે એક હિસાબ પતાવવાનોય બાકી છે.'

'મારું માનું તો તું લગન પછી તરત એમને લઈને દુબઈ જતી રહેજે નહીં તો આ કાનજી ઘેલા થશે ને આપણી ગોપીઓનેય ઘેલી કરશે.' રૂપલે મનવંતને લમણે ટકોરો મારતાં કહ્યું.

ઘેર પહોંચ્યાં તો ભાઈ એમની વાટ જ જોતા હતા. એમણે સીમા અને રૂપલને સાથે જ લેવા માડ્યાંઃ 'આવું રખડવાનું હોતું હશે? કાલ નહોતી પડવાની? જમવાનો સમય તો સચવાવો જોઈએ ને? દેસાઈજી કશુ બોલે નહીં પણ તમારે તો એમનું ધ્યાન રાખવું જોઈએ ને?'

ને રૂપલે સીમાની સામે નજર કરી લીધી ને ભાઈએય મનવંતને બદલે દેસાઈજી કહેવા માંડ્યું હતું એ જોઈ મનમાં મુસ્કુરાઈ રહી. એણે ભાઈને કહ્યુંઃ 'હવે અમે કાળજી રાખીશું, બસ?'

'આજે તો અમારાં પેટમાં ખાવા જેટલી જગ્યા રહી જ કયાં છે તે અમને ખાવાનું યાદ આવે. મનવંત પહેલી વખત કોઈને ત્યાં જાય એટલે કોઈ એને ચાપાણી કરાવ્યા વગર કેમ છોડે?' સીમાએ કહ્યું. ને ભાઈની તો એ લાડકી હતી. ભાઈથી બીજું બોલાય એમ જ ક્યાં હતું!

'એનો વાંધો નહીં પણ હવેથી કાળજી રાખજો. તમારે કારણે હું બધાં કામ છોડીને ઘેર આવી ગયો ને તમારું જ ઠેકાણું નહીં. હવેથી જ્યાં બહાર જવું હોય ત્યાં જવાની છૂટ પણ બપોરે અને સાંજે ખાવાના ટાઈમે ઘેર હાજર થઈ જવાનું. ને દેસાઈજી તમારેય શરમમાં રહેવાની જરૂર નથી તમારે સાથે ન જવું હોય તો ના પાડી દેવાની.' ભાઈએ કહ્યું ને પેલી બેની સાથે દેસાઈજી પણ હસી પડ્યા.

ત્યાં દેસાઈજીઃ 'મારે હાથમોં ધોવાં છે ને કપડાંય બદલવાં છે.' કહેતાં પોતાના રૂમમાં પેસી ગયા. એને હજુ પોતના આવા ભાગ્ય પર ભરોસો નહોતો પડતો. ભાઉની સાચી ઓળખ થયા પછી એને લાગ્યું હતું કે એનાથી અજાણ્યે નાગના રાફડામાં હાથ ઘલાઈ ગયો હતો. સીમાને વરવાની વાત તો એક બાજુ રહી પણ અહીં તો જાન જવાની નોબત આવી ગઈ હતી એમ એને લાગવા માંડ્યું હતું. ને જ્યારે ભાઈએ એને ખાનગી મસલત માટે બોલાવ્યો ત્યારે તો એ સાચે જ ગભરાઈ ગયો હતો.

એને એક વાતે થોડી ધરપત હતી કે પોતે પગલાં ભરતાં એવી સાવચેતી રાખી હતી કે ભાઈને પોતાની સાચી ઓળખ પડી જવાની શક્યતા જ ન હતી. પણ સામે એય બીક હતી કે પોતે સીમાને છેતરીને એની સાથે પરણી ગયો છે એ વાતની મોડેમોડેય એમને ખબર પડે તો એ પોતાની બેનનો વિચાર કર્યા સિવાય સીધી ગન જ તાકશે.

પણ એની વાત સાંભળ્યા પછીય ભાઈએ એને પોતાનો બનેવી બનાવવાનું વિચાર્યું ત્યારે તો એને પોતાના આવા નસીબ પર એક વખત તો ભરોસોય નહોતો પડ્યો. એ વાત યાદ આવતાં એની આંખમાં હર્ષનાં આંસુ આવી ગયાં. એને થયું કે પેલી બે બેનપણીઓ હાજર નથી એ સારું છે નહીં તો પોતાને શરમાવા જેવું થાત.

એણે વહેલાં વહેલાં મોં ધોઈ નાખ્યું ને ઘરમાં પહેરવાનાં પણ અપ ટુ ડેટ કપડાં પહેરીને એ નીચે આવ્યો. ભાઈ હજુ ઘેર જ હતા. એમણે કહ્યુંઃ 'તમારે વિવાહ અને લગ્નમાં જેવાં સ્યૂટ પહેરવાનાં હોય એની તૈયારી કરવા માંડો. મુંબઈમાં અત્યારે યાક્સનું બહુ સારું નામ છે. સીમા તમને ત્યાં લઈ જશે.'

'મારી ડાયરીમાં પણ યાક્સનું નામ ટોપ પર છે. કાલે ત્યાં જઈ આવીશ.'

'એ આપણો જ માણસ છે. એને મારું નામ આપજો. એની સાથે હું પછીથી હિસાબ સમજી લઈશ.'

'તમે એની ચિંતા ન કરતા. હું પૈસા આપી દઈશ.'

'ભલા માણસ તમે આપો કે હું આપું એમાં શો ફેર પડે છે? અચાનક લગન ગોઠવાશે એ તમારી જાણમાં ક્યાં હતું? તમે જરૂર જેટલા પૈસા લઈને નીકળ્યા હો અને હવે તમારે દુબઈથી બીજા મંગાવવા પડે એવું શું કામ થવા દેવું? કાલે હું તમને પચાસ હજાર રૂપિયા આપી દઈશ. તમે દુબઈ ગયા પછી મને પાછા મોકલી આપજો. હું એ લઈ લઈશ, બસ?'

લક્ષ્મીને પતિની આ વાત ન સમજાઈ. એણે ગૂંચવાતાં ભાઈ સામે જોઈ કહ્યુંઃ 'તમે કેવી વાત કરો છો? દેસાઈજીને આપેલી રકમ પાછી લેવાની હોતી હશે?'

'એની તો મનેય ખબર છે પણ દેસાઈજીને કયાં ખબર છે? એ તો કહે છે કે મારે તમારી કમાણીનો પૈસોય જોઈતો નથી.'

'ને તમે એમની આવી ગાંડી વાત માની લો છો? મને લાગે છે કે એ આટલા દિવસ આપણે ત્યાં રહ્યા એના રહેવાના ને જમવાના પૈસાય એમની પાસેથી માગી લેવા પડશે. બહાર હોટેલમા રહ્યા હોત તો એમને એ આપવા જ પડત ને! બરાબર છે ને દેસાઈજી?'

'તમે જેટલા કહો એટલા મારે શાહ જોગ આપી દેવાના પણ પૈસા લેવામાં મને તમે શરમાવશો નહીં.'

'અમે આપવાના કહીને તમને શરમાવીએ છીએ એના કરતાં એ ના લેવાના કહીને તમે અમને વધારે શરમાવો છો એનું કશું નહીં? મારા ઘરમાં તો હું કહું તેમ જ ચાલશે. એમાં તમારુંય નહીં ચાલે કે તમારા ભાઈનુંય નહીં. તમને વહેવારમાં સમજણ ન પડતી હોય તો લગન પતે ત્યાં સુધી તમે તમારે જોયા કરો. મને જેમ ઠીક લાગે એમ કરવા દો.'

'એ વાત તમે બે જણાં તમારી રીતે પતાવજો. હું મારા કામે જાઉં છું. સાંજના જમવાના સમયે બધાં હાજર જોઈએ.' કહીને ભાઈ બહાર નીકળ્યા.

'પણ ભાભી, એનાથી શું વધારે છે? તમારો આટલો પ્રેમ છે એ જ મારે મન ઘણું છે.'

'તો એ પ્રેમ આવો જ ટકી રહે એ માટેય અમારી વાત માનવા માંડો. તમારી પાસે ઘણા પૈસા હશે પણ અમારી પાસે છે એય સીમાના જ નસીબના છે.'

'તમે સીમાને જે કાંઈ આપવું હોય એ આપો. મને એમાં કશો વાંધો નથી.'

'તે હવે તમે ને સીમા કાંઈ જુદાં છો? અમારે તો હવે જેવી સીમા એવા જ તમે છો. એટલે હવે તમારા સિધ્ધાંતની વાત એક તરફ મૂકો. અમે કાંઈ તમને લાખો આપી દેવાનાં નથી. પણ અમને જેટલો ઉમળકો હોય એટલો તો વહેવાર અમે કરવાનાં જ છીએ.' ને ભાભીની સામે દેસાઈજી ઝૂકી ગયા.

એણે પોતાની બચતનો અંદાજ મૂકી જોયો ને આવનારા ખર્ચનોય અંદાજ કાઢી લીધો ને કહ્યુંઃ 'ભલે, તમે કહો એમ પણ આપવામાં જરા કરકસર કરજો ને મારા સાંકડા ઘરમાં સમાય એટલું જ આપજો.'

'મને તો તમે તમારું ઘર હજુ ક્યાં બતાવ્યું છે? પણ સીમાએ અને એના ભાઈએ તો જોયું જ છે. એમણે જે વાત કરી છે એ ઉપરથી લાગે છે કે એ અમારા આ ઘર કરતાં ઘણું મોટું છે. ને અમે તમને આપી આપીને કેટલું આપી દેવાનાં હતાં? પણ મારે તમારું ઘર જોવા તો આવવું જ પડશે. કહો, કયારે બતાવો છો?' પોતાની વાત દેસાઈજીએ સ્વીકારી એથી ભાભી ખુશ થઈ ગયાં હતાં.

બધું સાંભળી રહેલી રૂપલ બોલીઃ 'આવી ગઈ ને દેસાઈજીની બકરી ડબ્બામાં? ભાભી આગળ બોલતી બંધ થઈ ગઈ ને!'

મનવંત કહેઃ 'મારે ભાભીને મનવંત નિવાસ બતાવવા દમણ લઈ જવાનાં છે. તમારામાંથી કોને સાથે આવવું છે? લિમિટેડ સીટો અવેઈલેબલ છે.'

'અમે બે તો ખરાં જ. ને ભાઈને તો નવરાશ નહીં હોય. એટલે આપણે ચાર જ.' સીમા અને રૂપલ તો તૈયાર જ હતાં ફરીથી દમણ જવા.

'જવાનું પણ કાલે સવારમાં જવાનું ને પરમ દિવસે સાંજ પહેલાં પાછાં આવી જવાય તો જ.' ભાભીએ સમયની લિમિટ મૂકી.

'જેવી તમારી મરજી. પણ એકાદ દિવસ છૂટનો મૂકો. તમે પહેલી બખત દમણ આવો છો તે તમને દમણ બતાવવામાં બે દિવસ પણ ઓછા પડે. વળી દસ બાર કલાક તો મુસાફરીમાં જ જવાના.' મનવંતે સમયના બંધનને હળવું બનાવવા કહ્યું.

'ભલે એમ રાખો, પણ એનાથી એક પણ દિવસ વધારે નહીં. તમારા વિવાહની તૈયારી શરૂ કરવી પડશે ને! એથી વધારે દિવસ માટે સીમાના ભાઈ મને આવવા ન દે.'

'ભલે એમ રાખો. તો કાલે સવારના છ વાગે આપણે નીકળીએ છીએ. હું મહારાજને ફોન કરી દઉં એટલે જમવાનું તૈયાર રાખે.' કહી મનવંત ફોન કરવામાં પડ્યો.

પેલી બે સખીઓ જવાની તૈયારી કરવામાં પડી. રૂપલ ભાભીને મનવંતનો બંગલો બતાવવાની કલ્પનાથી ઉત્તેજિત હતી. સીમાને તો ખબર હતી પડી જ ગયેલી હતી કે એ બંગલો મનવંતનો નથી. છતાં અત્યારે તો એ પણ મનિયાને મનવંત દેસાઈ બનાવવામાં ને ભાભીને ઈમ્પ્રેસ કરવામાં પડી હતી. ભાઈએ એને એનાં ભાભીનેય સાચી વાત ન કરવાની સલાહ આપી હતી. એ વાતને એ ચૂસ્તપણે વળગી રહેવા માગતી હતી.

ને ભાભીય મનવંતના બંગલા વિશે સાંભળેલી વાતને તાદ્રશ્ય કરવાની આશાએ ખુશ થઈ ગયાં હતાં. પણ હજુ સાંજે ભાઉ સાહેબ આવે અને એમની સંમતિ મળે તો જ જવાય તેમ હતું. પણ દેસાઈજીની ઈચ્છા છે એમ કહેવાય તો ભાઉ સાહેબ ના ન જ પાડે એની શ્રધ્ધા એમને હતી એટલે એય જવાની તૈયારીમાં પડ્યાં. નણંદને ત્યાં પહેલી વખત જાય છે તે સાવ ખાલી હાથે તો ન જ જવાય એટલે શું લઈ જવું એ વિશે એ મનોમન વિચારતાં હતાં.

સાંજે ભાઉએ વાત જાણી એટલું જ કહ્યુંઃ 'દેસાઈજી તમને એમનો બંગલો બતાવવા લઈ જતા હોય તો જાવ પણ બે દિવસથી વધારે નહીં.'

◇

બીજે દિવસે વહેલી સવારમાં જ બધાં ઊપડ્યાં. મનવંત આજે વધારે ખુશ હતો પણ ભાભીની હાજરીમાં પેલી બે સાથે એને સંયમથી વાત કરવી પડતી હતી. રસ્તામાં એક જગાએ સ્ટોપ કરી બધાંએ હાથમોં ધોયાં એ જ માફ. એટલે બપોરના બાર વાગ્યા પહેલાં એ લોકો દમણ પહોંચી ગયાં હતાં. બધાં બંગલાની અંદર જઈને બેઠાં એટલે મનવંતે મહારાજને ભાભીનું ઓળખાણ આપ્યુંઃ ‘જુઓ મહારાજ, આ લક્ષ્મીબેન સીમાનાં ભાભી છે. એ આપણું ઘર જોવા આવ્યાં છે. બે દિવસ રોકાવાનાં છે. એમને કશી વાતની તકલીફ ન પડે એ જોશો.’

‘તે આટલે સુધી આવ્યાં છે તે એમને દમણય બતાવવું જોઈએ. પણ બે દિવસ ઓછા પડે. બેન થોડા દિવસ વધારે રહો તો દમણય જોવાય. આ બંગલો તો મારા જેટલો જૂનો છે. એમાં તમને મુંબઈવાળાંને શો રસ પડશે?’

‘જુઓ મહારાજ, હું તો ખાસ આ બંગલો જ જોવા આવી છું. તમારા શેઠની સાથે અમે સીમાનાં લગન કરવા માગીએ છીએ પણ એ પહેલાં મારે એમની રહેવાની વ્યવસ્થા તો જોવી જ જોઈએ ને?’

‘તો જરા વાર થોભો હું કંસાર બનાવી દઉં.’ કહેતાં મહારાજ એમના કામે વળગ્યા.

‘તમે લગ્નની વાત કરી મહારાજની રસોઈમાં એક વાનગીનો ઉમેરો કર્યો. એમણે તમારા આવવાની ખુશીમાં કેટલીય વાનગીઓ કરી હશે.’ મહારાજની રસોઈથી પરિચિત રૂપલે ભાભીને કહ્યું.

ભાભી કાંઈ કહે તે પહેલાં સીમા બોલીઃ ‘આવો ભાભી અમે તમને બંગલો બતાવીએ. સૌથી પહેલાં પાછળનો ડેક જોવા જેવો છે. આવો આ તરફ.’

બધું જોઈને ભાભીને લાગ્યું કે દેસાઈજીનો જેવો ઠાઠ છે એવી જ એમની ખાનદાની છે. એ આપણા ગંધાતા પૈસાને પછી હાથ પણ કેમ લગાડે! એમને લાગ્યું કે સીમા જ નસીબદાર કે એને આવો લાયક પતિ મળ્યો. બાકી એના ભાઈ દીવો લઈને શોધવા નીકળ્યા હોત તોય આવો મૂરતિયો ક્યાંથી મળત?

બધું જોઈ આવ્યા પછી ભાભી કહેઃ ‘આ છોકરીઓ કહેતી હતી કે ઉનાળામાં જ્યારે દરિયો તોફાની હોય છે ત્યારે એવાં મોજાં ઉછરે છેકે એમાંથી ઊઠતાં ફોરાંથી આખો ડેક ભીંજાઈ જાય છે. સાચું કહું, આપણને તો ભાઈ, આવું બધું ...’ કહી એ જરા અટક્યાં.

‘કેમ અટકી ગયાં? મને એમાં કશું ખરાબ લાગવાને કારણ નથી.’ મનવંત બોલી ઊઠ્યો.

‘આપણને તો આવું બહુ ગમે. ને હવે તો સીમાનેય આ ઘેર પરણાવી છે એટલે વધારે નહીં તો વરસમાં એકાદ બે અઠવાડિયાં માટે અહીં રહેવા આવવાનુંય ગમશે.’

◇

બધાં ઘેર પહોંચ્યાં ને વિવાહ અને તે પછી તરત જ લગ્ન લેવાની મંત્રણાઓ શરૂ થઈ ગઈ. ભાઈએ બધી વ્યવસ્થા ગોઠવવા માટે પોતાના ગોઠિયાઓમાંથી પસંદ કરીને પાંચ માણસોને ઘેર બોલાવ્યા. એમને કેવાં કપડાં પહેરીને આવવાથી માંડીને કેવી ભાષામાં વાત કરવી એની પણ એમણે સૂચના આપી દીધી હતી. પેલાનાં મનમાંય થવા માંડ્યું કે ભાઈએ એવો તો કયો રાજકુમાર વહોર્યો છે કે આવી સૂચના આપવી પડે છે!

પણ બીજે દિવસે જ્યારે બધા આમંત્રણની યાદી તૈયાર કરી રહ્યા હતા ત્યારે મનવંત અને સીમા તૈયાર થઈ બહાર જતા પહેલાં ભાઈને કહેવા આવ્યાં ત્યારે એમને જોઈ પેલા લોકોને ભાઈની વાતનો મર્મ સમજાઈ ગયો. એ ગયાં એટલે એક જણ બોલ્યોઃ ‘તો ભાઈ પોતાની બેન માટે કોઈ રાજકુમાર શોધી લાવ્યા છે.’

‘એ રાજકુમાર નથી પણ ખાનદાની માણસ છે. એમનું નામ છે મનવંત દેસાઈ, તમે એમને દેસાઈજી કે દેસાઈ સાહેબ કહેજો. દુબઈ સેટ થતા પહેલાં મુંબઈનું બજાર જોવા આવેલા અને મારી નજરે ચઢી ગયા. એમનો દમણમાં દરિયા કિનારે આપણાથી ક્યાંય સારો બંગલો છે.’

‘ભાઈ, દરિયા કિનારે! ભાઈ, એવી જગ્યા તો આપણે બે વરસથી શોધતા હતા.’

'તું જમાઈનું ઘર તો બાકી મૂક! એમને ઘેર તો આપણાં પગલાંય ન હોય. એમણે મને કહી દીધું છે કે મારો એક પૈસો પણ એમને જોઈતો નથી. એ તો કહેતા હતા કે સીમાનાં કપડાંને ઘરેણાં પણ એ કરાવી લેશે. પણ એમનાં ભાભીએ એમને પરાણે મનાવ્યા છે. ખાનદાન માણસ છે.'

'એવું હોય તો આપણે દુબઈવાળો બંગલો એમને આપીને બદલામાં એમનો બંગલો લઈ લેવા જેવો છે.'

'તું હવે એવી ગાંડી વાતો બંધ કરીશ કે મારે તને લાત મારીને બારણું બતાવવું પડશે? આપણે લગ્નની વ્યવસ્થાની વાત કરવા ભેગા થયા છીએ ને તું આવી ગાંડી વાતો કરું છું. અલ્યા જરા તો શરમ રાખ.'

પછી બધા મુંબઈના વેપારીઓથી માંડીને પોલીસખાતાની ને એમની અંધારી આલમના સંબંધોને આમંત્રણ આપવાની યાદી તૈયાર કરવામાં પડ્યા. કેટલાકને વિવાહની રસમમાં તો કેટલાકને લગ્નમાં તો કેટલાકને રીસેપ્શનમાં ને મોટા ભાગનાને તો બધા અવસરમાં સહકુટુંબ બોલાવવાની યાદી એમણે બેબે વખત બનાવી અને રદ કરી. છેવટે થાકીને એક ગોઠિયાએ કહ્યુંઃ 'ભાઈ, આમ કરવા જતાં કદાચ કોઈ બધી યાદીમાંથી રહી જશે ને આપણે એનું સાંભળવાનું થશે એના કરતાં બધાને બધી વિધિમાં આવવાનાં આમંત્રણ આપી દઈએ.'

'મને પણ એવું જ લાગે છે. ખર્ચનો સવાલ નથી પણ આપણા સર્કલના માણસો ઘણી વખત ખોટી બબાલ કરે છે ને આખો પ્રોગ્રામ બગાડી નાખે છે. એવું થાય એની મને ચિંતા છે.'

'ભાઈ, એની વ્યવસ્થા હું ગોઠવી લઈશ. પીવાખાવાવાળા માટે મારુતિવાળા પ્લોટમાં એક અલગ સમિયાણો બાંધીશું. ને આપણા બેચાર કાબેલ માણસોને ત્યાં ગોઠવી દઈશું કે કોઈકને વધારે થઈ ગયું હશે એવાને લગ્નના સમિયાણા સુધી આવવા જ નહીં દે.'

'એમાં કોઈને ખોટું લાગે.'

'ભાઈ, એને ખબર પડે કે એને આપણે રોકી રાખ્યો છે તો એને ખોટું લાગે ને? તમે એની ચિંતા ન કરતા. કોઈને ફરિયાદ કરવા જેવું નહીં કરીએ.'

પોતાના સાથીદારને જમાઈનું ઘર બાકી મૂકવાનું ભાઉએ કહ્યું ભલે પણ મનવંત નિવાસના મોકા અંગે એણે વિચારવા તો માંડ્યું જ. અને એને તો ખબર જ હતી કે એ બંગલો મનવંતનો ન હતો. પછી એમાં જમાઈનું ઘર બાકી મૂકવાની વાત કયા આડે આવતી હતી? એમ હોય તોય બદલામાં પોતાનો દુબઈનો બંગલો તો મનવંતને આપી દેવાનું એણે મનથી નક્કી કરી જ મૂક્યું હતું ને!

અનુક્રમ→

# ૧૮. મનવંત પરણ્યો

મનવંતે કપડાંના પૈસા આપવા માંડ્યા તો યાકુબવાળાએ ન જ લીધા. ને મનવંત ગમે તેટલો ભભકો કરવા જાય છતાં એને તો પોતાની ત્રેવડની ખબર હતી જ ને! એટલે એણેય વધારે આગ્રહ ન કર્યો.

પછી એણે જાણીતા ઝવેરીની દુકાનમાંથી સીમાના માપની એની પસંદગીની હીરાની વીંટી લીધી ને પોતાના માપનીય કઢાવી તો સીમા કહેઃ 'તું ખાલી માપ આપ રાખ. હું ભાભીની સાથે આવીશ ત્યારે એમની પસંદગી પ્રમાણેની ખરીદીશું.'

સીમાનાં કપડાંને ઘરેણાંની ખરીદી પણ ચાલતી હતી. રૂપલ તો સાથે હોય જ. ભાભી, સીમા ને દેસાઈજી. મનવંત કહેવા જાય કે એમાં એનું શું કામ છે? પણ એનું સાંભળે જ કોણ? ભાભી તો કહેઃ 'દેસાઈજી, અમે બે પૈસા ખર્ચી જાણીએ પણ તમારા ટેસ્ટનું ન આવે. તમારા ટેસ્ટ તમારા જેવા ઊંચા.'

ને એમ સીમાનાં કપડાંને ઘરેણાંય દેસાઈજીના એ ઊંચા ટેસ્ટ પ્રમાણેનાં જ ખરીદાયાં. મનવંત મનોમન હિસાબ માંડતો જતો હતો. ભાભીએ સીમાનાં કપડાંને ઘરેણાંમાં જ લાખેક રૂપિયા તો ખર્ચી નાખ્યા હતા. ઘેર જઈ ભાઈને જ્યારે બધું બતાવ્યું તો એ કહેઃ 'સીમાની ને દેસાઈજીની પસંદ મુજબનું બધું લાવ્યાં છો કે તમને ગમે એ ઉઠાવી લાવ્યાં છો?'

'ના, અમે દેસાઈજીને સાથે લઈને જ ગયાં હતાં ને એમની ચોઈસ મુજબનું જ બધું લઈ આવ્યાં છીએ.'

'તો ઠીક, બાકીનુંય કાલે ખરીદી લો એટલે આગળના કામની સૂઝ પડે. એમાં કરકસર ના કરશો.'

'ના, બધું આવી ગયું છે.' ભાભી કે સીમા બોલે તે પહેલાં મનવંત બોલી ઊઠ્યો.

'તમે કહો એ ન ચાલે. મારી સીમા કહે તો જ મને સંતોષ થાય. બાકીનું કાલે ખરીદી લાવજો.'

ને એમ દેસાઈજી ને સીમાના વિવાહની વિધિ પતી ગઈ. ભાઈના ગોઠિયાઓએ વાત વહેતી કરી દીધી હતી કે અવસરમાં કશી બબાલ ભાઈ ચલાવી લેશે નહીં એટલે બધા મહેમાનોને આડકતરું સૂચન મળી ગયું હતું એટલે બધાએ ખાવા પીવામાં સંયમ પાળ્યો હતો. જો કે એમનેય જ્યારે બધી વાતની ખબર પડી ત્યારે એમનેય લાગ્યું કે દેસાઈજીના મોભા પ્રમાણેનો અવસર ભાઈએ ઉજવી બતાવ્યો હતો.

આનાથી લગ્ન વખતે કેવો ભભકો કરવામાં આવવાનો હતો અને પોતે કેમ વર્તવાનું હતું એય એમની સમજમાં આવી ગયું હતું.

વિવાહનો અવસર પત્યો કે બધાં લગ્નની તૈયારીમાં પડ્યાં. લગ્નમાં મનવંતને તો દમણમાં નવા જ થયેલા પોતાના ચાર દોસ્તો સિવાય કોઈને બોલાવવાના હતા જ નહીં. એણે એમને કંકોતરીઓ અને સાથે કાર્ડ લખી નાંખ્યાં ને પછી શાંતિથી પોતાનાં થવાનાં લગ્નની તૈયારીઓ જોઈ રહ્યો. ભાઈના દોસ્તો ભલે માથાભારે હતા પણ એમને કોઠાસૂઝ ઘણી હતી.

ને ભાઈની છાપ પણ એવી કે કોઈનેય કશું કામ સોંપવું હોય તો પેલો અડધે સંદેશે દોડતો આવે. મંડપ, વાજાં, વરઘોડા માટે બગી જમણવારનું કેટરીંગ બધાનાં જેને કામ અપાયાં એમાંના કોઈએ કિંમતની કે એડવાન્સની વાત કરી ન હતી. અરે, કેટલાક તો પોતાને બદલે બીજાને કામ કેમ સોંપ્યું એની ફરિયાદ કરવાય ભાઈ પાસે આવ્યા હતા ને! ભાઈને માટે કામ કરીને કાયમ માટે ભાઈની ઓથ મેળવી લેવાના હેતુવાળા આવા કેટલાય લોકો હતા. બધાને કોઈ ને કોઈ પ્રસંગે ભાઈની ઓથની જરૂર પડતી જ હતી.

લગ્નના ચાર દિવસ પહેલાં જ મનવંતના ચારેય દોસ્તો ને દમણથી રતન મહારાજ આવી ગયા હતા એટલે મનવંતે ભાઈને પોતાનો મુકામ કોઈ હોટેલમાં લઈ જવાનું સૂચવ્યું. ભાઈ કહેઃ 'તમારી વાત મને સમજાય છે પણ તમે કોઈ હોટેલમાંથી ઉઘલીને પરણવા આવો એ બરાબર લાગે નહીં. મારા એક દોસ્તનો બંગલો ખાલી પડ્યો છે. તમને

એની ચાવીઓ અપાવી દઉં. જમવાનું ઘેરથી આવી જાય એવી ગોઠવણ મારો માણસ કરી દેશે.'

'મારા મહારાજ આવી ગયા છે એટલે જમવાનું તો એ બનાવી લેશે.'

'એમને રસોડાની બધી સામગ્રી લાવતાં ને બધું ગોઠવતાં આખો દિવસ લાગી જશે. એના કરતાં હું કહું છું એ જ વધારે સારું છે. મહારાજને શાંતિથી લગન મહાલવા દો. મારા એક બે માણસોને તમારી સેવામાં મૂકી દઈશ એટલે તમને કશી અગવડ નહીં પડે.' ભાઈએ કહ્યું.

મનવંતનેય એમની વાત બરાબર લાગી એટલે તેણે એમાં સંમતિ આપી. ને લંચ પતાવી મનવંત પોતાના ચાર દોસ્તો ને મહારાજ સાથે એ નવા બંગલામાં આવી ગયો. ભાઈના બે માણસો એમની સેવામાં આવી ગયા હતા એમની સાથે ભાભીએ સોડા લેમનની બોટલો ને નાસ્તાની કેટલીય વાનગીઓ મોકલી આપી હતી.

સાંજે ભાઈનો મોકલ્યો માળી આલબમ સાથે આવી પહોંચ્યો ને ઉઘલવાના હાર કલગીની મનવંતની પસંદગી પૂછી ગયો. યાક્સમાંથી કપડાં આવી ગયાં હતાં પણ મનવંતે હજુ પહેરી જોયાં ન હતાં. હવે પોતાના દોસ્તો આવી ગયા હતા ને સ્વતંત્ર બંગલો રહેવા મળ્યો હતો એટલે એણે એ કપડાં પહેરીને દોસ્તોનો અભિપ્રાય જાણવા પૂછ્યુંઃ 'કહો, સૂટ બરાબર છે?'

'તારા જેવા શોખીન ને પૈસાદાર માણસને તો ભાઈ, યાક્સનું નામ પોસાય. તું કાયમ દુબઈમાં રહે છે છતાં તને આવી જાણીતી જગ્યાની માહિતી કેવી રીતે મળી જાય છે?' એક દોસ્તે કહ્યું.

'એ જ જોવાની વાત છે. જો શોખ કરવો તો પૂરો કરવો નહીં તો ન કરવો. જેમ તમે દમણમાં આલ્ફાન્ઝોની બ્રેડ અને સુરતમાં દામોદરની જ ધારી પસંદ કરો છો તેમ દુનિયામાં ઘૂમતાં મેં શહેરેશહેરની જાણીતી જગ્યાઓનાં નામ મારા મનની ડાયરીમાં નોંધી રાખ્યાં છે.' મનવંતે ગર્વથી કહ્યું. ભાઈનો સાથ મળતાં એ હવે પૂરો મનવંત દેસાઈ બની રહ્યો હતો.

'એવા શોખ તને જ પોસાય. અમારે તો ગામના દરજી પાસે એક સ્યૂટ બનારાવવું હોય તોય બે વાર વિચાર કરવો પડે.'

'ને એના જેવો બંગલો બનાવરાવવો હોય તો?'

'તો તો મારે બે વખત જનમ લેવો પડે.'

'એનું તો મારેય એવું જ છે. એ બંગલો તો બાપાએ બનાવેલો બાકી મારે એવો ખાલી પ્લોટ લેવો હોય તોય મારા ખિસ્સાનું તળિયું આવી જાય.' મનવંતે કહ્યું.

'લે, એવી બનાવવાની વાત ન કરીશ. આવા સધ્ધર ઘરવાળાએ એમની છોકરી આપતા પહેલાં તારી ચકાસણી કરી હશે ત્યારે એમને એવું નહીં જ લાગ્યું હોય. આખી દુનિયામાં ઘૂમ્યા કરે છે તે વગર પૈસે ઓછું થાય છે?'

'તારે આટલાં ઓળખાણ છે તો કોઈ ફિલ્મના મેકઅપવાળાનુંય નામ તારી ડાયરીમાં હશે જ ને! કાલે તને તૈયાર કરવા ને તારી હેરસ્ટાઈલ માટે એવા કોઈકને બોલાવી લઈએ. જો કે તારી કાયમની ટાપટીપ એવી છે કે એને માટે બહુ કામ બાકી રહે નહીં. છતાં એનાથી તને નવી રીતે તૈયાર થઈ ઊઘલવામાં મઝા પડશે.'

'તેં એ સારું તાદ દેવડાવ્યું. આજ સુધી મારે એવી જરૂર પડેલી નહીં એટલે એવા કોઈ માણસોનાં નામ મારી ડાયરીમાં નથી પણ એ મેળવવાં અઘરાં નથી.' કહેતાં એ બહાર ગયો ને ભાઈના એક માણસને એવા માણસને કાલે બપોરે બોલાવી લાવવાની સૂચના આપી.

સાંજના હોટેલમાંથી એમની પસંદગીનું જમવાનું આવી ગયું હતું એટલે બધા જમવા ગોઠવાયા ત્યાં આલબમ સાથે એક મેકઅપ મેન તથા હેરસ્ટાઈલિસ્ટ આવી પહોંચ્યા. મનવંતે એમને બેસવા જણાવ્યું ને ભાઈના માણસને એમને જે જોઈએ તે પીણાં તથા નાસ્તો આપવાની સૂચના આપી.

જમવાનું પતાવી બધા એ લોકો પાસે આવ્યા. મનવંત કહેઃ 'જુઓ, સોમવારે સાંજના સાતેક વાગ્યે મારો

વરઘોડો છે. મારા આ દોસ્તોએ વાત કરી ત્યારે જ મને વિચાર આવ્યો કે તૈયાર થવામાં તમરા જેવા જાણકાર માણસોની મદદ લીધી હોય તો વધારે સારું. સોરી મારે તમને વહેલાં કહેવું જોઈતું હતું. પણ વાંધો નહીં, તમારો જે ચાર્જ હશે તે હું તમને રોકડો જ આપી દઈશ. કહો તમે મારા પર તમારી કલાની કેવી તરકીબો અજમાવવા માગો છો?'

'જુઓ ભાઈ, અમે તો ફિલ્મના એક્ટરોનાં બગડી ગયેલાં મોં પર રંગના લપેડા કરવાના એક્સપર્ટ છીએ. પણ તમને જોયા પછી લાગે છે કે તમે તો વગર મેકઅપેય ફિલ્મના સેટ પર ટેક આપી શકો એમ છો. પણ તોય તમે મન કરીને અમને આવો ચાન્સ આપો છે તો અમે અમારી કલાનો કસબ જરૂર અજમાવીશું. બાકી તમારા ગાલ પર એક કાળું ટપકું કરવાનું જ બાકી છે.'

'અમે ચારેક જણ સોમવારે બપોરના બે વાગ્યાથી જ અમારાં સાધનો લઈને આવી પહોંચીશું. પહેલાં તમારી હેરસ્ટાઇલ કરીશું પછી એક તરફ મેકઅપ અને બીજી તરફ નેઈલનું કામ ચાલુ કરીશું.' બીજાએ કહ્યું.

'એમાં નેઈલ કરવાની શી જરૂર છે?'

'જુઓ સાહેબ, તમારા જેવા સોહામણા માણસને વધારે સોહામણો કેમ દેખાડવો એ એક આગવી કળા છે. અમે તમને તૈયાર કરી લઈએ પછી તમે જ કહેશો કે તમે અત્યારના કરતાં પાંચ વરસ વધારે જુવાન લાગો છો. ને એનો સાચો અનુભવ કરવો હોય તો એકાદ કલાકની મૂવી બનાવી લેવડાવો સાહેબ તો આખી જિંદગીનું સંભારણું બની રહે. કહો તો એનીય વ્યવસ્થા કરી દઈએ ને કેમેરા મેનનેય સાથે લેતા આવીએ.'

મૂવીની વાત પેલા દોસ્તોને તો તરત ગળે ઊતરી ગઈ મનવંતનેય એ ગમી ગઈ પણ એ ખર્ચનો વિચાર કરી રહ્યો. ત્યાં ભાઈને એના માણસે મેકઅપવાળાને બોલાવ્યાની વાત કરી હશે તે ભાઈ પણ એમાં આગળ કશું થયું કે નહીં એ જાણવા આવી પહોંચ્યા. વરઘોડાની ને લગનની ફિલમ ઉતારવાની વાત જાણી એમણે તરત ફોન જોડ્યોઃ 'હાલો દત્તા, મારી કંકોત્રી તો મળી છે ને!... આવવાનો તો હોઈશ જ ને! પણ જો બેનના મેકઅપ માટે કાલે જે કરવું જોઈએ એની તૈયારી કરવા માંડ ને બે પૂરાં ફિલ્મ યુનિટ, એક વરરાજાના ઉતારા પર અને એક આપણે બંગલે મોકલી આપવાની વ્યવસ્થા કરી દેવાની છે. પૂરા વરઘોડાની ને લગ્નની ફિલ્મ ઉતારવાની છે. થઈ શકશે કે પછી મનોહરને કહું?'

પેલો કહેઃ 'ભાઈ, તમે કહ્યું એટલે માનો કે થઈ જ ગયું. ભાઈ, આપણો આટલો સંબંધ હોય ને મનોહરને કહેવાનું હોય? મને પહેલાં કેમ એવો વિચાર નહીં આવેલો એનો જ મને અફસોસ થાય છે. અહીં વરલીમાં મારો સેટ લાગેલો છે ને શૂટીંગ ચાલુ જ છે. બધું પેકઅપ કરાવીને હું પાંચ સાત માણસો સાથે હમણાં જ આપને બંગલે આવી પહોંચું છું ને સોમવારના અવસર માટેની તૈયારીઓ આજથી જ શરૂ કરાવી દઉં છું.'

પેલા દોસ્તો તો ભાઈની વાત સાંભળતાં જ મનવંતના લગ્નની ફિલ્મમાં આવવા થનગની રહ્યા. ત્યાં પેલા બેમાંના એકની નજર મહારાજ પર પડીઃ 'આ તમારા વડીલ છે ને?'

મનવંત કહેઃ 'વડીલથીય વધુ.'

'એમને માટે વરઘોડાનાં કપડાં તૈયાર હશે જ. પણ હું માનું છું કે એમને માટે ગુજરાતી પાઘડી, લાંબો કોટ અને ચાંદીની મૂઠવાળી લાકડી જેવો પોશાક બહુ શોભશે.'

'તમે કહો છો ત્યારે મનેય એમ લાગે છે. પણ હવે શું થઈ શકે?'

'તમને એ યોગ્ય લાગતું હોય તો એની વ્યવસ્થા થઈ જશે. અમારા ચાલુ પિક્ચરમાં અમદાવાદી શેઠિયાનો એક રોલ આવે છે એને માટેનો પોશાક હજુ હમણાં જ તૈયાર થઈને આવ્યો છે.' પેલાએ કહ્યું. ભાઈની દત્ત ા સાથેની વાત સાંભળીને બાકીનું બધું સમજી ગયેલા માણસે કહ્યું.

'જો થઈ શકે એમ હોય તો એવી વ્યવસ્થા કરો. ખર્ચની ચિંતા ન કરતા.' મનવંત પણ ભાઈની વાત સમજી ગયો હતો એટલે બોલ્યો.

◇

ને સોમવારે દિવસના બાર વાગ્યાથી જ મનવંતનું મેકઅપ કરવાવાળા આવી પહોંચ્યા. હવે મનવંત એમના હાથમાં હતો. એમણે મનવંતની દાઢી કરવાથી માંડીને વાળ ધોવાની વિધિ પોતાની રીતે નવેસરથી કરી. પછી હેર ડ્રાયરથી એના વાળ કોરા કરી એને પોતાની કલ્પના મુજબ હોળવા માંડ્યા. હેર ડ્રાયર અને કાંસકાની મદદથી એકે એક વાળને કલાત્મક રીતે સમાર્યા પછી એણે ઉપર પંપથી એક સુગંધિત પ્રવાહી છાંટ્યું.

એના મોં પર બેઈઝ લગાડી બરાબર માલિશ કર્યા પછી પાવડર અને રૂઝનું હળવું લેયર કાળજીથી લગાવ્યું. પેલા દોસ્તો અને મહારાજ તો આ આખી પ્રક્રિયા અવાચક બનીને જોયા જ કરતા હતા.

નેઈલવાળીએ મનવંતના નખ બારીકાઈથી કાપીને ઝીણી ફાઈલથી આગળની ધારો અને નખના ઉપરના ભાગને કલાક સુધી સમાર્યો. પછી એના પર પારદર્શક પ્રવાહીનું પડ ચડાવ્યું. પછી પંપથી હવાથી ઠારીને મનવંતની સામે ધરતાં પૂછ્યુંઃ 'હવે કહો સાહેબ, કેમ લાગે છે?'

બધું પત્યા પછી મનવંતે જ્યારે અરિસામાં જોયું તો એને મેકઅપના આ મહારથીઓએ પોતાના મોં પર કરેલા કસબનો ખ્યાલ આવ્યો. એ પોતે જ પોતાના આ નવા રૂપ પર આફ્રિન થઈ ગયો.

પછી મહારાજ પેલાં આવેલાં કપડાં પહેરીને બહાર આવ્યા એટલે એમનું મેકઅપ શરૂ થયું. મહારાજ તો ગભરાઈ ગયા. એ કહેઃ 'ભાઈ, મને તૈયાર કરવાનો ન હોય. તમારા બધાના કહેવાથી હું આ નવાં કપડાં પહેરીને તૈયાર થયો છું એ ઘણું છે.' પણ પેલા એમ માને એમનેય થોડા રંગરોગાન કરવામાં આવ્યાં. પછી પેલા ત્રણ દોસ્તોનાં મોંનેય જરૂરી ઑફ્ટ આપવામાં આવ્યો. ને હેર ડ્રેસરે એમને પટિયાં પડી આપ્યાં ને ઉપર પ્રોટેક્ટીવ કોટ પણ છાંટી આપ્યો.

'હવે જ્યાં સુધી તમે હાથ ફેરવીને બગાડશો નહીં ત્યા સુધી તમારા વાળ પવનમાંય ઊડશે નહીં ને આમ જ ગોઠવાયેલા રહેશે.' પેલાએ કહ્યું.

આ બધું પત્યું એટલે મૂવીવાળા પાછળ પડી ગયા. એમણે કેટલાય એંગલથી મનવંતના સ્ટિલ ફોટા પાડી લીધા. એના દોસ્તો તથા મહારાજનાય ફોટા પાડ્યા.

ત્યાં ગોર મહારાજ અને એમની સાથે જરૂરી સામગ્રી લઈને બે માણસો આવી પહોંચ્યા. એમણે પળવારમાં બધું ગોઠવી દીધું ને મહારાજે પોતાની વિધિ શરૂ કરી. એની સાથે મૂવીવાળાએ મૂવી ઉતારવી શરૂ કરી. વરઘોડા માટે ફૂલોના શણગારના ભારથી લચી પડતી બગી આવી ગઈ ને મનવંત દેસાઈ ઉઘલ્યા. મનવંત તરફથી તો એના ચાર દોસ્તો ને મહારાજ સિવાય બીજું કોઈ હતું જ ક્યાં? પણ વરઘોડો શરૂ થતાં જ કોણ જાણે ક્યાંથી દસ પંદર કારો આવી ગઈ ને એમાંથી ઊતરીને કેટલાય માણસો વરઘોડામાં સામેલ થઈ ગયા. ઘડીકમાં તો સો કરતાંય વધુ માણસો એકઠા થઈ ગયા હતા.

આગળ બેન્ડ વાજાં, પછી આ સાજન-માજન ને એની પાછળ એક ટ્રકમાં ફિલ્મ યુનિટ. દત્તાના માણસો કશી કસર છોડવા માગતા ન હતા. એમણે મનવંતના ક્લોઝપ લીધા તો એના દોસ્તો ને અમદાવાદી શેઠિયા જેવા શોભતા મહારાજનાય લીધા. તો કયારેક પેલા સાજનિયાનાય લીધા. મંડપ બહુ દૂર ન હતો તોય ત્યાં પહોંચતાં વરઘોડાને દોઢ કલાક લાગ્યો એટલી મેદની વરઘોડો જોવાવાળાનીય ભેગી થઈ ગઈ હતી.

વરને પોંકવાની વિધિ ચાલતી હતી ત્યાં ભાઈ મહારાજ પાસે પહોંચી ગયા ને એમને હેતથી ભેટ્યા. 'આવો, પધારો.' એમણે એમને આવકાર્યા ને બીજા મહેમાનોને એમની ઓળખાણ કરાવી. 'આ દેસાઈજીના વડીલ છે. એમણે જ દેસાઈજીને નાનપણથી ઉછેર્યા છે.'

એમણે મહારાજને માનથી બેસાડ્યા ને એક માણસને એમનું ધ્યાન રાખવાનું સોપી એ બીજા મહેમાનોને આવકારવાના કામમાં ગુંથાયા.

બે ફિલ્મ યુનિટ ભેગાં થઈ ગયાં એટલે એક મહેમાનો ને અન્ય વ્યવસ્થાનું ફિલ્મીંગ કરવામાં ગોઠવવામાં આવ્યું ને બીજું લગ્નની વિધિ પર કેન્દ્રિત કરવામાં આવ્યું. પોતાના તરફ કેમેરા તકાતાં કેટલાક પોલીસ અધિકારીઓ ને ઊંચા હોદ્દાવાળા સરકારી અમલદારો મોં સંતાડવા માંડ્યા. કેટલાકે તો ભાઉનું ધ્યાન દોર્યુંય ખરું કે એમને ત્યાં પોતાની હાજરીની નોંધ લેવાય તો ભવિષ્યમાં એમને માથે સંકટ ઊભું થાય એમ છે.

ભાઉએ એમને હૈયાધારણ આપીઃ ‘મૂવીને પૂરતી એડિટ કરીને જ ફાયનલ કરવામાં આવવાની છે એટલે ગભરાવાની જરૂર નથી. તમને ઉઘાડા પાડીને મારેય તમારી ઓથ ખોવાની થાય એમ છે એ કેમ ભૂલી જાવ છો? ને જ્યારે એડિટ કરીશું ત્યારે તમારે હાજર રહેવું હોય તો તમને બોલાવીશું, બસ?’

લગ્ન જેમ આયોજન હતું તેમ વિના તકલીફે પાર પડ્યું. ભાઈના સાગરિતોને પોતાની કાયમી રીતને બદલે આવી સૌમ્ય રીતે વર્તતા જોઈ કેટકલાકે મનમાં કહ્યુંય હશેઃ ‘એમને આવી રીતભાત શિખવતાં ભાઈને પગે પાણી આવ્યાં હશે.’ ગમે તેમ પણ એમણે ભાઉને હિસાબે નહીં પણ દેસાઈજીને હિસાબે અવસરની વ્યવસ્થા જાળવી બતાવી હતી.

અવસર પત્યે બધું પેકઅપ કરવાની સૂચના આપી દત્તા ભાઈ પાસે આવ્યોઃ ‘ભાઈ, પંદર દિવસમાં આપને મૂવી આપી જઈશ.’

‘અલ્યા, પંદર દિવસમાં તો મારાં બેન બનેવી દુબઈ પહોંચી ગયાં હશે. મારે એક અઠવાડિયામાં તૈયાર જોઈએ. ને હા, એનું એડિટીંગ કરતી વખતે મારે હાજર રહેવું પડશે. કેટલાક મોટા માણસોની હાજરી એમાં બતાવવાની નથી. તું સમજ્યો ને?’

‘એ તો થઈ જશે પણ ભાઈ ફિલ્મને ધોવાઈને આવતાં જ એક અઠવાડિયું લાગી જશે.’

‘એનો હું ઉપાય કરી દઉં. બળદેવ આટલામાં જ હશે એને મારી પાસે મોકલ એટલે એને કહી દઉં, પછી છે કાંઈ?’

‘જો એ બે દિવસમાં ધોઈને આપી દે તો અઠવાડિયામાં એડિટ કરીને આપને ફાયનલ પ્રિન્ટ આપી દઉં.’

‘એ થઈ જશે. હું એને કહી દઉં છું એટલે બધાં કામ પડતાં મૂકીને આ કામ સવારથી જ હાથ પર લઈ લેશે.’

અનુક્રમ→

## ૧૯ સમાન્તર કથા

લગ્ન પત્યે સીમા અને મનવંત દમણ હનીમૂન પર રવાના થયાં. એમણે રૂપલને સાથે લઈ જવા બહુ દબાણ કર્યું પણ એ ન માની છેવટે ભાઈએ હુકમ કર્યો ત્યારે એ તૈયાર થઈ. મનવંત કહેઃ ‘અમે જ જ્યાં દમણ કાયમ રહેવાનાં નથી ત્યાં તને ક્યાં સાથે રાખી લેવાનાં હતાં કે આટલી ગભરાય છે? જો તું દુબઈ આવી તો તને ત્યાં જ રાખી લઈશું એ નક્કી.’

મનવંતે નીકળવાનો દિવસ નક્કી કર્યો હતો પણ ભાઈના એક ખાસ દોસ્તદારને ત્યાં જમ્યા સિવાય ચાલે તેવું ન હતું એટલે ભાઈએ એમને એક દિવસ વધારે રોકી રાખ્યાં.

પણ કુદરત રૂપલ માટે બીજું જ વિચારતી હતી. મનવંતે દમણમાં જે બેચાર દોસ્તો કર્યા હતા અને જેમને લગ્નમાંય બોલાવ્યા હતા એમાં એક સુરતના હીરાના વેપારીનો દીકરો શૈલ પણ હતો. એ દમણ દોસ્તો સાથે ફરવા આવેલો ને મનવંતને ભેગો થઈ ગયો હતો. બેચાર દિવસના ઓળખાણમાં જ એને મનવંત સાથે દોસ્તી થઈ ગઈ હતી. મનવંતે લગ્ન વખતે એને કહ્યું હતુંઃ ‘જો હું લગ્ન પછી ઈંડિયામાં બહુ રોકાવાનો નથી. અમે હનીમૂન માટે બહાર જવાને બદલે દમણમાં જ રહેવાનાં છીએ તો તુંય દમણ આવી જજે. મઝા કરીશું.’

‘પણ તું હનીમૂન પર હોય ને હું ક્યાં વચમાં અટવાયા કરું?’

‘મારો બંગલો તો તેં જોયો જ છે ને! એમાં પંદર માણસને રહેવું હોય તોય જગ્યાની તંગી પડે તેમ નથી. ને મહારાજ જમવાનું બનાવે છે એટલે તારી અમને કશી ગોદ પડવાની નથી કે તનેય અટવાવા જેવું લાગવાનું નથી. એટલે અમે ત્યાં પહોંચીએ એને બીજે દિવસથી જ તું આવી જજે.’

શૈલને આ આમંત્રણ આપ્યું ત્યાં સુધી મનવંતને રૂપલનો કશો વિચાર આવેલો નહીં પણ કુદરત એનો ખેલ ખેલ્યા કરતી હતી. સીમા, મનવંત અને રૂપલ દમણ પહોંચ્યાં ત્યાં શૈલ એમની રાહ જોતો બંગલામાં જ બેઠો હતો. સીમા અને મનવંતની સાથે રૂપલને આવેલી જોતાં એની આંખો ચાર થઈઃ ‘અલ્યા, મને તો એમ હતું કે તું સીમા સાથે જ પરણ્યો છે? પણ તું તો જાત પર ગયો. તમારા નાગરમાં તો કેટલાય દેસાઈ બેબે બૈરીવાળા હોય છે.’

‘કોઈને ખોટું લાગે એવું શું બોલતો હોઈશ? હું પરાણે એને થોડા દિવસ સીમાની સાથે રહેવા મનાવી લાવ્યો છું. જેમ મારે તારી કંપની એમ સીમાને એની કંપની રહેશે.’

‘સોરી દોસ્ત, ને સોરી મેમ. મારો સ્વભાવ જ એવો એટલે મજાક થઈ જાય છે. તમે મારા બોલવાનું ખોટું ન લગાડતાં નહીં તો મારે કાલે જ મારાં બીસ્તરા પોટલાં બાંધવાં પડશે.’

ત્યાં રતન મહારાજ સાંજના જમણ માટે પૂછવા આવ્યા. મનવંત કહેઃ ‘હવે ઘરની રાણી આવી ગઈ છે એટલે એને જ પૂછો. એ કહે એ બનાવજો પણ મહેરબાની કરીને કંસાર ન બનાવતા. છેલ્લા એક મહિનાથી હું એ ખાઈને ઉબાઈ ગયો છું.’

‘પણ તમે પરણીને પહેલી વખત ઘેર આવ્યા એટલે કંસાર તો જમવો જ પડે. હું ગોળનો એવો સરસ કંસાર બનાવીશ કે બધાને હોઠે વળગશે.’

મહારાજ ગયા એટલે શૈલ કહેઃ ‘આ મહારાજ તમને હોઠે લાગે એવો કંસાર બનાવશે તો તમારે તો એકબીજાના હોઠ પરથી ચાટવાની મઝા પડશે, પણ —’ પણ ત્યાં તો શરમાઈને રૂપલ રસોડામાં મહારાજ પાસે પહોંચી ગઈ હતી.

‘તું પેલીને શરમાવે છે.’ મનવંતે કહ્યું.

‘મેં એને ક્યાં કશું કહ્યું છે? હું તો તમારાં બે જણની વાત કરતો હતો.’

'પણ તેં જે નહોતું કહ્યું એ સમજી જતાં એ ભાગી ગઈ ને!'

'તમે બેય આવું કર્યા કરશો તો એ બિચારી બે દિવસમાં જ મુંબઈ જવાની હઠ પકડશે.' સીમા વચમાં પુરાઈ.

'જાવ ભાભી, તમે એને સમજાવી દો કે એને હોઠે કંસાર ચોંટશે તોય મને એમાં રસ નથી.'

'હુંય કંટાળી તમારી આવી બેશરમ વાતોથી. પછી પેલી બિચારીની શી દશા થાય?' કહેતાં સીમાય રસોડામાં પહોંચી ગઈ.

'એ છોકરીને લગ્ન વખતે જોઈ હતી. કોણ છે એ?' શૈલની ઉત્સુકતા બોલી.

'એ સીમાની ખાસ બેનપણી છે. એના બાપ કોઈ ફેક્ટરીના માલિક છે એટલું જાણું છું. તને એનામાં રસ પડવા માંડ્યો કે શું?'

'નારે, સારી છોકરી છે. એ અહીં રહે એ દરમિયાન એને વિશે વિચારવામાં શું જાય છે? એ દોસ્તી કરવા જેવી હશે તો મને દોસ્તી નિભાવતાં આવડે છે.'

અંદર સીમા રૂપલને કહેતી હતીઃ 'શૈલ બોલે એનું કશું માઠું ન લગાડતી. એને મશ્કરી કરવાની ટેવ છે પણ એનો સ્વભાવ સારો છે.'

'પણ કેવું બોલે છે? આપણે તો શરમાઈ જ મરીએ. હું તો તમે લોકો ઘરમાં હો ત્યાં સુધી અહીં દાદાની પાસે રહી કશુંક બનાવતાં શીખીશ.'

'એમ તો મનવંત તને એકલી નહીં રહેવા દે. પણ તારા ગયા પછી એણે શૈલને હવે સંયમથી બોલવાનું કહી જ દીધું છે.' સીમાએ રૂપલને હૈયાધારણ આપી. છતાં રૂપલનો ક્ષોભ ઓછો થયો હોય એમ ન લાગ્યું.

બીજે દિવસે ચાના સમયે શૈલ કહેઃ 'મારાથી કાલે આ બેયની ખોટી મશ્કરી કરાઈ ગઈ. પણ એ સીમાનાં દોસ્ત રૂપલબેનને ન ગમી. એમને પોતાની સખીનું લાગી તો આવે જ ને! વાંધો નહીં હવે હું બોલવામાં કાળજી રાખીશ. એ બેય જણાં જે સીસકારાથી ચા પીએ છે એ જોઈ મને એક જોક કરવાનું મન થાય છે છતાં રૂપલબેનનો ખ્યાલ રાખીને હું એ જોક નહીં કરું.'

'કૂતરાની પૂછડી સીધી થતી હશે કદી?'

'જેટલી થાય એટલેથી મન મનાવવાનું, બીજું શું?' શૈલ બોલ્યો.

'પણ થોડીય સીધી થઈ હોય તો મન મનાવાય ને!'

પણ અત્યારે રૂપલ રસોડામાં ન ભાગી ગઈ. એણે મનથી નક્કી કરી લીધું હતું કે એવું ખોટું શરમાવાનું કે ગભરાવાનું પરવડશે નહીં. પડશે એવા દેવાશે. પોતેય મુંબઈમાં ઉછરેલી હતી, એમ ગભરાઈ જાય તેવી ક્યાં હતી? પણ હજુ એ શૈલને સામો ઉડાવવા જેટલી હિંમત કરી શકે તેમ ન હતી. થોડો વધારે પરિચય થયા પછી એય થઈ જશે, એણે મન મનાવ્યું.

પેલાં બે હનીમૂનિયાં આ બેને અને ખાસ તો રૂપલને એકલું ન લાગે એની કાળજી રાખતાં હતાં છતાં એ કાંઈ કાયમ એની સાથે તો ન રહી શકે ને! નવરી પડતાં રૂપલ મહારાજ પાસે રસોડામાં પહોંચી જતી હતી. એને રસોઈ શિખવામાં દિલચસ્પી હતી એના કરતાં શૈલથી દૂર રહેવામાં વધારે હતી.

શૈલ રૂપાળો હતો, ધનિક બાપનો દીકરો હતો અને હસમુખો હતો. એ કોઈને પણ ગમી જાય એવો હતો અને એટલે જ રૂપલ એનાથી દૂર ભાગતી હતી. એને લાગતું હતું કે પોતે જો એની સાથે પરિચય વધવા દેશે તો એના પ્રેમમાં પડી જશે. પ્રેમમાં પડવામાંય એને વાંધો ન હતો. સીમા પરણી ગઈ અને દુબઈ જતી રહેવાની હતી એય એક કારણ હતું તો ઉંમરનો પણ તકાદો હતો. પણ હજુ શૈલનો એને ખાસ પરિચય પણ ન હતો ને.

તો મનનો બીજો ખૂણો તેને કહેતો હતોઃ 'આમ અળગી રહીને ને તો તું કોઈની સાથે પરિચય કેળવી જ

કેવી રીતે શકશે? મનવંતે તે દિવસે મજાક કરી હતી ને બુરખો પહેરીને સ્વિમિંગ કરવાની. તું એવું જ કરી રહી છે.'

'એવું કરતી હોઉં તોય એમાં ખોટું શું છે? એમ થોડા અમથા પરિચયે એની સામે નફ્ફટ થઈને બોલતાં મારું તો જિગર જ ન ચાલે.'

'કાંઈ વાંધો નહીં હજુ તો અહીં પંદર દિવસ રહેવાનું છે ને.' પેલું મન ટકોર કર્યા સિવાય ન રહ્યું.

નાહીને પરવાર્યા પછી શૈલ કહેઃ 'હું બજારમાં જાઉં છું. કોઈને કશું લાવવું હોય તો.'

'મારે_' કહી રૂપલ અટકી ગઈ. એનાથી બોલતાં તો બોલાઈ ગયું પણ એવી શરમાઈ ગઈ કે સીધી રસોડામાં મહારાજ પાસે પહોંચી ગઈ. એને દમણ આવતાં છેલ્લી મિનિટે તૈયાર થવું પડ્યું હતું એટલે ઉતાવળમાં એ બ્રા લાવવાનું જ ભૂલી ગઈ હતી. સીમાનું ને એનું માપ સરખું ન હતું એટલે એની પાસેથી માગીને ચલાવી શકાય એમ તો હતું જ નહીં. એણે આજે તો ગઈકાલની પહેરેલી બ્રા પહેરી હતી પણ દસપંદર દિવસ તો એ ન જ ચાલે. પણ શૈલની પાસે એ મંગાવાય એમ પણ ક્યાં હતી?

પણ શૈલ એને એમ છોડે તેમ કયાં હતો? એ એની પાછળ જ રસોડામાં આવ્યોઃ 'ઓ કે મેમ, બોલો તમારે માટે શું લાવવાનું છે બજારમાંથી?'

'કાંઈ નહીં. એ તો હું ને સીમા સાંજનાં બહાર જવાનાં છીએ ત્યારે લઈ લઈશું.' રૂપલે તેને ટાળવા પ્રયત્ન કર્યો.

'તો તમને એમ છે કે હું તમારી જેમ કસીને નહીં લાવું ને વધારે પૈસા આપી દઈશ? પણ હુંય વેપારીનો દીકરો છું. કદાચ હું તમારા કરતાં બધારે કીફાયત ભાવે લઈ આવીશ. બોલો, શું લાવવાનું છે?'

છેવટે બહુ વિચાર કર્યા પછી એ બોલીઃ 'એમાં પસંદગીનું ફેક્ટર તમે વિસરી ગયા. એમ કરો હું તમારી સાથે આવું છું. પણ તમારે બોલવા પર કાબૂ રાખવો પડશે. તમે મને દમણ જનરલ પાસે ઉતારીને તમારા કામે નીકળી જજો. મને બધું જોતાં ને પસંદ કરતાં એકાદ કલાક તો થશે જ.'

'ચાલો, એ જ વધારે સારું પડશે. મનેય કોઈ વસ્તુ ખરીદીને પાછી આપવાનું કે બદલાવવા જવાનું પસંદ નથી. તમે તૈયાર થઈને આવો એટલે આપણે નીકળીએ.' કહી એ બહાર નીકળ્યો ને રૂપલ તૈયાર થવા ગઈ.

થોડી વારે બેય શૈલની કારમાં બજારમાં જવા નીકળ્યાં. દમણ જનરલ પાસે પહોંચી રૂપલની સાથે શૈલ પણ સ્ટોરમાં દાખલ થયો ને રૂપલ ગભરાઈ ગઈઃ 'તમે તમારા જેન્ટ્સ ડીપાર્ટમેન્ટમાં જાવ અને હું લેડીઝ તરફ જાઉં છું.' એણે કહ્યું.

'મારે કશું ખરીદવાનું છે જ નહીં. હું બાજુમાં ઊભી રહીને જોઈશ. તમે તમારી રીતે પસંદ કરજો.'

'ના એવું કશું કરવાની જરૂર નથી. તમે ઉપરથી જોતા હો તો બધો ચાર્મ જ માર્યો જાય. તમે એમ કરવા માગતા હો તો ચાલો, ઘેર પાછા મારે કશું નથી ખરીદવું.' રૂપલે તોછડાં થઈ કહી દીધું એટલે ના છૂટકે શૈલને જેન્ટ્સ તરફ જવું પડ્યું.

એને રૂપલનું આવું વર્તન ગમ્યું હોય એમ ન લાગ્યું. શૈલ દૂર ગયો એટલે રૂપલે ઝડપથી પોતાની પસંદગી કરી લીધી ને બિલ બનાવરાવી પૈસા પણ ચૂકવી દીધા. એણે અગમચેતી વાપરીને જાણે પોસ્ટમાં રવાના કરવાની હોય એમ બધી બ્રાનું એક પારસલ બનાવરાવ્યું.

પછી નિશ્ચિંત થઈ એ શૈલની રાહ જોવા લાગી. થોડી વાર પછી એ આવ્યો એટલે બેય બહાર નીકળ્યાં. શૈલ કહેઃ 'હવે હું તમારી પસંદગી જોઈ શકું?'

'ના, એ તો પારસલમાં પેક થઈ ગઈ છે. ઈટ ઈઝ સરપ્રાઈઝ આઈટેમ. તમે ખરાબ ન લગાડતા પણ મારે એમ કરવું જ પડે એમ હતું.

'ચાલો, તમને ગમ્યું એ ખરું. પણ જ્યારે બહાર નીકળ્યાં જ છીએ ત્યારે બજારનું એક ચક્કર મારતાં

જઈએ. હું તમને અહીંનો પ્રખ્યાત આઈસ્ક્રીમ ખાવા લઈ જાઉં.'

'મારે તમને વધુ નારાજ કરવા નથી એટલે હું એમાં વિરોધ નહીં કરું.'

'તમને ખબર છે કે હું કેમ બજારમાં જવાનું કહીને નીકળ્યો છું? તમે તો મહારાજ પાસે પહોંચી જાવ છો પણ હું શું કરું? મારે તો કાં તો સીટીંગ રૂમમાં બેસવું પડે કે મારા રૂમમાં પેસી જવું પડે. તોય પેલાં બે ને એમ લાગે કે હું બોર થતો હોઈશ એટલે એ મને શોધતાં મારી પાસે આવીને બેસે. એ લોકો હનીમૂન પર છે એટલે મારે એમને એકલાં છોડવાં જોઈએ. પણ હું ઘેર રહું તો એ એકલાં પડે જ નહીં.'

'સોરી, મને એવો વિચાર જ નહીં આવેલો. મારે લીધેય એમને એવું થતું જ હશે. તો બાર વાગ્યા સુધી આપણે બહાર રહીએ. તમે જ નક્કી કરો ક્યાં જઈશું?'

'પહેલાં આઈસ્ક્રીમ ખાઈએ. પછી તમને વાંધો ન હોય તો થોડું બોટિંગ કરી આવીએ. તમે કદી બોટિંગ કર્યું છે?'

'ના, એવો અવસર મળ્યો નથી.'

આઈસ્ક્રીમ ખાઈને પછી શૈલ કહેઃ 'તો ચાલો આજે તમને હું બોટની સહેલ કરાવું.' ને એણે કાર ડોક તરફ હંકારી, ને બેય જણાં એક કલાકની બોટની સફરે ઊપડ્યાં.

◇

વનમાળી અને એષણા ઈંગ્લેન્ડ જવા નીકળવાનાં હતાં એને આગલે અઠવાડિયે જ સાતેય બસો આવી ગઈ હતી. બસો આવી એટલે બીજે જ દિવસે રામજીશેઠના હસ્તે એનું ઉદ્ઘાટન કરાવવામાં આવ્યું. જુવાન વર્ગનો ઉત્સાહ એવો હતો કે દરેક બસની પહેલી સફરમાં એમાંના એકએક જણે મુસાફરી કરી. આમ કરતાં કામદાર વર્ગ તરફથી એમને જે આદર મળ્યો એનાથી એ લોકો પ્રભાવિત થઈ ગયા. આજ સુધી એમણે કોઈ કામદાર સાથે સીધો સંપર્ક રાખેલો જ ન હતો પણ આજે એમણે અનુભવ્યું કે એમની સાથે વાત કરવાથી કે એમની ખબર પૂછવાથી એ કેટલા ખુશ થઈ ઊઠતા હતા?

વનમાળીને સંતોષ થયો કે જુવાન વર્ગ ફક્ત બે મહિના જ આવો ઉત્સાહ ટકાવી રાખશે તો બસ સર્વિસની સાથે એ પણ સામાન્ય વર્ગમાં આદર પામતા થઈ જશે.

દામોદર શેઠ તો વનમાળી ને એષણાની વિલાયત જવાની વાત જાણી ત્યારથી જ કહેવા માંડ્યા હતાઃ 'મને તો એમ હતું કે તમારા બેની વચ્ચે હવે સુમેળ સધાઈ ગયો છે એટલે તમે મારો ધંધો સંભાળી લેશો ને મને નિવૃત્ત કરશો. પણ તમે તો આ વિલાયત જવાનું તૂત લઈ બેઠાં.'

'આપે આખી જિંદગી એ સંભાળ્યો છે તો છ મહિના વધારે. પાછા આવીને અમે બધું સંભાળી લઈશું. વિલાયત જવાની કે ત્યાં નોકરી કરવાની વાત આપને પછી સમજાશે. પણ અત્યારે તો અમને માફ કરો.'

'તમે તો નોકરી કરેલી છે એટલે તમને તો વાંધો નહીં આવે પણ એષણા તો અડધેથી થાકી જશે.' હસતાં શેઠે કહ્યું.

'પરાણે કરવી પડતી હોય તો થાકી જવાય પણ આ તો અમે નોકરી નહીં પણ એક પ્રયોગ કરીએ છીએ. એ અઘરો છે એટલે વસમું તો પડવાનું છે પણ અમે એમ થાકવાનાં નથી. અમારા આ સાહસથી અમદાવાદના આખા મીલ ઉદ્યોગને લાભ થશે એવી અમને શ્રધ્ધા છે.' એષણાએ મક્કમતાથી કહ્યું.

'હું આશા રાખું છું કે તમારા પાછાં આવતાં સુધી એષણાનો જુસ્સો આવો જ ટકી રહે.' શેઠે કહ્યું. આના પછીને અઠવાડિયે એ બેય ઈંગ્લેન્ડ જવા રવાના થયાં.

◇

શૈલની સાથે બોટની સફરમાં રૂપલને મઝા આવી. શૈલ સાથે વાત કરતાં એને જે ક્ષોભ થતો હતો એ ક્યાંય દૂર થઈ ગયો. એ વિચારવા લાગીઃ શૈલ સાથે દોસ્તી કરવામાં કશો વાંધો નથી. આમેય હજુ પંદર દિવસ

દમણમાં રહેવાનું ને પેલાં બેને એકાંત આપવા રોજને રોજ બહાનાં બતાવી બહાર નીકળી જવાનું હોય તો શૈલની કંપની ખોટી નથી. ને એમ કરતાં હરતાં ફરતાં મજાક-મસ્તી કરતાં ચારેક દિવસ પછી તો બેય એકબીજાને તું કારીને બોલાવતાં થઈ ગયાં.

એમને આમ રોજ બહાર ચાલ્યાં જતાં જોઈને એક દિવસ સીમાએ રૂપલને કહ્યું: 'રોજે રોજ બહાર જઈને તમે બેય કરો છો શું? કે શૈલે તને ઘેલી કરી દીધી છે?'

'તને તો એવું જ લાગવાનું પણ અમે તમને બેયને એકાંત આપવા માટે નવાંનવાં બહાનાં બતાવીને બહાર નીકળી જઈએ છીએ એવું તને કેમ નથી સમજાતુ?'

'એમ વાત છે? મને તો એમ લાગતું હતું કે તારી અને શૈલની વચ્ચે દોસ્તી જામી ગઈ છે. અમારે કારણે તારે પરાણે શૈલ સાથે બહાર નીકળી જવું પડતું હોય તો એમ ન કરતી.'

'દોસ્તી નથી થઈ એમ પણ ન કહેવાય. અમે રોજ જુદાજુદા એરિયામાં ફરીએ છીએ. આ એક અઠવાડિયામાં તો અમે અડધું દમણ ખૂંદી વળ્યાં. અને તને તો ખબર છે જ કે શૈલ તો ચાવી વગરનો રેડિયો છે.'

'તો તનેય કોઈ માથાનો મળ્યો ખરો. પણ તું તારો રેડિયો વગાડે છે કે સાંભળ્યા જ કરે છે?'

'એ એની વાતો કરે તો કોઈ વખત હુંય આપણી વાતો કરતી જ હોઉં ને! પણ હવે એ ક્યારેય શરમાઈ જવાય એવી વાતો નથી કરતો. આ શૈલ આવ્યો, એને જ પૂછ ને!'

'શું પૂછવું છે, બોલો? અમારે બહાર જવું છે. અમે એક છોકરાને સાધ્યો છે. એ આજે અમને મોટી રંગ બેરંગી કોડિયો લાવી આપવાનો છે.'

'રૂપલ કહેતી હતી કે તમે અમને એકાંત મળી રહે એટલે બહાર ફરવા જાવ છો. પણ મને લાગે છે કે અમારા હનીમૂનની સાથેસાથે તમે તમારું સંવનન ચાલુ કરી દીધું છે.'

'સારું થયું કે તમે યાદ દેવડાવ્યું. હજુ ચાલુ કર્યું નથી, હવે આજથી એ ચાલુ કરી દઈશું.'

'તેં પાછું નોનવેજ બોલવાનું ચાલુ કરી દીધું? તો હું તારી સાથે નથી આવતી, જા.'

'એમાં આટલી ગભરાઈ શાની જાય છે? મેં સંવનનની વાત કરી છે, હનીમૂનની વાત તો બેચાર દિવસ પછી કરીશું. હજુ તો આપણી પાસે આખું અઠવાડિયું પડ્યું છે.' શૈલને હૈયાની વાત કરવાની તક મળી ગઈ હતી.

ત્યાં તો રૂપલ દોડીને એના રૂમમાં પેસી ગઈ. ને શૈલ એને મનાવવા એની પાછળ ગયો. થોડી વાર પછી બેય જણ તૈયાર થઈ નીચે આવ્યાં. આ દરમિયાન મનવંત પણ નીચે આવી ગયો હતો. એણે બેયને બહાર જતાં જોઈ પછ્યું: 'આજે કઈ તરફ ઊપડ્યાં પાછાં?'

'એ બેયનું સંવનન ચાલુ થઈ ગયું છે.' પેલાંને પણ સંભળાય એમ સીમાએ કહ્યું. પણ પેલાં જાણે એ સાંભળ્યું જ ન હોય બહાર નીકળી ગયાં.

બે દિવસ પછી શૈલે પ્રસ્તાવ મૂક્યો: 'તમારે બધાંએ જતાં પહેલાં મારે ત્યાં સુરત બે દિવસ માટે આવવાનું છે. તમે નક્કી કરીને કહો કે ક્યારે નીકળવું છે.'

'તારે અમને જમાડવાં હોય તો અહીં જ કોઈ સારી હોટેલમાં જમાડી દે ને! છેક સુરત સુધી_'

'એ તો તમે આવશો એટલે ખબર પડશે. જે સુરતમાં છે એ તમારા દમણમાં નથી.'

'એવું તો શું છે તારા સુરતમાં અમને બતાવવા જેવું?'

'અઠવા લાઈન્સ અને એમાં મારા બાપનો બંગલો. બોલો ક્યારે જાવું છે?' શૈલે એની કાયમની રીતે કહ્યું.

ને એમ સુરતનો કાર્યક્રમ ગોઠવાઈ ગયો. શૈલે બધાંને સુરતમાં બહુ મઝા કરાવી. એનાં માબાપનો સ્વભાવ બહુ સારો હતો. રૂપલને જે જોવાની મનમાં ઈચ્છા હતી તે પૂરી થઈને શૈલ એને જે બતાવવા ઈચ્છતો હતો એય બતાવાઈ ગયું. રૂપલને સુરત પસંદ પડી ગયું હોય એમ લાગતું હતું. બે દિવસ પત્યે મનવંત કહે: 'તો અમે જઈએ,

હવે.'

'એમ તમને એકલાં થોડાં જવા દઈશ? હુંય આવું છું ને તમારી સાથે!' શૈલ બોલી ઊઠ્યો.

'અલ્યા, કાલે સવારે તો અમે મુંબઈ જવાનાં છીએ. તારે ન આવવું હોય તો ચાલશે.' મનવંતે હસતાં ટોણો માર્યો.

'આટલા દિવસ તમારી સાથે રહ્યો તે વળાવ્યા વગર કેમ ચાલે? હું તૈયાર થઈને આવું પછી આપણે બધાં નીકળીએ.'

'એને દમણ ગમી ગયું લાગે છે.' સીમાએ મુસ્કુરાતાં કહ્યું.

'દમણ નહીં પણ રૂપલ. તેં આટલા દિવસ ના જોયું એ આપણને સુરત બતાવવાને બદલે રૂપલની ચારે તરફ જ એ ઘૂમતો હતો ને! સાચું કહેજે રૂપલ, તને સુરતમાં મઝા પડી કે નહીં?'

'એ બિચારો તો તમને બધે લઈ જ જતો હતો પણ તમને બેયને તમારા ઘૂટર્ઘૂમાંથી બહાર કશું દેખાતું જ ક્યાં હતું?' રૂપલે સામું ટીખળ કર્યું.

'અમે તો હનીમૂન પર છીએ એટલે એવું થઈ જાય પણ તને તો મઝા પડી ને?'

'અમારા સુરતમાં કોઈને મઝા ન પડે એવું તો બનતું હશે? એને તો સુરત એટલું ગમી ગયું છે કે એ સુરત કાયમ માટે રહેવા આવવાનું વિચારવા માંડી છે.' તૈયાર થઈને આવી પહોંચેલો શૈલ બોલી ઊઠયો. ને રૂપલ શરમાઈને એક બાજુ સરી ગઈ.

'તું અમને દમણથી સુધી જ વળાવવા આવવાનો હોય તો એનો કશો અર્થ નથી. જો તું મુંબઈ સુધી આવવાનો હોય તો અમને ગમે.'

'જો તમે બધાં કહેતાં હો તો મુંબઈ સુધી આવવાય હું તો તૈયાર છું.'

'અમે બધાં એટલે રૂપલ?'

'તમારે જેમ સમજવું હોય એમ સમજો. પણ હવે તો મારે મુંબઈ આવવું જ પડશે.'

'અમને તો ખાતરી જ હતી કે તું મુંબઈ સુધી આવવાનો જ છે.' સીમા બોલી.

'મેં જેમ તને લગ્નમાં બોલાવ્યો એમ તુંય મને બોલાવવાનું તો નથી વિચારતો ને? જો એવું હોય તો વહેલો કહેજે. અમે થોડા દિવસ મોડાં દુબઈ જઈશું એટલે અમારે દુબઈથી સ્પેશિયલ ધક્કો તો ન ખાવો પડે.' મનવંતે રૂપલ સામે ઈશારો કરતાં કહ્યું.

મુંબઈ પહોંચ્યા પછી બધાં રૂપલને ત્યાં જમવા ગયાં. એના પિતાએ શૈલ સાથે સારી એવી વાતો કરી. સીમાએ એમના કાનમાં ફૂંક મારી દીધી કે શૈલ રૂપલ માટે બધી રીતે લાયક છે. ને અવસર ચૂકવા જેવો નથી. રૂપલના પિતાજી કહેઃ 'એ પારેખ છે એટલે લાગે છે કે અમારી નાતનો જ છે. હું તપાસ કરી લઈશ.'

પણ સીમા માનતી હતી એટલું ઝડપથી બધું ઓછું પતે? વાત પાકી થઈ પણ લગ્ન બે મહિના પછી લેવાનું નક્કી થયું. 'વાંધો નહીં. અમે દુબઈથી પંદર દિવસ પહેલાં આવી જઈશું.' સીમાએ કહ્યું.

અનુક્રમ→

## ૨૦. ભાઉ અમદાવાદમાં

વનમાળી અને એષણા છ મહિનાનું એમનું મિશન પૂરું કરીને આવી ગયાં. એમણે મીલ સંભાળતા પહેલાં જ નવી મશીનરી માટેના ઑર્ડર મૂકી દીધા હતા. એમણે જાણી લીધું હતું કે મશીનરી કે કારીગરોની ગુણવત્તા એકલીથી જ માનચેસ્ટરના માલની હરીફાઈ થઈ શકે તેમ ન હતી પણ લાંબે ગાળે એના ઉપાય પણ કરવા પડશે. હવામાં ભેજની માત્રા વધારવામાં તો મીલમાં બહારની બાજુ એ ઘણા બધા ફુવારા મૂકીને જોઈતો ભેજ ઉત્પન કરી શકાશે પણ હિન્દુસ્તાનની કાળઝાળ ગરમીમાં ઈંગ્લેન્ડના જેવી શીતળતા ઊભી કરવાની વાત તો અત્યારે વિચારી શકાય એવી પણ ન હતી.

હાલ તો એણે આધુનિક મશીનરી અને કુશળ કામદારોને લક્ષ્યમાં રાખી પરદેશી માલની હરીફાઈ કરવાનું ધ્યેય રાખ્યું હતું. નવાં લૂમ્સ એટલાં સ્વયં સંચાલિત અને ચૉક્કસ હતાં કે એ આવતાં એક માણસ બેબે મશીન પર ધ્યાન રાખી શકે એમ હતું. આમ થવાથી પહેલાં બસો મશીન આવતાં સો માણસો ફાજલ પડવાના હતા. પણ એ કામદારોને છૂટા કરવામાં એનું મન માનતું ન હતું.

ઈંગ્લેન્ડમાં એણે જોયું હતું કે મોટા ભાગના લોકો તૈયાર કપડાં પહેરતા હતા. અને એ કપડાં ઈંગ્લેન્ડના ઊંચા પગારવાળા કામદારો પાસે તૈયાર કરાવતાં બહુ મોઘાં પડે એટલે બહારથી સીવાઈને આવતાં હતાં. એટલે એણે માણસોને છૂટા કરવાને બદલે એક આવું એપરલ ડીપાર્ટમેન્ટ શરૂ કરીને એમને એમાં કામે લગાડવાનું વિચાર્યું હતું.

પણ વનમાળીએ ઈંગ્લેન્ડ માટે સીલાઈ કરવાને બદલે બીજું જ વિચારવા માંડ્યું હતું. એની ગણતરી એવી હતી કે જો પોતાની મીલમાં પેલા માનચેસ્ટરના કરતાં સ્હેજ પાછું કાપડ તૈયાર થશે તોય તેમાંથી રેડીમેડ કપડાં તૈયાર કરી પરદેશ મોકલી શકાશે. તેને માટે ઈંગ્લેન્ડ સિવાયના બીજા નાના નાના દેશનું બજાર તો મળી જ રહેશે. એટલે એણે જરૂરી કટીંગ અને સીલાઈનાં મશીનોનો ઑર્ડર પણ સાથે જ આપી દીધો હતો.

નવી આવનારી મશીનરી ગોઠવવા કેટલુંક નવું બાંધકામ પણ કરવું પડવાનું હતું એટલે મીલ પર એનું બાંધકામ શરૂ થઈ ગયું હતું. એષણા ઑફિસમાં બેઠી હતી ને વનમાળી ચાલતા કામ પર નજર કરવા આવ્યો હતો ત્યાં પટાવાળો સંદેશો લઈને આવ્યોઃ 'કોઈ ભાઉ સાહેબ તમને મળવા ઑફિસમાં આવ્યા છે.'

ભાઉ અચાનક અમદાવાદમાં! વનમાળી એમના આવવાના પ્રયોજન વિશે વિચારતો ઑફિસ તરફ ચાલ્યો. ભાઉ અમદાવાદમાં આવે તો સામાન્ય બાબત હતી પણ એ પોતાને મળવા આવે તો એની પાછળ કશુંક ગંભીર હોવું જ જોઈએ. એ વિચારી રહ્યો. ઑફિસમાં જઈ એણે કહ્યુંઃ 'તમે અમારે ત્યાં ભૂલા પડ્યા એટલે લાગે છે કે કોઈ અગત્યનું કારણ હશે.'

'મારી બેન સીમાના લગ્ન પ્રસંગે મેં તમને યાદ કર્યા હતા પણ તમે બેય વિલાયત ગયાં હતાં. પણ આજે મારે જે વાત કરવી છે એ બેનની હાજરીમાં કહેતાં મને સંકોચ થાય એવી છે. આપણે ક્યાંક બહાર જઈએ.'

'અહીં આવ્યા પછી બહાર જવાની વાત કેવી? એષણા ઘેર જવા જ નીકળતી હતી. પછી મને તમારા આવવાનું પ્રયોજન જણાવવામાં તો વાંધો નથી ને?'

'હું જાઉં છું પણ ભાઉ સાહેબ, તમારે અમારે ત્યાં જમવા આવવાનું છે. હું ઘેર જઈ જમવાની વ્યવસ્થા કરું છું. તમારી વાત પતાવી તમે બેય જણ ઘેર આવો.'

'ના બેન, મને માફ કરો. તમારે ઘેર જમવા આવવા જેવો હું નસીબદાર નથી. શેઠ બહાર જે જમાડશે એ જમી લઈશ, બસ?'

'તું વ્યવસ્થા કરાવ, હું એમને લઈ આવીશ.' વનમાળીએ કહ્યું ને એષણા ગઈ.

'હવે કહો શું સેવા કરી શકું છું આપની?'

'તે દિવસે આપણી વચ્ચે વાત થઈ અને મેં તમારું માન રાખી માંડવાલી કરી પણ પેલા બેયે શું કર્યું તે તમને કહ્યું છે?'

વનમાળીના મનમાં ભાઉની વાત સાંભળતાં જ ધ્રાસ્કો પડ્યો. એને થયું કે તે દિવસે તો આબરૂ બચી ગઈ હતી પણ આજે ભાઉ એની આબરૂને લાત મારી દે તોય નવાઈ નહીં. 'મને એમણે કશી વાત કરી નથી. શું કર્યું છે એમણે?'

'એમણે એક માણસને સોપારી આપી હતી મારી બેનને ફસાવવાની ને મને નીચો દેખાડવાની. પણ આપણે માંડવાલી કરી એ પહેલાં આ કાવતરું શરૂ કરી દીધું હતું. જો કે મેં એમને એ માટે માફ કરી દીધું છે.'

'તો પછી એમણે બીજું કશું કર્યું છે કે તમારે અહીં આવવું પડ્યું? હું હમણાં જ એમને બોલાવું છું તમારી રૂબરૂ.'

'એમની જરૂર નથી. તમે એ બેયના બાપને બોલાવો. મારે એમની સાથે કેટલીક વાત કરવી છે.'

'એમાં એમના બાપને કશી લેવાદેવા નથી. બાપડાને નકામા શીદને સંડોવવા. એના કરતાં હું એ બેને જ બોલાવું છું.'

'તમે મારી વાત તો સાંભળો. મારે એમની સાથે લડવું નથી. મારે તો એમને પૈસા આપવાના છે. જુઓ એમના દીકરાએ પેલાને સોપારી આપી ત્યારે માધવ શેઠનો દમણવાળો બંગલો અને રામજી શેઠની ઈમ્પોર્ટેડ કાર પણ વાપરવા આપી હતી.

હવે એ છોકરો મને અને મારી બેનને એટલો પસંદ પડી ગયો કે મેં એની સાથે સીમાને પરણાવી. ને મારો દુબઈનો બંગલો એમને રહેવા આપી દીધો. ને માધવ શેઠનો દમણનો બંગલો મને પસંદ પડી ગયો હતો એટલે મેં પચાવી પાડ્યો છે. પણ મેં એ છોકરાઓને માફ કરી દીધું હોય તો મારાથી એવું હરામનું ન લેવાય એટલે મારે એ બંગલાના ને કારના પૈસા આ બેય શેઠિયાને ચૂકવી દેવા છે. આજની પીઠે બંગલાના ચાલીસ હજાર ગણાય અને કારના દસ હજાર ગણાય એવો મારો અંદાજ છે. તમે એ બેયને બોલાવો એટલે હું એમને પૈસા આપી દઉં.' ભાઉએ કહ્યું.

વનમાળીએ માધવ શેઠ અને રામજી શેઠને તાબડતોબ એની મીલની ઑફિસ પર આવી જવા ફોન કરી દીધા. પછી એ ભાઉને કહેઃ 'મેં માધવ શેઠનો એ બંગલો જોયો નથી પણ લોકો એનાં જે વખાણ કરે છે એ ઉપરથી લાગે છે કે એ વધારે કિંમતી હોવો જોઈએ. પણ તમે જ્યારે એની કિંમત અંદાજી છે ત્યારે એ બરાબર જ હશે એમ માનું છું.'

'મારી ગણતરીએ તો એ કિંમત બરાબર લાગે છે પણ તમે જ્યારે કહો છો ત્યારે જાવ એના પચાસ હજાર ગણું છું.'

'ના, એમ નહીં. મારું કહેવું એમ હતું કે બંગલાની કિંમત એમના અંદાજ કરતાં બહુ ઓછી હોય તો એમને લાગી આવે. ને એમને દિલનું દર્દ છે.'

'ના મારે એવું જોખમ લેવું નથી. હું પચાસ હજાર આપીશ.'

'એ બેય છોકરા હવે એવા સુધરી ગયા છે ને એટલું કામ કરે છે કે હું ખુશ થઈ રહ્યો હતો પણ એમણે મારાથી આ વાત આજ સુધી છુપાવી છે એને માટે મારે એમને લડવું પડશે.'

'હવે શેઠ, જે થવાનું હતું એ થઈ ગયું. મને તો એ વાતની ખુશી છે કે એમને કારણે મને મારી બેન માટે આવો સારો મુરતિયો મળ્યો. એણે આ છો મહિનામાં તો આખા દુબઈમાં નામ કાઢ્યું છે. શેઠ, તમે એને જોયો હોય તો ખબર પડે. જેમ તમે વટદાર છો ને જે ટાપટીપમાં રહો છો એમ એય એક રાજકુમાર જ લાગે.

પૈસાની લાલચે એ એમના આ કાવતરામાં ફસાઈ ગયેલો પણ સીમાની સાથે પ્રેમ થતાં એણે મને બધી

સાચી વાત કરી દીધી. ને મેં એની એ દિલેરી ને ખાનદાનીને અપનાવી એને મારો બનેવી બનાવી દીધો. આજે દુબઈમાં એનું નામ છે.'

'એ કરે છે શું, ત્યાં?'

'એનો મોટો સ્ટોર છે. મનવંત જેન્ટલમેન. ક્યારેક દુબઈ જાવ તો એના સ્ટોરમાં જજો.' ભાઉએ કહ્યું. ત્યાં માધવ શેઠ અને રામજી શેઠ હાંફળા હાંફળા આવી પહોંચ્યા.

વનમાળીએ એમને ભાઉનું ઓળખાણ આપ્યું ને બેય ચિંતામાં પડી ગયા. વનમાળી કહેઃ 'ચિંતાની વાત નથી.' કહી એણે બેય વડીલોને આખી વાત કરી.

ભાઉ કહેઃ 'મને એ ન ગમ્યું કે તે દિવસે વનમાળી શેઠે એમની આબરૂ આંટમાં મૂકીને મને શરમાવ્યો ને સમાધાન કરાવ્યું પણ આ બે છોકરાએ એ પહેલાં આટલું કરી દીધું હતું એની વાત પણ એમને કાને નાખી નહીં.'

'હશે, એમની સાથે હું ફોડી લઈશ.' વનમાળીએ કહ્યું.

'એ બંગલો ને એ કાર તો અમને પચી ગયાં છે. પણ મારે આ શેઠ જેવા શાહુકારનું મ્હેણું સાંભળવું નથી એટલે એ બંગલાના પચાસ હજાર અને કારના દસ હજાર આપું છું એ સ્વીકારી લો. મને બહુ ખબર ન હતી પણ મેં બંગલાના ચાલીસ હજાર ગણેલા પણ શેઠ કહે કે એ બંગલાનાં બહુ વખાણ સાંભળ્યાં છે એટલે એ ઓછા કહેવાય એટલે હું પચાસ હજાર આપું છું એ સ્વીકારી લો.'

માધવ શેઠ કહેઃ 'એ બંગલો બનાવ્યો ત્યારે એવો મોટો ખર્ચ નહીં થયેલો ને મારી ગણતરીએ તો આજની પીઠેય એ ચાલીસ હજાર કરતાં વધારેનો ના ગણાય. આ દસ હજાર તમે પાછા રાખો. વનમાળી શેઠને તો આમારા પ્રત્યે ભાવ એટલે એમને પીઠ ઊંચી લાગે.'

'આટલે સુધી આવ્યા છો તો અમારે ઘેર આવો. હું તમને બંગલાનો દસ્તાવેજ આપી દઉં. તમે એના પરથી નવો કાગળ તૈયાર કરાવી લેજો એટલે હું એક દિવસ દમણ કચેરીમાં આવીને સહી કરી આપીશ.' માધવ શેઠે કહ્યું.

'શેઠ, તમે તમારી વેપારી રીતની વાત કરી. પણ મેં તમને પહેલાં જ કહ્યું ને કે એ બંગલો ને એ કાર અમને પચી ગયાં છે. એ અમારી ભાઈગીરીની વાત. મારે તમારો એ દસ્તાવેજેય નથી જોઈતો કે તમારી પાસે કશું લખાવવુંય નથી. એ બંગલો ને કાર મેં સંભાળી લીધાં છે ને આ પૈસા તમે સંભાળી લો એટલે હુંય છૂટો ને તમેય છૂટા. એ છોકરા લાઈન પર આવી ગયા છે એ સારું થયું.'

'એ બધું આ શેઠને પ્રતાપે, બાકી છોકરાંએ તો અમારાં ધોળાંમાં ધૂળ જ ભરી દીધી હતી. એમને લીધે તો નહીં પણ આમારે કારણે આ શેઠને પોતાની આબરૂ આંટમાં મુકવી પડી હતી. એ તો તમારા દિલમાં ભગવાન વસ્યાને તમે મોટું મન રાખી અમારી બધાની આબરૂ બચાવી લીધી નહીં તો આજે આ શેઠને ને અમારે બજારમાં નીકળતાંય શરમાવું પડત.'

પછી વનમાળીને ત્યાં જમીને ભાઉ વિદાય થયા. વનમાળીની રહેણીકરણી તથા એના સ્વભાવથી ભાઉ બહુ પ્રભાવિત થયા ને જતાં જતાં ખાસ ભાર દઈને કહેતા ગયા કે એ બેય જ્યારે પણ મુંબઈ આવે ત્યારે સીધા એમને ત્યાં જ આવે ને જેટલા દિવસ મુંબઈમાં રહેવાનું થાય ત્યાં સુધી એમણે પોતાને ત્યાં જ રહેવાનું છે.

એ ગયા એટલે વનમાળી વિચારવા લાગ્યો કે એમની બેનને ફસાવવા પેલાઓએ એક માણસને સાધ્યો હોય તો એ કોઈ મવાલી જ હોય તો પછી ભાઉને એ એટલો બધો પસંદ કેમ પડી જાય કે પોતાની બેન એની સાથે પરણાવવા તૈયાર થઈ જાય? કે પછી ભાઉને એ પોતાના ધંધામાં ગોઠવાઈ જાય એવો લાગ્યો હોય? પણ એમની વાતો પરથી તો એમ લાગતું ન હતું. એ તો દુબઈમાં શાહુકારની રીતે ઉજળા ધંધામાં ગોઠવાઈ ગયો છે ને નામ કમાયો છે એમ એ કહેતા હતા. જો એમ થયું હોય તો તો બહુ સારું.

સાંજે વનમાળીએ પેલા બેય ગોઠિયાને બોલાવી બધી વાત કરી ને અત્યાર સુધી પોતાને એ વાતથી અંધારામાં રાખવા બદલ એમને ઠપકોય આપ્યો.

'સોરી દોસ્ત, તને મળ્યા એ પહેલાં અમે મનિયાને સાધ્યો હતો ને એને કાર, બંગલો ને ખર્ચની રકમ પણ આપી દીધી હતી. એ ક્યાં હતો કે એણે કામમાં કેટલી પ્રગતિ કરી એ પણ અમે જાણતા ન હતા. એને પાછો વાળવો હોય તોય અમને એનો પત્તો જ ન હોય ત્યાં શું થઈ શકે? એટલે અમે મનથી નક્કી કર્યું કે જે થાય એ જોયા કરવું.'

'આ તો સારું થયું કે તમારો મોકલેલો માણસ ભાઉને ને એમની બેનને ગમી ગયો ને એ ભાઉનો બનેવી બની ગયો એટલે એમણે તમને માફ કરી દીધું. એ તો કહે છે કે એમને તમારે કારણે આવો લાયક જમાઈ મળ્યો એટલે તમારા બધા ગુના માફ. પણ તમે એવા તે કેવા માણસને કામ સોંપ્યું હતું કે એ ભાઉને ગમી ગયો?'

'એ સાલો હતો પણ એવો. જાતનો તો આણંદ પાસેના ગામડાનો વાઘરી જ છે પણ એવો રૂપાળો ને એવી ટાપટીપમાં રહે કે અજાણ્યો તો એને કોઈ કરોડપતિનો દીકરો જ માની લે. તમે જુઓ તો તમનેય લાગે કે એ પરદેશમાં જ જન્મ્યો અને ઊછર્યો હશે ને પહેલી જ વખત દેશમાં આવ્યો હશે. બધી રીતે બનેલો. ભલભલાને ઊઠાં ભણાવી દે તેવો. મને લાગે છે કે ભાઉનેય એણે લાખોની વાતો કરીને ફસાવ્યા હશે.'

'ના, એથી ઊલટું. એણે તો ભાઉને બધી સાચી વાત કરી. એણે તમારાં નામ ન આપ્યાં પણ ભાઉ જેવા માણસથી તમારાં નામ છૂપાં રહે ખરાં? ભાઉએ તમારો માધવ નિવાસ પચાવી પાડ્યો ને બદલામાં સીમાને દુબઈનો એમનો બંગલો આપી દીધો. તમારી ઈમ્પાલા એ લોકો દુબઈ લઈ ગયાં છે.'

'બાપા સાચી વાત જાણશે તો મને જીવતો જ નહીં મૂકે.' સૌમીલથી બોલાઈ ગયું.

'ના, માધવકાકા કે રામજીકાકા તમને કશો ઠપકો નહીં આપે. ભાઉએ એમને આજે મારી ઑફિસમાં મળવા બોલાવ્યા હતા ને બંગલાના ચાલીસ હજાર અને કારના દસ હજાર રૂપિયા રોકડા એમને આપી દીધા છે.'

આ વાત સાંભળતાં જ બેયના દિલમાં હાશ થઈ.

◇

ભાઉએ વનમાળીને જે વાત કરી એમાં કશી અતિશયોક્તિ ન હતી. મનવંતે છ મહિનામાં જ દુબઈમાં નામ કાઢ્યું હતું. દુબઈ ગયા પછી એણે મનમાં બધી વાતની ચકાસણી કરી જોઈ હતી ને તારણ કાઢ્યું હતું કે ભાઈના પૈસા ભલે ન લે પણ લગ્નમાં જે રકમ સીમાને ને એને ભેટરૂપે મળી છે એ ધંધામાં વાપરવામાં કશું ખોટું નથી. ને એ રકમ નાની પણ ન હતી. બધા મળીને એ દોઢેક લાખ રૂપિયા થવા જતા હતા.

એણે સીમાની સાથે નવા ધંધા વિશે વાત કરી ને બેયની પાસે જે રોકડ હતી તે ધંધામાં લગાવવાની ને ધંધામાં બેયની સરખી ભાગીદારીની પણ તેણે વાત કરી. સીમા કહેઃ 'એવી વાતો રહેવા દે. હું ને તું જુદાં છીએ? ધંધામાં મારો ભાગ નહીં લખું તોય તારામાં તો મારો ભાગ છે જ ને? તું ધંધો કર ને હું ઘર સંભાળું એ જ બરાબર છે.'

ને મનવંતે સૌ પહેલાં તો બૅંકમાં એક લાખ ચાલીસ હજાર રૂપિયા ભરીને ખાતું ખોલાવ્યું. ને બજાર વચ્ચે દુકાન જોવા માંડી. એમ કરતાં એના હાથમાં બે ગાળાની વિશાળ જગા હાથમાં આવી ગઈ. ને એણે શરૂ કરી 'મનવંત જેન્ટલમેન'. પગનાં જૂતાંથી માંડીને હેટ સુધીની સારામાં સારી ક્વોલિટીની ચીજો એણે પસંદ કરીને ખરીદવા માંડી. ને ઉમદા ચીજોના ભાવ પણ એવા લેવા માંડ્યા.

શરૂમાં લોકોને એની કિંમતો વધારે લાગવા માંડી પણ વખત જતાં એનું નામ થવા માંડ્યું. પછી તો એની દુકાનની એવી છાપ પડી ગઈ કે બહારથી આવતા સહેલાણીઓને ટેક્સીવાળાય ભલામણ કરવા લાગ્યા કે સારામાંસારી ચીજ જોઈતી હોય તો આખા દુબઈમાં એક જ દુકાન છે મનવંત જેન્ટલમેન.

હવે એણે બીજી રીતે ધંધો કરવાનું વિચારવા માંડ્યું હતું. શરૂમાં નાનીનાની આઈટેમો પસંદ કરી એને મનવંતના ટ્રેડમાર્ક સાથે બનાવરાવવી. એમ કરતાં એક વરસમાં પોતાના સ્ટોરમાં વેચાતી બધી ચીજો મનવંતના ટ્રેડમાર્કવાળી કરી દેવી એવું એણે મનથી નક્કી કર્યું. કોઈ પણ સારી ચીજ એ જ ક્વોલિટી સાથે પોતાના નામની બનાવડાવવી હોય તો સામે ઑર્ડર પણ મોટો આપવો પડે એટલે એનું રોકાણ વધી જતું હતું પણ એની છાપ એવી જામી હતી કે બૅંકવાળા એને માગે એટલું ધિરાણ આપવા તૈયાર હતા. એને થયું હવેનો સમય એનો હતો.

ને ભગવાનના પણ જાણે એના પર ચારેય હાથ હતા. એ સફળ થતો જ ગયો. પછી એણે પોતાના સ્ટોરમાં ચાલી શકે અને મનવંતના નામ નીચે બનાવી આપે એવી પાર્ટીઓની દેશ વિદેશમાં શોધ કરવા માંડી. ને બે જ વર્ષના ગાળામાં એણે પગનાં જૂતાંથી માંડીને માથાની હેટ સુધીની ચીજો મનવંતના માર્કાવાળી બનાવડાવી લીધી.

◇

આ દરમિયાન વનમાળીએ મૂકેલા ઑર્ડરની મશીનરી આવી ને વનમાળીએ એ ગોઠવાવી. વનમાળીએ પોતાના પ્લાન મુજબ વધારાના પડતા કામદારોને છૂટા કરવાને બદલે તેમને સીલાઈનું કામ શિખવાડી દામોદર એપરલ શરૂ કરી દીધું. એના પર કામ ચાલુ પણ કરાવી દીધું. બધાએ તૈયાર થયેલું કાપડ જોયું ને મોંમાં આંગળાં નાખી ગયા. સૌમીલ અને રવીને પોતાના બાપાને એવી મશીનરી મંગાવવા રાજી પણ કરી દીધા.

એમાં તૈયાર થયેલાં કપડાં ઈંગ્લેન્ડનાં કપડાંની બરાબરી કરી શકે તેવાં હતાં છતાં એમને યુરોપના બજારમાં ઘુસાડવાનું અઘરું હતું એટલે વનમાળીએ પહેલેથી જ એ દિશામાં પ્રયત્ન કરવાને બદલે બીજા નાના નાના દેશોમાં બજાર શોધવા માંડ્યું.

એણે પોતાના બે દોસ્તોને એ માટે એવા દેશોમાં રવાના કરી દીધા ને એક જ મહિનામાં એને પોતાની ગણતરી સફળ થયાની ખાતરી થઈ ગઈ. જેટલી ઝડપથી એપરલમાં માલ તૈયાર થતો હતો એના કરતાંય વધારે ડિમાન્ડ આવતી ગઈ. હવે એની પાસે બે જ વિકલ્પ હતા. એક તો કામદારોને ઓવર ટાઈમ કરાવવો અથવા બીજાં સિલાઈ મશીનો ઊમેરી વધારે માણસોને કામે લગાડવા. ને એણે બેય વિકલ્પો પસંદ કર્યા.

અનુક્રમ→

## ૨૧. મનવંત જેન્ટલમેન

બસો શરૂ કર્યાને બે વરસ પૂરાં થઈગયાં હતાં. બે વરસના હિસાબો જોઈ બધા સભ્યો વિસ્મયમાં પડી ગયા હતા. પહેલા વરસના હિસાબો ગયે વરસે જોયા હતા અને એમાં થયેલો નફો પણ બધાઓ જોયો હતો પણ કોઈએ બસો માટે રોકેલાં નાણાં સાથે નફાની સરખામણી કરી ન હતી. એમણે કામદારોના હીત માટે આ સેવા શરૂ કરી હતી પણ હિસાબો કહેતા હતા કે એમણે બહુ ફાયદાકારક ધંધો કર્યો હતો. બે વરસના ગાળામાં બસો માટે રોકેલાં બધાં નાણાં પરત મળી ગયાં હતાં ને બસો તો હજુ ટકોરાબંધ હતી.

'અલ્યા, આપણે તો માનતા હતા કે સેવા કરીએ છીએ પણ આપણે તો કામદારોને બાપડાને લૂટી જ લીધા.' સૌ પહેલાં રામજીશેઠે આટલો બધો નફો જોઈને દિલની વાત કરી.

'અમનેય હતું કે આપણને વરસે દા'ડે ખોટ પૂરવાની થશે.' સૌમીલ બોલ્યો.

'હવે?'

'હવે શું? આપણે એમને મુસાફરી ભથ્થું બાંધી આપેલું છે જ ને!' બીજાએ કહ્યું.

'એ તો આપણે એમને પગારા વધારાની અવેજમાં આપેલું છે. આ સેવાની સાથે એને ન સંડોવશો.' રામજીશેઠ બોલી ઊઠયા.

'તો તમારો શો અભિપ્રાય થાય છે?'

'આપણે ભાડું અડધું કરી નાખીએ ને આ પૈસામાંથી બીજી ત્રણચાર બસો ખરીદી લઈએ એટલે રહી ગયેલા વિસ્તારમાંથી આવનાર કામદારોય એનો લાભ લઈ શકે. ને હું તો આ છોકરાં કેવો વહીવટ કરે છે એ જોવા બેચાર વખત એમાં ટિકીટ કપાવીને ફરી આવ્યો છું પણ ખરો. આપણા કામદારો કરતાં શહેરના બીજા લોકો એનો વધારે લાભ લે છે.'

'તમને એ યોગ્ય લાગતું હોય તો એમ કરો.' બેચાર જણ સામટા બોલી ઊઠ્યા.

'મને શું કહો છો? વનમાળીશેઠને કહો ને. આ કામ એમણે જ શરૂ કરાવેલું છે ને અત્યારે ચેરમેન પણ એ છે.'

'આપ સૌની એવી ઈચ્છા છે તો એમ કરીશું. કાલે બધા પોતાની મીલના દરવાજા અને ઑફિસ પર નોટિસ લગાવી દેજો કે પહેલી તારિખથી બસનું ભાડું એક આનાને બદલે બે પૈસા લેવામાં આવશે.'

એ વાત થઈ અને બધાઓ નોટિસો મૂકીય ખરી પણ એ સાંજે કેટલાક કામદારોએ રવીન ને સૌમીલને પકડ્યાઃ 'નાના શેઠ, તમારે બસનું ભાડું વધારવું હોય તો વાંધો નથી પણ મહેરબાની કરીને એ ઘટાડવાની વાત ન કરશો.'

'અલ્યા, તમે અમદાવાદી થઈનેય તમારા ફાયદાની વાત કેમ સમજતા નથી? ભાડું ઓછું થશે તો તમને બધાને લાભ થશે. ભાડું વધારીએ તો તમને વધારે બોજ પડશે એટલું તો તમને સમજાય છે ને!'

'શેઠ, બધી વાત તમને કહેવાય એવી નથી એટલે ટૂંકમાં જ સમજી જાવ ને. ભાડું ઘટાડવાની ના અને ભાડું વધારવાની અમારી હા.' કહી પેલા વિદાય થયા ને આ બે ગોઠિયાને વિચારમાં મૂકતા ગયા. બેય જણાએ આખી રાત પાસાં ઘસ્યાં તોય એમને પેલા લોકોની વાતમાં કશી સમજણ ન પડી.

બીજે દિવસે એમણે વનમાળીને આ વાત કરી. એનેય એની પાછળનું પેલા લોકોનું લોજિક ન સમજાયું. સાંજ સુધીમાં તો બેચાર બીજા જુવાનિયા પણ આવી જ વાત લઈને આવી પહોંચ્યા. વનમાળીય ગૂંચવાઈ ગયો. એણે બીજે દિવસે સાંજના બોર્ડની તાત્કાલિક સભા બોલાવી.

બીજે દિવસે સવારના સમયે વનમાળી ઑફિસમાં બેઠો હતો ત્યાં મનવંત બારણે આવી ઊભો રહી ગયોઃ ‘હું અંદર આવી શકું છું?’ એણે વિનયથી પૂછ્યું.

વનમાળી આવનાર સામે તાકી જ રહ્યો. ‘આવો આવો, ભલા માણસ, આ તે એવી કયી સરકારી ઑફિસ છે કે તમારે મંજૂરી લેવાની હોય. બેસો. તમારી ટાપટીપ ને શિષ્ટ રીતભાત પરથી મને તમારી ઓળખાણ પડી ગઈ છે. હું ભૂલતો ન હોઉં તો તમે મનવંત દેસાઈ જ છો ને!’

‘હા. અને માની લઉં છું કે આપને મારી સારી અને બૂરી બેય બાજુની ઓળખાણ મળી ગઈ હશે.’

‘એ તો ઓળખાણ આપનાર પર આધાર રાખે છે. જો મને ભાઉ સાહેબ તરફથી ઓળખાણ મળી હોય તો એ કેવી હશે એ તમે કલ્પી શકો છો?’

‘હું એમનો બનેવી થાઉં છું ને એમના રસ્તામાં કદી આડો આવ્યો હોવાનું મને યાદ નથી એટલે એમણે મારી ઉજળી બાજુની જ ઓળખાણ આપી હશે. પણ હું તમને મારી જૂની પણ મૂળ ઓળખાણ આપી દઉંઃ હું મનિયો ઓવર્સીસ. ભાતભાતના ખેલ પાડવામાં ઉસ્તાદ. પૂરો બનેલો ને બીજાને બનાવવાની કલામાં માહેર.’

‘મનેય તમારી જેમ ભાઉ સાહેબની ઓથ છે એટલે તમે મારું કરી નાખવા તો નહીં જ આવ્યા હો એમ માની લઉં છું. બોલો, શી સેવા છે?’ વનમાળીએ મજાક કરી.

‘તમને પેલી કહેવત તો યાદ હશે જઃ ચોર ચોરીમાંથી જાય પણ હેરાફેરીમાંથી તો ન જ જાય. પણ આપની સામે તો એય ન અજમાવાય. આજે હું તમારા દામોદર એપરલની વાતો સાંભળીને આવ્યો છું.’ કહેતાં એણે પોતાની બેગ ખોલી ને એમાંથી એક પછી એક એમ બધાં કપડાં કાઢીને ટેબલ પર વનમાળીનો સામે કાળજીથી મૂક્યાં.

‘આપ જોઈ શકશો કે આ બધાં કપડાં પર એક જ ટ્રેડમાર્ક છેઃ ‘મનવંત’. આપ હાથમાં લઈ એની ક્વોલિટી જુઓ. આખી દુનિયામાં ઘૂમીને ને સારામાં સારી કંપનીઓમાં મેં એ તૈયાર કરાવ્યાં છે. આપ દામોદર એપરલમાં આમાંની કોઈ ચીજ બનાવી શકતા હો તો મારે તમારી પાસે એ બનાવડાવવી છે. અલબત્ત મનવંતના ટ્રેડમાર્ક સાથે. મને ખબર છે કે એ માટે ઑર્ડર પણ મોટો હવો જોઈએ. ને એ માટેની મારી તૈયારી છે.’

વનમાળીએ બધાં કપડાં બારીકાઈથી જોયા પછી કહ્યુંઃ ‘તમારી પસંદગી ઊંચી છે. તમે અમારા એપરલની મુલાકાત લો અને અમારા માલની ગુણવત્તા જુઓ. મને વિશ્વાસ છે કે અમે બધાં તો નહીં પણ શર્ટ, બુસશર્ટ ને નાઈટ ડ્રેસ તો તમને આવી જ કવોલિટીમાં તૈયાર કરી આપી શકીશું.’

‘એ વિશ્વાસે તો હું અહીં આવ્યો છું. જો માલ અને ભાવ બરાબર હશે તો એડવાન્સ આપીને ઑર્ડર પાકો કરીને જ જવું છે. હું બે દિવસ રોકાવાનો છું. એ દરમિયાન જો બધું પતી જાય તો વધારે સારું.’

‘આપણે ચાપાણી કરીને એપરલ વિભાગમાં જઈએ. તમે અમારું એ ડિવીઝન જુઓ, માલની કવોલિટી જુઓ પછી આપણે શાંતિથી બેસીએ.’ વનમાળીએ કહ્યું ને પટાવાળાને હાંક મારી.

‘ચા તો વાટ જોઈ શકશે. આપણે પહેલા એપરલમાં જઈએ.’ મનવંતે કહ્યું. ને વનમાળીને આ માણસની ધગશનો ખ્યાલ આવી ગયો.

એ લોકો એપરલ પર પહોંચ્યા ત્યારે એષણા ત્યાંથી બહાર જ નીકળતી હતી. એણે વનમાળીની સાથે આવતા પ્રભાવશાળી યુવાનને જોયો ને એ કોણ હશે એ વિચારી રહી પણ એને એ કોઈ જાણીતો હોય એમ ન લાગ્યું. ત્યાં વનમાળીએ કહ્યુંઃ ‘એષણા, આ છે મનવંત જેન્ટલમેનવાળા મનવંત દેસાઈ. ને મનવંતભાઈ આ મારી પત્ની એષણા.’

‘તમે મારો સાચો પરિચય ન આપ્યોઃ ચાલો, હું જ આપી દઉં. હું મનિયો ઓવર્સીસ.’

‘સમય પ્રમાણે ઓળખ બદલાતી જાય છે. કેમ છે સીમાબેન?’

‘તો તમે સીમાનેય જાણો છો? આ ભાઉએ તો મારી મૂળ ઓળખાણ પણ ભુલાવી દીધી.’

‘એ આપણને એપરલમાં મોટો ઑર્ડર આપવા માગે છે.’

'એ આપણાં સદ્નસીબ.'

દામોદર એપરલ અને એની વ્યવસ્થા જોઈ મનવંત કહેઃ 'તમારું આ ડિવીઝન જોઈને મને લંડનનું લોર્ડ વિલિયમ્સ ગારમેન્ટ યાદ આવી ગયું.'

'મેં પણ એ જોયું છે ને એના પરથી જ મને આ વિચાર આવેલો.' વનમાળીએ કહ્યું ને વિચારી રહ્યોઃ આ માણસની સામાને ખુશ કરી કામ કઢાવવાની રીત દાદ માગી લે તેવી છે. એને થયું કે ભાઉએ એનાં જે વખાણ કર્યાં હતાં એના કરતાંય એ વધારે કાબેલ માણસ છે.

મનવંતે બહાર તડકામાં જઈને કાપડનું બારીકાઈથી નિરિક્ષણ કર્યું પછી સીલાઈ અને અંદરની ધારો પરની બેડિંગ પણ બારીકાઈથી જોયાં. પછી ઑફિસમાં બેસી ચાની ચૂસ્કી લેતાં સાઈઝ, કલર, કોન્ટીટી ને ભાવની વાત પાકી કરી. છેવટે એણે કહ્યુંઃ 'જુઓ શેઠિયા મારે તમારી સાથે ભાવતાલ કરવા નથી જો તમે બંધાતા હો કે ભાવ વધે કે ઘટે પણ બે વરસ સુધી તમે મને આ જ ભાવે માલ આપતા રહેશો ને દુબઈનું નૂર તમે જ ભરશો ને કદાચ કોઈ રીજેક્શન આવે તો હું તમારે ખર્ચે પાછું મોકલીશ એ સ્વીકારી તમે મને એની કિંમત બાદ કરી આપશો.'

'તમે તો દેસાઈ અમારા અમદાવાદના વાણિયાઓનાય ગુરુ નીકળ્યા. ભાવતાલ ન કરવાની વાત કરીનેય તમે સાતથી આઠ ટકાનો કાપ તો મૂકી જ દીધો. એમ નહીં પણ આપણે નૂર અડધું અડધું ભોગવીશું ને રીજેક્શન તમે તમારે ખર્ચે પાછું મોકલશો એવું રાખો. તમને તો ખબર છે જ કે બે વરસમાં ભાવ નહીં વધે તોય પાંચ ટકા તો વધી જ જવાના છે. ભાઉ સાહેબ_'

'પાછા ભાઉ સાહેબ? એમને બાજુ પર મૂકો. એમને વેપારી લાઈનની વાતોમાં શી સમજણ પડે? હવે તમે કહો એટલો એડવાન્સનો ચેક આપું ને હું નીકળું.'

'એડવાન્સની કશી જરૂર નથી.'

'તો હું નીકળું. મારે અમદાવાદમાં બેએક જણને મળવાનું છે.'

'તમરા જાણીતા બે જણને તો હુંય જાણું છુ. તમારે એમને શોધવા ન હોય તો સાંજે એક મીટિંગમાં એ બેય આવવાના જ છે. તમે અમારી મીટિંગ તો જુઓ.'

'આ સાલા ભાઉએ તો બધે મારા ધજાગરા ઉડાવી દીધા છે. એમના પેટમાં કશી વાત રહેતી જ નથી.' મનવંતે મજાક કરી. ને ભાઉ વાસ્તવમાં મનવંતના સળા થતા હતા એટલે વનમાળીએ પણ હસીને સાથ આપ્યો.

'જુઓ અમારી આ મીટિંગ ગામડાની ઓટલા પરિષદ જેવી જ છે એટલે તમારે હાજર રહેવામાં અચકાવા જેવું નથી.'

'ભલે તમે એમ માનતા હો તો મને વાંધો નથી પણ તમે ચેરમેનને પૂછી લો તો બધુ સારું.'

'એ તો મેં ક્યારનુંય પૂછી લીધું છે. હું જ એનો ચેરમેન છું. હવે આપણે ચંદ્રવિલાસમાં લંચ લેવા જઈશું ને પછી તમારે બીજે ક્યાંય જવું હશે તો હું લઈ જઈશ.'

◇

એ સાંજના વનમાળી ને મનવંત સભાના સ્થળે પહોંચ્યા ત્યારે મોટા ભાગના સભ્યો આવી ગયા હતા. વનમાળીએ બધાને મનવંતનું ઓળખાણ આપ્યું ને સભાનું કામ શરૂ કર્યું ત્યાં રવીન ને સૌમીલ આવી પહોંચ્યા. રવીન કહેઃ 'સોરી અમારે આવતાં મોડું થયું. અમે બે કામદારોને લઈ આવ્યા છીએ. એમનું કહેવું એમ છે કે એ લોકો એ સાબીત કરી આપે કે બસના ભાડાના ઘટાડાથી એમને નુકશાન થાય એમ છે તો આપણે ઘટાડો કરવાનું માંડી વાળીશું?'

'મને એ સમજાતું નથી કે ભાડું ઓછું કરવાથી કોઈને નુકશાન થાય જ કેવી રીતે?' એક જણ બોલી ઊઠ્યો.

'એ તો આપણામાંથી કોઈને નથી સમજાતું. અને એટલે તો આપણે તાત્કાલિક મીટિંગ બોલાવવી પડી છે.'

મનવંત થોડી વાત સમજી ગયો તો બીજી થોડી વાત વનમાળીને પૂછીને સમજ્યો. એ હસી પડ્યોઃ 'સાવ સાદી વાત છે.' એ બોલ્યો.

વનમાળી કહેઃ 'આપણા આ મનવંત દેસાઈ કહે છે કે સાવ સાદી વાત છે. આપણે એક વખત એમની વાત સાંભળી લઈએ.'

મનવંત કહેઃ 'હું બહારનો માણસ છું ને વનમાળીશેઠની સાથે આવ્યો છું. હું આ વિષયમાં મારું મંતવ્ય રજૂ કરું તો એમાં કોઈને વાંધો તો નથી ને?'

'બોલો ને ભાઈ, આપણે ચર્ચા કરવા તો ભેગા થયા છીએ.' કોઈક બોલ્યું.

'આપણા દેશમાં હજુ એવી પ્રથા શરૂ થઈ નથી એટલે આ વાત આપ સૌને અજાણી છે. આને પરદેશમાં ઈન્ડીરેક્ટ ઈફેક્ટ કહે છે. ત્યાં મોટામોટા સ્ટોરમાં જે માણસો રાખવામાં આવે છે તેમનો પગાર તો બહુ ઓછો હોય છે પણ એ જેટલો વેપાર કરે તેના પર એમને કમીશન આપવામાં આવે છે. હવે મારી વાત સજવા પ્રયત્ન કરો. એક સ્ટોરમાં રેફ્રીજરેટર વેચાતાં હોય તેમાં એક રેફ્રીજરેટરની કિંમત માનો કે ૧૫૦૦ રૂપિયા છે ને એના પર પેલા વેચનાર માણસને પાંચ ટકા કમીશન મળે છે. તો એને એમાંથી ૭૫ રૂપિયા કમીશન મળશે. પણ કંપની તમારી જેમ વિચાર કરે ને ભાવ બારસો કરી નાખવાનું નક્કી કરે તો પેલાને ફક્ત ૬૦ રૂપિયા જ કમીશન મળશે. સેંકડો માણસોને આ ભાવ ઘટાડાથી ફાયદો થશે પણ પેલા વેચવાવાળાને તો પંદર રૂપિયાની ખોટ જશે. એ શેઠને સમજાવવા  પ્રયત્ન કરશે કે સેલ્સ પકડાઈ રહ્યું છે ને નાહક ભાવ શા માટે ઘટાડવો?'

'પણ આમાં તો કમીશનની કોઈ વાત જ નથી.' કોઈકે કહ્યું.

'તમે મારી વાત સમજો. આ વેચનાર કદી રેફ્રીજરેટર ખરીદતો નથી છતાં એને ખોટ જાય છે ને એ ફરિયાદ કરે છે. બસના ભાડાના ઘટાડાથી આવા કોઈ માણસને નુકશાન ખમવાનું આવતું હશે અને એ જ ફરિયાદ કરતા હશે.'

પછી ઘણી ચર્ચા થઈ પણ કોઈને પેલા કામદારોની વાતની ગેડ પડી નહીં. છેવટે બધાએ એમને રૂબરૂ બોલાવી પૂછી જોવાનું નક્કી કર્યું.

એમાંના એકે ખુલાસો કર્યોઃ 'તમે એક આનાનો ભાવ ગણીને અમને મહિને પાંચ રૂપિયા મુસાફરી ભથ્થું આપો છો. હવે ભાડું જો બે પૈસા કરી નાખો તો મહિને ભથ્થું પણ અઢી રૂપિયા થઈ જાય. ને અમારે મહિને અઢી રૂપિયા ઓછા આવે.'

'પણ બસ ભાડુંય ઓછું આપવું પડે ને!'

'અમને તો તોય મહિને અઢી રૂપિયાની ખોટ જાય જ. અમે સાયકલ લઈને નોકરી પર આવીએ છીએ ને મુસાફરી ભથ્થાના પૈસા સાયકલના રીપેરીંગમાં વપરીએ છીએ.'

'પરદેશની આ ઈન્ડીરેક્ટ ઈફેક્ટ અમદાવાદમાંય આવી ગઈ.' ખૂણામાંથી કોઈક બોલ્યું ને બધા હસી પડ્યા.

પછી રામજી શેઠ અને વનમાળીની સમજાવટથી બધાએ ભાવ ઘટાડો મંજૂર કર્યો પણ મુસાફરી ભથ્થું પાંચ રૂપિયા ચાલુ રાખવાનું નક્કી કર્યું. બહાર નીકળતાં વનમાળી મનવંતને કહેઃ માની ગયો, ભાઈ. જે વાત અમને બે બે રાતોના ઉજાગરા પછીય જે  સમજાતી ન હતી એ તમને કાચી ઘડીમાં સમજાઈ ગઈ.'

'શેઠ, આવું કહો છો એ તમારી મોટાઈ છે. બાકી એમાં કાંઈ ન હતું. આવો જ એક કિસ્સો જર્મનીમાં બનેલો એ વાત મેં સાંભળી હતી.'

'પણ એનાથીય મોટી વાત બની એ તમારા ધ્યાનમાં નથી આવી. આ બધા શેઠિયાઓએ પાંચ રૂપિયાનું મુસાફરી ભથ્થું ચાલુ રાખવાનું સ્વીકાર્યું એ તમારી હાજરીને કારણે જ. નહીં તો એમને ગળે એ વાત ઉતારતાં અમને નવનેજા થયાં હોત.'

એ બે આમ વાત કરતા હતા ત્યાં રવીન અને સૌમીલ આવી પહોંચ્યા. સૌમીલ કહેઃ ‘કેમ છો, મનવંત દેસાઈ?’

‘તમે ભૂલી ગયા? હું મનવંત દેસાઈ નહીં પણ પેલો મનિયો ઓવર્સીસ જ છું.’ મનવંતે હસીને જવાબ આપ્યો.

‘હવે એવું ન કહેવાય. તમે તમારી સાચી લાયકાત કમાઈ લીધી છે ને એ છે મનવંત દેસાઈ.’

‘એમ હોય તોય એમાં તમારો ફાળો ઓછો નથી. તમે જ મને મનિયામાંથી મનવંત બનાવ્યો છે. ક્યારેક દુબઈ આવવાનું થાય તો મારે ત્યાં જરૂર આવજો. હું કે સીમા તમને વીતી વાતની જરાય યાદ નહી દેવડાવીએ.’

ગમે તેમ પણ મનવંત દેસાઈએ જીવ્યો ત્યાં સુધી દેસાઈ તરીકેની એ છાપ જાળવી રાખી હતી એ હકીકત છે.

સંપૂર્ણ

અનુક્રમ→